નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમુકકારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ

કૃત વ્યાખ્યા સહિત

DVD No. 2

(Gujarati Edition)

:: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

SHRI RAJPRASHNIYA SUTRA

PART : 2

શ્રી રાજપ્રશ્નીય સૂત્ર ભાગ : ૨

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-

विरचितया सुबोधिन्याख्यया व्याख्यया समलङ्कृतं

हिन्दी-गुर्जरभाषाऽनुवादसहितम्

श्री-राजप्रश्नीयसूत्रम्

SHREE RAAJPRASHNIYA SŪTRAM

(द्वितीयो भागः)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-

पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

अजीतनिवासी श्रीमान् सेठ सा. चिमनलालजी रिखबचन्दजी

जीरावला तत्प्रदत्तद्रव्यसाहाय्येन

अ. भा. श्वे. स्था. जैनशास्त्रोद्धारसमितिप्रमुखः श्रेष्ठि-

श्री-शान्तिलाल-मङ्गलदासभाई-महोदयः

मु० राजकोट

प्रथम आवृत्ति	वीर-संवत्	विक्रम संवत्	ईस्वीसन्
प्रति १२००	२४९२	२०२२	१९६६

मूल्यम् रू. २०/

મળવાનું ઠેકાણું :
શ્રી. અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ,
ઠે. ગરેડિયાકૂવા રોડ, ગ્રીન લૉજ
પાસે રાજકોટ (સૌરાષ્ટ્ર)

Published by:
Shri Akhil Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT
(Saurashtra) W. Ry, India.

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालोह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ १ ॥

हरिगीतच्छन्द

करते अवज्ञा जो हमारीं यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा ।
है काल निरवधि विपुल पृथ्वी ध्यान में यह लायगा ॥ १ ॥

મૂલ્ય રૂા. ૨૦-૦૦

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૨૦૦
વીર સંવત્ : ૨૪૯૨
વિક્રમ સંવત ૨૦૨૨
ઈસવીસન ૧૯૬૬

: મુદ્રક :
જાદવજી મોહનલાલ શાહ
નીલકમલ પ્રીન્ટરી, ઘીકાંટારોડ
અમદાવાદ.

સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર (છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રૂધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रात: ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्‌घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्‌घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड–मांस और रुधिर ये तीन वस्तुएँ जब–तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल–मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब–तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००–१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्‌गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन–रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००–१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रातःकाल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

શ્રી રાજપ્રશ્નીય સૂત્ર ભાગ દૂસરે કી

વિષયાનુક્રમણિકા

અનુ. વિષય **પાના નં.**

અનુ.	વિષય	પાના નં.
૧	સૂર્યાભદેવ કે દેવર્દ્ધિં કે સંબન્ધ મેં ગૌતમસ્વામી કા પ્રશ્ન	૫
૨	સૂર્યાભદેવ કે ઋદ્ધિં કે સંબન્ધમેં ભગવાન્ કા ઉત્તરરૂપ કથનમેં સૂર્યાભદેવ કે પૂર્વભવજીવ પ્રદેશી રાજા કા વર્ણન	૬
૩	સૂર્યાભદેવ કા આગામિભવ કા વર્ણન	૧૫૩

॥ સમાપ્ત ॥

सूरियाभेणं भंते ! देवेणं सा दिव्वा देविड्ढी सा दिव्वा' इत्यादि

સૂત્રાર્થ—(**सूरियाभेणं भंते ! देवेणं सा दिव्वा देविड्ढी सा दिव्वो देवज्जुई किण्णा लद्धा ? किण्णा पत्ता, किण्णा अभिसमन्नागया ?**) હે ભદંત ! સૂર્યાભદેવે તે દિવ્ય દેવદ્ધિં તે દિવ્ય દેવદ્યુતિ કેવી રીતે ઉપાર્જિત કરીને તેને પોતાને અધીન બનાવી. અને સ્વાધીન બનેલી દિવ્યદેવદ્ધિં વગેરેને તેણે ભોગ યોગ્ય કેવી રીતે બનાવી ? (**पुव्व भवे के आसी ? किं नामए वा ? किं गोत्ते वा ? कयरंसि गामंसि वा नगरंसि वा निगमंसि वा रायहाणीए वा खेडंसि वा कव्वडंसि वा मडंबंसि वा पट्टणंसि वा दोणमुहंसि वा आगरंसि वा आसमंसि वा संवाहंसि वा**) અને પૂર્વભવમાં તે કઇ જાતિનો હતો ? તેનું શુ નામ હતું ? તેનું ગોત્ર શું હતું ? તે કયા ગામમાં—વૃત્તિ વેષ્ટિત સ્થાનમાં, કયા નગરમાં—અઢારકર જેમાં લેવામાં આવે નહિ તે વસ્તિમાં, કયા નિગમમાં—વણિગ્ લોકો જેમાં વધારે સંખ્યામાં રહેતા હોય તે નિવાસસ્થાનમાં, કઇ રાજધાનીમાં—રાજા જે નગરમાં રહેતો હોય અને શાસન ચલાવતો હોય તે સ્થાનમાં, કયા ખેટમાં માટીની દીવાલ જેને ચોમેર બનેલી છે તેવી વસ્તીમા, કયા કર્બટમાં—નાની દીવાલથી પરિવૃત્ત સ્થાનમાં, અઢિ ગાઉ સુધી દૂર દૂર બીજી કોઇ વસ્તી હોય નહીં તેવા સ્થાનમાં કયા પટ્ટનમાં—જલમાર્ગ યુકત સ્થાનમાં, કયા દ્રોણમુખમાં જલસ્થલ માર્ગોપેતજન-

નિવાસમાં, કયા આકરમાં-સુવર્ણરત્ન-વગેરે જ્યાંથી નીકળે છે તેવા સ્થાનમાં, કયા આશ્રમમાં-તાપસ નિવાસ સ્થાનમાં, સંવાહમાં-ધાન્યની રક્ષા માટે ખેડૂતોએ જે સ્થાન વિશેષ પર દુર્ગ રચના કરી હોય તે વસ્તીમાં, અથવા કયા સંનિવેશમાં-સાર્થવાહો જ્યાં આવીને રહે તે સ્થાન વિશેષોમાં, (**किंवा दच्चा. किंवा मोच्चा. किंवा किच्चा किंवा समायरित्ता कस्स वा तहारूवस्स समणस्स वा माहणस्स वा अंतिए एगमवि आयरियं धम्मियं सुवयणं सोच्चा निसम्म सूरियाभेणं देवेणं सा दिव्वा देविड्ढी दिव्वा देवज्जुई. लद्धा, पत्ता अभिसमण्णागया**) અભયદાન, સુપાત્ર-દાન, કરૂણાદાન વગેરેમાંથી કયું દાન આપીને આચમ્લિ વગેરે તપોમાંથી અથવા બીજા કોઇ વખતે કયા અરસવિરસ વગેરે આહારો ગ્રહણ કરીને, પૌષધ, પ્રતિક્રમણ, પ્રમા-ર્જન વગેરે કઇ વિધિ કરીને અથવા શીલ વગેરે કઇ જાતના આચરણોને કરીને કયા તથારૂપ શ્રમણ-નિર્ગ્રંથ સાધુની અથવા કયા દ્વાદશવ્રતધારિ શ્રાવકની પાસેથી એક પણ તીર્થંકર પ્રતિપાદિત પાપનિવૃત્તિ-નિરવદ્ય વચન સાંભળીને અને તે વચનોને આદેયરૂપથી સ્વીકારીને હૃદયમાં ધારણ કરીને સૂર્યાભદેવે તે દિવ્ય દેવર્દ્ધિ દિવ્ય દેવ-દ્યુતિ મેળવી છે? પોતાને આધીન બનાવી છે? અને પોતાના માટે ભોગ યોગ્ય બનાવી છે." ટીકાર્થઃ—આનો સ્પષ્ટ છે. ॥ ૯૮ ॥

સૂર્યાભદેવ કે ઋદ્ધિ કે સંબન્ધમેં ભગવાન્ કા ઉત્તરરૂપ કથનમેં સૂર્યાભદેવ કે પૂર્વભવજીવ પ્રદેશી રાજા કા વર્ણન

'**गोयमाइ' समणे भगवं महावीरे भगव गोयमं आमंतेत्ता**' इत्यादि।

સૂત્રાર્થઃ—(**गोयमाइ समणे भगवं महावीरे भगवं गोयमं आमंतेत्ता एवं वयासी**) હે ગૌતમ! આ પ્રમાણે ગૌતમને સંબોધિત કરીને ભગવાને તેને આ

પ્રમાણે કહ્યું-(एवं खलु गोयमा। तेणं कालेणं तेणं समएणं इहेव जंबूद्दीवे दीवे भारहे वासे अद्धे नामे जणवए होत्था) હે ગૌતમ ! આ વિષે જે કંઇ હું તમને કહું તે તમે સાંભળો. વિગત આ પ્રમાણે છે કે-આ અવસર્પિણી કાળના ચોથા આરકરૂપ કાળમાં અને કેશિસ્વામીના વિહરણના સમયમાં આ જંબૂદ્વીપ નામના મધ્ય જંબૂદ્વીપમાં ભારતક્ષેત્રમાં કેકયાર્દ્ધ નામે જનપદ-દેશ-હતો. તાત્પર્ય એ છે કે કેકય દેશના અર્ધા ભાગમાં આર્યજનો નિવાસ કરતાં હતા અને અર્ધા ભાગમાં અનાર્યજનો રહેતા હતાં. એથી જ આર્યો અનાર્યોના નિવાસસ્થાનરૂપ તે કેકયપ્રદેશને અહીં અર્ધા રૂપમાં જુદા જુદા જનપદોના નામે સંબોધિત કરવામાં આવ્યો છે. (रिद्धत्थिमियसमिद्धा जाव पडिरूवा) આ કેકયાર્દ્ધ દેશ ઋદ્ધ નભસ્તલસ્પર્શી ઘણાં ભવનો વગેરેથી યુકત હતો, અને બહુજન સંકુલ હતો, સ્તિમિત-સ્વચક્ર પરચક્રની બીકથી રહિત હતો અને સમૃદ્ધ ધનધાન્ય વગેરેથી પરિપૂર્ણ હતો યાવત્ પ્રતિરૂપ હતો. (तत्थणं केयइअद्धे जणवए सेयविया णामं णयरी होत्था) તે કેકયાર્દ્ધ જનપદમાં શ્વેતવિકા નામે નગરી હતી. (रिद्धत्थिमियसमिद्धा जाव पडिरूवा) આ નગરી પણ ઋદ્ધ સ્તિમિત અને સમૃદ્ધ હતી અને પ્રતિરૂપ-સર્વોત્તમ હતી. (तीसे णं सेयवियाए नयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभागे एत्थ णं मिगवणे णामं उज्जाणे होत्था) તે શ્વેતનગરીના ઇશાન કોણમાં મૃગવન નામે ઉદ્યાન હતું. (सव्वो उय पुप्फ.फलसमिद्धे रम्मे, नंदणवणप्पगासे सुभसुरभिसीयलाए छायाए सव्वओ चेव समणुबद्ध पासाईए जाव पडिरूवे) આ ઉદ્યાન ષડ્ઋતુઓનાં પુષ્પો તેમજ ફળોથી સમૃદ્ધ હતું. એથી નન્દનવન જેવું મનોરમ હતું. શુભ-સુખાવહ હોવા બદલ સારી, અને સુરભિ-મનોજ્ઞ-અને શીતસ્પર્શવાળી છાયાથી તે સર્વત્ર સમનુબદ્ધ-યુકત હતું. પ્રાસાદીય હતું. યાવત્ પ્રતિરૂપ હતું. (त त्थ णं सेयवियाए णगरीए पएसी णामं राया होत्था) તે શ્વેતવિકા નગરીમાં પ્રદેશી નામે રાજા હતો. (महया हिमवंत जाव विहरइ) એમાં મહાહિમવાન, મહામલય, મંદર (મેરુપર્વત) અને મહેન્દ્ર જેટલું બળ હતું. (अधम्मिए, अधम्मिट्ठे, अधम्मक्खाई, अधम्माणुए, अधम्मपलोई, अधम्मपजणणे, अधम्मसीलसमुयायारे, अधम्मेण चेव वित्तिं कप्पेमाणे) પણ તે ધાર્મિક હતો નહિ અધર્માચારી હતો, ખૂબ જ અધર્માચરણમાં પ્રવૃત્ત રહેનાર

હતો. એથી તે અધર્મીના રૂપમાં જ જગતમાં પ્રસિદ્ધ થઈ ગયો હતો. તે અધર્માનુયાયી હતો તે રાતદિવસ અધર્મનું જ ચિંતન કર્યા કરતો હતો. પ્રજાની સામે પણ તે અધર્માચરણ તરફ પ્રવૃત્ત થવાના ઉપદેશો આપતો રહેતો હતો. તે અધર્મને જ પ્રોત્સાહિત કરતો રહેતો હતો. તેના અણુ અણુમાં અધર્મ જ વ્યાપક થઈ રહ્યો હતો. તેના બધાં કાર્યો પણ અધર્મથી પ્રેરાઇને થતાં હતાં તે પોતાનું ભરણ પોષણ પણ અધર્મના આધારે જ કરતો હતો. તેમજ ("हणछिंद भिंद पवत्तए लोहियपाणी पावे चंडे, रुद्दे, खुद्दे साहस्सिए, उक्कंचण, वंचण, मायानियडिकूड-कवडे साइसंपओगबहुले. निस्सीले, निव्वए, निग्गुणे, निम्मेरे. निप्पच्चक्खाणपोसहोववासे बहूणं) મારો, કાપો, બે કકડા કરી નાખો વગેરે વાકયો વડે તે જીવોના હિંસા વગેરે કાર્યોના પોતાના આશ્રિતોને પ્રવૃત્તિશીલ રાખતો હતો. તેના હાથો સદા રકતથી ખરડાએલા રહેતા હતા. તે સાક્ષાત્ પાપનો અવતાર હતો. કેમકે તે સદા પાપ પરાયણ જ રહેતો હતો. અપહ બહુજ ક્રોધી હતો, રૌદ્ર-ક્રરરૂપ હોવાથી ભયાનક હતો, તુચ્છબુદ્ધિવાળો હોવાથી ક્ષુદ્ર હતો, સહસાકર્મકરણશીલ હોવાથી એટલે કે વગર વિચાર્યું કાર્ય કરનાર હોવાથી-તે સાહસિક હતો. ઉત્કોચ-લાંચ, વંચન-પર પ્રતારણ, માયા-પરવંચન બુદ્ધિ નિકૃતિ-ગૂઢ માયા, કૂટ-ગૂઢમાયાને છુપાવવા માટે બીજી માયા કરવી, કપટ વેષ ભાષા વગેરે બદલી નાખવા, આ બધા દુર્ગુણોની પ્રકર્ષતા તેમાં વિધમાન હતી. તથા તે નિશ્શીલ-શીલ વર્જિત હતો, નિર્વ્રત-હિંસા વગેરે કુકૃત્યરૂપપાપો તરફ પ્રવૃત્તિ રાખનાર હોવાથી તે વ્રત વગરનો હતો, નિર્ગુણ-ક્ષાન્તિ વગેરે ગુણો તેમાં નહોતા તેથી તે નિર્ગુણ હતો, નિર્મર્યાદ-મર્યાદા રહિત હતો. પરસ્ત્રી વર્જનાદિરૂપ મર્યાદાથી રહિત હોવા બદલ નિર્મર્યાદ હતો. તે પ્રત્યાખ્યાત, પૌષધ અને ઉપવાસ વગર હતો. ઘણા (दुप्पय चउप्पय मियपसुपक्खी सिरिसिवाणघायाए बहाए अच्छेयणयाए, अधम्मकेऊ समुट्ठिए) દ્વિપદ-માણસ વગેરે ચતુષ્પદ-મૃગ વગેરે, પશુ-ગાય વગેરે, પક્ષી-ચકલીઓ વગેરે, સરીસૃપ-ભુજપરિસર્પ અને ઉરઃપરિસર્પ-નકુલ સર્પ વગેરે આ બધાને હણવામાં, મારવામાં. અને એમને સમૂલ નષ્ટ કરવામાં તે અધર્મનો પ્રત્યક્ષ અવતાર અને કેતુગ્રહ જેવો ઉદિત થયો હતો. એટલે કે કેતુગ્રહ જ્યારે ઉદિત થાય ત્યારે લોકમાં જેમ ઘણા

વિપ્લવો (ઉપદ્રવો) થાય છે, તેમજ આ રાજાના શાસનકાળમાં સમસ્ત દેશમાં ત્રાસ અને અશાંતિનું વાતાવરણ પ્રસરી રહ્યું હતું. (**गुरूणां णो अब्भुट्ठेए, णो विणयं पउंजइ, सयस्स वि य णं जणवयस्स णो सम्मं करभरवित्तिं पवत्तेइ**) માતાપિતા વગેરે ગુરુજનોને આવતા જોઈને પણ તે તેમનો આદર કરવા માટે ઉભો થતો ન હતો. તેમની સામે તે વિનયશીલ થઈને રહેતો ન હતો. તેમજ પોતાના જનપદ કેકયાર્દ્ધ જનપદની પ્રજા પાસેથી ટેકસ લઈને પણ તે સરસ રીતે તેમનું પાલન કે રક્ષણ કરતો ન હતો.

ટીકાર્થ:—મૂલાર્થ પ્રમાણે જ છે. શ્વેતવિકા નગરીનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં વર્ણિત ચંપાનગરી જેવું જ સમજવું જોઈએ. યાવત્ પદથી એજ વાત અહીં સ્પષ્ટ કરવામાં આવી છે. તેમજ પ્રદેશી રાજાનું વર્ણન પણ ઔપપાતિક સૂત્રમાં વર્ણિત કૂણિક રાજા જેવું જ સમજવું જોઈએ. ॥સૂ૦ ૯૯॥

'तस्स णं पएसिस्स रन्नो' इत्यादि ।

સૂત્રાર્થ;—(**तस्स णं पएसिस्स रन्नो**) તે પ્રદેશી રાજાની (**सूरियकंता नाम देवी होत्था**) સૂર્યકાંતા નામે રાણી હતી. (**सुकुमालपाणिपाया धारिणी वण्णओ**) તેના હાથપગ વગેરે અવયવો અતીવ સુકુમાર હતા. રાણીનું વર્ણન ધારિણી રાણી જેવું જ છે. ઔપપાતિક સૂત્રમાં ધારિણીનું વર્ણન કરવામાં આવ્યું છે. (**पएसिणा रन्नो सद्धिं अणुरत्ता अविरत्ता इट्ठे सद्दे रूवे जाव विहरइ**) પ્રદેશી રાજાની સાથે તે સાતિશય પ્રેમયુકત વ્યયવહાર રાખીને અભિલષિત મનુષ્ય સંબંધિ કામ ભોગો ભોગવતી હતી. જો કદાચ રાજા કોઈ દિવસ પ્રતિકૂલ થઈ જતો તો તે તેની સામે અનુકૂલ થઈને જ રહેતી હતી. તે સદા પ્રસન્ન વદન જ રહેતી હતી. અહીં ''શબ્દરૂપ''થી રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એ પાંચ પ્રકારના કામભોગોનું ગ્રહણ થયું છે. ટીકાર્થ સ્પષ્ટ છે. ॥૧૦૦॥

'त एणं पएसिस्स रण्णो' इत्यादि ।

સૂત્રાર્થ,—(त एणं पएसिस्स रण्णो जेट्ठ पुत्ते सूरियकंताए देवीए अत्तए सूरियकंते नामं कुमारे होत्था) (તે પ્રદેશી રાજાને પુત્ર હતો. સૂર્યકાંત નામ હતું. તે સૂર્યકાંતા દેવીના ગર્ભથી ઉત્પન્ન થયો હતો. (सुकुमालपाणिपाए जाव पडिरूवे) તેનાં હાથ પગ બહુજ સુકોમળ હતાં. યાંવત્ તે પ્રતિરૂપ-સર્વોત્તમ હતો. અહીં યાવત્ શબ્દનો પ્રયોગ એટલા માટે કરવામાં આવ્યો છે કે ઔપપાતિક સૂત્રના ધારિણીના વર્ણનમાં જે પદો આવ્યાં છે તેમાં પુલ્લિંગની વિભક્તિઓ લગાડીને સૂર્યકાંતનું વર્ણન સમજવું જોઇએ. (से णं सूरियकंते कुमारे जुवराया वि होत्था) એ સૂર્યકાંત કુમાંર યુવરાજ પણ હતો એથી (पएसिस्स रन्नो रज्जं च रट्ठं च बलं च वाहणं च कोसं च कोट्ठागारं च पुरं च अंतेउरं च सयमेव पच्चुवेक्खमाणे २ विहरइ) પ્રદેશી રાજાના રાષ્ટ્રાદિ સમુદાયરૂપ રાજ્યનું, જનપદરૂપ રાષ્ટ્રનું, સૈન્યરૂપ બળનું, હસ્તિ વગેરે અને શિબિકા વગેરે વિાહનનું, ભાંડાગારરૂપ કોશનું, ધાન્યગૃહરૂપ કોષ્ઠાગારનું, નગરનું અને અંતપુરનું પોતાની મેળે જ યથા સમય નિરીક્ષણ કરતો હતો. એટલે કે તે રાજ્ય રાષ્ટ્ર વગેરેની સર્વ વ્યવસ્થાનું અવલોકન કરતો હતો. ટીકાર્થ સ્પષ્ટ છે. ॥૧૦૧॥

'तस्स णं पएसिस्स रन्नो जेट्ठ भाउयवयंसए' ઇત્યાદિ.

સૂત્રાર્થ—(तस्स णं पएसिस्स रन्नो जेट्ठ भाउयवयंसए) તે પ્રદેશી રાજાને

મોટાભાઇ જેવો ઉમરમાં તેના કરતાં વધારે (चित्ते णामं सारही होत्था) ચિત્ર નામે સારથિ હતો. (अड्ढे जाव बहुजणस्स अपरिभूए साम-दंड-भेय उवप्पयाण अत्थ सत्थ ईहा मइ विसारए) એ ચિત્ર સારથિ આઢય-સમૃદ્ધ-હતો. યાવત્ અનેક લોકોથી અપરિભૂત હતો, અહીં યાવત્ શબ્દથી "दित्ते वित्थिण्णविउलसयणासण जाण-वाहणा-इण्णे. बहुधण-बहु जाय-रूय-रयय, आओगसंपओगसंप उत्ते, विच्छड्डियविउलभत्तपाणे, बाहुदासीदासगोमहिसगवेलयप्पभूए' આ પાઠનું ગ્રહણ થયું છે આનો અર્થ આ પ્રમાણે છે કે તે ચિત્ર સારથિ દીપ્ત-તેજસ્વી હતો, ઘણાં મોટા મોટા તેને મકાનો હતાં. મોટી મોટી અનેક શય્યાઓ (તલ્પ) હતી. પીઠક વગેરે મોટા મોટા ઘણા આસનો હતાં. શકટ-ગાડી વગેરે ઘણાં વાહનો હતાં. હય-ઘોડાઓ-વગેરેથી તે સદા પરિવેષ્ટિત રહેતો હતો. વિપુલ ધનનો-ગણિમ વગેરે દ્રવ્યનો એ સ્વામી હતો. તેની પાસે પુષ્કળ સ્વર્ણ હતું, અને ચાંદી પણ હતી. આયોગ પ્રયોગથી એ સંપ્રયુકત હતો, બમણા લાભની અપેક્ષાએ જે રૂપિયા વગેરે સિક્કાઓ બીજાને વ્યાજે આપવામાં આવે તેને આયોગ કહે છે અને એના માટે જે યુક્તિ પ્રયુકિતઓનું ચિંતન કરવામાં આવે છે તેને પ્રયોગ કહે છે. અથવા તો પોતાના ધનને બમણું વગેરે કરવાની ઇચ્છાથી અધમર્ણ-કર્જ લેનારને આપવું તેનું નામ આયોગ પ્રયોગ સંપ્રયુકત છે. એ ચિત્ર સારથિ અધિક દ્રવ્યોપાર્જનરૂપ ક્રિયામાં પ્રવૃત્ત હતો. તેમજ એને ત્યાં પુષ્કળ પ્રમાણમાં લોકો ભોજન-પાન કરતા હતાં છતાંએ ભોજન સામગ્રી ખૂબ પડી રહેતી હતી. દાસી, દાસ, ગાય મહિષ અને ગવેલક-મેષ આ બધા એનેત્યાં પ્રચુર સંખ્યામાં હતાં. એ ચિત્ર સારથિ સામ. દંડ, ભેદ અને દાનઆ ચારે ચાર રાજનીતિ-એમાં, અર્થ પ્રાપ્તિના સાધનોનું પ્રતિપાદન કર-નારાં શાસ્ત્રોમાં અને ઈહા પ્રધાન બુદ્ધિમાં વિશારદ-નિપુણ૦હતો. (उप्पत्तियाए, वेण-ईयाए. परिणामियाए, चउव्विहाए बुद्धिए उववेए) ઔત્પત્તિકી-સ્વાભાવિક, વૈન-યિકી, કર્મીજ અને પારિણમિકી આ ચાર પ્રકારની બુદ્ધિઓથી તે યુકત હતો. (पए-सिस्स रण्णो बहुसु कज्जेसु य कारणेसुय, कुडुंबेसु य, मंतेसु य. गुज्झेसु य, रहस्सेसु य, निच्छएसु य, ववहारेसु य, आपुच्छणिज्जे, पडिपुच्छणिज्जे) પ્રદેશી રાજાના અનેક કાર્યોમાં, કાર્ય સંપાદક હેતુઓમાં, કુટુંબની બાબતમાં, કર્તવ્ય નિશ્ચયાર્થ ગુપ્ત મંત્રણાઓમાં, ગુહ્યોમાં૦શરમને લીધે ગોપનીય કામોમાં, રહસ્યોમાં—પ્રચ્છન્ન વ્યવહારોમાં અને નિશ્ચયોમા પૂર્ણ નિર્ણયોમાં અને વ્યવહારોમાં બાંધવો વગેરે વડે લોક વિપરીત આચરણ કરવા બદલ તેમને પ્રાયશ્ચિત્ત કરાવવામાં, વારે ઘડીએ

એની સાથે મંત્રણા કરવામાં આવતી હતી. અને સવિશેષ રૂપમાં એને પૂછવામાં આવતું હતું. (**मेढीपमाणं आहारे आलंबणभूए, सव्वट्ठाणसव्वभूमियासु लद्धपच्चए विइण्णवियारे रज्जधुराचिंतए यावि होत्था**) મેઢિના આધારે જેમ બળદ ફરે છે તેમ એને આધાર માનીને મંત્રિમંડળ મંત્રણા વગેરે કાર્યોમાં પ્રવૃત્ત થતું હતું. એથી તે મેઢીરૂપ હતો. પ્રત્યક્ષાદિક પ્રમાણોની જેમ તે હેયોપાદેય પદાર્થોમાં પ્રવૃત્તિ નિવૃત્તિશાલી હોવા બદલ પદાર્થોનો તે નિશંકપણે પરિચ્છેદક હતો. એથી તે પ્રમાણરૂપ હતો. આધારભૂત પદાર્થોની જેમ તે સૌ કોઈનો આશ્રયદાતા હતો. રજ્જુ સ્તંભાદિકોની જેમ વિપત્તિરૂપ કૂપમાં પડેલાઓનું રક્ષણ કરનાર હોવાથી તે અવલંબનરૂપ હતો. અહીં આધાર અને અવલંબનના અર્થ વિષે શંકા ઉત્પન્ન થઈ શકે છે કે એઓ બન્નેમાં શો તફાવત છે? તો સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે કે જેના સહારે–આશ્રયે માણસ ઉન્નતિ કરે છે કે સ્વરુપાવસ્થ હોય છે તેનું નામ આધાર છે, તેમજ જેના અવલંબનથી વિપત્તિ દૂર થાય છે.
તેનું નામ અવલંબન છે. નેત્ર જેમ પોતાને વિષયભૂત થવા યોગ્ય પદાર્થોનો પ્રદર્શક હોય છે તેમજ તે પણ સૌ માટે સકલાર્થનો પ્રદર્શક હતો.
જેમકેઃ—"**मेढिः प्रमाणं आधारः, आलम्बनं चक्षुः**"

એ જ વાતને વધારે સ્પષ્ટ કરવા માટે સૂત્રકારે ઉપમાવાચક 'ભૂત' શબ્દ એમને લગાડીને ફરી આ શબ્દોની આ પ્રમાણે આવૃત્તિ કરી છે–એ મેઢિભૂત, પ્રમાણભૂત આધારભૂત, અને ચક્ષુભૂત હતો. એથી બધે–સંધિ, વિગ્રહ વગેરે રૂપ બધી જગ્યાએ અને મંત્રિ અમાત્યાદિ સ્થાનરૂપ સર્વભૂમિકાઓમાં તે સાચી સલાહ આવનાર ગણાતો હતો. એથી રાજાએ પણ અંતઃપુર જેવાં સ્થાનોમાં પણ તેને પ્રવેશવાની છૂટ આપી દીધી હતી. રાજાનો અતિવિશ્વાસપાત્ર બનેલો એ ચિત્ર સારથિ આમ સમસ્ત રાજ્યકાર્યનો પ્રેક્ષક પણ બની ગયો હતો.

આનો ટીકાર્થ મૂલાર્થમાં જ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. છતાં એ કેટલાંક પદોનો અર્થ મૂલાર્થમાં સ્પષ્ટ થયો નથી તેમનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે. વિમર્શ પ્રધાનમતિનું નામ ઇહામતિ છે. અદૃષ્ક, અનનુભૂત, અશ્રુત વગેરે પદાર્થોને વિષયભૂત બનાવનારી અને તેમાં પોતાની મેળે જ ઉત્પન્ન થનારી સ્વાભાવિક બુદ્ધિનું નામ ઔત્પત્તિકી બુદ્ધિ છે. આને 'હાજિર જવાબી' પણ કહે છે. ગુરૂજનોની સેવા શુશ્રૂષા વગેરેથી પ્રાપ્ત થયેલી અને શાસ્ત્રાર્થ ચિંતનથી પ્રાપ્ત થયેલી બુદ્ધિ વૈનયિકી કહેવાય છે. કૃષિ વાણિજ્ય વગેરે કર્મો કરતાં કરતાં જે બુદ્ધિ પ્રાપ્ત થાય છે તેનું નામ કર્મજા બુદ્ધિ છે. આયુષ્યની વૃદ્ધિ સાથે સાથે જે બુદ્ધિ પ્રાપ્ત થાય છે તે પારિણામિકી બુદ્ધિ છે. એટલે કે વયઃપરિણામ જનિત બુદ્ધિનું નામ જ પારિણમિકી બુદ્ધિ છે. ાાસૂ૦૧૦૨ાા

"तेणं कालेणं तेणं समएणं" इत्यादि ।

સૂત્રાર્થ—(**तेणं कालेणं तेणं समएणं**) તે કાળે–અવસર્પિણીના ચોથા આરામાં અને કેશિસ્વામીના વિહારના સમયે (**कुणाला णामं जणवए होत्था**) કુણાલા નામે દેશ હતો. (**रिद्धित्थिमियसमिद्धे**) આ દેશ ઋદ્ધ સ્તિમિત અને સમૃદ્ધ હતો યાવત પ્રતિરૂપ–સર્વોત્તમ હતો (**तत्थ णं कुणालाए जणवए सावत्थी नाम नयरी होत्था**) વે કુણાલદેશમાં શ્રાવસ્તી નામે નગરી હતી. (**रिद्धत्थिमियसमिद्धा जाव पडिरूवा**) આ નગરી પણ ઋદ્ધ સ્તિમિત અને સમૃદ્ધ હતી અને યાવત્ પ્રતિરૂપ હતી. (**तीसे णं सावत्थीए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए कोट्ठए नाम चेइए होत्था**) તે શ્રાવસ્તી નગરીની બહાર ઇશાન કોણમાં કોષ્ઠક નામે ચૈત્ય હતું. (**पुराणे जाव पासाईए४**) આ ચૈત્ય પ્રાચીન હતું યાવત્ પ્રાસાદીય હતું. દર્શનીય હતું, અભિરૂપ હતું અને પ્રતિરૂપ હતું (**तत्थ णं सावत्थीए नगरीए पएसिस्स रन्नो अंतेवासी जियसत्तू नाम राया होत्था, महया हिमवंत जाव विहरइ**) તે શ્રાવસ્તી નગરીમાં પ્રદેશી રાજાનો અન્તેવાસી જિતશત્રુ નામે રાજા હતો. તે મહાહિમવાન્ વગેરે જેવો બળવાન હતો.

ટીકાર્થ—આ સૂત્રનો ટીકાર્થ સ્પષ્ટ જ છે. ઔપપાતિક સૂત્રમાં ચંપાનગરીનું જે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે તેમજ શ્રાવસ્તી નગરીનું વર્ણન પણ સમજવું જોઇએ. ચૈત્યનું વર્ણન પણ ઔપપાતિક સૂત્રના વર્ણનની જેમ સમજવું જોઇએ.

અન્તેવાસી શબ્દનો અર્થ શિષ્ય છે. તે અન્તેવાસીની જેમ અન્તેવાસી હતો એટલે કે તે સરસ રીતે તેની આજ્ઞાનું પાલન કરતો હતો. જિતશત્રુ રાજાનું બધું વર્ણન ઔપપાતિક સૂત્રોકત કૂણિક રાજાની જેમજ સમજવું જોઇએ. ॥ સૂ૦ ૧૦૩॥

'त एणं से पएसी राया' इत्यादि ।

સૂત્રાર્થ—(**त एणं से पएसी राया अन्नया कयाइं महत्थं महग्घं महरिहं विउलं रायारिहं पाहुडं सज्जावेइ**) તે પ્રદેશી રાજાએ એક દિવસે મહાર્થ વિપુલ પ્રયોજનવાળી—સાતિશય પ્રયોજન યુકત, મહાર્ઘ—બહુમૂલ્યવાળી, મહાર્હ અતિશોભાયુકત, વિપુલ—પુષ્કળ પ્રમાણમાં રાજાઓના માટે યોગ્ય એવી ભેટ (પ્રાભૃત) તૈયાર કરી. (**सज्जावित्ता चित्तं सारहिं सद्दावेइ**) તૈયાર કરીને તેણે ચિત્ર સારથીને બોલાવ્યો (**सद्दावित्ता एवं वयासी**) બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું, (**गच्छ णं चित्ता ! तुमं सावत्थिं नयरिं जियसत्तुस्स रण्णो इमं महत्थं जाव पाहुडं उवणेहि**) હે ચિત્ર! તમે શ્રાવસ્તીનગરીમાં જાવો અને જિતશત્રુને આ મહાપ્રયોજન સાધક યાવત્ ભેટ આપી આવો, તથા (**जाइं तत्थ रायकज्जाणि य रायकिच्चाणि य रायनीईओ य रायववहारा य ताइं जियसत्तुणा सद्धिं सयमेव पच्चुवेक्खमाणे विहराहि त्ति कट्टु विसज्जिए**) ત્યાં રાજાના રાજ સંબંધિ જે કંઇ કર્તવ્યો હોય, રાજનીતિને લગતી સામ, દંડ, ભેદ અને ઉપપ્રદાન રૂપ—બાબતો હોય, રાજકૃત ન્યાય હોય આ બધાનું જિતશત્રુ રાજાની પાસે રહીને તમે નિરીક્ષણ કરતા રહો, આ પ્રમાણે કહીને તેણે ચિત્ર સારથિને જવાની આજ્ઞા કરી,

આ સૂત્રનો ટીકાર્થ સ્પષ્ટ છે, ॥૧૦૪॥

સૂત્રાર્થ—(तएणं) ત્યાર પછી (से चित्ते सारही) તે ચિત્ર સારથિને જ્યારે (पएसिणा रण्णा) પ્રદેશી રાજાએ (एवं वुत्ते समाणे) આ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે તે (हट्ठ जाव) અત્યંત પ્રસન્ન થયો યાવત્ (पडिसुणेत्ता तं महत्थं जाव पाहुडं गेण्हइ) તેની આજ્ઞાના વચનોને સ્વીકારી ને તેણે તે મહાર્થસાધક યાવત્ ભેટને લઇ લીધી, (पएसिस्स रण्णो अंतियाओ पडिनिक्खमइ) અને લઇને તે પ્રદેશી રાજાની પાસેથી ઉભો થઇને બહાર નીકળ્યો, (सेयविया नयरीए मज्झंमज्झेणं जेणेव सए गिहे तेणेव उवागच्छइ) અને શ્વેતવિકાનગરીની વચ્ચે થઇને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં ગયો (उवागच्छित्ता तं महत्थं जाव पाहुडं ठवेइ) ત્યાં જઇને તેણે તે મહાર્થ સાધક મહાપ્રયોજન સાધક યાવત્ ભેટને એક તરફ મૂકીદીધી, (कोडुंबियपुरिसे सद्दावेइ) અને પોતાના કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા, (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેમને કહ્યું, (खिप्पामेव भो देवाणुप्पिया ! सच्छत्तं जाव जुद्धसज्जं चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठवेह जाव पच्चप्पिणह) હે દેવાનુપ્રિયો ! તમે ઘોડા જોતરીને શીઘ્ર રથ તૈયાર કરો, અને અહીં લાવો, રથને ચાર ઘંટાઓથી સજ્જિત કરો યાવત આજ્ઞા પ્રમાણે કામ પુરું કરીને અમને ખબર આપો, રથની ઉપર છત્ર હોવું જોઇએ યાવત્ બધી રીતે યુદ્ધના માટે યોગ્ય હોય તેમ સજ્જિત કરજો, (तएणं कोडुंबियपुरिसा तहेव पडिसुणित्ता खिप्पामेव सच्छत्तं जाव जुद्धसज्जं चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठवेंति) ચિત્ર સારથિના આ પ્રમાણે વચન સાંભળીને તે કૌટુંબિક પુરુષોએ એકદમ ત્વરાથી છત્રયુકત યાવત્ ચાર ઘંટોથી સુસ-

સજ્જિત કરીને અશ્વરથને ઉપસ્થિત કર્યો. (तमाणत्तियं पच्चप्पिणंति) અને રથ તૈયાર થઇ જવાની ખબર ચિત્ર સારથિની પાસે પહોંચાડી. (तएणं से चित्ते सारही कोडुंबियपुरिसाणं अंतिए एयमट्ठं सोच्चा जाव हियए ण्हाए कयबलिकम्मे कयकोउयमंगलपायच्छित्ते सन्नद्धबद्धवम्मियकवए उप्पीलियसरासणपट्टिए, पिणद्धगेविज्जविमलवरचिंधपट्टे गहियाउहप्पहरणे तं महत्थं जाव पाहुडं गेण्हइ) કૌટુંબિક પુરુષોની કામ પૂર્ણું થઇ જવાની ખબર સાંભળીને તે ચિત્ર સારથિ ખૂબજ આનંદિત અને સંતુષ્ટ ચિત્ત થયો. તેણે તરતજ સ્નાન કર્યું, બલિ કર્મ કર્યું, કૌતુક મંગલ અને પ્રાયશ્ચિત્ત કર્યાં. સરસ રીતે કસીને કવચ પહેર્યું, પ્રત્યંચા ચઢાવીને ધનુષને નમ્ર બનાવ્યું. ગળામાં હાર પહેર્યો, સુંદર સુંદર ચિત્રોથી ચિન્હિત નિર્મળ વસ્ત્રો ધારણ કર્યાં. અને ખડ્ગ વગેરે આયુધો અને પ્રહરણો સાથે લીધાં.આ પ્રમાણે સરસ રીતે સજ્જિત થઇને તેણે તે મહાર્થ સાધકયાવત્ ભેટને હાથમાં લીધી અને (जेणेव चउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, चाउग्घंटं आसरहं दुरूहेइ) લઇને તે જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ તૈયાર હતો ત્યાં ગયો. ત્યાં જઇને તે રથ ઉપર સવાર થયો. (बहुहि पुरिसेहिं सन्नद्ध जाव गहियाउहपहरणेहिं सद्धिं संपरिवुडे सकोरिंटमल्लदामेणं छत्तेणं धरेज्जमाणेणं महया-भडचडगररहपगरविंद परिक्खित्ते साओ गिहाओ णिग्गच्छइ) જ્યારે સન્નદ્ધ યાવત્ જેમના હાથોમાં આયુધો છે એવા અનેત પુરુષોથી પરિવેષ્ટિત થઇને તથા કોરટ પુષ્પમાળાથી વિભૂષિત અને છત્રધારી વડે ધારણ કરેલું છત્ર તેની ઉપર તાણવામાં આવ્યું ત્યારે તેને મહાભટોના વિશાલ સમૂહ વૃન્દે આવીને પ્રવિષ્ટ કરી લીધો. આમ તે પોતાના ઘરથી રવાના થયો. (सुहेहिं वासेहिं पयरासेहिं नाइ विकिट्ठेहिं अंतरावासेहिं वसमाणे २ केइयद्धस्स जणवयस्स मज्झंमज्झेणं जेणेव कुणाला जणवए जेणेव सावत्थी नयरी तेणेव उवागच्छइ) આ પ્રમાણે ઘેરથી રવાના થઇને તે સુખકર રાત્રિનિવાસો, પ્રાતઃ કાલિક લઘુભોજનો, અતિ દૂર નહિ એટલે કે નજીકનજીકના અન્તરાવાસો (મુકામો) મધ્યાન્હકાલિક વિશ્રામો અને સ્થાન સ્થાન પર મુકામ કરતો તે કેકયાર્દ્ધ જનપદની મધ્યમાં થઇને જ્યાં કુણાલા દેશ હતો અને તેમાં પણ જ્યાં શ્રાવસ્તી નગરી હતી ત્યાં પહોંચ્યો. (सावत्थीए नयरीए मज्झंमज्झेणं अणुपविसइ, जेणेव जियसत्तुस्स रण्णो गिहे जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ) ત્યાં પહોંચીને તે ઠીક મધ્યમાર્ગથી પસાર થઇને તે શ્રાવસ્તી નગરીમાં પ્રવિષ્ટ થયો. અને જ્યાં જિતશત્રુ રાજાનો પ્રાસાદ (મહેલ) હતો, જ્યાં બાહ્ય ઉપસ્થાન શાળા હતી ત્યાં ગયો. (तुरए णिगिण्हइ रहं ठवेइ, रहाओ पच्चोरूहइ, तं महत्थं जाव पाहुडं गिण्हइ)

ત્યાં પહોંચીને તેણે ઘોડાઓને રોકયા. રથને ઉભો રાખ્યો અને રથમાંથી નીચે ઉતરીને તેણે તે મહાર્થ સાધક ભેટ લીધી. (जेणेव अब्भितरिया उवट्ठाणसाला, जेणेव जियसत्तू राया, तेणेव उवागच्छइ, जियसत्तूं रायं करयलपरिग्गहियं जाव कट्टु जएणं विजएणं बद्धावेइ, तं महत्थं जाव पाहुडं उवणेइ) અને લઈને તે જ્યાં આભ્યંતરિકી ઉપસ્થાનશાળા હતી જ્યાં જિતશત્રુ રાજા હતો ત્યાં ગયો. ત્યાં જઈને તેણે જિતશત્રુ-રાજાને બન્ને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તકે મૂકી તે જયવિજય શબ્દોનું ઉચ્ચારણ કરતાં વધામણી આપી અને ત્યારપછી તે મહાપ્રયોજન સાધક યાવત્ ભેટને રાજાની સામે મૂકી-રાજાને તે ભેટ અર્પિત કરી.

ટીકાર્થ—પ્રદેશી રાજાએ જ્યારે પોતાના ચિત્ર સારથિને આ પ્રમાણે કહ્યું ત્યારે હૃષ્ટ, તુષ્ટ, ચિત્તમાં આનંદિત અને પ્રીતિયુકત મનવાળો થયેલો તથા પરમસૌમનસ્યિત થયેલો તે હર્ષાતિરેકથી અતીવ હર્ષિત થઈ ગયો. તેણે તરત જ કરતલ પરિગૃહીત દશનખસંયુકત અને મસ્તક પર અંજલિ ફેરવીને કહ્યું-"હે દેવ! જે આપ આજ્ઞા કરો છે તે મારા માટે પ્રમાણરૂપ છે. આ પ્રમાણે કહીને તેણે રાજાની આજ્ઞાને સ્વીકારી લીધી. હૃષ્ટ તુષ્ટ વગેરે પદોનો અર્થ આ સૂત્રની પાંચમાં સૂત્રની ટીકામાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. આ રીતે પોતાના સ્વામીની આજ્ઞાને સ્વીકારી તેણે મહાપ્રયોજન સાધક યાવત્ ભેટને હાથમાં લીધી અને લઈને તે પ્રદેશી રાજા પાસેથી આવતો રહ્યો અને શ્વેતવિકાનગરીના મધ્યભાગમાં થઈને પોતાને ઘેર ગયો. ત્યાં પહોંચીને તેણે તે મહાપ્રયોજન સાધક યાવત્ ભેટને મૂકી દીધી. મૂકીને તેણે નોકર-ચાકર વગેરે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. અને બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું-'હે દેવાનુપ્રિયો! તમે સૌ સત્વરે છત્રયુકત યાવત્ ધ્વજા સહિત, ઘંટા સહિત વગેરે ૬૨ માં સૂત્રોકત વિશેષણોથી યુકત રથને ઉપસ્થિત કરો. ૬૨ માં સૂત્રનો પાઠ જે અહીં યાવત્ શબ્દ વડે ગૃહીત થયો છે તે બીજી વિભકિતનો વ્યત્યય (વ્યતિક્રમ) કરીને ગ્રહણ કરાયો છે તે આ પ્રમાણે છે—

"सध्वजं सघण्टं, सपताकं, सतोरणवरं, सनन्दिघोषं, सकिङ्किणीहेमजालपरिक्षिप्तं, हैमवतचित्रतिनिशकनकनियुक्तदारुकं, सुसंपिनिद्धचक्रमण्डलधुराकं, कालायससुकृतनेमियन्त्रकर्माणम् आकीर्णवरतुरगसुसंप्रयुक्तं, कुशलनरच्छेकसारथिसुसंपरिगृहीतं. शरशतद्वात्रिंशतूणपरिमंडितं, सकङ्कटावतंसकं, सचापप्रहरणावरणभूतयोधयुद्धसज्ज" આ પાઠનો અર્થ આ પ્રમાણે છે—

સધ્વજ-ધ્વજા સહિત છે, સઘંટ-બંને તરફ ઘંટાઓ છે, સપતાક-પતાકાસહિત છે, સ તોરણવર યુકત-પ્રધાન તોરણ સહિત છે, સનંદિઘોષ-બાર પ્રકારના વાજાઓથી યુકત છે. સકિંકિણી હેમજાલ પરિક્ષિપ્ત-ક્ષુદ્ર (નાની) ઘંટિકાવાળા હેમજાલથી પરિવેષ્ટિત છે, હૈમવત ચિત્રતિનિશકનકનિર્યુકત દારુક--હિમાલય પર્વત પર ઉત્પન્ન થયેલી, વિસ્મય કારક તિનિશવૃક્ષ વિશેષની સુવર્ણ મંડિત લાકડીથી જે તૈયાર કરવામાં આવ્યો છે. સુસંપિનદ્ધચક્રમંડલ ધુરાક જેમા ચક્રમંડળ અને ધુરાઓ સુસંબદ્ધ છે, કાલાયસ સુકૃત નેમિયંત્રકર્મા-ઉત્તમ જાતિના કૃષ્ણ લોહથી જેના નેમિયત્રની રચના કરવામાં આવી છે. એટલે કે ચક્રનો જે ભાગ ભૂસ્પર્શ કરે છે તેને સંઘર્ષથી રક્ષવા માટે કૃષ્ણ લોહની પાટી જેના પર લગાડવામાં આવી છે. આકીર્ણવર તુરગસુસંપ્રયુકત-આકીર્ણ જાતિના ઉત્તમ ઘોડાઓ જેમાં જોતરેલા છે, કુશલનરચ્છેક સારથિ સુસંપરિગૃહીત-નિપુણપુરુષોમાં પણ અતિનિપુણ સારથિ વડે જે સારી રીતે હાંકવામાં આવી રહ્યો છે,-શરશત દ્વાત્રિંશત્તૂણપરિમંડિત-સો શરો અને બત્રીશ જેટલા તૂણિરોથી જે પરિમંડિત છે, સચાપશરપ્રહરણાऽऽકરણભૂતયોધ યુદ્ધ સજજ-ધનુષ સહિત શરોથી, કુંત, તોમર, પરશુ વગેરે શાસ્ત્રોથી, અને કવચ વગેરે ઉપકરણોથી જે પરિપૂર્ણ છે, યુદ્ધ ખેડનારાઓ માટે જે સજ્જિત છે, ચાતુર્ઘંટ-એટલે કે ચાર ઘંટોથી જે સુશોભિત છે તેમજ યુકત એટલે કે જેમાં ઘોડાઓ જોતરેલા છે. તમે યારે મારી આજ્ઞા મુજબ કામ પુરૂં કરી લો ત્યારે મને કામ સંપૂર્ણ થઇ જવાની ખબર આપો. ત્યાર પછી કૌટુંબિક પુરૂષોએ ચિત્ર સારથિની આજ્ઞા પ્રમાણે જ શીઘ્ર કામ પુરૂં કરી દીધું. અને તેને ખબર આપી કે-હે દેવાનુપ્રિય ! તમારી આજ્ઞા મુજબ બધું કામ પુરૂં થઇ ગયું છે. આ પ્રમાણેની ખબર સાંભળીને ચિત્રસારથિ "हृष्टतुष्टचित्तानन्दितः प्रीतिमनाः परमसौमनस्यितः हर्षवशाद्विसर्पद्धृदय." યાવત્ પદથી ગૃહીત ઉકત વિશેષણોથી તે યુકત થઇ ગયો. આ પદોનો અર્થ પહેલાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેણે સ્નાન કર્યું. બલિકર્મ કર્યું-પશુપક્ષિ વગેરેને અન્નભાગ અર્પિત કર્યો. દુઃસ્વપ્ન વગેરેને નષ્ટ

કરવા માટે અવશ્યકરણીય મંગલરૂપ પ્રાયશ્ચિત્તો કર્યા. મષીતિલક વગેરેને કૌતુક, સિદ્ધાર્દ્ધ-સર્ષપ, દહીં, અક્ષત દુર્વાંકુર વગેરેને મંગલ કહે છે. ત્યારપછી તેણે સન્નદ્ધ, બદ્ધ, વર્મિત કવચ પહેર્યું. પહેલાં તે કવચનું તેણે શરીર પર આરોપણ કર્યું. એથી તે કવચ સન્નદ્ધ થયું ત્યારપછી ગાઢતર બંધનવડે કસવામાં આવ્યું એથી તે બદ્ધ થયું. અને અંગરક્ષક માટે તેને ધારણ કરવામાં આવ્યુ. હતું એથી તે વર્મિત થયું. "उत्पीडितशरासनपट्टिक;" એથી આ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તે શરાસનપટ્ટિકા (ધનુષદંડા) પર જ્યારે પ્રત્યંચા ચઢાવવામાં આવી તે શરાસન પટ્ટિકા નમી ગઈ હતી. અથવા ઉત્પીડિત શબ્દનો અર્થ 'ખભાપર મૂકવુ" પણ થાય છે. પ્રત્યંચા ચઢાવવાથી જેણે ધનુષદંડને નમાવી દીધો છે અથવા ખભાપર જેણે ધનુર્દંડ ધારણ કર્યો છે એવો તે ચિત્રસારથિ શોભવા લાગ્યો. મતલબ આ છે કે તે ચિત્ર સારથિએ પોતાના ધનુષ પર પ્રત્યંચા ચઢાવી લીધી હતી. અથવા તે ધનુષને હાથમાંથી ખભાપર ભેરવી દીધું હતું. ગળામાં તેણે આભૂષણરૂપ ગ્રૈવેયક-હાર પહેર્યો હતો અને સુંદર ચિત્રોથી સુશોભિત સુંદર વસ્ત્રો પણ પહેર્યાં હતાં. ધનુષ વગેરેને અહીં આયુધપદ અને તલવાર વગેરેને પ્રહરણ પદથી ગ્રહણ સમજવાં. આ રીતે તેણે પોતાના આયુધો અને પ્રહરણોને પોતાના હાથમાં લીધા. આ પ્રમાણે બધી રીતે તૈયાર થઇને તે ભેટને લઇને જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ હતો ત્યાં ગયો. ત્યાં જઇને તે રથ પર સવાર થયો. રથ પર સવાર થતાંજ તે સન્નદ્ધ થયેલા યાવત્ ગૃહીતાયુધ પ્રહરણવાળા અનેક પુરૂષોથી તે સંપરિવૃત્ત થઇ ગયો. છત્રધારી પુરૂષોએ તેના ઉપર કોરંટ પુષ્પોની માળાથી સુશોભિત છત્ર તાણી દીધું. આ પ્રમાણે તે મહાસુભટોના વિસ્તૃત સમૂહના વૃન્દથી પરિવેષ્ટિત થઇને તે પોતાના ઘેરથી રવાના થયો અને શ્વેતવિકા નગરીના ઠીક મધ્યભાગમાં થઇને તે કેટલાક સુખકરવાસો, રાત્રે મુકામ કરીને સવારે ત્યાંથી રવાના થતી વખતે કરેલા પ્રાતઃ

કાલિક અલ્પભોજનો, (નાસ્તાઓ) તથા વધારે દૂર નહિ પણ નજીક નજીક જ મધ્યાહ્નકાલિક વિશ્રામો કરતો કરતો સ્થાન સ્થાન પર પડાવ નાખતો તે કેકયાર્દ્ધ જનપદની નજીક પહોંચ્યો. અને ત્યારપછી તે જનપદની મધ્યમાં થઇને જ્યાં કુણાલા દેશ હતો અને જ્યાં શ્રાવસ્તીનગરી હતી ત્યાં જઇને તે ઠીક નગરીના મધ્યમાર્ગથી જ્યાં જિતશત્રુ રાજાનો રાજમહેલ હતો અને તેમાં પણ જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી ત્યાં પહોંચ્યો અને પહોંચતાં જ તેણે ઘોડાઓને ઉભા રાખ્યા અને રથને આગળ જવાથી રોકયો. ત્યારપછી તે રથમાંથી નીચે ઉતર્યો અને ભેટને લઇને આભ્યંતરિકી ઉપસ્થાન શાળામાં જ્યાં જિતશત્રુ રાજા હતો ત્યાં ગયો. ત્યાં પહોંચીને તેણે જિતશત્રુ રાજાને બન્ને હાથ જોડીને પ્રણામ કર્યાં. અને જયવિજય શબ્દોનું ઉચ્ચારણ કરીને તેમણે વધામણી આપી. ત્યારપછી તેણે મહાર્થ વગેરે વિશેષણોવાળી ભેટ રાજાને સમર્પિત કરી. ॥૧૦૫॥

'तए णं से जियसत्तू राया' इत्यादि ।

सूत्रार्थ—(**तए णं से जियसत्तू ... चित्तस्स सारहिस्स तं महत्थं जाव पाहुडं पडिच्छइ**) જિતશત્રુ રાજાએ ચિત્રસારથિ વડે અર્પિત કરાયેલી મહાર્થ વગેરે વિશેષણોવાળી ભેટને-કે જેને પ્રદેશી રાજાએ મોકલી હતી-સ્વીકારી લીધી. (**चित्तं सारहिं सक्कारेइ, सम्माणेइ, पडिविसज्जेइ**) ત્યારપછી કુશલતા વિષે સમાચારો પૂછીને તેનો સત્કાર કર્યો આસન વગેરે આપીને તેનું સન્માન કર્યું અને ત્યારપછી તેને વિસર્જિત કરી દીધો. એટલે કે વિશ્રામ કરવા માટે મોકલી દીધો. (**रायमग्गमोगाढं च से आवासं दलयइ**) તેને રાજમાર્ગની પાસેના ઘરમાં ઉતારો આપ્યો. (**तए णं से चित्ते सारही विसज्जिए समाणे जियसत्तुस्स अंतियाओ पडिनिक्खमइ-जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ**) ત્યારપછી જિતશત્રુ રાજા પાસેથી વિસર્જિત કરાયેલો તે ચિત્રસારથી ત્યાંથી રવાના થયો અને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી, જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ હતો ત્યાં આવ્યો ત્યાં આવીને તે (**चउग्घंटं आसरहं दुरूहइ**) ચાતુર્ઘંટ રથ પર સવાર થયો. (**सावत्थीए णयरीए मज्झंमज्झेणं जेणेव रायमग्गमोगाढे आवासे तेणेव उवागच्छइ**) અને શ્રાવસ્તીનગરીના મધ્યમાં થઇને જ્યાં રાજમાર્ગ પર સ્થિત આવાસ-ગૃહ-હતું

ત્યાં ગયો. (**तुरए निगिण्हिइ, रहं ठवेइ, रहाओ पच्चोरुहइ**) ત્યાં પહોંચીને તેજ ઘોડાઓને ઉભા રાખ્યા રથ થોભાવ્યો. અને ત્યારપછી તે રથમાંથી નીચે ઉતર્યો— (**ण्हाए कयबलिकम्मे, कयकोउयमंगलपायच्छित्ते मुद्धप्पावेसाइं मंगल्लाइं वत्थाइं पवरपरिहिए**) ત્યારબાદ તેણે સ્નાન કર્યું–બલિકર્મ કર્યું–કાગડા વગેરેને અન્નભાગ આપ્યો દુઃસ્વપ્નોને નષ્ટ કરવા માટે કૌતુક–મંગલરૂપ પ્રાયશ્ચિત્તો કર્યા. ત્યારપછી રાજસભામાં શોભે એવા સ્વચ્છ માંગલિક વસ્ત્રો તેણે ધારણ કર્યાં. (**अप्प-महग्घाभरणालंकियसरीरे**) ત્યારબાદ તેણે અલ્પભારવાળા બહુમૂલ્ય આભરણોથી પોતાના શરીરને શણગાર્યું અને (**जिमियभुत्तुत्तरागए वि य णं समाणे**) જમ્યા પછી એટલે કે ભોજન કરીને તે ઉપવેશન સ્થાન તરફ ગયો. (**पुव्वावरण्हकाल-समयंसि**) ત્યાં દિવસના ત્રીજા પહોરમાં (**गंधव्वेहिं य णाडगेहि य उवणच्चिज्ज-माणे, उवणच्चिज्जमाणे उवगाइज्जमाणे–२ उवलालिज्जमाणे२**) ત્યાં ગીતો વડે, નાટકો વડે વારંવાર પોતાનો વિષય સિખાવેલો પોતાનો વિષય સંભળાવીને પ્રસન્ન કરાયેલો, વારંવાર વિલાસયુકત બનાયેલો તે ચિત્ર સારથિ (**इट्ठे सद्द–फरिस–रस–रूव–गंधे पंचविहे माणुस्सए कामभोगे पच्चणुभवमाणे विहरइ**) ઈષ્ટ–અભિ-લષિત–શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ આ પાંચ જાતના મનુષ્યભવ સંબંધી કામ ભોગોને ભોગવવા લાગ્યો. ટીકાર્થઃ—આ સૂત્રનો સ્પષ્ટ છે. ॥૧૦૬॥

'तेणं कालेणं तेणं समएणं' इत्यादि ।

સૂત્રાર્થઃ—(**तेणं कालेणं तेणं समएणं**) તે કાળે અને તે સમયે (**पासा-वच्चिज्जे**) પાર્શ્વાપત્યીય–ભગવાન પાર્શ્વનાથની શિષ્ય પરંપરામાં સ્થિત (**केसी नाम कुमारसमणे**) કેશી નામક કુમાર શ્રમણ કે જે કુમાર અવસ્થામાં જ દીક્ષિત થયા હતા–અને જે (**जाइसंपन्ने**) જાતિસંપન્ન હતા. (**कुलसंपण्णे**) કુલ સંપન્ન હતા. (**बलसंपण्णे**) બલ સંપન્ન હતા. (**रूवसंपण्णे**) રૂપસપન્ન હતા. (**विणयसपन्ने**) વિનય સંપન્ન હતા. (**नाणसंपण्णे**) જ્ઞાન સંપન્ન હતા. (**दंसणसंपन्ने**) દર્શન સંપન્ન હતા. (**चरित्तसंपण्णे**) ચારિત્ર સંપન્ન હતા (**लज्जासंपण्णे**) લજ્જા સંપન્ન હતા. (**लाघवसंपण्णे**) લાઘવ સંપન્ન હતા. (**लज्जालाघवसंपन्ने**) લજ્જા અને લાઘવ સંપન્ન હતા. (**ओयंसी. तेयंसी, वच्चंसी, जसंसी**) ઓજસ્વી હતા, તેજસ્વી હતા, વર્ચસ્વી હતા, યશસ્વી હતા. (**जियकोहे**) જિત ક્રોધી હતા. (**जियमाणे**) જિતમાન હતા. (**जियमाए**) જિતમાય હતા. (**जियलोहे जियणिद्दे जिइंदिए**)

જિત લોભ હતા, જિતનિદ્ર હતા, જિતેન્દ્રિય હતા. (**जियपरीसहे, जीवीयासमरण–भयविप्पमुक्के**) જીવવાની આશા અને મરણના ભયથી વિપ્રમુક્ત હતા. (**तव-प्पहाणे गुणप्पहाणे**) તપ પ્રધાન હતા, ગુણ પ્રધાન હતા. (**करणप्पहाणे, चरणप्पहाणे, निग्गहप्पहाणे, निच्छयप्पहाणे, अज्जवप्पहाणे, मद्दवप्पहाणे, लाघवप्प-हाणे, खंतिप्पहाणे, मुत्तिप्पहाणे, गुत्तिप्पहाणे, विज्जप्पहाणे, मंतप्पहाणे वेयप्पहाणे**) કરણ પ્રધાન હતા, ચરણ પ્રધાન હતા, નિગ્રહ પ્રધાન હતા, નિશ્ચય પ્રધાન હતા, આર્જવ પ્રધાન હતા, માર્દવ પ્રધાન હતા, લાઘવ પ્રધાન હતા, ક્ષાંતિ-પ્રધાન હતા, મુક્તિ પ્રધાન હતા, ગુપ્તિ પ્રધાન હતા, વિજય પ્રધાન હતા, મંત્ર પ્રધાન હતા, બ્રહ્મ પ્રધાન હતા, વેદ પ્રધાન હતા. (**नयप्पहाणे, नियमप्पहाणे, सच्चप्पहाणे सोयप्पहाणे, नाणप्पहाणे, दंसणप्पहाणे, चरित्तप्पहाणे, ओराले चउद्दसपुव्वी चउणाणोवगए**) નય પ્રધાન હતા, નિયમ પ્રધાન હતા, સત્ય પ્રધાન હતા, શૌચ પ્રધાન જ્ઞાન પ્રધાન હતા, દર્શન પ્રધાન હતા, ચારિત્ર પ્રધાન હતા, ઉદાર હતા, ચૌદપૂર્વના ધારી હતા અને મતિજ્ઞાન વગેરે ચાર જ્ઞાનવાળા હતા. (**पंचहिं अण-गारसएहिं सद्धिं संपरिवुडे**) પાંચસો અનગારોની સાથે (**पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे सुहं सुहेण विहरमाणे जेणेव सावत्थी णयरी जेणेव कोट्ठए चेइए, तेणेव उवागच्छइ**) તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં કરતાં એક ગામથી બીજે ગામ વિહાર કરતાં કરતાં આનંદની સાથે જ્યાં શ્રાવસ્તી નગરી હતી અને જ્યાં કોષ્ઠક ચૈત્ય (ઉદ્યાન) હતું ત્યાં આવ્યા. (**सावत्थी नयरीएबहिया कोट्ठए चेइए अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ**) ત્યાં જઈને તેઓ શ્રાવસ્તી નગરીની બહાર–કોષ્ઠક ચૈત્યમાં યથા-પ્રતિરૂપ અવગ્રહ પ્રાપ્ત કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં રોકાયા.

ટીકાર્થઃ—તે કાળે અને તે સમયે પાર્શ્વાપત્યીય ભગવાન–પાર્શ્વનાથની શિષ્ય પરંપરામાં સ્થિત કેશીકુમાર શ્રમણ–કે જેમણે કૌમાર્ય અવસ્થામાં પ્રવ્રજ્યા ધારણ કરી હતી. તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં કરતાં કોષ્ઠક ચૈત્યમાં આવીને રોકાયા એઓ જાતિ સંપન્ન હતા. માતૃપક્ષનું નામ જાતિ છે એનાથી એઓ યુક્ત હતા એટલે કે ઉત્તમમાતૃપક્ષવાળા હતા. પૈતૃકવંશનું નામ કુળ છે, એનાથી એઓ યુક્ત હતા એટલે કે એઓ ઉત્તમપિતૃપક્ષવાળા હતા. વિશિષ્ટ સંહનનથી સમુત્થ-

શક્તિનું નામ બળ છે, આ બળથી એઓ યુક્ત હતા. સર્વોત્કૃષ્ટ શારીરિક સૌન્દર્યનું નામ રૂપ છે, આ રૂપથી એઓ સંપન્ન હતા, વિનયયુક્ત હતા, મતિ વગેરે જ્ઞાનોથી સંપન્ન હતા. સમ્યક્ત્વથી યુક્ત હતા, સંયમરૂપ ચારિત્રથી યુક્ત હતા. લજ્જાથી યુક્ત હતા એટલે કે–સાવદ્ય કામમાં લજ્જા રાખતા હતા. દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ લાઘવના બે પ્રકારો છે. અલ્પ ઉપધિ રાખવી એ દ્રવ્યની અપેક્ષાએ લાઘવ છે તેમજ ગૌરવ ત્યાગ એ ભાવની અપેક્ષાએ લાઘવ છે. લજ્જા અને લાઘવ આ બન્નેથી એઓ સંપન્ન હતા, આત્મિક તેજ એમનામાં પ્રચુર પ્રમાણમાં હતું એથી એઓ ઓજસ્વી હતા. શરીરપ્રભાનું નામ તેજ છે. એમનું આ શારીરિક તેજ અનુપમ હતું. એથી જ એઓ તેજસ્વી હતા, પ્રભાવાન્ હતા. એથી જ એઓ વર્ચસ્વી હતા. ક્રોધને જીતનાર હતા એથી એઓ જિત–ક્રોધી હતા, માનના વિજેતા હતા એથી જિ ત હતા. અર્થાત્ માન અપમાન બન્ને એમના માટે સરખા હતાં. એઓ સંપૂર્ણતઃ નિષ્કપટ હતા એથી જિતમાન હતા. લોભને જીતનાર હતા એથી જિતલોભી હતા, એમણે નિદ્રાવશ કરી હતી એથી એઓ જિતાનિદ્ર હતા, બધી ઇન્દ્રિયોને એમણે વશમાં કરી રાખી હતી. એથી એઓ જિતેન્દ્રિય હતા, પરીષહો પર એમણે વિજય મેળવ્યો હતો એથી એઓ જિત પરીષહ હતા. જીવવાની આશાથી અને મરણના ભયથી એઓ એકદમ વિપ્રમુક્ત હતા. એથી જીવન મરણમાં એઓ સમભવશીલ હતા. સકલ મુનિઓમાં તપની અપેક્ષાએ પ્રધાન હોવાથી એઓ તપઃપ્રધાન હતા, અર્થાત્ મહાતપસ્વી હતા ક્ષાન્ત્યાદિક શ્રેષ્ટ ગુણોથી યુક્ત હોવા બદલ એવો ગુણ પ્રધાન હતા "તપઃપ્રધાન અને ગુણપ્રધાન" આ બે વિશેષણોથી એ વાત સૂચિત કરવામાં આવી છે કે તપ પૂર્વબદ્ધકર્મોની નિર્જરાનો હેતુ હોય છે અને સંયમ કર્મોની અનુપાદેયતાનો હેતુ હોય છે. એટલે કે નવીન કર્મોને રોકનાર હોય છે. એથી જ એઓ બન્ને મોક્ષ માટે ઉપાયભૂત કહેવાય છે. એથી મુમુક્ષુલોકોને માટે એ બન્ને અવશ્ય આદરણીય છે.

હવે સામાન્યરૂપથી ગુણપ્રધાનતાને કરીને વિશેષરૂપથી તેનું પ્રતિપાદન કરવા માટે કહે છે કે–કરણપ્રધાન ઇત્યાદિ. પિંડવિશુદ્ધ વગેરે રૂપ જે કરણ છે તેના સાત પ્રકારો છે. કહ્યું છેઃ–'**पिंड विसोही**' વગેરે. આ કારણ એમનામાં પ્રધાનરૂપે હતું એથી એઓ કરણપ્રધાન કહેવાય છે. મહાવ્રતાદિરૂપ ચરણના ૭૦ પ્રકારો કહેવાય છે. જેમકે **वय** ઇત્યાદિ આ ચરણ પણ એમનામાં પ્રધાનરૂપે હતું એથી એઓ ચરણ પ્રધાન હતા. અસદાચારની પ્રવૃત્તિના નિષેધનું નામ નિગ્રહ છે. આ નિગ્રહ એમનામાં પ્રધાનરૂપે હતો. એથી જ એમને નિગ્રહ પ્રધાન કહેવામાં આવ્યા છે. તત્ત્વોના નિર્ણય માટે જે નિશ્ચયાત્મક દૃઢ વૃત્તિ અથવા વિહિત અનુષ્ઠાનોને સ્વીકારવારૂપ જે નિશ્ચયાત્મક

ભાવ હોય છે એ પણ એમનામાં હતો. એથી એઓ નિશ્ચય પ્રધાન હતા. આર્જવ ઋજુતા (સરલતા)નું નામ છે. અને માયાનિગ્રહરૂપ પ્રવૃત્તિ હોય છે. એ પણ એમનામાં પ્રધાનરૂપે હતી એથી એઓ આર્જવ પ્રધાન હતા. માર્દવ પ્રધાન એઓ એટલા માટે હતા કે એમનામાં મૃદુતા–વિનમ્રતા–પ્રધાનરૂપે હતી. એમનામાં દ્રવ્યભાવ લઘુતા પ્રધાનરૂપે હતી એથી જ એઓ લાઘવપ્રધાન હતા. ક્રોધને નિગ્રહ કરવા રૂપ પરિણતિ એમનામાં પ્રધાન હતી એથી એઓ ક્ષાંતિ પ્રધાન હતા. એમનામાં મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ એ ત્રણે ગુપ્તિઓ પ્રધાન હતી એથી એઓ ગુપ્તિ પ્રધાન હતા. એમનામાં નિર્લોભતા પ્રધાનરૂપે હતી એથી એઓ મુક્તિપ્રધાન હતા. એમનામાં રોહિણી પ્રજ્ઞપ્ત્યાદિક દેવતાધિષ્ઠિત વર્ણાનુપૂર્વીરૂપ વિદ્યાઓ પ્રધાન હતી એથી જ એઓ વિદ્યાપ્રધાન હતા. એમનામાં હરિણગમેષી વગેરે દેવાધિષ્ઠિત મંત્રપ્રધાન હતા એથી એઓ મંત્રપ્રધાન હતા. મૈથુન વિરમણરૂપ બ્રહ્મચર્યનું નામ બ્રહ્મ છે અથવા સર્વકુશળ અનુષ્ઠાનોનું નામ બ્રહ્મ છે. એઓ આ બ્રહ્મ પ્રધાનતાથી યુક્ત હતા એથી જ એઓ બ્રહ્મ પ્રધાન કહેવાતા હતા, આગમનું નામ વેદ લૌકિક, લોકોત્તર અને કુપ્રાવચનિક આમ ત્રણ પ્રકારનો છે, આ વેદ એમનામાં પ્રધાન હતો એથી એઓ વેદપ્રધાન કહેવાતા મતલબ આ છે કે એઓ સ્વસમયના અને પરસમયના જ્ઞાનથી સંપન્ન હતા, નૈગમ, સંગ્રહ વગેરે જે સાત નયો છે તે નયો ભેદ પ્રભેદની અપેક્ષાએ ૭૦૦ થઇ જાય છે, એ નય પણ એમનામાં પ્રધાન હતા એટલે કે એઓ ખૂબ જ નયના સૂક્ષ્મજ્ઞાતા હતા, એથી જ એઓ નયપ્રધાન કહેવાય છે, અભિગ્રહ વિશેષનું નામ નિયમ છે, એટલે કે એઓ વિચિત્ર અભિગ્રહોને ધારણ કરનારા હતા, એકનિષ્ઠ થઈને જે સકલ પ્રાણીઓના હિત માટે વચનો કહેવાય છે તે સત્ય છે, એઓ સત્યપ્રધાન હતા, એટલે કે એઓ હિત, મિત અને પ્રિય વચન બોલનારા હતા દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ શૌચના બે પ્રકારો છે, લેપરહિત થવું એ દ્રવ્યની અપેક્ષાએ શૌચ છે, અને નિરવદ્ય આચરણ કરવું એ ભાવની અપે-

ક્ષાએ શૌચ છે. એઓ શૌચપ્રધાન હતા, મતિ વગેરે જ્ઞાનપ્રધાન હોવાથી એઓ જ્ઞાનપ્રધાન હતા. સમ્યક્ત્વરૂપ પ્રધાન હોવાથી એઓ દર્શનપ્રધાન હતા. ક્રિયા રૂપ ચારિત્ર પ્રધાન હોવાથી એઓ ચારિત્ર્ય પ્રધાન હતા. ઋજવાશયરૂપ ઉદારભાવપ્રધાન હોવાથી એઓ ઉદાર હતા. અહીં ઘોરે વગેરે. સાતિશય દીપ્તિથી યુક્ત હોવા બદલ એઓ ઘોરગુણવાળા હતા. કાતર લોકો જે તપો આચરી શકે નહિ તે કઠિન તપોનું એઓ આચરણ કરતા હતા. એથી એઓ ઘોર તપસ્વી હતા. દુર્બળ જીવો જે જાતના બ્રહ્મચર્યનું પાલન કરી શકે નહિ તે બ્રહ્મચર્યવ્રતને એઓ ધારણ કરતા હતા. એથી એઓ ઘોર બ્રહ્મચારી હતા. પોતાના શરીરના સંસ્કારની બધી ક્રિયાઓને એમણે સદંતર ત્યાગ કર્યો હતો એથી એઓ ઉચ્છૂઢ શરીર હતા. ચૌદ પૂર્વના પૂર્ણપાઠી હતા. એથી એઓ ચતુર્દશપૂર્વધારક હતા. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃ પર્યયજ્ઞાન એ ચારેચાર જ્ઞાનોથી એઓ યુકત હતા એથી ચતુર્જ્ઞાનોપગત હતા. એમની સાથે પાંચસો અનગાર હતા. એઓ એકલા હતા નહિ. તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરવામાં એઓ રત હતા. આમ એઓ તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં કરતાં એક ગામથી બીજા ગામ ખૂબ જ નિષ્ઠાથી ધર્મોપદેશની વર્ષા કરતાં કરતાં જ્યાં શ્રાવસ્તી નગરી હતી અને તેમાં પણ જ્યાં તે કોષ્ઠક ચૈત્ય હતું ત્યાં આવ્યા. ત્યાં આવીને તે નગરીની બહારના તે કોષ્ઠક ચૈત્યમાં સાધુ કલ્પ મુજબ વનપાલની આજ્ઞા મેળવીને ૧૭ પ્રકારના સંયમથી અને ૧૨ પ્રકારના તપથી પોતાના આત્માને વાસિત કરતા તેઓ ત્યાં રોકાયેલા આર્જવ વગેરેનો જો કે ચરણ અને કરણમાં સમાવેશ થાય છે છતાં એ અહીં જે સ્વતંત્રરૂપથી એમનું ગ્રહણ કરાયું છે તે તેમનામાં પ્રધાનતા પ્રદર્શિત કરવા માટે જ છે તેમ સમજવું. જિતક્રોધત્વ વગેરેમાં અને આર્જવ વગેરેમા આ તફાવત છે કે જે જિતક્રોધી વગેરે હોય છે તે ઉદયાવસ્થા પ્રાપ્ત ક્રોધાદિકોને અફળ બનાવી મૂકે છે. અને જે માર્દન પ્રધાનાદિપદોવાળા હોય છે તે ક્રોધાદિકોના ઉદયનો નિરોધ કરે છે. એ વાતને સૂચિત કરવા માટે જ આ પદોનું ભિન્ન ભિન્ન રૂપમાં ગ્રહણ કરાયું છે. જેને લઇને તે જિતક્રોધાદિ હોય છે, તેને લઇને જ તે ક્ષમાદિપ્રધાન હોય છે. આ પ્રમાણે હેતુ હેતુમદ્ભાવને લઇને એમનામાં વિશેષતા જાણવી જોઇએ તેમજ "જ્ઞાનસંપન્ન" વગેરે પદો વડે ફકત જ્ઞાનાદિ યુકતતા સૂચિત કરવામાં આવી છે અને "જ્ઞાનપ્રધાન" વગેરે પદો વડે તેમનામાં પ્રધાનતા પ્રકટ કરવામાં આવી છે. ॥૧૦૭॥

'तए णं सावत्थीए नयरीए' इत्यादि ।

સૂત્રાર્થઃ—(त एणं) ત્યારપછી (सावत्थीए नयरीए) શ્રાવસ્તી નગરીના (सिंघाडग–तिय–चउक्क–चच्चर–चउम्मुह–महापहपहेसु महया जणसद्देइवा जण वूहेइवा, जणबोलेइवा जणकलकलेइ वा जणुम्मीइ वा जणुक्कलियाइ वा जणसंनिवाएइ वा जाव परिसा पज्जुवासइ) શ્રૃંગાટકોમાં, ત્રિકોણુમાં, ચતુષ્કોમાં, ચત્વરોમાં, ચતુર્મુખોમાં, મહાપથોમાં અને પથોમાં એકત્ર થયેલા અને આવજા કરનારા લોકોમાં પરસ્પર પ્રચુરરૂપમાં આલાપ થવા માંડયો–વાર્તાલાપ પ્રારંભ થયો–લોકો વધારે સંખ્યામાં એકત્ર થવા લાગ્યા. પરસ્પર અસ્ફુટ ધ્વનિમાં પણ લોકોમાં વાતચીત થવા લાગી. પરિણામે ઘોંઘાટ જેવું વાતાવરણુ થઇ ગયું. ત્યાં અપાર ભીડ થવા માંડી અને તેથી એક બીજાથી સંઘર્ષિત થઇને જ લોકો અવરજવર કરીશકતા હતા. એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઇ ગઇ. કેટલાક સ્થાનો પર થોડા માણુસો ટોળાના આકારમાં એકત્ર થઇ ગયા. અને બીજા લોકો પણુ તેમની પાસે રૂકાવવા લાગ્યા, યાવત્ પરિષદા તેમની પર્યુંપાસના કરવા લાગી.

(त एणं तस्स चित्तस्स सारहिस्स तं महया जणसद्दं च जाव जण संनिवायं च सुणेत्ता य पासित्ता य इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था) ત્યારબાદ તે મહાન્ જનશબ્દને યાવત્ જનસંનિપાતને સાંભળીને અને જોઇને તે ચિત્રસારથીને આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત વિચાર ઉત્પન્ન થયો કે (किं णं अज्ज सावत्थीए णयरीए इंदमहेइ वा खंदमहे वा एवं रुद्दमहेइ वा मउंदमहेइ वा वेसमणमहेइ वा नागमहेइ वा, भूयमहेइ वा जक्खमहेइ वा)

શું આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્રના નિમિત્તે કોઇ ઉત્સવ ઉજવાઇ રહ્યો છે, સ્કંદના નિમિત્તે ઉત્સવ ઉજવાઇ રહ્યો છે, કે રુદ્રના નિમિત્તે ઉત્સવ ઉજવાઇ રહ્યો છે, કે મુકુન્દના નિમિત્તે કોઇ ઉત્સવ ઉજવાઇ રહ્યો છે, કે વૈશ્રવણુના નિમિત્તે કોઇ ઉત્સવ ઉજવાઇ રહ્યો છે, કે નાગ નિમિત્તે ઉત્સવ ઉજવાઈ રહ્યો છે, કે ભૂતના નિમિત્તે કોઇ ઉત્સવ ઉજવાઇ રહ્યો છે કે યક્ષના નિમિત્તે ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. (**थूममहेइ वा, चेइयमहेइ वा, रुक्खमहेइ वा, गिरिमहेइ वा, दरिमहेइ वा, अगडमहेइ वा, नईमहेइ वा, सरमहेइ वा, सागरमहेइ वा**) કે કોઇ સ્તૂપના નિમિત્તે ઉત્સવ ઉજવાઇ રહ્યો છે, કે ચૈત્યના નિમિત્તે ઉત્સવ ઉજવાઇ રહ્યો છે, વૃક્ષના નિમિત્તે ઉત્સવ ઉજવાઈ રહ્યો છે, કે પર્વતના નિમિત્તે ઉત્સવ ઉજવાઇ રહ્યો છે કે ગુફાના નિમિત્તે ઉત્સવ ઉજવાઈ રહ્યો છે, કે કોઇ–અવટકૂપના નિમિત્તે ઉત્સવ ઉજવાઈ રહ્યો છે, કે કોઇ નદીના નિમિતે ઉત્સવ ઉજવાઈ રહ્યો છે, કે તળાવના નિમિતે ઉત્સવ ઉજવાઇ રહ્યો છે, કે કોઇ સમુદ્રના નિમિત્તે ઉજવાઈ રહ્યો છે? (**जे णं इमे बहवे उग्गा उग्गपुत्ता. भोगा भोगपुत्ता, राइन्ना, रक्खगा, णाया, कोरव्वा, जहा उववाइए तहेव अप्पेगइया हयगया**) કે જેથી ઘણા ઉગ્રવંશના પુત્રો, ભોગવંશના માણસો, ભોગવંશના પુત્રો, રાજન્યવંશના માણસો, ઇક્ષ્વાકુવંશના માણસો, જ્ઞાતવંશના માણસો. કુરુવંશના માણસો–પહેલાં ઔપપાતિક સૂત્રમાં જે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે તે મુજબ કેટલાક ઘોડાઓ પર સવાર થઇને (**जाव अप्पेगइया पायचारविहारेणं महयार वंदावंदएहिं निग्गंच्छंति**) યાવત્ કેટલાક પગપાળાં જ જુદા જુદા સમૂહોમાં એકત્ર થઇને જઇ રહ્યા છે. (**एवं संपेहेइ**) આ જાતનો તેણે વિચાર કર્યો. (**संपेहित्ता कंचुइज्जपुरिसं सद्दावेइ**) આ પ્રમાણે વિચાર કરીને તેણે કંચુકીય પુરુષને બોલાવ્યો. (**सद्दावित्ता**) **एवं वयासी**) બોલાવીને તેને કહ્યું. **किं णं देवाणुप्पिया! अज्ज सावत्थीए नयरीए इंदमहेइ वा, जाव सागरमहे वा जेणं इमे बहवे उग्गा, जाव निग्गच्छंति**) હે દેવાનુપ્રિય! શું આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્રમહોત્સવ છે કે યાવત્ સાગર મહોત્સવ છે કે જેથી ઉગ્રવંશના માણસો યાવત જઇ રહ્યા છે?

ટીકાર્થ:—ત્યારે શ્રાવસ્તી નગરીના શૃંગાટક-શિંગોડાની આકૃતિ જેવા ત્રિકોણ-વાળા માર્ગમાં, ત્રિક-ત્રણ માર્ગો જ્યાં એકત્ર થાય તે માર્ગમાં, ચતુષ્પથમાં-ચાર રસ્તાઓ જ્યાં ભેગા મળે તે માર્ગમાં, ચત્વરમાં-ઘણા માર્ગો જ્યાં એકત્ર થાય તે સ્થાનમાં, ચતુર્મુખ-જ્યાંથી ચોમેર રસ્તાઓ જતા હોય એવા માર્ગમાં, મહાપથ-રાજમાર્ગમાં અને પથ-સામાન્ય માર્ગમાં-ભારે જનશબ્દ થયો. માણસોનો ઘોંઘાટ થયો. પરસ્પર વાર્તાલાપ કરવાથી શોરબકોર થયો. જનવ્યૂહ-જનસમુદાય-એકત્ર થવા લાગ્યો, જનબોલ-માણસોની અવ્યક્ત ધ્વનિ થવા લાગ્યો, જનકલકલ-માણસોનો કોલાહલરૂપ ધ્વનિ થવા માંડયો. બોલમાં અને કલરવમાં તફાવત આટલો જ છે કે બોલમાં વચન વિભાગ અવિભાવ્યમાન હોય છે અને કલકલમાં વચનવિભાગ વિભાવ્યમાન હોય છે. જનસમ્બાધજનોના જમઘટ્ટમાં થનાર પારસ્પરિક વિમર્દનું નામ છે. તેમજ માણસોનો જે લઘુતર સંઘાત છે તે જનોત્કલિકા છે. બીજા ઘણાં સ્થાનોથી આવેલ માણસો એક સ્થાને જ્યાં એકત્ર થાય છે તેનું નામ જનસન્નિપાત છે. યાવત્ ઉગ્ર, ઉગ્રપુત્ર વગેરેની પરિષદાએ પર્યુપાસના કરી. અહીં યાવત્ શબ્દથી '**बहुजणो अण्णमण्णस्स**" અહીંથી માંડીને "**अभिमुहा विणएण पंजलिउडा**" સુધીના ઔપપાતિક સૂત્રના ૩૮ મા સૂત્ર મુજબ ચંપાનગરી ગત શ્રી મહાવીર સ્વામીના આગમનપાઠમાં જે વર્ણન કરવામાં આવ્યું છે-તે બધું અહીં ગ્રહણ સમજવું. તે પાઠમાં જે છત્રાદિક-કે જે તીર્થંકર પ્રકૃતિના અતિશયરૂપ છે- તેમનું ગ્રહણ અહીં કરવું નહિ. તેમજ '**समणे भगवं महावीरे**' વગેરે ભગવાનના નામોની જગ્યાએ "**पासावच्चिज्जे केसी नामं कुमारसमणे जाइसंपन्ने**" આ જાતના પાઠનું ગ્રહણ સમજવું. "**जन-शब्द इति वा**" વગેરે પાઠમા આવેલ 'ઇતિ' શબ્દ વાકયાલંકારમાં અને 'વા' શબ્દ સમુચ્ચયના રૂપમાં છે.

'**तए णं तस्स चित्तस्स**' **इत्यादि**, ત્યારપછી તે ચિત્ર સારથીને તે મહાન

જનશબ્દને યાવત્ જનસંપાતને સાંભળીને અને જોઇને આ જાતનો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. અહીં યાવત્ શબ્દથી "चिन्तित, कल्पित, प्रार्थित, मनोगत' સંકલ્પ માટે આ વિશેષણોનું ગ્રહણ સમજવું. આ બધાનો અર્થ ૮૩ મા સૂત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેથી જિજ્ઞાસુજનોએ ત્યાંથી જાણી લેવું જોઇએ. "किं णं ઇત્યાદિ. "किं" શબ્દ વિતર્ક માટે અને "खलु" શબ્દ વાકયાલંકાર માટે પ્રયુકત થયેલ છે. ચિત્રસારથિને જે સંકલ્પ ઉત્પન્ન થયો તેજ આ નિમ્ન શબ્દો વડે પ્રકટ કરવામાં આવ્યો છે કે શું આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્રમહ છે? ઇન્દ્ર શક્રનું નામ છે. આ શક્રના નિમિતે ઉજવાયેલ ઉત્સવ ઇન્દ્રમહ છે. "स्कदमह" થી માંડીને "सागरमह" સુધીના બધાં પદોનો અર્થ આ પ્રમાણે જ જાણવો જોઈએ સ્કંદ કાર્તિકેયનું નામ છે. રુદ્ર મહાદેવનું નામ છે. મુકુન્દ નું નામ છે. નારાયણ વૈશ્રવણ કુબેરનું નામ છે, ભવનપતિ વિશેષનું નામ નાગ છે. ભૂત અને યક્ષ એઓ વ્યન્તરવિશેષ છે. સ્તૂપ નામ ચૈત્યસ્તૂપ અથવા શિખરનું છે, ચિતાસ્થિત સ્મારકચિહ્નનું નામ ચૈત્ય છે. પીપળ વગેરે ઝાડનું નામ વૃક્ષ છે. ગુફાનું નામ દરી છે. ગિરિ પર્વતનું નામ અવટ ગર્ત્ત છે, નદી સર-તળાવ અને સાગર આ બધાના અર્થો સ્પષ્ટ જ છે, ઇતિ શબ્દ અહીં સ્વરુપ નિર્દેશપરક છે. "वा" શબ્દ સમુચ્ચય માટે વપરાયો છે. આ પ્રમાણે વિચાર કર્યો કે શું આજે ઇન્દ્ર મહાદિકોમાંથી કોઇ મહોત્સવ છે? કે જેથી એઓ ઘણા ઉગ્ર-ભગવાન આદિનાથ વડે જેમને આરક્ષકપદે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે તેમના વંશના લોકો જઇ રહ્યા છે, એઓ ઘણા ઉગ્રપુત્રો-કુમારાવસ્થોપેત ઉગ્રરૂપ ઉગ્રપુત્રો જઇ રહ્યા છે, એ ભોગ-આદિનાથ ભગવાને જેમને ગુરુપદે પ્રતિષ્ઠિત કર્યા છે તેમના વંશના લોકો જઇ રહ્યા છે, એ ભોગપુત્રો તેમના કુમારાવસ્થાપન્ન પુત્રો જઇ રહ્યા છે, એ રાજન્યો આદિનાથે જેમને મિત્રપદે પ્રતિષ્ઠિત કર્યા છે તેમના વંશના લોકો જઈ રહ્યા છે, ઇક્ષ્વાકુવંશના લોકો જઇ રહ્યા છે; એ જ્ઞાતવંશીય લોકો જઇ રહ્યા છે, એ કુરુવંશીય લોકો જઇ રહ્યા છે, 'जहा उववाइए तहेव" અહીંથી આગળ 'खत्तिया माहणा" થી માડીને "चंदणोलित्तगायसरीरा" અહીં સુધીના સમસ્ત પાઠનું-કે જે ઔપપાતિકસૂત્રમાં શ્રી મહાવીર સ્વામીની વંદના માટે ઉગ્ર-ઉગ્ર પુત્રાદિ ગયા હતા-અહીં ગ્રહણ સમજવું. તેનાથી કેટલાક અશ્વ પર સવાર થઇને કેટલાક હાથી પર સવાર થઇને અને કેટલાક પગપાળાં જ ચાલીને તેમજ કેટલાક પોતાનો વિશાળ સમુદાય બનાવીને જુદા જુદા આકારમાં ત્યાં જવા નીકળી રહ્યા છે.

આ પ્રમાણે વિચાર કરીને પછી તેણે કંચુકીય પુરુષને બોલાવ્યો અને બોલાવીને તેને આમ કહ્યું કે-હે દેવાનુપ્રિય! શું આજે શ્રાવસ્તી નગરીમાં ઇન્દ્રમહ યાવત

સાગરમહ છે? કે જેથી એ બધા ઉગ્ર, ઉગ્રપુત્ર વગેરે સૌ પોતપોતાના ઘેરથી નીકળીને જઈ રહ્યા છે? ॥ ૧૦૮ ॥

"त एणं से कंचुईपुरिसे केसिस्स कुमारसमणस्स" इत्यादि.

સૂત્રાર્થ—(त एणं) ત્યાર પછી તે કંચુકી પુરુષે (केसिस्स कुमारसमण०) કેશીકુમાર શ્રમણની આગમનની વાત મનમાં વિચારીને (चित्तं सारहिं करयल परिग्गहियं जाव वद्धावेत्ता एवं वयासी) ચિત્ર સારથિની સામે વિનમ્રતાપૂર્વક બન્ને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તક પર ફેરવીને અને જયવિજય શબ્દોવડે તેમને વધામણી આપીને આ પ્રમાણે કહ્યું-(णो खलु देवाणुप्पिया ! अज्ज सवत्थीए णयरीए इंदमहेइ वा, जाव सागरमहेइवा) હે દેવાનુપ્રિય ! આજે શ્રાવસ્તી નગરીમાં ન ઇન્દ્ર ઉત્સવ છે કે યાવત્ ન સાગર ઉત્સવ છે. (जे णं इमे बहवे जाव विंदाविंदएहिं निग्गच्छंति, एवं खलु भो देवाणुप्पिया। पासावच्चिज्जकेसीनामं कुमारसमणे जाइसंपन्ने जाव दुइज्जमाणे इहमागए जाव विहरइ) પણ જે આ બધા ઉગ્ર ઉગ્રપુત્રાદિક ઘણા વિશાળ સમુદાયના આકારમાં એકત્ર થઈને જઈ રહ્યા છે. તેનું કારણ એ છે કે પાર્શ્વાપત્યીય કેશી નામે કુમાર શ્રમણ કે જે જાતિસંપન્ન વગેરે પૂર્વોક્ત વિશેષણોવાળા છે, તીર્થંકર પરંપરા મુજબ વિહાર કરતાં કરતાં એક ગામથી બીજે ગામ ધર્મોપદેશ કરતા અહીં પધાર્યા છે. અને યાવત કોષ્ઠક ચૈત્યમાં તેઓશ્રી વિરાજે છે. (ते णं अज्ज सावत्थीए नयरीए बहवे उग्गा, जाव अप्पेगइया वंदणवत्तियाए जाव महया महया वंदावंदएहिं णिग्गच्छंति) એથી આજે શ્રાવસ્તી નગરીમાંથી ઘણા ઉગ્ર યાવત્ ઇભ્યપુત્રો વંદના કરવા માટે યાવત્ વિશાળ સમુદાયના રૂપમાં એકત્ર થઈને જઈ રહ્યા છે. ॥૧૦૯॥

"त एणं से चित्ते सारही कंचुइपुरिसस्स अंतिए एयमट्ठं" इत्यादि

सूत्रार्थः—(त एणं से चित्ते सारही कंचुइपुरिसस्स अंतिए एयमट्ठं सोचा निसम्म हट्ठतुट्ठ जाव हियए कोडुंबिय पुरिसे सद्दावेइ) જ્યારે કંચુકીના મુખથી આ બધી વિગત સાંભળી ત્યારે તેણે મનમાં વિચાર કર્યો અને હૃષ્ટ યાવત્ હૃદયવાળો થઇને તે ચિત્રસારથીએ કૌટુંબિક પુરૂષોને—આજ્ઞાકારી પુરૂષોને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું. (खिप्पामेव भो देवाणुप्पिया! चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठवेह) હે દેવાનુપ્રિય! આપ સૌ સત્વરે ચાતુર્ઘંટ (ચાર ઘંટોવાળા) અશ્વરથને સજ્જિત કરીને લાવો. (जाव सच्छत्तं उवट्ठवेंति) પોતાના સ્વામીની આ પ્રમાણે આજ્ઞા સાંભળીને યાવત્ તેમણે ઉત્તમ છત્રસહિત અશ્વરથ લાવીને ઉપસ્થિત કર્યો.

(त एणं से चित्ते सारही ण्हाए कयबलिकम्मे, कयकोउयमंगल-पायच्छित्तो) રથને આવેલો જોઇને ચિત્રસારથિએ સ્નાન કર્યું, બલિકર્મ કર્યું અને દુઃસ્વપ્નના નિવારણાર્થ કૌતુક, મંગલરૂપ પ્રાયશ્ચિત્તની વિધિઓ સંપન્ન કરી. सुद्धप्पावेसाइं मंगलाइं वत्थाइं पवरपरिहिए अप्पमहग्घाभरणालंकियसरीरे चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ) ત્યારબાદ તેણે સારી રીતે શુદ્ધ, મુનિપરિષદામાં પ્રવેશ યોગ્ય, માંગલિક વસ્ત્રો ધારણ કર્યાં. તથા બહુ કિંમતી અને અલ્પભારવાળા આભૂષણો પહેરીને પોતાના શરીરને અલંકૃત કર્યું. (जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता चाउग्घंटं आसरहं दुरुहइ) ત્યાર બાદ જ્યાં ચાર ઘંટોવાળો અશ્વરથ હતો ત્યાં ગયો. ત્યાં જઇને તે ચાતુર્ઘંટ રથ પર સવાર થયો. (सकोरिंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं महया भडचडगरविंदपरिक्खित्ते सावत्थीए नयरीए मज्झंमज्झेणं निग्गच्छइ) છત્ર ધારણ કરનારાએ તેમના ઉપર કોરંટ પુષ્પોની માળાઓથી સુશોભિત છત્ર તાણ્યું વિશાળ ભટોના સમૂહો આવીને તેની આસપાસ ચોમેર વિંટળાઇ ગયા. આ પ્રમાણે તે શ્રાવસ્તીની નગરીની વચ્ચે થઇને નીકળ્યો. (निग्गच्छित्ता जेणेव कोट्ठए चेइए

जेणेव केसिकुमारसमणे तेणेव उवागच्छइ) નીકળીને તે જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું. અને તેમાં પણ જ્યાં કેશીકુમાર શ્રમણ હતા ત્યાં ગયો. (**उवागच्छित्ता केसिकुमार समणस्स अदूरसामंते तुरए णिगिण्हइ**) ત્યાં પહોંચીને તેણે કેશિકુમાર શ્રમણના સ્થાનથી થોડા અંતરે ઘોડાઓને ઉભા રાખ્યા. (**रहं ठवेइ**) રથને થોભાવ્યો. (**ठवित्ता पच्चोरुहई**) ઉભો રાખીને પછી તે રથ પરથી નીચે ઉતર્યો. (**पच्चोरुहित्ता जेणेव केसिकुमारसमणे तेणेव उवागच्छइ**) નીચે ઉતરીને તે જ્યાં કેશીકુમાર શ્રમણ હતા ત્યાં ગયો. (**उवागच्छित्ता केसिकुमार समणं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ**) ત્યાં જઈને તેણે કેશીકુમાર શ્રમણની ત્રણવાર પ્રદક્ષિણા કરી. (**करित्ता वंदइ, नमंसइ**) પ્રદક્ષિણા કરીને તેણે તેમને વંદન કર્યા, નમસ્કાર કર્યા. (**वंदित्ता नमंसित्ता णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे णमंसमाणे अभिमुहे पंजलिउडे विणएणं पज्जुवासइ**) વંદના તેમજ નમસ્કાર કરીને તે દૂર પણ નહિ અને વધારે નજીક પણ નહિ એવા યોગ્ય સ્થાન પર તે ધર્મશ્રવણની ઇચ્છાથી બેસીને જ તેણે તેમની સામે વિનયપૂર્વક હાથ જોડીને તેઓશ્રીની પર્યુપાસના કરી.

ટીકાર્થ—આ સૂત્રનો સ્પષ્ટ જ છે. ॥૧૧૦॥

'तएणं से केसिकुमारसमाणे' इत्यादि ।

સૂત્રાર્થઃ—(**तएणं से केसिकुमारसमणे**) ત્યાર પછી કેશિકુમાર શ્રમણે (**चित्तस्स सारहिस्स**) ચિત્ર સારથિ માટે (**तीसे महइमहालयाए**) તે અતિ વિશાળ (**परिसाए**) પરિષદામાં (**चाउज्जामं धम्मं परिकहेइ**) ચાતુર્યામ ધર્મની (**परिकहेइ**) પ્રરૂપણા કરી. એટલે કે ઉપદેશ કર્યો. (**तं जहा सव्वाओ पाणाइवायाओ वेरमणं, सव्वाओ, मुसावायाओ वेरमणं, सव्वाओ आदिन्नादाणाओ वेरमणं, सव्वाओ बहिद्धादाणाओ वेरमणं**) તે ચાતુર્યામ ધર્મની વિશેષ વિગત આ પ્રમાણે છે-(૧) સમસ્ત પ્રાણાતિપાતથી વિરકત (નિવૃત્ત) થવું. (૨) સમસ્ત મૃષાવાદથી વિર-

કત થવું. (૩) સમસ્ત અદત્તાદાનથી વિરકત થવું અને સમસ્ત બહિરાદાનથી વિરકત થવું. (**तए णं सा महइमहालिया परिसा केसिस्स कुमारसमणस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठ जामेव दिसिं पउब्भूया तामेव दिसिं पडिगया**) આ પ્રમાણે કેશિકુમાર શ્રમણથી ચાતુર્યામ ધર્મનો ઉપદેશ સાંભળીને અને હૃદયમાં તેને ધારણ કરીને તે અતિ વિશાળ પરિષદા હૃષ્ટતુષ્ટ યાવત્ હૃદયવાળી થઈને જ્યાંથી આવી હતી ત્યાં ફરી જતી રહી.

ટીકાર્થ:—મૂલાર્થ પ્રમાણે જ છે. ચાતુર્યામ ધર્મનો ઉપદેશ કર્યો એટલે કે ચાતુર્યામવાળા ધર્મનો ઉપદેશ કર્યો. સકળ પ્રાણીઓના પ્રાણોને વિયુકત કરનાર જે વ્યાપાર (કાર્ય) હોય છે તેનાથી રહિત થવું એટલે કે કોઈ પણ પ્રાણીને કોઇ પણ રીતે પ્રાણ વિયુકત ન કરવું તે પ્રાણાતિપાત વિરમણ છે. આ પ્રમાણે જ સમસ્ત પ્રકારના અસત્યાચરણથી દૂર રહેવું-અસત્યનો સર્વથા ત્યાગ કરવો. તે મૃષાવાદ વિરમણ છે. સમસ્ત પ્રકારના અદત્તાદાનથી-ચૌર્યકર્મથી દૂર રહેવું-તે કર્મનો ત્યાગ કરવો-તે અદત્તાદાન વિરમણ છે. તેમજ ધર્મોપકરણાતિરિકત પરિગ્રહનો ત્યાગ તે બહિરાદાન વિરમણ છે. મૈથુન વિરમણનો અહીં સ્વતંત્રપણે વ્રતરૂપે નિર્દેશ કર્યો નથી કેમકે તેનો પરિગ્રહમાં જ અન્તર્ભાવ કરવામાં આવ્યો છે. કેમકે જે સ્ત્રી ભોગ માટે આવે છે તે અપરિગૃહીત થઈને નહિ પણ પરિગૃહીતના રૂપમાં જ આવે છે. ઉપલક્ષણથી તેઓશ્રીએ અગાર ધર્મનું પણ કથન કર્યું છે. આ પ્રમાણે સામાન્યરૂપથી કેશિકુમાર શ્રમણ પાસેથી ધર્મોપદેશ સાંભળીને અને તેને સવિશેષરૂપમા હૃદયમાં ધારણ કરીને તે અતિ વિશાળ પરિષદા જ્યાંથી આવી હતી ત્યાં પાછી જતી રહી. ॥૧૧૧॥

'त एणं से चित्ते सारही' इत्यादि ।

सूत्रार्थ—(त एणं) ત્યાર પછી (से चित्ते सारही) તે ચિત્ર સારથિ (केसिस्स कुमारसमणस्स अंतिए धम्मं सोच्चा निसम्म) કેશીકુમાર શ્રમણની પાસેથી ધર્મ સાંભળીને અને તેને હૃદયમાં ધારણુ કરીને (हट्ठजाव हियए) હર્ષિત થયો. સંતુષ્ટ થયો યાવત્ (उट्ठाए उट्ठेइ) પોતાની મેળે ઉભો થયો (उट्ठित्ता केसिं कुमार-समणं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ) અને ઉભો થઇને તેણે કેશીકુમાર શ્રમણુની ત્રણુ વાર આદક્ષિણુ પ્રદક્ષિણા કરી. (वंदइ नमंसइ) વંદના કરી નમસ્કાર કર્યા. (वंदित्ता, नमंसित्ता एवं वयासी) વંદનાકરીને તે આ પ્રમાણે કહેવા લાગ્યો– (सद्दहामि णं भंते ! निग्गंथं पावयणं रोयामि णं भंते ! णिग्गंथं पावयणं अब्भुट्ठेमि णं भंते ! निग्गंथं पावयणं एवमेयं भंते ! णिग्गंथं पावयणं असंदिद्धमेयं भंते ! निग्गंथं पावयणं) હે ભદંત ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં શ્રદ્ધા રાખું છું. હે ભદંત ! હું નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રતીતિ રાખું છું, હે ભદંત ! હું નિર્ગ્રંથ પ્રવચનને પોતાની રુચિનો વિષય બનાછું. હે ભદંત ! હું આ નિર્ગ્રંપ્રથવચનને સ્વીકારૂં છું. હે ભદંત ! આ નિર્ગ્રંથ પ્રવચનનું આપ શ્રી જે પ્રમાણે પ્રતિપાદન કરી રહ્યા છો. અક્ષરશઃ યથાવત્ છે. હે ભદંત ! આ નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે, હે ભદંત ! આ નિર્ગ્રંથ પ્રવચન સંદેહ રહિત છે. (इच्छियमेयं भंते ! निग्गथे पावयणे, पडि-च्छियमेयं भंते निग्गंथे पावयणे) હે ભદંત ! આ નિર્ગ્રંથ પ્રવચન ઇષ્ટ છે, હે ભદંત ! આ નિર્ગ્રંથ પ્રવચન પ્રતીષ્ટ છે. (इच्छियपडिच्छियमेयं भंते ! निग्गंथे पावमणे) હે ભદંત ! આ નિર્ગ્રંથ પ્રવચન ઇષ્ટ અને પ્રતીષ્ટ બન્ને છે. (जं णं तुब्भे वदह, त्तिकट्टु वंदइ नमंसइ) જે પ્રમાણે આપશ્રી કહી રહ્યા છો તે પ્રમાણે જ છે. આમ કહીને તેણે વંદના તેમજ નમસ્કાર કર્યાં. (वंदित्ता नमंसित्ता एवं-वयासी) વંદના તેમજ નમસ્કાર કરીને તેણે તેઓશ્રીને આ પ્રમાણે કહ્યું–(जहाणं देवाणुप्पियाणं अंतिए बहवे उग्गा, भोगा : जाव इब्भा इब्भपुत्ता चिच्चा हिरण्णं. चिच्चा सुवण्णं. एवं धणं धन्नं बलं वाहणं कोसं कोट्ठागारं पुरं अंतेउरं) આપ દેવાનુપ્રિયની પાસે જેમ ઊગ્ર, ભોગ યાવત્ ઇભ્ય અને ઇભ્યપુત્રો

હિરણ્યનો ત્યાગ કરીને અને ધન, ધાન્ય, બળ, વાહન, કોશ, કોષ્ઠાગાર, પુર અને અંતઃપુર-રણુવાસ (चिच्चा) નો ત્યાગ કરીને (विउलधणकणगरयणमणिमोत्तिय-संखसिलप्पवालसंतसारसावएज्जं, विच्छडिज्जा, विगोवइत्ता, दाणं दाइत्ता તેમજ વિપુલ ધન, કનક, રત્ન, મૌકિતક શંખ શિલા પ્રવાલ અને સત્સાર સ્વાયતેય નો ત્યાગ કરીને તેમ જ પુષ્કળ પ્રમાણમાં દીનદરિદ્ર વગેરે લોકોને આપીને (परिभाइत्ता) પુત્રાદિકોમાં વહેંચીને (मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वयंति) ત્યાર બાદ મુંડિત થઈને અગાર અવસ્થામાંથી અનગાર અવસ્થાને ધારણ કરે છે. (णो खलु अहं तासंचाएमि, चिच्चा हिरण्णं तं चेव जाव पव्वइत्तए) તેમ હું હિરણ્ય વગેરેનો ત્યાગ કરીને દીક્ષા ધારણ કરવામાં અસમર્થ છું. (अहं णं देवाणुप्पियाणं अंतिए पंचाणुव्वइयं सत्तसिक्खावइयं दुवालसविहं गिहिधम्मं पडिवज्जित्तए) આપશ્રી પાસેથી હું તો ફકત પાંચ અનુવ્રતવાળા અને અને સાત શિક્ષાવ્રતવાળા આમ ૧૨ પ્રકારના ગૃહસ્થ ધર્મને સ્વીકારી શકું છું. (अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेहि) આપ દેવાનુપ્રિયને જે-કાર્યમાં સુખ થાય તે કરો. પણ વિલંબ ન કરો. (तएणं से चित्ते सारही केसिकुमार-समणस्स अंतिए पंचाणुव्वइयं जाव गिहिधम्मं उवसंपज्जित्ताणं विहरइ) ત્યાર પછી તે ચિત્ર સારથિએ કેશિકુમાર શ્રમણ પાંસેથી પાંચ અણુવ્રતોવાળા અને સાત શિક્ષાવ્રતોવાળા ગૃહસ્થધર્મને સ્વીકારી લીધો. (तएणं से चित्ते सारही केसिकुमारसमणं वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता जेणेव चाउग्घंटे आस-रहे तेणेव पहारेत्थ गमणाए, चाउग्घंटं आसरहं दुरुहइ) ત્યાર બાદ તે ચિત્ર સારથીએ કેશિકુમાર શ્રમણને વંદના કરી, નમસ્કાર કર્યા. વંદના તેમજ નમસ્કાર કરીને તેણે જ્યાં ચાતુંર્ઘટ અશ્વરથ હતો તે તરફ જવાનો નિશ્ચય કર્યો. ત્યાં જઈને તે રથ પર સવાર થઈ ગયો. (जामेव दिसिं पाउब्भूए. तामेव दिसिं पडिगए) અને જે દિશા તરફ થઈને તે આવ્યો હતો તે જ દિશા તરફ પાછો જતો રહ્યો.

ટીકાર્થ—ત્યાર બાદ ચિત્રસારથિ કેશિકુમાર શ્રમણની પાસે ધર્મ સાંભળીને

અને તેને વિશેષરૂપથી હૃદયમાં અવધારિત કરીને હૃષ્ટતુષ્ટ થયો અને તેનું ચિત્ત અતીવ આનંદિત થયું. તેના મનમાં તીવ્ર પ્રીતિ ઉત્પન્ન થઇ. તે પરમસૌમનસ્યિત થઇ ગયો. તેનું હૃદય અપાર હર્ષથી તરબોળ થઇ ગયું. તે તરતજ ઉભો થયો અને કેશિકુમાર શ્રમણની તેણે આદક્ષિણ પ્રદક્ષિણાપૂર્વક વન્દના કરી નમસ્કાર કર્યાં વંદના તેમજ નમસ્કાર કરીને પછી તેણે આ પ્રમાણે કહ્યું–"હે ભદંત ! હું આ નિર્ગ્રંથ પ્રવચન પર એ એવું જ છે" આ રૂપમાં શ્રદ્ધાશીલ થાઉં છુ. હે ભદંત ! આ નિર્ગ્રંથ પ્રવચન પર હું સંપૂર્ણપણે પ્રતીતિ ધરાઉં છું. હે ભદંત ! આ નિર્ગ્રંથ પ્રવચનને હું પોતાની રુચિ તરફ સહજ ભાવે આકૃષ્ટ કરૂં છું અને હે ભદંત ! આને હું સ્વીકારૂં પણ છું. હે ભદંત ! આપશ્રીએ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જ આ નિર્ગ્રન્થ પ્રવચન છે. આ નિર્ગ્રંથ પ્રવચન અવિતથ–સર્વથા–સત્યરૂપ છે, એથી જ એ સંદેહ રહિત છે. ઇષ્ટ છે અને પ્રતીષ્ટ છે. એટલે કે ભવ્ય જીવોએ આને પોતાના જીવનમાં ઉતાર્યું છે. એથી જ એ સર્વથા અતિશયરૂપથી અભિલષિત સિદ્ધ થયું છે." આ પ્રમાણે કહીને તે ચિત્ર સારથિએ ભકિતવશ થઇને કેશિકુમાર શ્રમણની ફરી વન્દના કરી તેમને નમસ્કાર કર્યા અને પછી તેણે તેઓશ્રીને આ પ્રમાણે કહ્યું–"હે ભદંત ! આપ દેવાનુપ્રિય પાસેથી જેમ ઘણા ઉગ્રોએ, ઉગ્રપુત્રોએ ભોગોએ યાવત્ ઇભ્યોએ અને ઇભ્યપુત્રોએ હિરણ્ય–સુવર્ણને ત્યજીને, રજત-ચાંદીને ત્યજીને, આ પ્રમાણે ધન–રૂપ્યા વગેરેને, ધાન્ય–શાલિ વગેરેને, બલ-સૈન્યને, વાહન–અશ્વ વગેરેને કોશને કોષ્ઠાગાર–ધાન્યગૃહને, પુર–નગરને, અન્તપુર-રણવાસને ત્યજીને તેમજ વિપુલ પ્રચુર ધન રૂપ્ય વગેરેને કનક–ઘટિત અઘટિત બન્ને પ્રકારના સુવર્ણને, કર્કેતન ગેરે રત્નને, પદ્મરાગ વગેરે રૂપ મણિઓને, મુકતાફલોને રત્ન વિશેષ શંખને, શિલાપ્રવાલ-વિદ્રુમને સત્–પિતા પિતામહ વગેરેની પરંપરાથી વિદ્યમાન સાર પ્રધાન–મણિરત્ન વગેરે રૂપ સ્વાપતેયને, ભાવાતઃ (અન્તરની ઇચ્છાથી જ) ત્યજીને તેમજ પ્રત્યક્ષરૂપમાં દીન દરિદ્ર વગેરેને દાનમાં આપીને અને પુત્રાદિકોમાં વિભાજિત કરીને એટલે કે પુત્રાદિકોને ધન વગેરેના ભાગ આપીને મુંડિત થઇને–અગારાવસ્થાથી પર એવી ભાગવતી દીક્ષા ધારણ કરે છે. હું પોતાની જાતને આવી પરિસ્થિતિથી યુકત થઇને એટલે કે સૂવર્ણ વગેરે બધી વસ્તુઓનો ત્યાગ કરીને ભગવતી દીક્ષા ધારણ કરવામાં હું અસમર્થતા અનુભવી રહ્યો છું એથી આપ દેવાનુપ્રિય પાંસેથી હું શ્રાવક વ્રતોને ધારણ કરવા ઇચ્છું છું. હમણા મારામાં આટલી જ શકિત છે. એટલે કે જેમાં (૧) સ્થૂલ

પ્રાણાતિપાતથી વિરમણ, (૨) સ્થૂલ મૃષાવાદથી વિરમણ (૩) સ્થૂલ અદત્તાદાનથી વિરમણ (૪) ઇચ્છા પરીરમાણુ આ પાંચે અણુવ્રતો તેમજ (૧) દિગ્વ્રત, (૨) ઉપભોગ પરિભોગપરિમાણ, (૩) સામાયિક (૪) દેશાવકાશિક (૫) પૌષધોપવાસ, (૬) અતિથિ-સંવિભાગ અને (૭) અનર્થ દંડ વિરમણ આ સાત શિક્ષાવ્રતો છે એવા ગૃહિધર્મને સ્વીકારવા માટે હું તૈયાર છું. આનું વિશેષ વર્ણન ઔપપાતિક સૂત્રના આનંદ શ્રાવક પ્રકરણમાં કરવામાં આવ્યું છે. આ પ્રમાણે ચિત્રસારથીનું કથન સાંભળીને કેશિકુમાર શ્રમણે તેને કહ્યું-'હે દેવાનુપ્રિય ! તમને જેમાં સુખ થાય તેમ કરો. પણ આ આવશ્યક કર્તવ્યમાં હવે વાર કરો નહિ.' આ પ્રમાણે કેશિકુમાર શ્રમણનું હિત વિધાયક વચન સાંભળીને ચિત્ર સારથિએ તેઓશ્રી પાસેથી પાંચ અણુવ્રતોવાળા તેમજ સાતશિક્ષા વ્રતવાળા ગૃહિધર્મનો સ્વીકારી લીધો. ત્યારબાદ ચિત્રસારથિએ તે કેશિકુમાર શ્રમણની વંદના કરી. નમસ્કાર કર્યા. વન્દના નમસ્કાર કરીને પછી તે જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ હતો ત્યાં ગયો. ત્યાં પહોંચીને તે તેમાં બેસી ગયો અને આ પ્રમાણે તે જ્યાંથી આવ્યો હતો ત્યાં જ પાછો જતો રહ્યો. ॥સૂ૦ ૧૧૨॥

'तए णं से चित्ते सारही' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं से चित्ते सारही समणोवासए जाए) હવે ચિત્ર સારથિ શ્રમણોપાસક થઇ ગયો હતો. (अहिगयजीवाजीवे, उवलद्धपुण्णपावे, आसवसंवरनिज्जरकिरियाहिगरणबंधमोक्खकुसले) જીવ અને અજીવ તત્વનો તે જ્ઞાતા થઇ ગયો. પુણ્ય અને પાપના સ્વરૂપને તે જાણવા લાગ્યો, આસ્રવ, સંવર, નિર્જરા, ક્રિયા, અધિકારણ. બંધ અને મોક્ષમાં તે કુશળ થઈ ગયો એટલે કે આ બધાના સ્વરૂપનું જ્ઞાન તેને થઇ ગયું (असहिज्जे) કુતીર્થિકોના કુતર્કના ખંડનમાં તેને બીજાની મદદની અપેક્ષા ન રહી. (देवासुरणागजक्खरक्खसकिंनर-किंपुरिसगरुलगंधव्वमहोरगाइहिं देवगहेहिं निग्गंथाओ पावयणाओ अणइक्कमणिज्जे, निग्गंथे पावयणे निस्संकिए) દેવોથી, અસુરોથી, નાગોથી, યક્ષોથી રાક્ષસોથી કિન્નરોથી કિંપુરૂષોથી ગરુડોથી ગંધર્વોથી મહોરગોથી-આ બધા દેવગણોથી તે નિગ્રંથ પ્રવચન પર અતીવ શ્રદ્ધાને લીધે અનતિ મણીય થઇ ગયો એટલે કે આ બધા દેવગણો પણ તેને નિગ્રંથ પ્રવચન પરથી જરાએ વિચલિત કરી

શક્યા નહિ. તે (निग्गंथे पावयणे णिस्संकिए) આ પ્રમાણે નિગ્રંથ પ્રવચનમાં નિઃશંકિત ગુણયુક્ત થઇ ગયો. (णिक्कंखिए) તેના મનમાં બીજા મત માટે લગીરે ઇચ્છા શેષ ન રહી. આ પ્રમાણે તે નિષ્કાંક્ષિત ગુણયુક્ત થઇ ગયો. (णिव्वितिगिच्छे लद्धट्ठे, गहियट्ठे, पुच्छियट्ठे, अहिगयट्ठे, विणिच्छियट्ठे, अट्ठिमिंजपेमाणुरागरत्ते) ફળ પ્રત્યે તેના મનમાં સંદેહ રહ્યો નહિ, આ પ્રમાણે તે નિર્વિચિકિત્સ ગુણ સંપન્ન થઇ ગયો. એથી જ તેણે ગુરૂ વગેરે પાસેથી યથાર્થ નિગ્રંથ પ્રવચનનો અર્થ જાણી લીધો હતો. એથી જ તે પરાભિપ્રાયના ગ્રહણથી અવધારિત અર્થ તત્ત્વવાળો થઇ ગયો, પુષ્ટાર્થ થઇ ગયો નિષ્ઠીતાર્થ થઇ ગયો. અધિગતાર્થ થઇ ગયો, વિનિશ્ચિતાર્થ થઈ ગયો અને તેના અસ્થિ અને મજ્જા બન્ને નિગ્રંત્થ પ્રવચન વિષયક પ્રેમરુપી રંજન દ્રવ્યથી ખૂબજ રંજિત થઇ ગયા એટલે કે તેના શરીરના અણુએ અણુમાં નિગ્રંથ પ્રવચન પ્રત્યેની પ્રીતિ વ્યાપ્ત થઇ ગઇ. (अयमाउसो ! निग्गंथे पावयणे अट्ठे अयं परमट्ठे, सेसं अणट्ठे, ऊसियफलिहे, अवंगुयदुवारे, चियत्तंतेउरघरप्पवेसे) હે આયુષ્યમન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન જ વાસ્તવિક અર્થ યુક્ત છે કેમકે એ મોક્ષ માટે હેતુરૂપ કહેવાય છે. એજ પરમાર્થ છે કેમકે જીવોનું પ્રયોજન એના વડે જ સિદ્ધ થાય છે. બાકીના બધાં-અન્યતીર્થિક કુપ્રવચન વગેરે કુગતિ પ્રાપક હોવા બદલ અનર્થ રૂપ છે. આ પ્રમાણે તે પોતાના પુત્રો વગેરેને ઉપદેશ આપવા લાગ્યો, નિર્ગ્રંથ પ્રવચનની પ્રતિપત્તિથી તેનું હૃદય અસદ્ વિચારોથી રહિત થઇ ગયું હતું એટલા માટે સ્ફટિકની જેમ નિર્મળ થઈ ગયું હતું. ભિક્ષુક વગેરે ભિક્ષા માટે આવે ત્યારે સરળતાપૂર્વક ઘરમાં તેઓ પ્રવેશ મેળવી શકે તે માટે તે પોતાના ઘરનું બારણું ખુલ્લું જ રાખવા લાગ્યો. રાજાના રાજમહેલમાં પણ તેનો પ્રવેશ નિઃશંકપણે થવા લાગ્યો એટલે કે તે અતિધાર્મિક થઇ ગયો હતો એથી તે પરસ્ત્રી સહોદર બનીને રહેવા લાગ્યો. (चाउद्दसट्ठ,मुदिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणे समणे निंग्गंथे फासुएसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पीढफलगसेज्जासंथारेणं वत्थपरिग्गह कंबलपायपुछणेणं ओसहभेसज्जेणं पडिलाभेमाणे) ચતુર્દશી અષ્ટમી, ઉદ્દિષ્ટ અમાવસ્યા અને પૂર્ણિમા એ ચારેચાર તિથિઓના દિવસે અહોરાત્ર સુધી પૌષધનું પાલન કરતો હતો તેમજ પ્રાસુક એષણીય અચિત્ત અને સાધુજન માટે કલ્પનીય એવા અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ ચતુર્વિધ આહારથી

પીઠ ફલક, શય્યા સંસ્તારકથી વસ્ત્ર પાત્ર, કંબલ, પાદ પ્રોચ્છનથી અને ઔષધ ભૈષજ્યથી શ્રમણ નિર્ગ્રંથોને પ્રતિલાભિત કરતો (बहूहिं सीलव्वयगुणवेरमणपोसहोववासेहिं य अप्पाणं भावेमाणे जाइं तत्थ राजकज्जाणि य जाव रायववहाराणि य ताइं जियसत्तुणा रण्णा सद्धिं सयमेव पच्चुवेक्खमाणे२ विहरइ) અને અનેક શીલવ્રતો, ગુણવ્રતો, મિથ્યાત્વથી નિવર્તન, પ્રત્યાખ્યાત અને પૌષધોવડે પોતાના આત્માને ભાવિત કરતો તે શ્રાવસ્તી નગરીના સર્વ રાજકાર્યોનું સંચાલન કરતો જિતશત્રુ રાજાની સાથે રહીને વારંવાર રાજ્યકાર્યનું અવલોકન કરતો પોતાના દિવસો પસાર કરવા લાગ્યો.

ટીકાર્થ—ગૃહિધર્મના પાલનથી તે ચિત્રસારથિ શ્રમણોપાસક થઇ ગયો. જીવ, અજીવ તત્વ વિષયક સકળ જ્ઞાનથી તે સંપન્ન થઈ ગયો. પુણ્ય અને પાપના યથાવાસ્થિત સ્વરૂપને તે જાણવા લાગ્યો. તેમજ પ્રાણાતિપાત વગેરે આસ્રવ પ્રાણાતિપાતાદિ વિરમણરૂપ સંવર, કર્મોનો એકદેશથી ક્ષય થવા રૂપ નિર્જરા, કાયિકી વગેરે રૂપ ક્રિયા ખડ્ગ વગેરે રૂપ અધિકરણ, દુગ્ધજલની જેમ કર્મપુદ્ગલોનું અને જીવ પ્રદેશોનું એકક્ષેત્રાવગાહનરૂપ બંધ, જીવ પ્રદેશોથી સર્વાત્મના કર્મોનું અપગમનરૂપ મોક્ષ આ બધામાં તે ચતુર હતો એટલે કે આસ્રવ વગેરેના સ્વરૂપનો તે જાણકાર થઈ ગયો હતો. તે એવો ચતુર થઇ ગયો હતો કે કુતીર્થિકોના કુતર્કખંડનમાં તે કોઇની પણ મદદ લેતો નહતો. તેમજ જિનપ્રવચન પ્રત્યે તેના મનમાં એવી અગાધ શ્રદ્ધા જામી ગઇ હતી કે જેથી તે દેવ, અસુર, નાગ, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ વગેરે વડે તે જરાએ વિચલિત કરી શકાય તેમ નહોતો. વૈમાનિક દેવ અહીં દેવપદથી, અસુરકુમાર જાતિના ભવનપતિ અસુરકુમાર પદથી, નાગકુમાર જાતિના ભવનપતિદેવ નાગ શબ્દથી તેમજ યક્ષ, રાક્ષસ, કિંનર અને કિંપુરૂષ આ પદોથી વ્યંતર જાતિના દેવોનું ગ્રહણ થયું છે. ગરૂડ શબ્દથી ગરૂડધ્વજવાળા સુવર્ણકુમાર–કે જેઓ ભવનપતિ જાતિના દેવ વિશેષ છે તેનું ગ્રહણ થયું છે. ગંધર્વ અને મહોરગ એ બંને વ્યંતરણ વિશેષ છે. તે ચિત્રસારથિના મનમાં નિર્ગ્રન્થ પ્રવચનને લઇને એવી કોઇપણ દિવસે શંકા ઉત્પન્ન થઇ નહોતી કે આ નિર્ગ્રંથ પ્રવચન બીજા દર્શનો કરતાં શ્રેષ્ઠ છે કે કેમ ? એથી તે તે પ્રતિ નિઃશંકિત હતો. પરમત પ્રત્યે તેના મનમાં લગીરે કાંક્ષા ઉત્પન્ન થઇ નહોતી એથી તે નિષ્કાંક્ષિત હતો ફળ પ્રત્યે તે સંદેહ રહિત હતો. એથી તે નિર્વિચિકિત્સ હતો. તેણે ગુરુ વગેરે પાંસેથી પ્રવચન વગેરે અર્થને સારી પેઠે જાણી લીધાં હતાં. એથી તે લબ્ધાર્થ હતો. તે અર્થનો તેણે સારી પેઠે સ્વીકાર કરી લીધો હતો. એથી તે ગૃહીતાર્થ હતો. સાંશયિક સ્થળ વિષે પરસ્પર પ્રશ્નો કર-

વાથી તે અર્થનો નિર્ણેતા બની ગયો હતો. એથી તે પૃષ્ટાર્થ હતો. તે સર્વ રીતે અર્થને ગ્રહણ કરનાર બની ગયો હતો. એથી તે લબ્ધાર્થ હતો. તે વાસ્તવિક અર્થનો જ્ઞાતા થઇ ગયો હતો. એથી તે વિનિશ્ચતાર્થ હતો. નિગ્રન્થ પ્રવચન વિષયક પ્રેમ તેના અણુએ અણુમાં રમી ગયો હતો, એથી તે અસ્થિમજ્જાપ્રેમાનુરાગી હતો. તે પોતાના પુત્ર પૌત્ર વગેરેને આ પ્રમાણે જ કહેતો હતો કે હે આયુષ્મન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન જ મોક્ષના હેતુ હોવા બદલ વાસ્તવિક અર્થથી યુકત છે. બીજા કુવાદિ-ઓના પ્રવચનો આવાં નથી. કારણકે તે કુગતિ તરફ દોરનારા છે. નિર્ગ્રંથ પ્રવચનની પ્રતિપત્તિથી તેનું હૃદય સ્ફટિકમણિ જેમ નિર્મળ થઈ ગયું હતું. 'उसीयफलिहे' ની છાયા જ્યારે 'उच्छ्रितपरिघः' આ પ્રમાણે કરવામાં આવે છે ત્યારે તેનો અર્થ આ પ્રમાણે હોય છે કે તેણે ગૃહપ્રવેશદ્વારના કમાડોમાં અર્ગલા મૂકવાના સ્થાનની ઉપરજ રાખી. ત્રાંસી મૂકી ન હતી એટલે કે પ્રવેશદ્વારના કમાડોમાં તેણે સાંકળ લગાડી ન હતી પણ તેને ઉંચી જ રાખી હતી એની પાછળ આ હેતુ છે કે ભિક્ષુક વગેરે ભિક્ષા માટે આવે ત્યારે સહેલાઇથી ઘરમાં પ્રવેશી શકે. અથવા ઉચ્છ્રિત શબ્દનો અર્થ આ પ્રમાણે પણ થાય છે કે તેણે અર્ગલા લગાડી જ નહોતી. તે ઉદાર તેમજ અતિશય દાનદાતા હતો એથી ભિક્ષુક વગેરેના પ્રવેશ માટે પોતાના ઘરને તેણે અર્ગલા વગર જ રાખ્યું હતું. આ પ્રમાણે અર્થ કરતાં આપણે એમ કહી શકીએ કે તેણે અર્ગલાને તેના સ્થાન પરથી ઊંચી પણ નહોતી કરી. એટલા માટે 'अप्रावृतद्वारः' પદથી સૂત્રકારે તેને સર્વથા સમુદ્દઘાટિતદ્વારવાળો પ્રકટ કર્યો છે. અને સમ્યગ્ દર્શનના લાભ થી હવે કોઇ પણ પાંખડિકથી તે ભયભીત નહોતો થતો એથી અને શોભનમાર્ગના પરિગ્રહથી તે સર્વદા સમુદ્દઘાટિત શિરવાળો થઇને રહેતો હતો. તે પ્રીતિકરાન્તઃ પુરગૃહપ્રવેશવાળો હતો. એટલે કે રાજાના રણવાસમાં તેનો પ્રવેશ પ્રીત્યુત્પાદક હતો એટલે કે તે અતિધાર્મિક હતો એથી પ્રીતિકર અને સર્વત્ર અનાશંકનીય હતો. ચતુર્દશી વગેરે ચારે ચાર પર્વતિથિઓમાં તે અહોરાત્ર પૌષધ કરતો હતો પ્રાસુક એષણીય અચિત્ત અને સાધુજન કલ્પનીય એવા અશનપાન વગેરે રૂપ ચાર પ્રકારના આહારથી પીઠ, ફલક, શય્યા, અને સંસ્તારકથી વસ્ત્ર, પ્રતિગ્રહ–ભકતપાન વગેરે પાત્ર, કંબલ અને પાદપ્રોંછનાર્થ વસ્ત્રથી એક દ્રવ્ય નિષ્પાદિન ભૈષજ્યથી તે શ્રમણ નિર્ગ્રંથોને પ્રતિલાભિત કરતો હતો. આ પ્રમાણે ઘણાં શીલવ્રતોથી–સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વગેરેથી, દિગ્વિરતિ વગેરે ગુણવ્રતોથી, મિથ્યાત્વ નિવર્ત્તનરૂપ વિરમણથી,

પર્વના દિવસોમાં હરિતકાય વગેરેના પરિત્યાગથી, ચતુર્દશી વગેરે તિથિઓમાં આહાર ત્યાગથી આત્માને વાસિત કરતો તે શ્રાવસ્તી નગરીમાં જેટલા રાજકાર્યો હતાં યાવત્ રાજવ્યવહાર હતા તે સર્વનું જિતશત્રુ રાજાની સાથે પોતે વારંવાર નિરીક્ષણ કરતો રહેવા લાગ્યો. ॥સૂ૦ ૧૧૩॥

'त एणं से जियसत्तू राया' इत्यादि ।

સૂત્રાર્થઃ—(त एणं से)ત્યાર પછી તે (जियसत्तू राया) જિતશત્રુરાજાએ (अन्नया कयाइं) કોઇ એક વખતે (महत्थं जाव पाहुडं सज्जेइ) મહાપ્રયોજન સાધક યાવત્ ભેટ (પ્રાભૃત) તૈયર કરી. (सज्जित्ता चित्तं सारहिं सद्दावेइ) તેયાર કરીને તેણે ચિત્ર સારથીને બોલાવ્યો. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેણે આ પ્રમાણે કહ્યું (गच्छहि णं तुमं चित्ता! सेयंविया नयरिं पएसिस्स रन्नो इमं महत्थं जाव पाहुडं उवणेहि) હે ચિત્ર! તમે શ્વેતવિકા નગરીમાં પ્રદેશી રાજાની પાસે આ મહાપ્રયોજન સાધક યાવત્ ભેટ લઈ જાઓ.(मम पाउग्गहणं जहा भणियं अवितहमसंदिद्धं वयणं विन्नवेहित्तिकट्टु विसज्जिए) અને તેમને મારા પ્રણામ કહેશો અને મારાવતી યથોકત અવિતથ અસંદિગ્ધ વચન કહેશો. (त्तिकट्टु विसज्जिए) આ પ્રમાણે કહીને તેને ત્યાંથી જવાની આજ્ઞા કરી. (तएणं से चित्ते सारही जियसत्तुणा रण्णा विसज्जिए समाणे तं महत्थं जाव गिण्हइ जियसत्तुस्स रण्णो अंतियाओ पडिनिक्खमइ) ત્યારપછી જિતશત્રુ રાજા પાસેથી આજ્ઞાપિત થઈને તે ચિત્ર સારથીએ તે મહાપ્રયોજન સાધક યાવત્ ભેટને લઈ લીધી અને જિતશત્રુ રાજા પાસેથી આવતો રહ્યો (सावत्थीए नयरीए मज्झं मज्झेणं निग्गच्छइ) અને શ્રાવસ્તી નગરીના બરોબર મધ્યમાર્ગથી થઇને (जेणेव रायमग्गमोगाढे आवासे तेणेव उवागच्छइ) તે જયાં રાજમાર્ગ પર પોતાનું નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો. (तं महत्थं जाव ठवेइ) ત્યાં આવીને તેણે તે ભેટને એક તરફ મૂકી દીધી. (ण्हाए जाव सरीरे सकोरिंटमल्लदामे णं छत्ते णं धरिज्जमाणे णं महया महया

भडचडगरविंदपरिक्खित्ते पायचारविहारेण महया पुरिस वग्गुरायरिक्खित्ते रायमग्गमोगाढाओ आवासाओ निग्गच्छइ) સ્નાન કર્યું યાવત્ બહુ કિંમતવાળાં અને અલ્પભારવાળાં આભૂષણો વડે તેણે પોતાના શરીરને અલંકૃત કર્યું. ત્યારપછી કોરંટ પુષ્પ વડે શોભતું છત્ર છત્રધારીઓ વડે તેના ઉપર તાણવામાં આવ્યું. આ પ્રમાણે તે ચિત્ર સારથિ વિશાળ ભટોના સમુદાયથી પરિવેષ્ટિત થઇને તે રાજમાર્ગ પર સ્થિત આવાસ સ્થાનથી પગપાળાં જ રવાના થયો. તેની સાથે વિશાળ માનવસમૂહ પણ હતો. (सावस्थीए नयरीए मज्झं मज्झेणं निग्गच्छइ) આ સર્વથી વીંટળાયેલો તે સારથિ શ્રાવસ્તી નગરીના મધ્યમાર્ગ પર થઇને નીકળ્યો. (जेणेव कोट्ठए चेइए जेणेव केसिकुमारसमणे तेणेव उवागच्छइ) નીકળીને તે જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું અને તેમાં પણ જ્યાં કેશિકુમાર શ્રમણ હતા ત્યાં પહોંચ્યો (केसिकुमार-समणस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ जाव उट्ठाए जाव एवं वयासी) ત્યાં પહોંચીને તેણે કેશિકુમાર શ્રમણ પાસેથી ધર્મોપદેશ સાંભળ્યો અને તેને હૃદયમાં ધારણ કર્યો. ધર્મોપદેશ સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને તે આનંદવિભોર થઈ ગયો અને સંતુષ્ટ ચિત્તવાળો થઇ ગયો. યાવત્ તેનું હૃદય પ્રસન્નતાથી ઉભરાઇ ગયું યાવત્ તે જાતે ઉભો થયો અને ઉભો થઈને યાવત્ તેણે આ પ્રમાણે કહ્યું-(एवं खलु अहं भंते ! जियसत्तुणा पएसिस्स रन्नो इमं महत्थं जाव उवणेहि त्ति कट्टु विसज्जिए तं गच्छामिणं अहं भंते ! सेयंवियं नयरिं) હે ભદંત ! મને જિતશત્રુ રાજાએ પ્રદેશી રાજાની પાસે આમ કહીને જવા આજ્ઞા કરી છે કે હે ચિત્ર તમે આ મહાપ્રયોજન સાધક યાવત્ પ્રાભૃતને પ્રદેશીરાજા પાસે લઇ જાવો' તો હે ભદંત ! હું શ્વેતાંબિકા નગરી તરફ જોઇ રહ્યો છું. (पासाईया णं भंते ! सेयंविया नयरी एवं दरिसणिज्जा णं भंते ! सेयंविया नयरी, अभिरूवाणं भंते ! सेयंविया नगरी, पडिरूवाणं भंते ! सेयंविया णयरी, समोसरह णं भंते ! तुब्भे सेयंवियं नगरिं) હે ભદંત ! શ્વેતાંબિકા નગરી અભિરુપા છે, હે ભદંત ! શ્વેતાંબિકા નગરી પ્રતિરૂપા છે. માટે હે ભદંત ! તમે શ્વેતાંબિકા નગરીમાં પધારો.

ટીકાર્થ—આ સૂત્રનો ટીકાર્થ પ્રમાણે જ છે. "**नवरं महत्थं जाव पाहुडं**" માં જે યાવત્ પદ છે. તેથી '**महग्घं** '**महार्हं**, **विपुलं राजार्हं**" આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોનો અર્થ યથાસ્થાને સ્પષ્ટ કરવામાં આવ્યો છે. '**ह्लाए जाव सरीरे**' માં જે યાવત્ પદ તેથી '**कृतबलिकर्मा, कृतकौतुकमंगलप्रायश्चित्तः अल्पमहार्घाभरणालंकृत**' આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોનો અર્થ પહેલાંની જેમ જ સમજવો જોઇએ. "**हट्ठ जाव**' માં જે યાવત્ પદ છે તેથી "**तुष्टचित्तानन्दितः, प्रीतिमनाः, परमसौमनस्यितो, हर्षवश विसर्पद्हृदयः**' આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોનો અર્થ પહેલાંની જેમજ સમજવો જોઇએ. '**उट्ठाए जाव**' માં જે યાવત્ પદ આવેલું છે તેથી "**उत्तिष्ठति, उत्थाय केशिनं कुमारश्रमणं त्रिकृत्व आदक्षिण प्रदक्षिणं करोति वन्दते नमस्यति, वन्दित्वा, नमस्यित्वा**' આ પાઠનો સંગ્રહ થયો છે. દર્શકો માટે જે પ્રમોદજનક છે-એવો પ્રાસાદીય શબ્દનો અર્થ થાય છે. દર્શનીય શબ્દનો અર્થ છે. જોવા યોગ્ય. અભિરૂપ શબ્દનો અર્થ થાય છે જે સર્વકાળ રમણીય છે તે પ્રતિરૂપ શબ્દનો અર્થ સર્વોત્તમ થાય છે. ।।સૂ૦ ૧૧૪।।

'**त एणं से केसीकुमारसमणे**' **इत्यादि ।**

સૂત્રાર્થઃ—(**त एणं**) ત્યાર પછી (**से केसीकुमारसमणे**) તે કેશિકુમાર શ્રમણને જ્યારે ચિત્રસારથીએ આ પ્રમાણે કહ્યું ત્યારે (**चित्तस्स सारहिस्स**)ચિત્રસારથિના (**एयमट्ठं णो आढाइ, णो परिजाणाइ, तुसिणीए संचिट्ठइ**) આ અર્થને આદર આપ્યો નહિ. તેના કથન પર કોઇ પણ જાતનો વિચાર કર્યો નહિ, તેઓ આ બધું સાંભળીને મૌન જ રહ્યા. (**तएणं से चित्ते सारही केसिकुमारसमणं दोच्चंपि तच्चंपि एवं वयासी**) ત્યાર બાદ ચિત્ર સારથિએ બીજી વખત અને ત્રીજી વખત પણ કેશિકુમાર શ્રમણને આ પ્રમાણે જ કહ્યું કે (**एवं खलु अहं भंते ! जियसत्तुणा रण्णा पएसिस्स रण्णो इमं महत्थं जाव विसज्जिए तं चेव जाव समोसरह णं भंते ! तुब्भे सेयंवियं नयरिं**) હે ભદંત ! જિતશત્રુ રાજાએ મને આ પ્રમાણે કહ્યું છે કે હે ચિત્ર! તમે આ મહાર્થાદિ વિશેષણોવાળી ભેટને લઇને પ્રદેશી રાજાની પાસે જાવો. જેથી હું ત્યાં જઇ રહ્યો છું. તે શ્વોતાંબિકા નગરી દર્શનીય વગેરે વિશેષણોવાળી છે તેથી તમે પણ ત્યાં પધારો. (**त एणं से केसिकुमारसमणे चित्तेण सारहिणा दोच्चंपि तच्चंपि एवंवुत्ते समाणे**

चित्तं सारहिं एवं वयासी) ત્યારે તે પ્રમાણે બીજી વખત અને ત્રીજી વખત કહેલી ચિત્રસારથિની વાત સાંભળીને તેને આ પ્રમાણે કહ્યું (चित्ता ! से जहानामए वणसंडए सिया कण्हे किण्होभासे जाव पडिरूवे) હે ચિત્ર ! જેમ કોઇ વનખંડ હોય અને તે કૃષ્ણવર્ણવાળો હોય, તેમજ કૃષ્ણ જેવો લાગતો હોય (से णूणं चित्ता से वणसंडे बहूणं दुपयचउप्पयमियपसुपक्खीसरीसिवाणं अभिगमणिज्जे) તો હે ચિત્ર ! કહો તે વન ઘણાં દ્વિપદો, ચતુષ્પદો, મૃગો, પશુઓ પક્ષીઓ અને સરીસૃપો આ બધાના માટે ગમન કરવા યોગ્ય હોય કે નહિ ? (हंता अभिगमणिज्जे) હાં ભદંત ! તે તેમના માટે ગમન યોગ્ય ગણાય છે. (तंसि च णं चित्ता वणसंडंसि बहवे भिलूगा पावसउणा परिवसंति) અને તે વનખંડમાં હે ચિત્ર ! જો ઘણા પાપિષ્ઠ શિકારી ભીલો રહેતા હોય (जेणं तेसिं बहूणं दुपयचउप्पयमियपसुपक्खिसरीसिवाणं ठियाणं चेव मंससोणियं आहारेंति) અને તેઓ ત્યાં રહેનારા તે ઘણા દ્વિપદો ચતુષ્પદો, મૃગો પશુઓ અને સરીસૃપોના માંસ અને શોણિતનો આહાર કરતા હોય તો શું એવી પરિસ્થિતિમાં (से णूणं चित्ता ! से वणसंडे तेसिं बहूणं दुपय जाव सरिसिवाणं अभिगमणिज्जे ?) હે ચિત્ર ! તે વનખંડ તે ઘણાં દ્વિપદો યાવત્ સરિસૃપો માટે અભિગમનીય અર્થાત વિચરણ કરવા યોગ્ગ–કહી શકાય ? (णो इणट्ठे समट्ठे) હે ભદંત ! એવી સ્થિતિમાં તે તેમના માટે અભિગમનીય થઇ શકે તેમ નથી. (कम्हा) હે ચિત્ર ! તે તેમના માટે અભિગમનીય–વિચરણ કરવા યોગ્ય-કેમ નથી ? (सोवसग्गे) કેમકે હે ભદંત ! તે વનખંડ વિઘ્ન સહિત છે. (एवामेव चित्ता ! तुज्झंपि सेयंवियाए णयरीए पएसीनामं राया परिवसइ, अहम्मिए जाव णो सम्मं करभरवित्तिं पवत्तइ तं कहं णं अहं चित्ता सेयंवियाए नयरीए समोसरिस्सामि) આ પ્રમાણે જ હે ચિત્ર ! તમારે માટે શ્વેતાંબિકા નગરીમાં પ્રદેશીરાજા રહે છે. તે અધાર્મિક છે યાવત્ પ્રજા પાસેથી કર–ટેકસ લઇને પણ તેમનું પાલન–રક્ષણ સારી રીતે કરતો નથી. તો એવી સ્થિતિમાં હું શ્વેતાંબિકા નગરીમાં કેવી રીતે જઇ શકું છું. ?

ટીકાર્થઃ—આનો મૂલાર્થ પ્રમાણે જ છે. 'नवरं' 'किण्होभासे जाव पडिरूवे' માં જે યાવત્ પદ આવેલું છે. તેથી અહીં "नीलो, नीलावभासो, हरितो, हरितावभासः, शीतः शीतावभासः, स्निग्धः, स्निग्धावभासः, तीव्रः, तीव्रावभासः, कृष्णः, कृष्णच्छायो, नीलो, नीलच्छायो, हरितो, हरितच्छायः, शीतः, शीतच्छायः स्निग्धः स्निग्धच्छायः, तीव्रः तीव्रच्छायः, घनकटितकटच्छायो, रम्यो, महामेघनिकुरम्बभूतः प्रासादीयो, दर्शनीयः, अभिरूपः" આ પાઠનો સંગ્રહ થયો છે. આ પાઠનો અર્થ અમે 'ઔપપાતિક સૂત્ર'ની પીયૂષવર્ષિણી ટીકામા કર્યો છે. એથી જિજ્ઞાસુઓએ ત્યાંથી અર્થ જાણી લેવો જોઈએ. "अहम्मिए जाव" માં જે યાવત પદ છે તેથી "उधार्मिष्ठः, अधर्मानुगः' વગેરે પદોનો સંગ્રહ થયો છે. આ પદોનો અર્થ ૧૦૧માં સૂત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. ॥૧૧૫॥

'तए णं से चित्ते सारही' इत्यादि.

સૂત્રાર્થ—(तए णं) ત્યાર પછી (से चित्तो सारही केसिं कुमारसमणं एवं वयासी) તે ચિત્ર સારથિએ કેશિકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું કે (किं णं भंते ! तुब्भं पएसिणा रन्ना कायव्वं) હે ભદંત ! આપશ્રીને પ્રદેશી રાજા સાથે શી નિસ્બત છે ? (सेयंवियाए नयरीए अन्ने बहवे ईसरतलवरजाव सत्थवाहप्पभिईओ जे णं देवाणुप्पियं वंदिस्संति णमंसिस्संति जाव पज्जुवासिस्संति विउलं असणं पाणं खाइमं साइमं पडिलाभिस्संति) શ્વેતાંબિકા નગરીમાં બીજા ઘણા ઈશ્વર, તલવર યાવત્ સાર્થવાહો વગેરે છે કે જે આપ દેવાનુપ્રિયને વંદન કરશે નમસ્કાર કરશે યાવત પર્યુપાસના કરશે. અને વિપુલ અશનથી, પાનથી, ખાદીમથી અને સ્વાદિમથી આપશ્રીને પ્રતિલાભિત કરશે. (पडिहारेणं पीढफलगसेज्जासंथारएणं उवनिमंतिस्संति) અને સમર્પણીય પીઠ ફલક શય્યા

સંસ્તારક ગ્રહણ કરવા આપને વિનંતી કરશે (त एणं से केसीकुमारसमणे चित्तं सारहिं एवं वयासी) ત્યારે કેશિકુમાર શ્રમણે ચિત્ર સારથિને આ પ્રમાણે કહ્યું કે (अविआइं चित्ता जाणिस्सामो) હે ચિત્ર! વિચાર કરીશ!

ટીકાર્થઃ—સ્પષ્ટ જ છે. नवरं "तलवर जाव सत्थवाह" માં જે યાવત્ પદ આવેલુ છે, તેથી અહીં 'माडंबिककौटुम्बिकेभ्यश्रेष्ठिसेनापति' પાઠનો સંગ્રહ થયો છે. 'णमंसिस्संति जाव पज्जुवासिस्संति' માં આવેલા યાવત પદથી 'सत्कारयिष्यन्ति, सम्मानयिष्यन्ति, कल्याणं मंगलं दैवतं चैत्यम्" આ પાઠનો સંગ્રહ થયો છે. અભિમુખ ગમન-વગેરે વડે જે સન્માન આપવામાં આવે છે તેનું નામ સત્કાર છે. નિવાસ માટે સ્થાન વગેરે આપીને જે ભકિત પ્રદર્શિત કરવામાં આવે છે તેનું નામ સન્માન છે. શ્વેતાંબિકા નગરીના લોકો આપશ્રી તે કલ્યાણ સ્વરૂપ, મંગળસ્વરૂપ તેમજ ચૈત્યવિશિષ્ટ જ્ઞાનવાન્ માનીને આપની સેવા કરશે. ાસૂ. ૧૧૬ા

त एणं से चित्ते! सारही' इत्यादि ।

સૂત્રાર્થ—(त एणं) ત્યાર પછી (से चित्ते सारही) તે ચિત્રસારથીએ (केसिकुमारसमणं वंदइ नमंसइ) કેશીકુમાર શ્રમણને વંદન તેમજ નમસ્કાર કર્યા. (केसिस्स कुमारमणस्स अंतियाओ-कोट्ठयाओ चेइयाओ पडिनिक्खमइ) ત્યાર પછી તે કેશીકુમાર શ્રમણ પાસેથી અને તે કોષ્ઠક ચૈત્યમાંથી બહાર આવી ગયો. (जेणेव सावत्थी णयरी जेणेव रायमग्गमोगाढे आवासे तेणेव उवागच्छइ) આવીને તે જ્યાં શ્રાવસ્તી નગરી હતી અને તેમાં પણ જ્યાં રાજમાર્ગ પર સ્થિત નિવાસસ્થાન હતું ત્યાં આવ્યો. (कोडुंवियपुरिसे सद्दावेइ) ત્યાં પહોંચીને તેણે કૌટુંબિક પુરૂષોને-આજ્ઞાકારી પુરૂષોને બોલાવ્યા (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું (खिप्पामेव भो देवाणुप्पिया! चाउग्घंटं आसरहं जुत्तामेव उवट्ठवेह) હે દેવાનુપ્રિયો! તમે લોકો સત્વરે ચાર ઘંટાઓથી યુક્ત

અરથ તૈયાર કરીને લાવો. (जहा सेयंवियाए णरीए निग्गच्छइ, तहेव जाव वसमाणे कुणाला जणवयस्स मज्झंमज्झेणं जेणेव केइय अद्धे जेणेव सेयंविया णयरी जेणेव मियवणे उज्जाणे तेणेव उवागच्छइ) અહીંથી તે ચિત્રસારથી પહેલાં જેમ તે શ્વેતાંબિકાનગરીથી નીકળીને કુણાલા જનપદમાં સ્થિત શ્રાવસ્તી નગરીમાં આવ્યો હતો, તેમજ તે શ્રાવસ્તી નગરીથી બહાર નીકળીને કેકયાર્દ્ધ જનપદમાં સ્થિત શ્વેતાંબિકા નગરીમાં પહોંચ્યો. અહીં તે પ્રમાણે જ વર્ણન સમજી લેવું જોઇએ. એ વાતને બનાવવા માટે જ 'जहा सेयंवियाए णयरीए णिग्गच्छइ' વગેરે પાઠનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે કે તે ચિત્ર સારથિ જેમ શ્વેતાંબિકા નગરીથી નીકળે છે, તે પ્રમાણે જ યાવત્ મુકામ કરતો તે કુણાલા જનપદના એકદમ મધ્યમાં પસાર થઇને જ્યાં કેકયાર્દ્ધમાં શ્વેતાંબિકા નગરી હતી અને તેમાં પણ જયાં મૃગવન નામે ઉધાન હતું ત્યાં આવ્યો. (उज्जाणपालए सद्दावेइ) ત્યાં આવીને તેણે ઉધાન પાલને બોલાવ્યો. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને આ પ્રમાણે કહ્યું. (जया णं देवाणुप्पिया! पासावच्चिज्जे केसी नाम कुमारसमणे पुव्वाणुपुव्वि चरमाणे, गामाणुगामं दूइज्जमाणे इहमागच्छिज्जा, तयाणं तुब्भे देवाणुप्पिया! केसिकुमारसमणं वंदिज्जह) હે દેવાનુપ્રિયો! પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં વિચરણ કરનારા કેશી નામે શ્રમણ પૂર્વસાધુ પરંપરા મુજબ વિચરણ કરતાં કરતાં તેમજ એક ગામથી બીજે ગામમાં વિહાર કરતાં કરતાં અહીં પધારે ત્યારે હે દેવાનપ્રિયો! તમે સૌ કેશિકુમાર શ્રમણને વંદન કરજો. (नमंसिज्जाह) નમસ્કાર કરજો. (वंदित्ता नमंसित्ता अहापडिरूवं उग्गहं अणुज्जाणेज्जाह) વંદના તેમજ નમસ્કાર કરીને તમે તેમને સાધુ કલ્પાનુસાર વસતીમાં નિવાસ કરવાની આજ્ઞા આપશો. (पडिहारिएणं पीठफलग जाव उवनिमंतिज्जाह) અને સમર્પણીય પીઠફલક વગેરે જે વસ્તુની તેઓશ્રી માગણી કરે તે વસ્તુ તમે તેમને નમ્રપણે સમર્પિત કરજો. (एयमाणत्तियं खिप्पामेव पच्चप्पिणेज्जाह) અને જયારે આ બધું થઈ જાય ત્યારે તમે મને કેશિકુમાર શ્રમણની અહીં પધારવાની ખબર આપજો. (तए णं ते उज्जाणपालग चित्तेणं सारहिणा एवंवुत्ता समाणा हट्ठतुट्ठ जाव हियया करयलपरिग्गहियं जाव

एवं वयासी-तहत्ति आणाए विणयेणं वयणं पडिसुर्णेति) ચિત્રસારથીવડે આ પ્રમાણે આજ્ઞાપિત થયેલા તે ઉદ્યાનપાલકો હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયવાળા થયા અને બન્ને હાથ જોડીને વિનમ્રતાપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા કે હે સ્વામિન્! આપશ્રીની આજ્ઞા મારા માટે પ્રમાણરૂપ છે. એટલે કે આપશ્રીએ જે પ્રમાણે આજ્ઞા કરી છે અમે યથા સમય તેમજ આચરીશું. આ પ્રમાણે પોતાના તરફથી સ્વીકૃતિનાં વચનો કહીને તેમણે ચિત્રસારથિની આજ્ઞાને સ્વીકારી લીધી.

ટીકાર્થ:—આ સૂત્રનો મૂલાર્થ પ્રમાણે જ છે. 'नवरं' "हट्ठतुट्ठ जाव हियया" માં જે યાવત્ પદ આવેલું છે. તેથી "हृष्टतुष्टचित्तानन्दिताः, प्रीतिमनसः परमसौमनस्यिताः, हर्षवशविसर्पद्हृदयाः" આ પાઠનો સંગ્રહ થયો છે. તેમજ "करतलपरिगृहीतं" ના યાવત્ પદથી "दशनखं शिर आवर्त्तं मस्तके अंजलिं कृत्वा" આ પાઠનું ગ્રહણ થયું છે. આ પાઠના પદોનો અર્થ પહેલા જે પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે તે પ્રમાણે જ અહીં સમજવો જોઇએ. ॥ સૂ० ૧૧૭ ॥

'त एणं ते चित्ते सारही' इत्यादि ।

સૂત્રાર્થ—(त एणं) ત્યાર પછી (से चित्ते सारही जेणेव सेयंबिया णयरी तेणेव उवागच्छइ) તે ચિત્ર સારથિ જ્યાં શ્વેતાંબિકાનગરી હતી ત્યાં ગયો. (सेयंवियं नयरिं मज्झंमज्झे णं अणुपविसइ) તે તે નગરીનાં મધ્યમાર્ગથી થઇને પ્રવિષ્ટ થયો. (जेणेव पएसिस्स रण्णो गिहे जेणेव बाहिरिया उवट्ठाण साला तेणेव उवागच्छइ) પ્રવિષ્ટ થઇને તે ત્યાં ગયો. જ્યાં પ્રદેશી રાજાનું ઘર હતું અને જ્યાં પ્રદેશી રાજાની બાહ્ય

ઉપસ્થાન શાળા હતી. (तुरगे निगिण्हइ) ત્યાં પહોંચીને તેણે ઘોડાઓને ઉભા રાખ્યા. (रहं ठवेइ) અને રથને થોભાવ્યો. (रहाओ पच्चोरुहइ) ત્યાર પછી તે રથમાં નીચે ઉતર્યો. (तं महत्थं जाव गेण्हइ) નીચે ઉતરીને તેણે તે મહાર્થ વગેરે વિશેષણોવાળી ભેટ પોતાના હાથમાં લીધી. (जेणेव राया तेणेव उवागच्छइ) અને જ્યાં પ્રદેશી રાજા હતો ત્યાં ગયો. (पएसीं राय करयल जाव वद्धावेत्ता तं महत्थ जाव उवणेइ) ત્યાં જઈને તેણે પ્રદેશી રાજાને બન્ને હાથોની અંજલિ બનાવીને તેને મસ્તક પર ફેરવીને નમસ્કાર કર્યા અને જયવિજય શબ્દોનું ઉચ્ચારણ કરીને તેને વધામણી આપી. ત્યાર પછી તેણે પોતાની સાથે લાવેલી ભેટને રાજાને અર્પિત કરી. (तए णं से पएसी राया चित्तस्स सारहिस्स तं महत्थं जाव पडिच्छइ) પ્રદેશી રાજાએ ચિત્રસારથિની તે મહાર્થ વગેરે વિશેષણોવાળી ભેટને સ્વીકારી લીધી. (चित्तं सारहिं सक्कारेइ, सम्माणेइ पडिविसज्जेइ) અને ચિત્રસારથીનો સત્કાર તેમજ સન્માન કરીને પછી તેને ત્યાંથી વિસર્જિત કર્યો. (त एणं से चित्ते सारही पएसिणा रण्णा विसज्जिए समाणे हट्ठ जाव हियए पएसिस्स रन्नो अंतियाओ पडिनिक्खमइ, जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ) આ પ્રમાણે પ્રદેશી રાજા વડે વિસર્જિત કરાયેલો તે ચિત્ર-સારથિ હૃષ્ટ યાવત્ હૃદયવાળો થઈને પ્રદેશી રાજાની પાસેથી આવતો રહ્યો અને જ્યાં ચાતુર્ઘંટ અશ્વરથ હતો ત્યાં આવ્યો. (चाउग्घंटं आसरह दुरुहइ, सेयं बियाए नयरीए मज्झंमज्झे णं जेणेव सए गहे तेणेव उवागच्छइ) ત્યા આવીને તે ચાતુર્ઘંટવાળા અશ્વરથ પર સવાર થયો અને શ્વેતાબિકા નગરીના ઠીક મધ્ય માર્ગમાંથી પસાર થઈને પોતાના ભવન તરફ રવાના થયો. (तुरगे णिगिण्हइ, रहं ठवेइ, रहाओ पच्चोरुहइ ण्हाए जाव उप्पिं पासायवरगए) ત્યાં આવીને તેણે ઘોડાઓને ઉભા રાખ્યા, રથ થોભાવ્યો અને ત્યારપછી રથમાંથી નીચે ઉતર્યો. સ્નાન કર્યું યાવત્ ઉત્તમ પ્રાસાદના ઉપરિભાગમાં જઈને બેસી ગયો.(फुट्टमाणेहिं मुइंगमत्थएहिं वत्तीसइबद्धएहिं नाडएहिं वरतरणीसंपउत्तेहिं उवणच्चिज्जमाणे२ उवगाइज्जमाणे२ उवलालिज्जमाणे२ इट्ठे सद्द

फरिस जाव विहरइ) ત્યાં રહીને તેણે મૃદંગોની ધ્વનિ સાથે ૩૨ પાત્રો દ્વારા અભિનીત કરાયેલા નાટકને વારંવાર જોઇને અને ગીતો સાંભળીને અને લલિતોવડે હર્ષિત થઇને અભિલષિત શબ્દ, સ્પર્શ, રૂપ રસગંધ આ પાંચ પ્રકારના કામભોગોને ભોગતો પોતાના સમયને પસાર કરવા લાગ્યો.

ટીકાર્થ—આ સૂત્રનો મૂલાર્થ પ્રમાણે જ છે. પણ જ્યાં વિશેષતા છે તે આ પ્રમાણે છે આસન વગેરે આપીને પ્રદેશી રાજાએ તે ચિત્રસારથિનો સત્કાર કર્યો અને વસ્ત્રઆભૂષણ આપીને તેનું સન્માન કર્યું વિસર્જિત શબ્દનો અર્થ છે જવા માટે આજ્ઞા આપી '**हट्ठ जाव हियए**' માં આવેલા યાવત્ પદથી "**हृष्टतुष्टचित्तानन्दितः प्रीतिमनाः परमसौमनस्यितः, हर्षवशविसर्पद्हृदयः**" આ પદોનું ગ્રહણ કરવામાં આવ્યું છે. "**ह्राए जाव उर्दिव**" માં આવેલા યાવત્ પદથી "**कृतबलिकर्मा, कृत कौतुकमंगलप्रायश्चित्तः सर्वालङ्कारविभूषितः**' આ પદોનો સંગ્રહ થયો છે. કૃત-બલિકર્માદિ પદોનો અર્થ છે કાગડા વગેરેને અન્ન ભાગ અર્પવો તેમજ દુઃસ્વપ્ન વગેરે ને નિવારણ કરવા માટે મષી તિલક વગેરે રૂપ કૌતુક તેમજ મંગળકર દહીં અક્ષત વગેરે રૂપ પ્રાયશ્ચિત્ત-અવશ્યકરણીય હોવાથી કર્યાં. એના પછીનાં પદોના અર્થો મૂલાર્થ માં જ લખવામાં આવ્યા છે. ાસૂ૦ ૧૧૮ા

'त एण केसीकुमारसमणे' इस्यादि।

સૂત્રાર્થઃ—(त एणं केसीकुमारसमणे अण्णया कयाइ पाडिहारियपीढफलकसेज्जासंथारगं पच्चप्पिणइ) ત્યાર પછી કેશીકુમાર શ્રમણે કોઈ વખતે અર્પણીય પીઠફલક શય્યા સંસ્તારકને પાછા આપી દીધાં એટલે કે તેઓશ્રીએ જે કોષ્ઠક ચૈત્યમાં મુકામ કર્યો હતો. ત્યાંના રખેવાળને તે વસ્તુઓ આપી દીધી. (सावत्थीओ णयरीओ कोट्ठगाओ चेइयाओ पडिनिक्खमइ) ત્યારપછી તે કેશીકુમાર શ્રમણ તે શ્રાવસ્તી નગરીથી અને કોષ્ઠક ચૈત્યમાંથી નીકળ્યા. એટલે કે વિહાર કર્યો. (पचहिं अणगारसएहिं जाव विहरमाणे जेणेव केयइअद्धे जणवए जेणेव सेयंविया णयरी जेणेव मियवणे उज्जाणे तेणेव उवागच्छइ) પાંચસો અનગાર તેઓશ્રીની સાથે હતા. આમ તેઓશ્રી આ બધાની સાથે તીર્થંકર પરંપરા

મુજબ વિચરણ કરતાં એક ગામથી બીજે ગામ વિહાર કરતાં અનુક્રમે જ્યાં કૌકયાર્દ્ધ જનપદ-દેશ વિશેષ હતો અને તેમાં પણ જ્યાં શ્વેતાં- બિકા નગરી હતી અને તેમાં પણ જ્યાં મૃગવન નામે ઉદ્યાન હતું. ત્યાં પહોંચ્યા. (अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ) ત્યાં પહોંચીને તેઓશ્રીએ તથા પ્રતિરૂપ અવગ્રહ પ્રાપ્ત કરીને સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરણ કરવા લાગ્યા.

આ સૂત્રનો ટીકાર્થ સ્પષ્ટ છે. **'नवरम्'** કેશીકુમાર શ્રમણ મૃગવન ઉદ્યાન પાલકની પાસેથી રહેવાની આજ્ઞા મેળવીને ત્યાં રોકાઇ ગયા. વનપાલ અને અવગ્રહ વગેરેની બાબતમાં સૂત્રકાર હવે પછી કહેશે ॥ સૂ૦ ૧૧૯ ॥

'त एणं' सेयंवियाए नयरीए' इत्यादि ।

સૂત્રાર્થ—(तएणं सेयंवियाए नयरीए सिंघाडग० महया जणसद्देइवा० परिसा निग्गच्छइ) ત્યારપછી શ્વેતાંબિકા નગરીમાં શ્રૃંગાટક વગેરે માર્ગો પર એકત્ર થયેલા માનવસમાજમાં પરસ્પર વાતચીત વગેરેનો પ્રારંભ થયો પરિષદા નીકળી. (त एणं ते उज्जाणपालगा इमीसे कहाए लद्धट्ठा समाणा हट्ठतुट्ठ जाव हियया जेणेव केसीकुमारसमणे तेणेव उवागच्छंति) ત્યાર પછી તે ઉદ્યાનવાલો જ્યારે આ બાબતમાં નિશ્ચિત મતિવાળા થયા ત્યારે તેઓ હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયવાળા થઇને જ્યાં કેશીકુમાર શ્રમણ હતા ત્યાં આવ્યા (केसिं कुमारसमणं वंदंति, नमंसंति, अहापडिरूवं उग्गहं अणुजाणंति) ત્યાં આવીને તેમણે કેશીકુમાર શ્રમણને વંદના કરી નમસ્કાર કર્યા અને યથા કલ્પનીય વસ્તુઓ તેઓશ્રીને આપી. (पाडिहारिएणं जाव संथारएणं उवनिमंतंति) તેમજ સમર્પણીય યાવત્ સંસ્તારક વગેરે અર્પીને તેઓશ્રીને ઉપનિમંત્રિત કર્યા. (णामंगोयं पुच्छंति ओधारेंति, एगंतं अवक्कमंति, अन्नमन्नं एवं वयासी) નામ-ગોત્ર પૂછ્યાં અને તેને હૃદયમાં ધારણ કર્યા. ત્યારપછી તે સર્વે એકાંતમાં ગયા ત્યાં જઈને તેમણે પરસ્પર આ પ્રમાણે વાતચીત કરી કે (जस्सणं देवाणुप्पिया ! चित्ते सारही दंसणं कंखेइ, दंसणं पत्थेइ, दंसणं पीहेइ, दंसणं अभिलसेइ) હે દેવાનુપ્રિયો ! ચિત્રસારથી જેઓશ્રીના દર્શનોની ઇચ્છા ધરાવે છે, જેઓશ્રીના દર્શનો માટે તેઓ પ્રાર્થના કરે છે, જેઓશ્રીના દર્શનોની તે સ્પૃહા ધરાવે છે, જેઓશ્રીના દર્શનોની

તે અભિલાષા રાખે છે. (जस्मणं णामगोयस्स वि सवणयाए हट्ठतुट्ठ जाव हियए भवइ) તેમજ જેઓશ્રીના નામ ગોત્રના શ્રવણથી જ જે હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયવાળો થઇ જાય છે. (से णं एस केसीकुमारसमणे पुव्वाणुपुव्विं चरमाणे गामाणु-गामं दूइज्जमाणे इहमागए) તેઓશ્રી કેશીકુમાર શ્રમણ તીર્થંકર પરંપરા મુજબ વિચરણ કરતા અને એક ગામથી બીજે ગામ વિહાર કરતાં અહીં પધાર્યા છે. (इह संपत्ते) અહીં પ્રાપ્ત થયા છે. (इह समोसढे) અહીં સમવસૃત થયા છે. (इहेव सेयंवियाए णयरीए बहिया उज्जाणे अहापडिरूवं जाव विहरइ) આ શ્વેતાંબિકા નગરીની બહારના ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ અવગ્રહ પ્રાપ્ત કરીને યાવત્ વિરાજે છે. (तं गच्छामो णं देवाणुप्पिया ! चित्तस्स सारहिस्स एयमट्ठं पियं निवेदेमो पियं से भवउ) ત્યારે હે દેવાનુપ્રિયો ! આપણે ચિત્ર સારથિની પાસે જઈને આ પ્રિય સમાચાર વિષે તેમને ખબર આપીએ. અમારી આ ખબર તેમને ખૂબજ ગમશે. (अण्णमण्णस्स अंतिए एयमट्ठं पडिसुणेंति) આ પ્રમાણે તેઓ બધા પરસ્પર એક બીજાની વાતને એકમત થઇને સ્વીકારી લે છે. ત્યાર પછી (जेणेव सेयंविया णयरी, जेणेव चित्तस्स सारहिस्स गिहे जेणेव चित्ते सारही तेणेव उवागच्छंति) તેઓ જ્યાં શ્વેતાંબિકા નગરી હતી અને તેમાં પણ જ્યાં ચિત્રસારથી હતો ત્યાં ગયા. (चित्तं सारहिं करयल जाव बद्धावेंति, एवं वयासी) ત્યાં પહોંચીને તેમણે ચિત્રસારથિને બહુજ નમ્રપણે બન્ને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તક પર ફેરવીને નમસ્કાર કર્યા તેમજ જયવિજય શબ્દોનું ઉચ્ચારણ કરીને તેને વધામણી આપી. અને પછી તેને આ પ્રમાણે કહ્યું. (जस्सणं देवाणुप्पिया ! दंसणं कंखंति. जाव अभिलसंति, जस्स णं णामगोयस्स वि सवणयाए हट्ठ जाव भवंति, से णं अयं केसीकुमारसमणे पुव्वाणुपुव्विं चरमाणे गामानुगामं दूइज्जमाणे इहेव मियवणे उज्जाणे समोसढे जाव विहरइ) હે દેવાનુપ્રિય ! તમે જેઓશ્રીના દર્શનોની ઇચ્છા ધરાવતા હતા, યાવત્ અભિલાષા રાખતા હતા. તેમજ જેઓશ્રીના નામગોત્રના શ્રવણ માત્રથી જ તમે હૃષ્ટ-તુષ્ટ યાવત હૃદયવાળા

થઈ જાઓ છો તેઓશ્રી કેશીકુમારશ્રમણ પૂર્વાનુપૂર્વીથી વિચરણ કરતાં એક ગામથી બીજે ગામ વિહાર કરતાં અહીં મૃગવન નામના ઉદ્યાનમાં પધારેલા છે. યાવત્ તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા વિરાજે છે.

આ સૂત્રની વ્યાખ્યા મૂલાર્થ પ્રમાણે જ છે. ॥૧૨૦॥

'तएण' से चित्ते सारहो' इत्यादि।

સૂત્રાર્થ—(**त एणं**) **से चित्ते सारही तेसिं उज्जाणपालगाणं अंतिए एयमट्ठं**) ત્યાર પછી તે ચિત્રસારથિ તે ઉદ્યાનપાલકોના મુખથી આ અર્થને વૃત્તાંતને (**सोच्चा निसम्म हट्ठतुट्ठ जाव आसणाओ अब्भुट्ठेइ**) સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને ખૂબજ હષ્ઠ અને સંતુષ્ટ ચિત્તવાળો થયો યાવત્ તે પોતાના આસન પરથી ઉભો થયો. (**पायपीढाओ पच्चोरुहइ**)અને પાદપીઠ(પગ મૂકવાનું આસન વિશેષ)પર પગ મૂકીને નીચે ઉતર્યાં (**पाउयाओ ओमुयइ**) અને પગમાં પહેરેલી પાવડીઓ ઉતારી દીધી. (**एगसाडियं उत्तरासंगं करेइ**) એકશાટિક ઉત્તરાસંગ કર્યો. (**अंजलिमउलियग्गहत्थे केसिकुमारसमणाभिमुहे सत्तट्ठपयाइं अणुगच्छइ**) ત્યાર પછી તેણે પોતાના બન્ને હાથો જોડીને અંજલિ બનાવી અને કેશીકુમારશ્રમણની સામે મુખ કરીને એટલે કે જે દિશા તરફ કેશીકુમાર શ્રમણ વિરાજમાન હતા તે તરફ સાત આઠ પગ સુધી સામે ગયા. (**करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी**) ત્યાં જઈને તેણે પોતાના બન્ને હાથોની ખૂબ નમ્રપણે અંજલિ બનાવી અને તેને મસ્તક પર ત્રણ વખત ફેરવીને આ પ્રમાણે તે પાઠનું ઉચ્ચારણ કરવા લાગ્યો— (**नमोऽत्थुणं अरहंताणं जाव संपत्ताणं, नमोत्थुणं केसिस्स कुमारसमणस्स मम धम्मायरियस्स धम्मोवदेसगस्स वंदामि णं भगवंतं तत्थगयं इहगए**) અર્હંત ભગવંતોને મારા નમસ્કાર છે કે જેઓશ્રીએ યાવત્ સિદ્ધિગતિ નામકસ્થાનને પ્રાપ્ત કર્યું છે. મારા ધર્માચાર્ય ધર્મોપદેશક કેશીકુમારશ્રમણને નમસ્કાર છે. અહીંથી જ હું ત્યાં મૃગવનોદ્યાનમાં વિરાજમાન આપશ્રીને નમસ્કાર કરું છું. (**पासउ मे तत्थगए इहगयं त्तिकट्टु वंदइ नमंसइ**) ત્યાં વિરાજમાન તે ભગવાન અહીં વિદ્યમાન મને જુએ આ પ્રમાણે કહીને તેણે વંદના કરી નમસ્કાર કર્યા. (**ते उज्जाणपालए विउलेणं वत्थगंधमल्लालंकारेणं सक्कारेइ**) આ પ્રમાણે પરોક્ષ વિનય કરીને તેણે તે ઉદ્યાનપાલકોનો વિપુલ વસ્ત્ર, ગંધ, માળાઓ અને અલંકારો વડે સત્કાર કર્યો. (**सम्माणेइ**) સન્માન કર્યું. (**विउलं जीवियारिहं पीईदाणं दलयइ**) અને છેવટે તેમને વિપુલ માત્રામાં જીવિકા યોગ્ય પ્રીતિદાન આપ્યું. (**पडिविसज्जेइ**)

ત્યાર પછી તેમને વિસર્જિત કર્યા. (कोडुंबियपुरिसे सद्दावेइ) ત્યાર બાદ તેણે પોતાના આજ્ઞાકારી સેવકોને બોલાવ્યા. (सद्दावित्ता एवं वयासी) બોલાવીને તેમને આ પ્રમાણે કહ્યું. (खिप्पामेव भो देवाणुप्पिया! चाउग्घंट आसरहं जुत्तामेव उवट्ठवेह जाव पच्चप्पिणह) હે દેવાનુપ્રિયો ! તમે લોકો સત્વરે ચાર ઘંટોવાળા અશ્વરથને ઘોડાઓથી સજ્જ કરીને અહીં ઉપસ્થિત કરો, યાવત્ પછી અમને ખબર આપો. (तए णं ते कोडुंबियपुरिसा जाव खिप्पामेव सच्छत्तं सज्झयं जाव उवट्ठवित्ता तामाणत्तियं पच्चप्पिणंति) ત્યાર પછી તે કૌટુંબિક પુરૂષોએ યાવત શીઘ્ર છત્ર અને ધ્વજાથી સુસજ્જિત કરીને તે ચાર ઘંટાઓવાળા અશ્વરથને ઘોડાઓથી યુક્ત કરીને ઉપસ્થિત કર્યો. અને તેની ખબર પણ તેની પાસે પહોંચાડી દીધી. (त एणं से चित्ते सारही कोडुंबियपुरिसाणं अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठ जाव हियए ण्हाए कयबलिकम्मे जाव सरीरे चाउग्घंटे आसरहे जाव दुरुहित्ता सकोरंट० महया भड चडगर० तं चेव जाव पज्जुवासइ धम्मकहा) તે ચિત્ર સારથિએ કૌટુંબિક પુરૂષોના મુખથી અશ્વરથ તૈયાર થઇ જવાની વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ હૃદયવાળો થઈને સ્નાન કર્યું. બલિકર્મ એટલે કે કાગડા વગેરે પક્ષીઓને માટે અન્ન ભાગ અર્પિત કર્યો. યાવત્ બહુમૂલ્ય અલ્પભારવાળા આભૂષણોથી પોતાના શરીરને અલંકૃત કર્યું અને ત્યાર પછી તે જ્યાં ચારઘંટોવાળો અશ્વરથ હતો ત્યાં આવ્યો. યાવત્ તેમાં બેસી ગયો. તે બેઠો ત્યારે છત્રધારીઓએ કોરંટ પુષ્પોની માળાથી યુક્ત છત્ર તેની ઉપર તાણ્યું. તે વખતે વિશાળ યોદ્ધાઓની ભીડ તેની આસપાસ આવીને એકઠી થઇ ગઇ. અહીં પહેલાંની જેમજ બધું કથન સમજવું જોઈએ યાવત્ તેને કેશિકુમારશ્રમણની પર્યુ-પાસના કરી, કેશિકુમારશ્રમણે ધર્મોપદેશ આપ્યો.

ટીકાર્થ—આ સૂત્રનો સ્પષ્ટ જ નવરં-ચિત્રસારથીનું ગમનનું વર્ણન ૧૧૧ મા સૂત્ર પ્રમાણે સમજવું જોઈએ ॥ ૧૨૧ ॥

'तए णं से चित्ते सारही' इत्यादि।

सूत्रार्थ—(तए णं) त्यार पछी (से चित्ते सारही) ते चित्र सारथीએ (केसिस्स कुमारसमणस्स) કેશીકુમાર શ્રમણની (अंतिए) પાસેથી (धम्मं सोच्चा निसम्म हट्टतुट्ठ० तहेव एवं वयासी) ધર્મ વિષે ઉપદેશ સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ-તુષ્ટ ચિત્તવાળો થયો અને આનંદિત થઈને પ્રીતિયુકતમનવાળો થયો. આ પ્રમાણે પરમસૌમનાસ્યિત થઈને તે બોલ્યો. (एवं खलु भंते ! अम्हं पएसी राया अहम्मिए जाव सयस्स वि णं जणवयस्स नो सम्मं करभरवित्तिं पवत्तेइ) હે ભદંત ! અમારો પ્રદેશી રાજા અધાર્મિક છે યાવત્ તે પોતાના દેશના લોકો પાસેથી કર મેળવીને પણ પ્રજાનું ભરણ-પોષણ-તેમજ રક્ષણ કરતો નથી. (तं जइ णं देवाणुप्पिया! पएसिस्स रण्णो धम्ममाइक्खेज्जा बहुगुणतरं होज्जा, पएसिस्स रण्णो तेसिं च बहूणं दुपयचउप्पयमियपसुपक्खिसरीसवाणं) જો આપ દેવાનુપ્રિય તે પ્રદેશી રાજાને જિન પ્રરૂપિત ધર્મનો ઉપદેશ આપો તો તે પ્રદેશી રાજાને આ લોક અને પરલોક અતીવ ગુણકારી થાય અને ઘણાં દ્વિપદ, ચતુષ્પદ, મૃગ, પશુ, પક્ષી અને સરીસૃપ એટલે કે સાપ વગેરેના માટે પણ હિતાવહ થાય. (तेसिं च बहूणं समणमाहणभिक्खुयाणं) અને તે ઘણા શ્રમણ માહણ ભિક્ષુકોના માટે પણ અતીવ હિતાવહ કાર્ય થાય. (तं जइ णं देवाणुप्पिया ! पएसिस्स बहुगुणतरं होज्जा, सयस्स वि य णं जणवयस्स) જો આપનો ધર્મોપદેશ પ્રદેશી રાજા પોતાના જીવનમાં ઉતારે તો તેનું પોતાનું અને તેના જનપદ-દેશનું પણ તેનાથી ઘણું કલ્યાણ થાય તેમ છે.

આ સૂત્રનો ટીકાર્થ સ્પષ્ટ જ છે. "हट्ठ तुट्ठ तहेव वयासी 'માં' तथैव" પદથી "हृष्टतुष्टचित्तानन्दितः प्रीतिमनाः परमसौमनस्यितः, हर्षवशविसर्पद्धृदयः" આપાઠનો સંગ્રહ થયો છે. આ સર્વ પદોનો અર્થ પહેલાં સ્પષ્ટ કરવામા આવ્યો છે. "अहम्मिए जाव" માં આવેલ યાવત્ પદથી 'अधर्मिष्ठः'

વગેરે વિશેષણોનું ગ્રહણ સમજવું જોઇએ. આ બધા વિશેષણો ૧૦૧ મા સૂત્રમાં આવેલા છે. એનો અર્થ પણ તે સૂત્રમાં જ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. **'बहुगुणतरम्'** નો અર્થ આ પ્રમાણે છે કે તે ધર્મોપદેશ તે પ્રદેશી રાજાના માટે આ લોકને તેમજ પરલોકને સફળ બનાવવા રૂપ બહુગુણવાળો થશે અથવા તો દયા દાન વગેરે રૂપ અત્યંત ગુણવાળો થશે. દ્વિપદથી દાસી દાસ વગેરે ચતુષ્પદથી મૃગ વગેરે, પશુપદથી ગ્રામ્ય ગોમહિષ વગેરે, સરિસૃપ પદથી ભુજપરિસર્પ ગોધાદિક અને ઉરઃપરિસર્પ-સર્પાદિકનું 'સરીસૃપા પદથી ગ્રહણ થયું છે. આ દ્વિપદ વગેરેના માટે પાલન રક્ષણરૂપ બહુતર ગુણ-વાળો તે ધર્મોપદેશ થશે. શ્રમણ શબ્દથી શાકય વગેરે, માહન શબ્દથી બ્રાહ્મણ તેમજ ભિક્ષુકપદથી ભિક્ષાજીવીનું ગ્રહણ કરવામાં આવ્યું છે. આ સર્વના માટે સંરક્ષણ તેમજ ભિક્ષા લાભ વગેરેથી અધર્મોપદેશ અતિશય ગુણવાળો થશે. ॥સૂ૦ ૧૨૨॥

'तए णं से केसीकुमारसमणे' इत्यादि ।

સૂત્રાર્થઃ—(**तए णं**) ત્યાર પછી (**केसीकुमारसमणे**) કેશીકુમારશ્રમણે **चित्तं सारहिं**) ચિત્રસારથિને (**एवं वयासी**) આ પ્રમાણે કહ્યું. (**एवं खलु चउहिं ठाणेहिं चित्ता ! जीवे केवलिपन्नत्तं धम्मं नो लभेज्जा सवणयाए**) હે ચિત્ર ! જીવ ચાર કારણોને લીધે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રમણ કરી શકતો નથી. (**तं जहा-आरामगयं वा उज्जाणगयं वा, समणं वा माहणं वा णो अभिगच्छइ, णो वंदइ, णो णमंसइ, णो सक्कारेइ, णो सम्माणेइ, णो कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासइ**) જેમકે આરામમાં પધારેલા કે ઉદ્યાનમાં પધારેલા શ્રમણ કે મહાણની

સામે જે સત્કાર વગેરે કરવા માટે જતો નથી, મધુર વચનોથી સુખશાતાદિ પ્રશ્નપૂર્વક તેમની સ્તુતિ કરતો નથી, તેમની સામે પોતાનુ મસ્તક નમ્ર ભાવે નમાવતો નથી, અભ્યુત્થાન વગેરે વડે જે તેમનો સત્કારતો નથી, વસતિ વગેરે આપીને તેમનું સન્માન કરતો નથી તેમજ કલ્યાણ સ્વરૂપ, મંગળસ્વરૂપ, ધર્મદેવસ્વરૂપ માનીને અને વિશિષ્ટ-જ્ઞાન સપન્ન માનીને જે તેમની પર્યુપાસના કરતો નથી. (नो अट्ठाइं, हेऊइं, पसिणाइं, कारणाइं वागरणाइं, पुच्छेइ) અર્થોને-જીવ અજીવ વગેરે પદાર્થોને, હેતુઓને અન્યથાનુપપત્તિરૂપ સાધનોને,પ્રશ્નોને કારણોને, વ્યાકરણોને પૂછતો નથી,(एएणं ठाणेणं चित्ता ! जीवे केवलिपन्नत्तं धम्मं नो लभइ सवणयाए) હે ચિત્ર ! આ કારણને લીધે જ જીવ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકતો નથી. આ પહેલું કારણ છે. (૧) (उवस्सयगयं समणं वा तं चेव, जाव एए णं वि ठाणेणं चित्ता ! जीवे केवलिपन्नत्तं धम्मं नो लभइ सवणयाए) ઉપાશ્રયમાં પધારેલા શ્રમણ કે માહણનો સત્કાર વગેરે કરવા માટે જે તેમની સામે જતો નથી. યાવત્ તેમને વ્યાકરણો વિષે પ્રશ્ન કરતો નથી. આ જાતનો જીવ આ બીજા કારણથી પણ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકતોનથી. (૨) (गोयरग्गगयं समणं वा महणं वा नो जाव पज्जुवासइ, नो विउलेणं असणपाणखाइमसाइमेणं पडिलाभइ० नो अट्ठाइं जाव पुच्छइ एए णं ठाणेणं चित्ता ! जीवे केवलि पन्नत्तं धम्मं लभइ सवणयाए) ગોચરી માટે-ભિક્ષા માટે ગામમાં આવેલા શ્રમણ કે માહણ વગેરેનો સત્કાર વગેરે કરવા માટે જે તેમની સામે જતો નથી, યાવત્ તેમની પર્યુપાસના કરતો નથી, તેમજ વિપુલ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યરૂપ ચાર પ્રકારના આહારવડે જે તેમને પ્રતિલાભિત કરતો નથી અને જે અર્થથી માંડીને વ્યાકરણ સુધીના બધા વિષયોના બાબતમાં તેમને પ્રશ્નો પૂછતો નથી. હે ચિત્ર! તે જીવ આ ત્રીજા કારણવડે પણ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકતો નથી (૩) (जत्थ वि ण समणेणं वा माहणेणं वा सद्धिं अभिसमागच्छइ, तत्थ वि णं हत्थेण वा वत्थेण वा छत्तेण वा, अप्पाणं आवरित्ता चिट्ठइ, नो अट्ठाइं जाव पुच्छइ, एएण वि ठाणेणं चित्ता ! जीवः केवलिपन्नत्तं धम्मं णो लभइ सवणयाए एएहिं च णं चित्ता ! चउहिं ठाणेहिं जीवे नो लभइ, केवलि पन्नत्तं धम्मं सवणयाए) આ પ્રમાણે

જે શ્રમણ કે માહણની સામે આવી જતાં તે શ્રમણ કે માહણ તેને ઓળખી લે નહિ તે માટે જે પોતાની જાતને હાથવડે, કે વસ્ત્ર વડે કે છત્રવડે છૂપાવી લે છે અને તેમને પ્રશ્ન વગેરે કંઇ પૂછતો નથી હે ચિત્ર ! આ ચોથા કારણથી પણ જીવ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકતો નથી.(૪) આ પ્રમાણે હે ચિત્ર! આ ચાર કારણોને લીધે જ જીવ કેવલીભગવાન વડે કહેલા ધર્મનું શ્રવણ કરી શકતો નથી. (**चउहिं ठाणेहिं चित्ता ! जीवे केवलिपन्नत्तं धम्मं लभइ सवणयाए**) હેચિત્ર ! ચાર કારણોથી જીવ કેવલિ-પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકે છે. (**तं जहा--आरामगयं वा उज्जाणगयं वा समणं वा माहणं वा, वंदइ, नमंसइ जाव पज्जुवासइ**) તે ચાર કારણો આ પ્રમાણે છે.-આરામમાં પધારેલા કે ઉદ્યાનમાં પધારેલા શ્રમણને કે માહણને જે વંદન કરે છે નમસ્કાર કરે છે, યાવત્ તેમની પર્યુંપાસના કરે છે. (**अट्ठाइं जाव पुच्छइ**) અર્થોને યાવત્ પૂછે છે. (**एएण ठाणेण चित्ता ! जीवे केवलि पन्नत्तं धम्मं लभइ सवणयाए**) આ કારણને લીધે હે ચિત્ર ! તે જીવ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકે છે.(૧) એજ પ્રમાણે (**उवस्सयगयं०**) આ પ્રમાણે જે જીવ ઉપાશ્રયોમાં આવેલા શ્રમણોને કે માહનોને વન્દન કરતો, નમસ્કાર કરતો, પર્યુંપાસના કરતો, અર્થોને યાવત્ પૂછે છે, એવો જીવ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકે છે (૨)**गोयरग्गगयं समणं वा जाव पज्जुवासइ, विउलेणं जीव पडिलाभेइ, अट्ठाइ जाव पुच्छइ, एएण वि.**) આ પ્રમાણે જે જીવ ગોચરી માટે નીકળેલા શ્રમણની કે માહણની યાવત્ પ્રયુપાસના કરે છે. વિપુલ આહારથી તેમને પ્રતિલાભિત કરે છે.તેમને અર્થો વિષે યાવત્ પૂછે છે. તે જીવ કેવલિપ્રજ્ઞપ્તધર્મનું શ્રવણ કરે છે. (૩) (**जत्थ वि य णं समणेण वा अभिसमागच्छइ तत्थ वि य णं णो हत्थेण वा जाव आवरेत्ता चिट्ठइ**) શ્રમણ કે મહાણ ગમે ત્યાં મળે જે જીવ તેઓશ્રીને જોઇને પોતાની જાતને પોતાના હાથો વડે યાવત્ આવૃત્ત કરતો નથી એવો તે જીવ આ ચોથા કારણને લીધે કેવલિ પ્રજ્ઞપ્ત જિનધર્મનું શ્રવણ કરી શકે છે (૪) (**तुज्झं च णं चित्ता ! पएसी राया आरामगयं वा तं चेव सव्वं भाणियव्वं आइल्लएणं गमएणं जाव**

अप्पाणं आवरेत्ता चिट्ठइ तं कहं णं चित्ता! पएसिस्स रन्नो धम्ममाइ· क्खिस्सामो) હે ચિત્ર ! તમારા પ્રદેશી રાજા આરામ કે ઉદ્યાનમાં આવેલા શ્રમણ કે માહણની સામે સત્કારવા જતો નથી યાવત્ તેમની પર્યુપાસના પણ કરતો નથી અને આ પ્રમાણે તે પ્રથમ ગમથી માંડીને ચોથા ગમથી યુકત બનેલો છે તો પછી હું તેને કેવલિપ્રજ્ઞપ્તધર્મનો ઉપદેશ કેવી રીતે આપું ?

ટીકાર્થ—કેશીકુમાર શ્રમણે ચિત્રસારથીને જે કંઇ કહ્યુ છે તે આ સૂત્ર વડે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ સૂત્રવડે આ પ્રમાણે સમજાવવામાં આવ્યું છે કે કયો જીવ શા શા કારણોને લીધે કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનુ શ્રવણ કરી શકે છે અને કયો જીવ શા શા કારણોથી તેનું શ્રવણ કરી શકતો નથી. કેવલિપ્રજ્ઞપ્ત ધર્મની અપ્રાપ્તિમાં પહેલુ કારણ એ બતાવવામાં આવ્યુ છે કે શ્રમણ કે માહણ–૧૨ વ્રતોનુ પાલન કરનાર ગૃહસ્થ–જયારે ગમે તે ઉદ્યાનમાં-વિવિધ પુષ્પોથી કે ફળોથી યુકત વૃક્ષોથી શોભિત અનેક જનસેવ્ય બગીચામાં કે આરામમાં--અનેક જાતની પુષ્પ જાતિઓથી યુકત સ્થાન–માં આવેલા હોય, ત્યારે તે સમયે જે જીવ તેમના સત્કાર માટે તેમની સામે જતો નથી, મધુર વચનો વડે તેમની સુખ શાતા પૂછતો નથી, તેમની સ્તુતિ કરતો નથી, તેમની સામે નમ્રભાવે મસ્તક નમાવતો નથી અભ્યુત્થાન વગેરે ક્રિયાથી તેમનો સત્કાર કરતો નથી, વસતિ વગેરે આપીને તેમને કલ્યાણ સ્વરૂપ, મંગલસ્વરૂપ, ધર્મ-દેવસ્વરૂપ, અને વિશિષ્ટ જ્ઞાનયુકત માનીને જે તેમની સેવા કરતો નથી, તેમને અર્થોને જીવાજીવાદિ પદાર્થોને, અન્યથાનુપપત્તિરૂપ હેતુને, જેમકે જીવ દેવાદિ ગતિ કેવી રીતે મેળવે છે કે આત્માની સાથે કર્મોનો સંબંધ હોય છે એવા હેતુને, પ્રશ્નને–સંશય–વગેરેને દૂર કરવા માટે જીવ અજીવ વગેરેના સ્વરૂપને જાણવા બાબતના પ્રશ્નોને જ્ઞાનાદિત્રય જીવને કેવી રીતે પ્રાપ્ત થાય છે વગેરે રૂપ કારણોને, અથવા તો ચતુર્ગતિ

રૂપ સંસારભ્રમણ શા કારણથી હોય છે વગેરે રૂપ કારણોને, પૃષ્ઠ જીવાદિકના સ્વરૂપ વિષે જે ઉત્તર આપવામાં આવે તે વિષે ફરી સામે પ્રશ્નોત્તર કરવા રૂપ વ્યાકરણોને પૂછતો નથી, આ કારણથી જીવ કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકતો નથી. આ પ્રમાણે આ પ્રથમસ્થાનનું નિરૂપણ છે. દ્વિતીયસ્થાનના કારણનું નિરૂપણ આ પ્રમાણે છે. ઉપાશ્રયમાં જઇને શ્રમણને કે માહણને પ્રાપ્ત કરીને જે જીવ યાવત્ વ્યાકરણોને પૂછતો નથી. હે ચિત્ર ! આ કારણથી પણ જીવ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકતો નથી. અહીં "**तं चेव यावत्**" પદથી '**माहनं वा**' અહીંથી માંડીને '**व्याकरणानि पृच्छति**'' અહીં સુધીનો સંપૂર્ણ પાઠ ગ્રહણ કરવામાં આવ્યો છે. એજ અર્થને '**त चेव जाव**' પદથી સૂચિત કરવામાં આવ્યો છે. તૃતીય સ્થાન આ પ્રમાણે છે.–શ્રમણ કે માહણ ગોચરી માટે–ભિક્ષા માટે–ગામમાં આવેલા હોય એવી પરિસ્થિતિમાં જે જીવ તેમની સામે જતો નથી, તેમને વંદન કરતો નથીતેમને નમસ્કાર કરતો નથી, તેમનું સન્માન અને સત્કાર કરતો નથી તેમજ તેમનું કલ્યાણરૂપ મંગળરૂપ, ધર્મદેવ સ્વરૂપ માનીને તથા વિશિષ્ટ જ્ઞાનયુકત માનીને તેમની સેવા કરતો નથી તેમજ વિપુલપ્રચુર અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યરૂપ ચતુર્વિધ આહાર વડે તેમને પ્રતિલાભિત કરતો નથી એટલે કે શ્રમણને કે માહણને જે ચતુર્વિધ આહાર આપતો નથી તથા અર્થોને, હેતુઓને પ્રશ્નોને કારણોને તથા વ્યાકરણોને તેમને પૂછતો નથી આ ઉકત કારણથી હે ચિત્ર ! જીવ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકતો નથી ચતુર્થ સ્થાન આ પ્રમાણે છે–ગમે તે સ્થાને સાધુ કે માહન–૧૨ વ્રતધારી શ્રાવક મળે ત્યારે જે જીવ પોતાની જાતને મહારાજ અમને ઓળખી લે નહિ તેવા વિચારથી હાથવડે, કે વસ્ત્રવડે, કે છત્રવડે સંતાડી દે છે અને તેમને અર્થાદિકો વિષે પણ પૂછતો નથી

તો આ જાતનો જીવ પણ આ કારણથી કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરી શકતો નથી. હવે કેશીકુમાર શ્રમણ ઉપસંહાર કરતાં કહે છે કે હે ચિત્ર ! જીવને ધર્મલાભની પ્રાપ્તિમાં આ ચાર કારણો વિઘ્નરૂપે નડે છે. આ સર્વથી જીવને કેવલિપ્રજ્ઞપ્ત ધર્મની પ્રાપ્તિ થતી નથી.

આ પ્રમાણે કેવલિપ્રજ્ઞપ્ત ધર્મના અલાભ સંબંધી ચાર કારણોનું વિવેચન કરીને હવે કેશીકુમાર શ્રમણ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મના લાભ માટે જે ચાર કારણો છે તેમનું કથન કરતાં કહે છેઃ-"**चउहिं ठाणेहिं**" હે ચિત્ર ! ચાર કારણોથી જીવ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કરે છે. એટલે કે કેવલિપ્રજ્ઞપ્ત ધર્મના અલાભમાં જે ચાર કારણો બતાવવામાં આવ્યાં છે, તેજ ચારેચાર કારણો વિપરીત રૂપમાં આચરવામાં આવે તો તેજ ચાર કારણો ધર્મલાભ માટે ઉપયોગી થઇ જાય છે. એજ વાત "**१ आरामगयं वा उज्जाणगयं वा**" વગેરે ચાર સૂત્રો વડે પ્રગટ કરવામાં આવી છે.

આ રીતે ધર્મ અપ્રાપ્તિ અને ધર્મ પ્રાપ્તિના કારણોનું સ્પષ્ટીકરણ કરીને હવે કેશીકુમાર શ્રમણ ચિત્રસારથીની સામે આ વાત કહે છે કે પ્રદેશી રાજા કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મના અપ્રાપ્તિના કારણોથી યુકત છે. એથી હું તેને કેવી રીતે ધર્મનો ઉપદેશ કરૂં. એજ વાત કેશિકુમારશ્રમણ ચિત્રસારથીને આ પ્રમાણે કહે છે-"**तुज्झं च णं चित्ता ! पएसी राया**" વગેરે મૂલાર્થમાંજ ટીકાર્થ પ્રમાણે જ આ બધાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. એથી અહીં ફરી અર્થ લખવામાં આવ્યો નથી. ॥સૂ. ૧૨૩॥

'**त एणं से चित्ते सारही**' इत्यादि ।

સૂત્રાર્થ—(**त एणं**) ત્યાર પછી (**से चित्ते सारही**) તે ચિત્ર સારથિએ **केसिकुमारसमणं एवं वयासी**) કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે વિનંતી કરતાં કહ્યું-(**एवं खलु भंते ! अण्णया कयाइं कंबोएहिं चत्तारि आसा उवणयं उवणीया**) હે ભદંત ! કોઇ એક વખતે કંબોજ દેશવાસીઓએ ચાર ઘોડાઓ પ્રદેશી રાજાને ભેટ મોકલ્યા હતા. (**ते मए पएसिस्स रण्णो अण्णया चेव उवणीया**) તે ઘોડાઓને મેં પ્રદેશી રાજા સામે ભેટરૂપમાં અર્પિત કરી દીધા છે. (**त एएणं खलु भंते ! कारणेणं अहं पएसिं रायं देवाणुप्पियाणं अंतिए हव्वमाणेस्सामि**) એથી હે ભદંત ! પ્રદેશી રાજાને આપ દેવાનુપ્રિયની પાંસે જલ્દી જ ઉપસ્થિત કરીશ.

(तं माणं देवाणुप्पिया! तुब्भे पएसिस्स रन्नो धम्ममाइक्खमाणा गिलाएज्जाह) તો હે દેવાનુપ્રિય! આપશ્રી તે પ્રદેશી રાજાને જિનોક્ત ધર્મનો ઉપદેશ કરતાં ગ્લાનિ અનુભવશો નહિ. (अगिलाए णं भंते! तुब्भे पएसिस्स रन्नो धम्ममाइक्खेज्जाह) પરંતુ હે ભદંત! આપશ્રી તે પ્રદેશી રાજાને અગ્લાનિભાવથી જ ધર્મોપદેશ કરશો. (छंदेणं भंते! तुब्भे पएसिस्स रण्णो धम्ममाइक्खेज्जाह) તેમજ હે ભદંત! આપશ્રી પોતાની ઇચ્છા મુજબ જ પ્રદેશી રાજાને ધર્મોપદેશ કરશો. તેની ઇચ્છા પ્રમાણે નહિ. (तएणं से केसीकुमारसमणे चित्तं सारहिं एवं वयासी) ત્યારે તે કેશીકુમાર શ્રમણે તે ચિત્રસારથિને આ પ્રમાણે કહ્યું. (अवियाइं चित्ता जाणिस्सामो) હે ચિત્ર! ઉચિત અવસર આવશે ત્યારે જોઈ લઈશું તમો કહો છો તે મુજબ મારી પણ તેમને ઉપદેશ કરવાની ભાવના છે જ. (तएणं से चित्ते सारही केसिं कुमारसमणं वंदइ, नमंसइ, जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ) ત્યાર પછી ચિત્રસારથિએ કેશિકુમારશ્રમણને વંદના કરી નમસ્કાર કર્યા અને પછી તે ચાર ઘંટોથી યુક્ત અશ્વરથ હતો. ત્યાં આવ્યો. (चाउग्घंटं आसरहं दुरुहइ जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए) ત્યાં પહોંચીને તે પોતાના ચાર ઘંટોવાળા અશ્વરથ પર સવાર થઇ ગયો અને જે દિશા તરફથી તે આવેલ હતો તેજ દિશા તરફ પાછો જતો રહ્યો.

ટીકાર્થ:—ચિત્રસારથિએ કેશીકુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું–હે ભદંત! કોઇ એક વખતે મારી પાસે કંબોજ દેશવાસીઓએ રાજાને ભેટમાં આપવા માટે ઘોડાઓ મોકલ્યા હતા. તેજ દિવસે તે ઘોડાઓને પ્રદેશી રાજાને મે અર્પિત કરી દીધા. આમ તેમની અમારી સાથે મિત્રતા છે. એથી જ હું ઈચ્છું છું કે આપશ્રી તેમને જિન પ્રતિપાદિત ધર્મનો ઉપદેશ કરો. તેમને હું આપશ્રીની પાસે જલદી લાવીશ. ઉપદેશ આપવામાં આપશ્રી પોતાની ઇચ્છા મુજબ ધર્મની વાતો પ્રદેશી રાજાને સંભળાવજો.

ચિત્રસારથિનું આ પ્રમાણે કથન સાંભળીને કેશીકુમાર શ્રમણે તેને આમ કહ્યું કે હે ચિત્ર! ઉચિત અવસર આવશે ત્યારે જોઇ લઇશુ. મારી એવી ઇચ્છા છે કે હું તેને જિનેંદ્ર પ્રતિપાદિત ધર્મનો ઉપદેશ કરૂં. કેશીકુમાર શ્રમણની આ જાતની ભાવના જાણીને ચિત્રસારથિએ તેમને વન્દન કર્યાં અને ત્યારપછી પોતાના રથ પર સવાર થઇને પોતાના નિવાસસ્થાને પાછો આવતો રહ્યો. ।।સૂ. ૧૨૪।।

'तए णं से चित्ते सारही' इत्यादि।

સૂત્રાર્થઃ—(**तए णं**) ત્યાર પછી (**से चित्ते सारही**) તે । **कल्लं पाउप्पभायाए रयणीए**) બીજા દિવસે જ્યારે રાત્રી પ્રાતઃકાલના રૂપમાં પરિણુત થઇ ગઇ અને (**फुल्लुप्पलकमलकोमलुम्मिलियम्मि अहापंडुरे पभाए कयनियमावस्सए**) કમળો વિકાસ પામ્યાં તેમજ નિયમ અને આવશ્યક કૃત્યો જેમાં લોકો વડે પૂરા કરવામાં આવ્યા. એવું પીતધવલ પ્રભાત જયારે થયું (**सहस्सरस्सिम्मि दिणयरे तेयसा जलंते साओ गिहाओ णिग्गच्छइ**) અને સહસ્ર કિરણોવાળો સૂર્ય જયારે પોતાના તેજથી પ્રકાશિત થવા લાગ્યા. પોતાના ઘરેથી નીકળ્યો. (**जेणेव पएसिस्स रण्णो गिहे जेणेव पएसी राया, तेणेव उवागच्छइ**) નીકળીને તે જ્યાં પ્રદેશી રાજાનું ગૃહ હતું અને તેમાં પણ જ્યાં તે પ્રદેશી રાજા હતો ત્યાં ગયો. (**पएसिं रायं करयल जाव कट्टु जएणं विजएणं वद्धावेइ**) ત્યાં જઇને તેણે પ્રદેશી રાજાને બન્ને હાથ જોડીને નમ્રતાપૂર્વક પ્રણામ કર્યાં અને જયવિજયના શબ્દોનું ઉચ્ચારણ કરીને તેને વધામણી આપી. (**एवं वयासी**) વધામણી આપી. તેણે તેને આ પ્રમાણે કહ્યું. (**एवं खलु देवाणुप्पियाणं कंबोएहिं चत्तारि आसा उवणयं उवणीया**) કંબોજ દેશના નાગરિકોએ આપ દેવાનુપ્રિય માટે ચાર ઘોડાઓ ભેટ રૂપમા મોકલ્યાછે. (**ते य मए देवाणुप्पियाणं अण्णया चेव विणइया**) તે ઘોડાઓને મે તેજ દિવસે આપશ્રીના માટે યોગ્ય શિક્ષિત બનાવી દીધા છે. (**तं एह णं सामी तं आसे आइड्डिए पासइ**) એથી આપ પધારો અને સ્વકીય પ્રશસ્ત ગતિ વગેરે શકિતઓ

થી યુકત થયેલા તે ઘોડાઓનું નિરીક્ષણ કરો. (**तएणं से पएसी राया चित्तं सारहिं एवं वयासी**) ત્યારે તે પ્રદેશી રાજાએ ચિત્રસારથીને આ પ્રમાણે કહ્યું. (**गच्छहि णं तुमं चित्ता! तेहिं चेव चउहिं आसेहिं आसरहं जुत्तामेव उवट्ठवेहि जाव पच्चप्पिणाहि**) હે ચિત્ર! તમે જાઓ અને તે કંબોજદેશના નાગરિકોથી પ્રાપ્ત થયેલા ચારેચાર ઘોડાઓને રથમાં જોડીને તે અશ્વરથ અહીં ઉપસ્થિત કરો. અને તે પછી મને આ વાતની ખબર આપો. (**त एणं से चित्ते सारही पएसिणा रन्ना एवं वुत्ते समाणे हट्ठतुट्ठ जाव हियए उवट्ठवेइ एयमाणत्तियं पच्चप्पिणइ**) આ પ્રમાણે પ્રદેશી રાજા વડે આજ્ઞાપિત થયેલો તે ચિત્રસારથિ ખૂબજ હૃષ્ટતુષ્ટ હૃદયવાળો થયો અને તેણે ચારેચાર ઘોડાઓથી સજજ કરીને અશ્વરથ ત્યાં રાજાની સેવામાં ઉપસ્થિત કર્યો. અને ત્યાર પછી તેની ખબર રાજાની પાસે પહોંચાડી. (**तए णं से पएसी राया चित्तस्स सारहिस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठ जाव अप्पमहग्घाभरणालंकियसरीरे साओ गिहाओ णिग्गच्छइ**) ત્યારપછી પ્રદેશી રાજા ચિત્ર સારથિની અશ્વરથ ઉપસ્થિત થઇ જવાની વાત સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને ખૂબજ હર્ષિત અને તુષ્ટ ચિત્તવાળો થયો તેણે તેજ ક્ષણે પોતાના શરીર પર બહુમૂલ્ય તેમજ અલ્પભારવાળાં આભૂષણો ધારણ કર્યા અને જલ્દી તે પોતાના મહેલથી બહાર નીકળ્યો. (**जेणामेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ**) બહાર-નીકળીને તે ત્યાં આવ્યો કે જ્યાં ચાર ઘંટવાળો અશ્વરથ સુસજ્જ થઈને ઉભો હતો. (**चाउग्घंटं आसरहं दुरूहइ, सेयंवियाए नयरीए मज्झं मज्झेणं णिग्गच्छइ**) ત્યાં પહોંચીને તે ચાર ઘંટોવાળા તે અશ્વરથ પર બેસી ગયો અને ત્યારપછી તે શ્વેતાંબિકા નગરીના ઠીક મધ્યવાળા રાજમાર્ગ પર થઈને નીકળ્યો. (**त एणं से चित्तो सारही तं रहं णेगाइं जोयणाइं उब्भामेइ**) ત્યારપછી તે ચિત્રસારથિએ તે રથને ઘણા યોજનો સુધી બહુજ તીવ્રવેગથી ચલાવ્યો. (**तए णं से पएसी राया उण्हेण य तण्हाए य रहवाएणय परिकिलंते समाणे चित्तं सारहिं एवं वयासी**) તેથી તે પ્રદેશી રાજા તાપથી, તરસથી અને રથની તીવ્રગતિને લીધે. સામેથી અથડાતા પવનથી ખિન્ન થઇ ગયો. એથી તેણે ચિત્ર સારથિને આ પ્રમાણે કહ્યું. (**चित्ता! परिकिलंते मे सरीरे परावत्तेहिं, रहं**)

હે ચિત્ર ! મારૂં શરીર શ્રમયુકત થઇ ગયું છે, એથી તમે રથને પાછો વાળી લો. (**त एणं से चित्ते सारही रहं परावत्तेइ; जेणेव मियवणे उज्जाणे तेणेव उवागच्छइ**) ત્યારે તે ચિત્ર સારથિએ રથને પાછો વાળી લીધો અને જ્યાં મૃગવન નામે ઉદ્યાન હતું તે તરફ રથને હાંકયો. (**पएसिं राय एयं वयासी**) ત્યાં પહોંચીને તેણે પ્રદેશી રાજાને આમ કહ્યું. (**एस णं सामी मियवणे-उज्जाणे एत्थ णं आसाणं समं किलामं सम्मं अवणेमो**) હે સ્વામિન્ ! આ મૃગવન નામે ઉદ્યાન છે. અહીં રોકાઇને હું ઘોડાઓના થાકને અને ખિન્નતાને સારી રીતે મટાડી લઉં છું. (**त एणं से पएसी राया चित्तं सारहिं एवं वयासी**) ત્યારે પ્રદેશી રાજાએ ચિત્ર સારથિને આ પ્રમાણે કહ્યું. (**एवं होउ चित्ता**) હે ચિત્ર ! સારૂં તમે ભલે આમ કરો.

ટીકાર્થ—ત્યારપછી બીજા દિવસે રાત્રી પૂરી થતાં તેમજ સવાર થતાં જ ચિત્ર સારથિ પોતાના ઘેરથી નીકળ્યો. એવો અર્થ અહીં કરવો ઘટે છે. તે જયારે પોતાના ઘેરથી નીકળ્યો તે વખતે કમળો વિકસિત થઇ ચૂકયાં હતાં. અથવા કમલ હરિણ (મૃગ) વિશેષના નેત્રો નિદ્રા રહિત થઇ જવાથી ઉઘડી ચૂકયાં હતાં. પ્રભાતનો વર્ણ પીતધવલ થઇ ચૂકયો હતો. લોકોએ-ધાર્મિક માણસોએ-૧૪ નિયમોને ધારણ કરી લીધા હતા અને રાત્રિક પ્રતિક્રમણ પણ કરી લીધું હતું. તે ૧૪ નિયમો આ પ્રમાણે છે.

'सच्चित्तं दव्व' इत्यादि.

તેમજ સહસ્રકિરણ સંપન્ન સૂર્ય પણ પોતાના તેજથી દેદીપ્યમાન થઇ ચૂકયો હતો ઘેરથી નીકળીને સારથિ પ્રદેશી રાજાની પાસે ગયો. ત્યાં પહોંચીને તેણે પ્રદેશી રાજાને બંને હાથ જોડીને નમસ્કાર કર્યા તેમને વધામણી આપી અને પછી આ પ્રમાણે કહ્યું. કે આપ દેવાનુપ્રિય માટે કંબોજદેશના નાગરિકોએ જે ચાર ઘોડાઓ ભેટરૂપમાં મોકલ્યા હતા તેમને તેજ દિવસે આપશ્રી માટે સુશિક્ષિત કરી દીધા છે. એથી આપ પધારીને તેમનું નિરીક્ષણ કરી લો આ પ્રમાણે ચિત્રસારથિનું કથન સાંભળીને પ્રદેશી રાજાએ તેને કહ્યું. કે તમે સત્વરે તે ઘોડાઓને રથમાં જોતરીને અહીં ઉપસ્થિત કરો. ચિત્ર સારથિએ તે પ્રમાણે જ કામ પુરૂં કર્યું જ્યારે રથ તૈયાર થઇ જવાની ખબર રાજાની પાસે પહોંચાડવામાં આવી ત્યારે તે રાજા તે રથમાં બેસી ગયો. રાજા જયારે સવાર થઇ

ગયા ત્યારે ચિત્ર સારથિએ તે રથને શ્વેતાંબિકા નગરીની મધ્યમાર્ગમાંથી થઇને હાંકયો. આ પ્રમાણે તે રથ જ્યારે શ્વેતાંબિકા નગરીથી બહાર નીકળી ગયો ત્યારે ઘણા યોજનો સુધી તે રથને તીવ્ર વેગથી ચલાવ્યો કે જેથી તે પ્રદેશી રાજા પરિકલાંત થઇ ગયો, તાપથી તપી ગયો અને તરસની વેદનાથી વ્યાકુળ થઇ ગયો. રાજાએ સારથિને તરત જ રથ પાછો વાળવાનો આદેશ આપ્યો. સારથિએ રાજાની આજ્ઞા પ્રમાણે રથને પાછો વાળી લીધો અને મૃગવન ઉદ્યાનની તરફ તે રથને લઇ ગયો. ત્યાં પહોંચીને સારથિએ ઘોડાઓનો વિશ્રાંતિ આપવા માટે રથ ને ઉભો રાખ્યો અને પ્રદેશી રાજાને ત્યાં રોકાઇને ઘોડાઓના રસ્તાના થાકને દૂર કરવાની વાત કરી. પ્રદેશી રાજાએ પણ તેની વાત માની લીધી, ॥સૂ. ૧૨૫॥

'तएणं से चित्ते सारही' इत्यादि ।

સૂત્રાર્થઃ—(तएणं से चित्ते सारही जेणेव मियवणे उज्जाणे, जेणेव केसिस्स कुमारसमणस्स अदूरसामंते तेणेव उवागच्छइ) ત્યાર પછી તે ચિત્ર સારથિ તે મૃગવન ઉદ્યાનમાં સ્થિત કેશિકુમારશ્રમણની પાસે રથને લઇ ગયો. (तुरए णिगिण्हइ) ત્યાં પહોંચતાં જ તેણે ઘોડાઓને ઉભા રાખ્યા. (रहं ठवेइ) અને રથને થોભાવ્યો. (रहाओ पच्चोरुहइ) રથ જ્યારે ઉભો રહી ગયો ત્યારે તે રથમાંથી નીચે ઉતર્યો. (तुरए मोएइ) નીચે ઉતરીને ઘોડાઓને રથમાંથી મુકત કર્યા. (पएसिं रायं एवं वयासी) ત્યાર પછી તેણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– (एह णं सामी ! आसाणं समं किलामं सम्मं अवणेमो) હે સ્વામિન્! રથ ઉભો થઇ ચૂકયો છે. આપ નીચે ઉતરો. હું અહીં ઘોડાઓના શ્રમને અને તેમની માનસિક ગ્લાનિ ને સારી રીતે દૂર કરી દઉં. (तए णं से पएसी राया रहाओ पच्चोरुहइ) સારથિના આ કથનથી તે પ્રદેશી રાજા રથમાથી નીચે ઉતર્યો. (चित्तेण सारहिणा सद्धिं आसाणं समं किलामं सम्मं अवणेमाणे पासइ) નીચે ઉતરીને તેણે ચિત્રસારથિની સાથે ત્યાં ઘોડાઓનાં શ્રમ અને કલમ સારી રીતે દૂર કરતાં તેમજ વિશ્રામ કરતાં તે તરફ જોયું (जत्थ केसिकुमारसमणं महइमहालियाए परिसाए मज्झगयं महया सद्देणं धम्ममाइक्खमाणं पासित्ता इमेयारूवे अज्झत्थिए जाव

समुप्पज्जित्था) કે જે તરફ એક વિશાળ પરિષદાની વચ્ચે બેઠેલા કેશીકુમારશ્રમણ બહુ મોટા સ્વરે ધર્મનું વ્યાખ્યાન કરી રહ્યા હતા. આ પ્રમાણે તેમને જોઇને તેને આ જાતનો આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે (जड्डा खलु भो! जड्डं पज्जुवासंति, मुंडा खलु भो मुंडं पज्जुवासंति) અરે! જે લોકો જડ હોય છે, તેઓ જડને સેવે છે અને જે લોકો મુંડ હોય છે. તેઓ મુંડની સેવા કરે છે. (मूढा खलु भो मूढं पज्जुवासंति) તેમજ જે લોકો મૂઢ હોય છે તેઓ મૂઢની સેવા કરે છે. (अपंडिया खलु भो अपंडियं पंज्जुवासंति) જેઓ અપંડિત હોય છે તેઓ અપંડિતોને સેવે છે. (निव्विण्णाणा खलु भो! निर्विण्णाणं पज्जुवासंति) જેઓ વિશિષ્ટ જ્ઞાનથી રહિત છે, તે વિશિષ્ટ જ્ઞાન રહિતને સેવે છે. (से केस णं एस पुरिसे जड्डे, मुंडे, मूढे, अपंडिए, निव्विण्णाणे सिरोए हिरीए उवगए उत्तप्पसरीरे) પણ આ કેવો પુરૂષ છે કે જે જડ, મુંડ, મૂઢ, અપંડિત, નિર્વિજ્ઞાન હોવા છતાં શ્રી તેમજ હ્રી થી યુકત છે. (उत्तप्पसरीरे) શરીરની કાંતિથી સંપન્ન છે. (एस णं पुरिसे किमाहारमाहारेइ) આ પુરૂષ કંઇ જાતનો આહાર કરે છે? (किं परिणामेइ) કેવી રીતે ખાધેલા ભોજનને પરિણમાવે છે? (किं खायइ, किं पियइ, किं दलइ, किं पयच्छइ) કંઇ જાતની રૂચિની વસ્તુનો આ આહાર કરે છે? કઇ જાતની રૂચિની વસ્તુનું આ પાન કરે છે? લોકોને આ શું આપે છે? વિશેષરૂપથી આ શું લોકોના માટે વિતરિત કરે છે? (जं णं एस ए महालियाए मणुस्सपरिसाए मज्झगए महया सद्देणं बूयाइ) જો કે આ પુરૂષ આટલી મોટી લોક પરિષદોની વચ્ચે બેસીને બહુ મોટા સાદે બોલે છે? (एवं संपेहेइ) આ પ્રમાણે તેણે વિચાર કર્યો (चित्तं सारहिं एवं वयासी) આમ વિચાર કરીને પછી તેણે ચિત્ર સારથિને આ પ્રમાણે કહ્યું-(चित्ता ! जड्डा खलु भो जड्डं पज्जुवासंति, जाव बूयाइ, साए वि य णं उज्जाणभूमीए नो संचाएमि सम्मं पकामं पवियरित्तए) હે ચિત્ર! જડ જડને સેવે છે યાવત્ આ બહુ મોટા સાદે બોલી રહ્યો છે. હું પોતે પણ આ ઉદ્યાનભૂમિમાં સ્વસ્થતાપૂર્વક સારી રીતે હરી ફરી શકતો નથી.

ટીકાર્થ:—ત્યારપછી તે ચિત્ર સારથિ મૃગવન નામે ઉદ્યાનમાં પહોંચીને કેશી-કુમાર શ્રમણ જ્યાં વિરાજમાન હતા તેની પાસે પહોંચ્યો. તે સ્થાન કેશીકુમાર શ્રમણથી વધારે દૂર પણ નહિ તેમજ વધારે નજીક પણ નહિ હતું ત્યાં પહોંચીને તેણે ઘોડાઓને ઉભા રાખ્યા અને રથને થોભાવ્યો. તેમજ પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું કે હે સ્વામિન્! પધારો, અહીં આપણે થોડા સમય સુધી રોકાઇને ઘોડાઓના માર્ગ જન્ય શારીરિક ખેદને અને માનસિક ગ્લાનિને સારી રીતે દૂર કરવા યત્ન કરીએ આ પ્રમાણે વિચાર કરીને તે પ્રદેશી રાજા રથ પરથી નીચે ઉતર્યો અને ચિત્ર સારથિની સાથે ત્યાં ઘોડાઓના અને પોતાના થાકને તેમજ કલમ–માનસિક ગ્લાનિ–ને સારી રીતે દૂર કરતાં તથા વિશ્રામ કરતાં આમતેમ જોવા લાગ્યો. જોતાં જોતાં તેમની નજર અતિ વિશાળ પરિષદાની વચ્ચે બેસીને મોટા સાદે તે પરિષદોને જિનપ્રબોધિત ધર્મની પ્રરૂપણા કરતા તે કેશિકુમારશ્રમણ પર પડી. તેમને જોઇને તેમના મનમાં આ જાતનો સંકલ્પ–વિચાર–ઉદ્ભવ્યો. અહીં યાવત્ પદથી સંકલ્પના આધ્યાત્મિક, ચિંતિત, કલ્પિત, પ્રાર્થિત, મનોગત આ બધા વિશેષણો ગ્રહણ કરવામાં આવ્યાં છે. આ બધા વિશેષણોની સાર્થકતા આ પ્રમાણે સમજવી. આ વિચાર તેના આત્મામાં પહેલાં અંકુરના રૂપમાં જન્મ્યો. તેથી તે આધ્યાત્મિક થયો. ત્યારપછી તે વારંવાર સ્મરણરૂપ હોવા બદલ ચિંતિત રૂપ થઇ ગયો. એટલે કે આ મુંડ છે, આ મૂઢ છે આ પ્રમાણે વારંવાર સ્મૃતિમાં આવવાથી આ વિચાર દ્વિપત્રિત અંકુરની જેમ ચિંતિતરૂપ થઇ ગયો. પછી તેજ વિચાર આ મુંડિત જ છે અન્ય નહિ, આ પ્રમાણે નિશ્ચયાપન્ન હોવા બદલ પલ્લવિત થયેલા અંકુરની જેમ પ્રાર્થિત થઇ ગયો. **"अयमपण्डित एव निश्चयेन"** ત્યાર પછી આ જાતનો નિશ્ચય થઇ જવાથી આ નિયમતઃ અપંડિત જ છે આ વિચાર પુષ્પિત અંકુરની જેમ ઇષ્ટ રૂપથી સ્વીકૃત થઇ જવા બદલ પુષ્પિત થઇ ગયો. ત્યાર બાદ 'આ વિજ્ઞાન રહિત છે.' આ પ્રમાણે મનમાં દૃઢરૂપમાં નિશ્ચિત થઇ જવાથી આ

મનોગત થઇ ગયો. તાત્પર્ય એ છે કે અહીં વિચારના આ વિશેષણોથી અનુક્રમે તે પછીના વિચારોની પુષ્ટિ જ થાય છે. જેમ અંકુર પહેલાં જામે છે. ત્યારપછી તે પત્રિત થાય છે, પછી પુષ્પિત થાય છે અને છેવટે ફલિત થાય છે તેમજ અહીં પણ તેનો વિચાર અનુક્રમે અધિકાધિક પુષ્ટ જ થતો જાય છે. આ વાતને 'जड्डा' વગેરે પદો વડે પ્રકટ કરવામાં આવી છે. ઉદ્યોગ રહિત હોવા બદલ જે જડ–આળસુ–હોય છે અથવા તો જે કર્તવ્યાકર્તવ્યરૂપ વિવેકથી રહિત હોવા બદલ વિવેક વિકલ છે, તે જ આ જડ પુરુષની ઉપાસનાં–સેવા કરે છે. તેમજ જેઓ એના જેવા જ મુંડ–અનાવૃત મસ્તકવાળા–નિર્લજ્જ છે તે જ આ મુંડિત મસ્તરવાળાઓની સેવા કરે છે તેમજ જેઓ હેયોપાદેયના જ્ઞાનથી રહિત મૂઢ જન છે તે જ આ વિવેક-રહિત પુરુષને સેવે છે. તત્ત્વજ્ઞાનરહિત હોવાથી જે વ્યાવહારિક બુદ્ધિથી વિકલ છે, તે જ આ તત્ત્વજ્ઞાન શૂન્ય અપંડિતને સેવે છે. તેમજ બુદ્ધિહીન હોવાથી જે વિશિષ્ટ-જ્ઞાનથી રહિત છે તેઓજ આ સદ્બોધ રહિત પુરુષની સેવા કરે છે. આ કંઈ જાતની વ્યકિત છે કે જે જડ, મુંડ, મૂઢ, અપંડિત અને નિર્વિજ્ઞાન હોવા છતાં પણ મહતિ-મહાલય પરિષદા એટલે કે વિશાળ સભામાં શોભાથી અને કુચેષ્ટા વર્જનરૂપ લજ્જાથી યુકત થયેલો છે તેમજ શરીરકાંતિથી દીપ્યમાન થઇ રહ્યો છે. આનું શું કારણ છે? શું તે આ જાતનો આહાર કરે છે કે જે એના શરીરમાં એવી કાંતિ ઉત્પન્ન કરે છે એજ વાત તે 'कं आहारं आहारयति' વગેરે પદો વડે બતાવે છે. આ કઇ જાતનો આહાર ગ્રહણ કરે છે? તેમજ કઇ જાતના ભુકત ભોજનને આ પરિણમાવે છે? આ કઈ જાતની રુચિર વસ્તુનો આહાર કરે છે? કેવા રુચિર પાનપદાર્થને આ પીવે છે? આ પુરુષ આ બધાને શું આપી રહ્યો છે.? વિશેષરૂપથી આ બધા એકત્ર થયેલા લોકોને આ શું આપી રહ્યો છે? કે જે આ બહુ મોટી વિશાળ પરિષદાની વચ્ચે બેસીને બહુ મોટા સ્વરથી બોલી રહ્યો છે આ પ્રમાણે તેણે વિચાર કર્યો ત્યાર-પછી તે પ્રકટરૂપમાં ચિત્ર સારથિને આ પ્રમાણે કહેવા લાગ્યો. કે હે ચિત્ર! જડ-જડની ઉપાસના કરે છે વગેરે. અહીં યાવત્ શબ્દથી પૂર્વોકત બધું કથન–કે જે આ મોટા સાદે મનુષ્ય પરિષદાની વચ્ચે બોલી રહ્યું છે. અહીં સુધીનું ગ્રહણ કરવું જોઇએ. એથી જ હું આ મારી જ ઉદ્યાન ભૂમિમાં સારી રીતે હરીફરી શકતો નથી. ।।સૂ. ૧૨૬।।

'तए णं से चित्ते सारही' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं से चित्ते सारही पएसिरायं एवं वयासी) ત્યારે

ચિત્ર સારથિએ પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું (एस णं सामी ! पासावच्चिज्जे केसी नामं कुमारसमणे जाइसम्पण्णे जाव चउनाणोवगए) હે સ્વામિન્ ! આ આપણી સામે કેશીકુમાર શ્રમણ છે. કે જેઓ પાર્શ્વનાથની શિષ્યપરંપરામાં ઉત્પન્ન થયા છે. એમણે કુમારાવસ્થામાં જ સંયમ ગ્રહણ કર્યો છે. એથી જ એમને કુમાર-શ્રમણ કહેવામાં આવ્યા છે. એઓ જાતિસંપન્ન છે, યાવત્ કુલસંપન્ન છે, વગેરે પહેલા કહેવાયેલાં વિશેષણોથી યુકત છે. આ બધા વિશેષણોનો અર્થ પહેલાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેથી અહીં ફરી કહેવામાં આવ્યો નથી, એઓ મતિજ્ઞાન, શ્રુત-જ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનના અધિપતિ છે, ચાર જ્ઞાનધારી છે. (अधोऽवहिए अण्णजीविए) એમનું જે અવધિજ્ઞાન છે તે પરમાવધિથી થોડું જ કમ છે. એમનુ જીવન પ્રાસુક એષણીય અન્નપાનથી છે. એટલે કે એ ઓ પ્રાસુક એષણીય આહાર ગ્રહણ કરે છે. ઉદ્‌ગમ વગેરે દોષોથી દૂષિત આહાર એઓ ગ્રહણ કરતા નથી
तए णं से पएसी राया चित्तं सारहिं एवं वयासी) ત્યારે પ્રદેશી રાજાએ ચિત્ર સારથિને આ પ્રમાણે કહ્યું. (आहोहियं णं वयासी चित्ता ! अण्णजीवियत्तं णं वयासी चित्ता?) હે ચિત્ર ! જો તમે આ પ્રમાણે કહો છો કે એમનું અવ-ધિજ્ઞાન પરમાવધિ કરતાં થોડું જ અલ્પ છે તેમજ એઓ પ્રાસુક એષણીશ આહાર જ ગ્રહણ કરે છે તો શું આ વાત સાચી છે? (हंता सामी! आहोहियं णं वयामि अण्णजीवियत्तं णं वयामी) હાં સ્વામિન્ ! હું સાચી વાત કહું છું. એમનું અવધિજ્ઞાન પરમાવધિ કરતાં થોડું કમ છે અને એઓ પ્રાસુક એષણીય આહાર ગ્રહણ કરે છે. (अभिगमणिज्जे णं चित्ता ! एस पुरिसे) તો હે ચિત્ર ! આ પુરુષ અભિગમનીય છે એટલે કે ઓળખાણ કરવા યોગ્ય છે. (हंता सामी ! अभिगमणिज्जे) હાં સ્વામિન્ ! એઓ આપના માટે અભિગમનીય છે એટલે કે ઓળખાણ કરવા યોગ્ય છે. (अभिगच्छामो णं चित्ता! अम्हं एयं पुरिसं)તો હેચિત્ર! હું એમની સાથે ઓળખાણકરું? (हंता सामी अभिगच्छामी) હા સ્વામિનૂ તમે એમની સાથે ઓળખાણ કરી લો.

આ સૂત્રનો ટીકાર્થ મૂલાર્થ પ્રમાણે જ છે. વિશેષતા ફકત 'अण्णजीवियत्त' પદમાં છે. આનો એક અર્થ તો મૂલાર્થમાં જ લખવામાં આવ્યો છે. અને બીજો

અર્થ 'अन्यजीवित' આ 'છાયાપક્ષ'માં આ પ્રમાણે થાય છે. કે સર્વવિરતિયુકત હોવાથી અથવા જીવનમરણની અશંસાથી રહિત હોવાથી એમનું જીવન બીજાઓના માટે જ છે પોતાના માટે નહિ. ॥ સૂ. ૧૨૭ ॥

'तए णं से पएसी राया चित्तेण सारहिणा सद्धिं' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं) ત્યારપછી (से पएसी राया चित्तेण सारहिणा सद्धि) તે પ્રદેશી રાજા ચિત્ર સારથીની સાથે (जेणेव केसि कुमारसमणे तेणेव उवागच्छइ) જ્યાં કેશિકુમાર શ્રમણ હતા ત્યાં ગયા. (केसिस्स कुमारसमणस्स अदूरसामंते ठिच्चा एवं वयासी) ત્યાં જઇને તે કેશિકુમાર શ્રમણથી એવા સ્થાને ઉભા રહ્યા કે જે સ્થાન તેમનાથી વધારે દૂર પણ નહિ હતું અને વધારે નજીક પણ નહિ હતું ત્યાં ઉભા ઉભા જ તેણે તેમને આ પ્રમાણે કહ્યું. (तुब्भे णं भंते ! आहोहिया अण्णजीविया) હે ભદંત! આપતું જ્ઞાન–પરમાવધિ કરતાં થોડું કમ છે? અને આપ પ્રાસુક એષણીય આહાર જ ગ્રહણ કરો છો? (तए णं केसीकुमारसमणे पएसिं रायं एवं वयासी) ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું (पएसी ! से जहाणामए अंकवाणियाइ वा, संखवाणियाइ वा, दंतवाणियाइ वा, सुंकं भंसिउंकामा णो सम्मं पंथं पुच्छंति) હે પ્રદેશિન્! જેમ અંકરત્નના વહેપારી, કે શંખરત્નના વહેપારી કે દન્તના વહેપારી (શંખ શુભ પણ ગણાય છે તેથી અહીં તેને રત્નરૂપે ઉલ્લેખવામાં આવ્યો છે) રાજકર આપવાની ઇચ્છા ન ધરાવતા ત્યાંથી જવાના સારા માર્ગો માટે પૂછપરછ કરતા નથી (एवामेव पएसी तुब्भे वि वि यणं भंसेउकामो नो सम्मं पुच्छसि) આ પ્રમાણે હે પ્રદેશિન્! વિનયરૂપ પ્રતિપત્તિને ન આચરતાં તમોએ પણ આ વાત શિષ્ટભાવથી–નમ્રતાથી–પૂછી નથી. (से णूणं तव पएसी ममं पासित्ता अयमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था) હે પ્રદેશિનૂ મને જોઇને તમને આ પ્રમાણેનો આધ્યાત્મિક યાવત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો છે કે (जड्डा खलु भो ! जड्डं पज्जुवासंति जाव पवियरित्तए) જડ પુરુષો જડને સેવે છે યાવત્ હું આ મારી પોતાની ઉદ્યાન ભૂમિમાં પણ સારી રીતે આરામથી ફરી શકતો નથી. (से णूणं पएसी ! अट्ठे समत्थे ?) હે પ્રદેશિન! બોલો હું બરાબર કહું છું ને? (हंता, अत्थि)હાં, આપ ઠીક કહો છો.

ટીકાર્થ—આ સૂત્રનો ટીકાર્થ સ્પષ્ટ જ છે. અહીં 'इति' શબ્દ વાક્યાલંકારમાં અને 'वा' શબ્દ સમુચ્ચય અર્થમાં વપરાયેલ છે. તેમજ 'तद् यथा' પદ દૃષ્ટાન્તમાં આવેલ છે. ઉપલક્ષણ થી અહીં બધા રત્નના વેપારીઓનું ગ્રહણ સમજવું જોઇએ. યાવત્ પદથી સંકલ્પના કલ્પિત, પ્રાર્થિત, ચિન્તિત અને મનોગત એ વિશેષણો ગ્રહણ કરવા. જોઇએ 'पज्जुवासंति जाव' ના યાવત્ પદથી પૂર્વગત સમસ્ત પાઠનું ગ્રહણ સમજવું જોઇએ. આ પાઠ ૧૨૬માં સૂત્રમાં આપેલ છે. ।।સૂ. ૧૨૮।।

'त एणं से पएसी राया' इत्यादि ।

સૂત્રાર્થ—(त एणं से पएसी राया केसिं कुमारसमणं एवं वयासी) ફરી તે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું કે (से केणं भंते ! तुज्झे चाणे वा दंसणे वा जेणं तुज्झे मम एयारूवं अज्झत्थियं जाव संकप्पं समुप्पणं जाणह पासह ?) હે ભદંત ! આપની પાસે એવું કઇ જાતનું જ્ઞાન કે દર્શન છે કે જેનાવડે આપ મારામાં ઉત્પન્ન થયેલ આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પને જાણી ગયા છો. અને જોઇ ગયા છો. (तए णं से केसीकुमारसमणे पएसिं रायं एवं वयासी) ત્યારે કેશીકુમાર શ્રમણે તે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું– (एवं खलु पएसी ! अम्हं समणाणं णिग्गंथाणं पंचविहे नाणे पण्णत्ते तं जहा–आभिणिबोहियनणे, सुयनाणे, ओहिनाणे, मणपज्जवनाणे, केवलणाणे) હે પ્રદેશિન ! અમારા શ્રમણ નિગ્રંથોના મતમાં પાંચ પ્રકારના જ્ઞાન કહેવામાં આવ્યાં

છે. જેમકે આભિનિબોધિકજ્ઞાન,-મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન. (से किं तं आभिणिबोहियनाणे) હે ભદંત ! આભિનિબોધિક જ્ઞાનનું સ્વરૂપ કેવું છે ? (आभिणिबोहियनाणे चउव्विहे पण्णत्ते) હે પ્રદેશિન્ ! આભિનિબોધિકજ્ઞાન ચાર પ્રકારનું કહેવાય છે. (तं जहा–उग्गहे १ ईहा २ अवाए ३ धारणा ४) જેમકે અવગ્રહ ૧, ઇહા ૨, અવાય ૩, અને ધારણા ૪,. (से किं तं उग्गहे) હે ભદંત ! અવગ્રહ જ્ઞાનનું સ્વરૂપ કેવું છે ? (उग्गहे दुविहे पण्णत्ते) હે પ્રદેશિન્ અવગ્રહ જ્ઞાન બે પ્રકારનું કહેવાય છે. (जहा नंदीए जाव से तं धारणा, से तं आभिणिबोहियणाणे) અવગ્રહથી માંડીને ધારણા સુધીનું સમસ્ત વિવેચન નંદીસૂત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ પ્રમાણે આ આભિનિબોધિકજ્ઞાનનું સ્વરૂપ છે ? (से किं तं सुयनाणे) હે ભદંત ! શ્રુતજ્ઞાનનું સ્વરૂપ કેવું છે ? (सुयनाणे दुविहे पण्णत्ते) હે પ્રદેશિન્ ! શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે. (तं जहा अंगपविट्ठं च अंगबाहिरियं च) જેમકે અંગ પ્રવિષ્ટ અંગબાહ્ય. (सव्वं भाणियव्वं जाव दिट्ठियाओ) આ બન્ને શ્રુતજ્ઞાનોનું વર્ણન પણ નન્દિસૂત્રમાં કરવામાં આવ્યું છે. તેથી દૃષ્ટિવાદ સુધી શ્રુતજ્ઞાનનું બધું વર્ણન ત્યાંથી જ જાણી લેવું જોઈએ. (ओहिनाणंभवपच्चइयं खओवसमियं जहा नंदीए) અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિકના ભેદથી બે પ્રકારનું કહેવાય છે. આનું વર્ણન પણ નન્દીસૂત્રમાં કરવામાં આવ્યું છે. (मणपज्जवनाणे, दुविहे पण्णत्ते) મનઃ પર્યવજ્ઞાન બે પ્રકારનું કહેવાય છે. (तं जहा उज्जुमइ य विउलमई य) જેમકે ઋજુમતિ અને વિપુલમતિ (तहेव केवलनाणं सव्वं भाणियव्वं) આ પ્રમાણે જ કેવલજ્ઞાનનું વર્ણન પણ કરવું જોઈએ. (तत्थ णं जे से आभिणिबोहियनाणे से णं मम अत्थि) આ પાંચ જ્ઞાનોમાંથી મને મતિજ્ઞાનરૂપ આભિનિબોધિકજ્ઞાન છે. (तत्थणं जे से सुयनाणे से वि य ममं अत्थि) શ્રુતજ્ઞાન પણ છે. (ओहियणाणे से विय ममं अत्थि) અવધિજ્ઞાન પણ છે. (तत्थ णं जे से मणपज्जवनाणे से विय ममं अत्थि) અને મનઃપર્યવજ્ઞાન પણ છે. (तत्थ णं जे से केवलनाणे से णं ममं नत्थि) પરંતુ મને કેવલજ્ઞાન નથી. (से णं अरिहंताणं भगवंताणं, આ કેવળજ્ઞાન અર્હન્ત ભગવન્તોને હોય છે. (इच्चेएणं पएसी ! अहं तव च उव्विहेणं छउमत्थिएणं णाणेणं इमेयारूवं अज्झत्थियं जाव संकप्पं

समुप्पण्णं जाणामि पासामि) આ પ્રમાણે હે પ્રદેશિન્ ! મેં આ છાદ્મસ્થિક ચાર પ્રકારના જ્ઞાનો વડે તમારામાં સમુત્પન્ન થયેલ સંકલ્પ જાણી લીધો છે અને જોઇલીધો છે.

ટીકાર્થ:—ત્યારપછી પ્રદેશી રાજાએ કેશીકુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું કે હે ભદંત ! આપનું જ્ઞાનદર્શન કઇ જાતનું છે. કે જેથી આપે મારામાં ઉત્પન્ન થયેલ આધ્યાત્મિક. ચિંતિત, કલ્પિત, પ્રાર્થિત અને મનોગત આ સંકલ્પ જાણી ગયા છો અને જોઇ ગયા છો ? આ પ્રમાણે પ્રદેશી રાજાના પ્રશ્નને સાંભળીને કેશીકુમાર શ્રમણે તેમને આ રીતે કહ્યું કે 'હે પ્રદેશિન ! શ્રમણ નિગ્રંથોનું જ્ઞાન પાંચ પ્રકારનું કહેવાય છે. આભિનિબોધિકજ્ઞાન ૧, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ૩, મનઃપર્યવજ્ઞાન ૪, અને કેવલજ્ઞાન ૫, આમાં આભિનિબોધિકજ્ઞાન અવગ્રહ, ઇહા, અવાય અને ધારણાના ભેદોથી ચાર પ્રકારનું કહેવાય છે અવગ્રહનું સ્વરૂપ કેવું છે ? આ જાતના પ્રશ્નના ઉત્તરમાં કેશિકુમાર શ્રમણે કહ્યું કે અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહના ભેદથી અવગ્રહના બે પ્રકારો કહેવાય છે; નંદીસૂત્રમાં અવગ્રહથી માંડીને ધારણ સુધીની સંપૂર્ણ વિગત આભિનિબોધિકજ્ઞાનના વિવરણ પ્રકરણમાં ખૂબજ સારી રીતે રજૂ કરવામાં આવી છે. નંદીસૂત્રની અમોએ '**ज्ञानचन्द्रिका**' નામે ટીકા લખી છે તેમાં આ બધી બાબતોનું સવિસ્તાર સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. તેથી વિશેષ જિજ્ઞાસુ સજ્જનો ત્યાંથી જ વાંચવા યત્ન કરે, શ્રુતજ્ઞાન પણ અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્યના ભેદથી બે પ્રકારનું કહેવાય છે. આ બાબતનું સ્પષ્ટીકરણ પણ નંદીસૂત્રમાં કરવામાં આવ્યું છે. ભવ પ્રત્યયિક અવધિ અને ક્ષાયોપશંમિક અવધિ આ પ્રમાણે અવધિજ્ઞાન બે પ્રકારનું કહેવાય છે. આ વિષેનું વર્ણન પણ ત્યાંજ કરવામાં આવ્યું છે. ઋજુમતિ અને વિપુલમતિનો ભેદથી મનઃપર્યવજ્ઞાન બે પ્રકારનું કહેવાય છે. આ વિષેનું સમસ્ત વિવરણ નંદીસૂત્રમાંથી જાણી લેવું જોઇએ. આ પ્રમાણે કેવલજ્ઞાન વિષયક સમસ્ત કથન પણ ત્યાંથી જ જાણી લેવું જોઇએ. ઉપર જણાવેલ પાંચ જ્ઞાનોમાંથી મને ચાર જ્ઞાન પ્રાપ્ત થયેલ છે. અભિનિબોધિકજ્ઞાન, (મતિજ્ઞાન) શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન મને કેવલજ્ઞાન પ્રાપ્ત થયેલ નથી. આ જ્ઞાન અર્હંત ભગવંતોને જ હોય છે. એથી હે પ્રદેશિન ! હું આ ચાર છાદ્મસ્થિક જ્ઞાનથી ઉત્પન્ન થયેલ તમારા આ અન્તઃકરણસ્થ આધ્યાત્મિક યાવત્ મનોગત સંકલ્પને જાણી ગયો છું અને જોઇ ગયો છું. ॥ સૂ. ૧૨૯ ॥

'त एणं से पएसी राया' इत्यादि ।

सूत्रार्थ—(त एणं से पएसी राया केसिं कुमारसमणं एवं वयासी) ત્યારપછી કેશીકુમારશ્રમણને તે પ્રદેશી રાજાએ આ પ્રમાણે કહ્યું-(अहं णं भंते! इहं उववि‌सामि) હે ભદંત હું આ સ્થાને બેસું? (पएसी! साए उज्जाण भूमीए तुमंसि चेव जाणए) ત્યારે કેશીકુમારશ્રમણે તે રાજાને આ પ્રમાણે કહ્યું કે હે પ્રદેશિન! આ ઉદ્યાનભૂમિના તમે જ જ્ઞાપક છો એટલે કે ઉપવેશન માટે કે અનુપવેશન માટે મારે તમને કહેવું તે અમારા સાધુકલ્પથી બહાર છે જેથી તે માટે તમે પોતેજ વિચારી લો. (तए णं से पएसी राया चित्तेणं सारहिणा सद्धिं केसिस्स कुमारसमणस्स अदूरसामंते उववि‌सइ) ત્યાર પછી તે પ્રદેશી રાજા ચિત્રસારથિની સાથે કેશિકુમારશ્રમણની પાસે-વધારે દૂર પણ નહિ-તેમજ વધારે નજીક પણ નહિ-એવા સ્થાને બેસી ગયો. (केसिकुमारसमणं एवं एयासी) અને કેશિકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું-(तुब्भे णं भंते! समणाणं निग्गंथाणं एसा सण्णा एसा पइण्णा एसा दिट्ठी, एसा रुई, एस हेऊ) હે ભદંત! આપ શ્રમણ નિર્ગ્રંથોની આ સંજ્ઞા છે, આ પ્રતિજ્ઞા છે, આ દૃષ્ટિ છે, આ રૂચિ છે, આ હેતુ છે, (एस उवएसे, एस संकप्पे एसा तुला, एस माणे. एस पमाणे, एस समोसरणे) આ ઉપદેશ છે, આ સંકલ્પ છે, આ તુલા છે, આ માણ છે, આ પ્રમાણ છે, આ સમવસરણ છે. (जहा अण्णो जीवो, अण्णं सरीरं, णो तं जीवो, तं सरीरं) કે જીવ અને શરીર જુદાંજુદાં છે. ન જીવ શરીર રૂપ છે અને ન શરીર જીવરૂપ છે. (तए णं केसीकुमारसमणे पएसिं रायं एवं वयासी) ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું કે (पएसी! अम्हं समणाणं निग्गंथाणं एसा सण्णा जाव एस समवसरणे जहा अण्णो जीवो अण्णं सरीरं, णो तं जीवो तं सरीरं) હે પ્રદેશિન્! શ્રમણ નિર્ગ્રંથોની આ

સંજ્ઞા છે, યાવત્ આ સમવસરણ છે કે જીવ અને શરીર જુદાંજુદાં છે. જીવ શરીર રૂપ નથી અને શરીર જીવરૂપ નથી.

ટીકાર્થ—મૂલાર્થ પ્રમાણે જ છે પણ ભાવાર્થ આ મુજબ છે. કેશીકુમાર શ્રમણ અને પ્રદેશી રાજાના વાર્તાલાપમાં જ્યારે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને ત્યાં બેસવાની વાત પૂછી ત્યારે રીતે કહેવું તે અમારા સાધુકલ્પથી બહાર છે. જેથી તે બાબતમાં તમોસ્વયં નિર્ણય કરો તેમ કહી. તેમની ઇચ્છા પર જ છોડી ત્યાર પછી પ્રદેશી રાજા પોતાના ઉચિત સ્થાન પર ચિત્રસારથિની પાસે બેસી ગયો. અને ત્યાં બેસીને કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું કે હે ભદંત! આપની જે આ જાતની સમ્યગ્જ્ઞાનરૂપ સંજ્ઞા છે, તત્ત્વ—નિશ્ચયરૂપ જે પ્રતિજ્ઞા છે, દર્શનરૂપ દષ્ટિ સ્વતત્ત્વ છે, શ્રદ્ધાપૂર્વક અભિલાષ રુચિ છે, દર્શનપ્રતિપાદ્ય સમસ્ત અર્થનું આપનું દર્શન કારણરૂપ હેતુ છે, શિક્ષા વાચનરૂપ ઉપદેશ છે, સંકલ્પ છે, સર્વદા તાત્ત્વિક અધ્યવસાય છે, તુલાની જેમ મેયપદાર્થની પરિચ્છેદક હોવાથી એવીજ આપની માન્યતા છે, પ્રસ્થાદિમાન જેવી આપની દઢધારણા છે, દૃષ્ટપ્રત્યક્ષ અને ઇષ્ટ અનુમાનથી અવિરોધી હોવા બદલ પ્રત્યક્ષ વગેરે પ્રમાણરૂપ આપનું મંતવ્ય છે, આપની એવી જે કથની સમવસરણરૂપ છે (એટલે કે સમવસરણમાં જેમ ઘણા લોકો આવીને એકત્ર થાય છે તેમજ તમારા સ્વીકારરૂપ સિદ્ધાન્તમાં બધા તત્ત્વો અંતર્હિત થઇ જાય છે. એથી આ સમવસરણ છે.) કે ઉપયોગ લક્ષણવાળો જીવ અન્ય છે. શરીર કરતાં જુદો છે, જુદા સ્વરૂપવાળો છે અને શરીર તેનાથી જુદું છે. (આ અન્વયમુખથી કથન છે) શરીર જીવરૂપ નથી. જીવ શરીરરૂપ નથી. (આ વ્યતિરેક મુખથી કથન છે.) તો આ બધું સત્ય છે? આ જાતના પ્રદેશી રાજાના પ્રશ્નને સાંભળીને કેશીકુમાર શ્રમણે તેને કહ્યું કે હાં પ્રદેશિન! અમારા જેવા શ્રમણ નિર્ગ્રંથોની એવી જ સંજ્ઞા યાવત્ સમવસરણ છે કે જીવ જુદો છે અને શરીર જુદું છે. જીવ શરીરરૂપ નથી અને શરીર જીવરૂપ નથી. આ પ્રમાણે બન્ને સાવ જુદા જુદા છે. ॥ સૂ૦ ૧૩૦ ॥

'त एणं से पएसी राया' इत्यादि।

सूत्रार्थ—(त एणं से पएसी राया केसिंकुमारसमण एव वयासी) त्यारे ते प्रदेशी राजाએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું કે (जइ णं भंते ! तुब्भं समणाणं निग्गंथाणं एसा सण्णा जाव समोसरणे) હે ભદંત ! જો આપ જેવા શ્રમણ નિર્ગ્રંથોની એવી સંજ્ઞા યાવત્ સમવસરણ છે કે (अण्णो जीवो अण्णं सरीरं) જીવ અન્ય છે અને શરીર અન્ય છે. (णो तं जीवो तं सरीरं) જીવ શરીરરૂપ નથી. શરીર જીવરૂપ નથી. (एवं खलु मम अज्जिए होत्था इहेव जंबूदीवे दीवे सेयंवियाए णयरीए अधम्मिए जाव सयस्स वि य णं जणवयस्स नो सम्मं करभवित्तिं पवत्तेइ) તો આ વાત જો મારા પિતામહ આવીને મને કહે તો હું આપના કથન પર વિશ્વાસ મૂકી શકું તેમ છું. એવો સંબંધ અહીં લગાવવો જોઇએ. એજ વાતને તે આ સૂત્રપાઠવડે પ્રદર્શિત કરતાં કહે છે કે આજ જંબૂદ્વીપ નામના દ્વીપમાં સ્થિત શ્વેતાંબિકા નગરીમાં મારા પિતામહ હતા. તેઓ અધાર્મિક હતા યાવત્ પોતાના પ્રજાજનો પાસેથી કર વસૂલ કરીને પણ તેમનું સરસ રીતે ભરણ પોષણ તેમજ રક્ષણ કરતા ન હતા. (से णं तुब्भं वत्तव्वयाए सुबहुं पावं कम्मं कलिकलुसं समज्जिणित्ता कालमासे कालं किच्चा अण्णयरेसु नरएसु णेरइयत्ताए उववण्णे) આપશ્રીના કથન મુજબ તેઓ બહુ મોટા પાપી હતા. અતિમલિન ઘણાં પાપકર્મોનું ઉપાર્જન કરીને તેઓ કાલમાસમાં કાલ કરીને કોઇ એક નરકમાં નૈરયિકની પર્યાયમાં જન્મ પામ્યાં છે. (तस्स णं अज्जगरस्स अहं णत्तुए होत्था, इट्ठे कंते

पिए मणुण्णे मणामे, थेज्जे वेसासिए संमए बहुमए रयणकरंडगसमाणे जीविउस्सविए) તે આર્યકનો હું પૌત્ર છું. હું તેમના માટે અભિલષિત હતો, કાંત હતો, પ્રિય હતો, મનોજ્ઞ હતો, મનોગમ્ય હતો, સ્થૈર્યરૂપ હતો, વિશ્વાસપાત્ર હતો, સન્માનપાત્ર હતો, પ્રચુર માનપાત્ર હતો, હૃદયપ્રિય હતો, રત્ન કરંડક જેવો હતો, જીવનના ઉત્સવરૂપ હતો. (हियणंदिजणणे उंबरपुप्फं विव दुल्लहे सवणयाए किमंग पुण पासणयाए) તેમના હૃદયને આનંદ આપનારો હતો ઉમરાના પુષ્પની જેમ હું તેમના માટે જોવાની વાત તો દૂર રહી. સાંભળવા માટે પણ દુર્લભ હતો (तं जइ णं से अज्जए णं ममं आगंतुवएज्जा) તો હવે જો તે આર્યક આવીને મને આમ કહે કે (एवं खलु नत्तुया ! अहं तं अज्जए होत्था, इहेव सेयंबियाए नयरीए अधम्मिए जाव नो सम्मं करभरवित्तिं पवत्तेमि) હે પૌત્ર ! હું તમારો આર્યક-પિતામહ હતો. આજ શ્વેતાંબિકા નગરીમાં અધાર્મિક થઈને પ્રજાજનો પાસેથી કર વસૂલ કરીને પણ તેમનું રક્ષણ-પોષણ વગેરે કરતો ન હતો. (तए णं अहं सुबहुं पावं कम्मं कलिकलुसं समज्जिणित्ता नरएसु उववण्णे) એથી મેં ઘણા અતિકલુશ પાપોનો સંચય કર્યો છે અને એથી જ નરકોમાંથી કોઈ એક નરકમાં નારકના પર્યાયમાં ઉત્પન્ન થયો છું. (त मा णं नत्तुया ! तुमंपि भवाहि अधम्मिए जाव णो सम्मं करभरवित्तिं पवत्तेहिं) માટે હે પૌત્ર! તમે અધાર્મિક થશો નહિ અને પ્રજાજનો પાસેથી કર વસૂલ કરીને તેમના પોષણના કામમાં અસાવધાન રહેશો નહિ પણ તેમનું સરસ રીતે પોષણ કરશો. (मा णं तुमं पि एवं चेव सुबहुं पावकम्मं जाव उववज्जिहिसि) નહિતર તમે પણ મારી જેમ જ ઘણા વધારે પાપકર્મનું યાવત્ ઉપાર્જન કરશો. આ પ્રમાણે આ જાતનાં પાપકર્મોનું ઉપાર્જન મારા વડે થાય નહિ તેમ (तं जइ णं से अज्जए ममं आगंतुं वएज्जा) તેથી તે આર્યક આવીને મને સમજાવે. (तो णं अहं सद्दहेज्जा पत्तिएज्जा, रोएज्जा, जहा अन्नो जीवो अन्नं सरीरं णो तं जीवो तं सरीरं) તો હું આપના એ કથન પર વિશ્વાસ કરી શકું અને તેને મારી પ્રતીતિનો તેમજ રુચિનો વિષય બનાવી

શકું તેમ છું. (जहा अन्नो जीवो, अन्नं सरीरं, णो तं जीवो, तं सरीरं) કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ શરીરરૂપ નથી. (जम्हा णं से अज्जए ममं आगंतुं नो एवं वयासी, तम्हा सुपइट्ठिया मम पइन्ना समणाउसो ! जहा तज्जीवो तं सरीर) પરંતુ જે કારણને લીધે આર્યકે આવીને મને આ પ્રમાણે કહ્યું નથી તેથી જ હે શ્રમણ! આયુષ્મન્! મારી આ પ્રતિજ્ઞા સુપ્રતિષ્ઠિત–સુસ્થિર–છે કે જે જીવ છે તેજ શરીર છે અને જે શરીર છે તે જ જીવ છે.

ટીકાર્થ—મૂલાર્થ પ્રમાણે જ છે. પરંતુ વિશેષતા આટલી જ છે કે પ્રદેશી રાજાએ જે પોતાને ઇષ્ટ વગેરે વિશેષણોવાળો બતાવ્યો છે. તો તેનું કારણ એ છે કે તે આર્યકને અભિલષિત હતો–એથી ઇષ્ટ હતો, કમનીય હોવાથી કાન્ત હતો, પ્રેમપાત્ર હોવાથી પ્રિય હતો, મને તેને સારી રીતે અપેક્ષ્યરૂપથી જાણી લીધો હતો એથી તે મનોજ્ઞ હતો, અતિપ્રિય હોવાથી તે મનમાં અવસ્થિત હતો એથી તે મનોઽમ હતો–મનોગમ્ય હતો. સ્થિરતાના ગુણથી સંપન્ન હતો. એથી સ્થૈર્યરૂપ હતો, વિશ્વાસપાત્ર હોવાથી વૈશ્વસિક હતો, સન્માનપાત્ર હોવાથી સંમત હતો, પ્રચુરરૂપમાં માનપાત્ર હોવાથી પ્રચુરમાનપાત્ર રૂપ હતો. તેની આજ્ઞાને માનનાર હોવાથી અનુમત–હૃદયપ્રિય હતો, અત્યંત અપેક્ષ્ય હોવાથી રત્નકરંડકની જેમ હતો. નવનવીન હર્ષજનક હોવાથી ઉત્સવિક–ઉત્સવરૂપ હતો–એથી જ તે હૃદયાહ્લાદક હતો, મૂલમાં 'पवत्तेमि' એવો જે વર્તમાનરૂપમાં નિર્દેશ થયેલ છે તે આર્ષ હોવાથી ભૂત અર્થમાં જ થયેલ છે આમ સમજવું. 'तं माणं नत्तुया ! तुमंपि' વગેરે સૂત્રમાં આવેલાં એ નિષેધાર્થકપદો પ્રકૃત અર્થને જ પોષે છે. એટલે કે તમે અવશ્યમેવ ધાર્મિક વગેરે વિશેષણોથી સંપન્ન થઈને પોતાના જનપદની કરભરવૃત્તિને સારી રીતે ચલાવો–આ અર્થ પુષ્ટ થાય છે. ॥ સૂ. ૧૩૧॥

'तए णं केसीकुमारसमणे पएसिं रायं एवं वयासी' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं केसीकुमारसमणे) ત્યારપછી કેશીકુમાર શ્રમણે (पएसीं रायं एवं वयासी) પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું. (अत्थि णं पएसी ! तवं सूरियकंता णामं देवी ?) હે પ્રદેશીન્! તમારી સૂર્યકાન્તા નામે દેવી છે? (हंता, अत्थि) હાં ભદંત! છે. (जइणं तुमं पएसी ! तं सूरियकंतं देविं ण्हायं कयबलिकम्मं कयकोउयमंगलपायच्छित्तं सव्वालंकारभूसियं केणइ पुरिसेणं ण्हाएणं, जाव सव्वालंकारभूसिएणं सद्धिं इट्ठे सद्दफरिस-रसरूवगंधं पंचविहे माणुस्सए कामभोगे पच्चणुब्भवमाणिं पासिज्जासि) તો હ

પ્રદેશિન્ ! તમે જેણે સ્નાત, કૃત બલિકર્મા-કાગડા વગેરેને અન્ન ભાગ આપ્યો છે એવી તે દેવીને કે જેણે કૌતુક મંગલરૂપ પ્રાયશ્ચિત્તો કરી લીધા છે. અને સમસ્ત અલંકારોથી જે વિભૂષિત થઇ ગયેલી છે અને ગમે તે સ્નાન યાવત્ સર્વાલંકારવિભૂષિત પરપુરૂષની સાથે ઇષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ આ પાંચ પ્રકારના મનુષ્યભવ સંબંધી કામભોગો ભોગવતી જોઇ લો તે (तस्स णं तुमं पएसी ! पुरिसस्स कं डंडं निव्वुत्तेज्जासि ?) તો હે પ્રદેશિન્! તમે તે પુરૂષને કઇ જાતની શિક્ષા કરશો ? (अहं णं भंते ! तं पुरिसं हत्थविण्णगं वा मूलाइगं वा सूलभिन्नगं वा पायच्छिन्नगं वा एगाहच्चं कूडाहच्चं जीवियाओ ववरोवेज्जा) ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું હે ભદંત ! હું તે પુરૂષને આ જાતની શિક્ષા કરીશ કે જેથી તેના બન્ને હાથો કાપી લેવામાં આવે કે તેને શૂળી પર ચઢાવવામાં આવે કે તેના બન્ને પગો કાપી નાખવામાં આવે કે એક જ ઘામાં તેને મારી નાખવામાં આવે અગર પર્વતશિખર પર લઇ જઇ તેને ત્યાંથી નીચે ફેંકી દેવામાં આવે કે જેથી પરિણામે તે મૃત્યુ પામે (अह णं पएसी ! से पुरिसे तुमं वदेज्जा मा ताव मे सामी ! मुहुत्तगं हत्थच्छिण्णगं वा जाव जीवियाओ ववरोवेहि जाव ताव अहं मित्तणाइणियगसयणसंबंधिपरियणं एवं वयामि) આ પ્રમાણે પ્રદેશી રાજાનું કથન સાંભળીને કેશીકુમાર શ્રમણે તેમને કહ્યું કે હે પ્રદેશિન્ ! જો તમને આ પ્રમાણે કહે કે સ્વામિન્ ! આપ થોડી વખત થોભી જાવ. મારા હાથપગ કાપો નહિ યાવત્ મને જીવન રહિત પણ બનાવો નહિ. હું મિત્ર, માતા, પિતા વગેરે જ્ઞાતિ, સ્વપુત્રાદિક નિજક પિતૃવ્યાદિ સ્વજન, શ્વશુર વગેરે સંબંધીજન, દાસદાસી વગેરે પરિજન આ બધાને આ પ્રમાણે કહી દઉં કે (एवं खलु देवाणुप्पिया ! पावाइं कम्माइं समायरेत्ता इमेयारूवं आवइं पाविज्जामि) હે દેવાનુપ્રિયો ! હું પાપકર્મોનું આચરણ કરીને આ જાતની શિક્ષા ભોગવી રહ્યો છું. (तं मा णं देवाणुप्पिया ! तुब्भे वि केइ पावाइं कम्माइं समायरइ) એથી હે દેવાનુપ્રિયો તમે કોઇપણ જાતનું પાપકર્મ આચરતા નહિ. (मा णं भे वि एवं चेव आवइं पावेज्जाहिय जहा णं अहं) જેથી તમને આ જાતની શિક્ષા ભોગવવી પડે કે જેવી હું ભોગવી રહ્યો છું

(तस्स णं तुमं पएसी! पुरिसस्स खणमवि एयमट्ठं पडिसुणेज्जासि?) તો હે પ્રદેશિન્! શું તમે તે પુરુષની વાતને થોડા વખત માટે પણ સ્વીકારી લેશો? (णो इणट्ठे समट्ठे) હે ભદંત! આ અર્થ સમર્થ નથી એટલે કે તેની આ વાત સ્વીકારવામાં આવશે નહિ. (जम्हा) કેમકે (णं से भंते! अवराही णं से पुरिसे) હે ભદંત! તે પુરુષ અપરાધી છે. (एवामेव पएसी! तव वि अज्जए होत्था) તો આ પ્રમાણે જ હે પ્રદેશિન્ તમારા માટે પણ આર્યક થયા છે. (एवामेव इहेव सेयंबियाए णयरीए अधम्मिए णो सम्मं करभरवित्तिं पवत्तेइ) તેમણે પોતાનું જીવન શ્વેતાંબિકા નગરીમાં અધાર્મિક રીતે પસાર કર્યું છે તેમજ પ્રજાજનો પાસેથી કર વસૂલ કરીને પણ તેમનું સારી પેઠે પોષણ કર્યું નથી. (से णं अम्हं वत्तव्वाए सुबहुं जाव उववन्नो) આ પ્રમાણે મારા કથન મુજબ તેમણે ઘણાં પાપકર્મોનું અર્જન કરીને યાવત્ કોઇ એક નરકમાં નારકની પર્યાયથી જન્મ પામ્યાં છે. (तस्स णं अज्जगस्स तुमं णत्तुए होत्था, इट्ठे कंते जाव पासणयाए) તેજ આર્યકના તમે ઇષ્ટ કાંત વગેરે વિશેષણોવાળા પૌત્ર છો. (से णं इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ. हव्वमागच्छित्तए) તમારા તે આર્યક જો કે મનુષ્યલોકમાં ત્યાંથી જલદીમાં જલદી આવવા ઇચ્છે છે, પરંતુ તેઓ ત્યાંથી આવવામાં અસમર્થ છે. (चउहिं ठाणेहिं पएसी! अहुणोववण्णए नरएसु नेरइए इच्छइ, माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ) કેમકે હે પ્રદેશિન્! અધુનોપપન્નક નારક ચાર કારણોને લીધે મનુષ્યલોકમાં જલદી આવવાની ઇચ્છા ધરાવે છે છતાંએ તે ત્યાંથી જલદી આવી શકતો નથી. (१ अहुणोववन्नए, नरएसु नेरइए से णं तत्थ महब्भूयं वेयणं वेदेमाणे इच्छेज्जा माणुस्सं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ) તે ચાર કારણો આ પ્રમાણે છે. અધુનોપપન્નકનૈરયિક નરકોમાં તીવ્ર વેદનાને અનુભવે છે એથી તે ઇચ્છે છે કે હું મનુષ્યલોકમાં જન્મ પામું પરંતુ તે ત્યાંથી નીકળવામાં સર્વથા અસમર્થ હોય છે, અહીં તે આવી શકતો નથી ૧ (२ अहुणोववन्नए नरएसु नेरइए णरयपालेहिं भुज्जो भुज्जो समहिट्ठिज्जमाणे इच्छइ, माणुसं लोगं हव्वमाग-

च्छित्तए नो चेव णं संचाएइ) अधुनोपन्नक नारक नारकोमां परमाधार्मिकरूप नरकपालो वडे वारंवार आकम्यमाण थईने ते एम इच्छे छे के हुं मनुष्यलोकमां जलदी उत्पन्न थाउं परंतु ते मनुष्यलोकमां जल्दी उत्पन्न थई शकतो नथी, २. (३अहुणो-ववन्नए नरएसु नेरइए निरयवेयणिज्जंसि कम्मंसि अक्खीणंसि अवेइयंसि अन्निज्जिन्नंसि इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए) आधुनोपपन्नक नारक नरकमां भोग्य अशात वेदनीय कर्मअक्षीण होवाथी अननुभूत होवाथी अने अनिर्जीर्णं होवाथी मनुष्यलोकमां आववानी अभिलाषा राखे छे छतांए ते त्यांथी मुकत थई शकतो नथी. अने (४ एवं नेरइयाउंसी अक्खीणे अवेइए अणिज्जिण्णे इच्छेज्जा माणुस्सं लोगं हव्वमागच्छित्तए नो चेव णं संचाएइ) आ प्रमाणे ज चोथुं कारण आ प्रमाणे छे के नरकसंबंधी तेनुं आयु क्षीण थयुं नथी, तेनुं वेदन थयुं नथी तेमज नारक आयुनी निर्जरा-पण थई नथी एथी ज ते मनुष्यलोकमां आववानी इच्छा धरावे छे छतांए आवी शकतो नथी. (इच्चेएहिं चउहिं ठाणेहिं पएसी ! अहुणोववन्ने नरएसु नेर-इएसू नेरइए इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए नो चेव णं संचाएइ) आ प्रमाणे आ चारे चार कारणोथी हे प्रदेशिन्! अधुनोपपन्नक नारक मनुष्यलोकमां जलदी आववानी इच्छा राखतो होय छतां ए त्यांथी जलदी मनुष्यलोकमां आवी शकतो नथी (तं सद्दहाहि णं पएसी ! जहा अन्नो जावो अन्नं सरीरं, नो तं जीवो तं सरीरं) एथी हे प्रदेशिन ! तमे आ वात पर अवश्य विश्वास करो के जीव भिन्न छे अने शरीर भिन्न छे.

टीकार्थ—केशीकुमारश्रमणे प्रदेशी राजाने जे कंई कह्युं छे ते बधुं आ सूत्र वडे प्रकट करवामां आव्युं छे. आमां जीव भिन्न छे अने शरीर भिन्न छे ए वातने तेना आर्यक (पितामह—दादा) नरकमांथी आवीने केम समजावता नथी ए वात आ प्रमाणे तेने समजाववामां आवी छे. केशीकुमारश्रमणे कह्युं के हे प्रदेशिन्! तमारी जे सूर्यकांतादेवी छे तेनी साथे जो कोई माणस तेना जेवा विशेषणोथी युकत थईने

રમણ કરે મનોઽનુકૂલ શબ્દ સ્પર્શ રસ રૂપ ગંધ વગેરે પાંચ પ્રકારના મનુષ્ય-સંબંધી કામભોગો ભોગવે અને તમે આ બધું કરતાં જોઈ લો તો તે વખતે તમે તે પુરુષને શી શિક્ષા કરો? ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું કે હે ભદંત! એવા દુરાચારી પુરુષને હું અંગભંગની યાવત્ નિષ્પ્રાણ કરી મકવાની શિક્ષા આપું તે યોગ્ય કહેવાય. એના પછી તે ફરી તમને એવી રીતે વિનંતી કરે કે હે સ્વામિન્! થોડા વખત માટે મને રજા આપો કે જેથી હું મિત્ર વગેરે સ્વજનોને આમ કહું કે હે દેવાનુપ્રિયો તમારામાંથી કોઇપણ એવું પાપકર્મ કરશો નહિ નહિતર મારા જેવી શિક્ષા ભોગવવી પડશે તો શું હે પ્રદેશિન્ તમે તેની આ વાત સ્વીકારી લેશો ? હવે જો તમે આમ કહો કે નહિ, તો એના પર ફરી તમને પૂછવામાં આવે કે કેમ નહિ ? એના ઉત્તરમાં તમે કહેશો કે તે અપરાધી છે. તો આ પ્રમાણે હે પ્રદેશિન્ તમારા જે આર્યક છે તેઓ પણ ઘણાં પાપકર્મોનું અર્જનકરીને અહીથી નરકમાં નારકની પર્યાયથી જન્મ પામ્યા છે એથી જ્યાં સુધી તેઓ ત્યાંની સંપૂર્ણ પ્રાપ્ત સ્થિતિને ભોગવી લેશે નહિ ત્યાં સુધી તેઓ પોતાની ઇચ્છા મુજબ અહીં આવી શકશે નહિ કેમકે નારકજીવોને અહીં આવવા માટે ચાર કારણો બાધક છે. જે મૂલાર્થમાં બતાવવામાં આવ્યા છે. એથી હે પ્રદેશિન્! તમે મારા આ વચન પર-કે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે, જીવ શરીરરૂપ નથી, અને શરીર જીવરૂપ નથી, વિશ્વાસ રાખો. જો જીવ અને શરીરમાં ભિન્નતા ન હોત તો પૂર્વોકત કારણ ચતુષ્ટયમાં નરકભોગ કરે કોણ? કેમકે શરીર તો મનુષ્ય લોકમાં જ નષ્ટ થઇ જાય છે, તેના નાશ પછી તદ્‌ભિન્ન જીવ પણ નષ્ટ થઇ જ જશે જ. પરંતુ જ્યારે શરીર કરતાં ભિન્ન જીવને માનવામાં આવે છે તો શરીરના વિનાશ પછી પણ જીવનો સદ્‌ભાવ રહેજ છે. ઉકત હેતુ ચતુષ્ટયથી નરકભોગ માટે જીવ સમર્થ હોય છે. આ પ્રમાણે આ ટીકા નો ભાવ લખવામાં આવ્યો છે. ॥સૂ. ૧૩૨॥

'त एणं से पएसी राया' इत्यादि।

સૂત્રાર્થ—(तए णं) ત્યાર પછી (**से पएसी राया केसिं कुमारसमणं एवं वयासी**) તે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું-**अत्थि णं भंते! एसा पण्णाओ उवमा इमेण पुण कारणेण नो उवागच्छइ**) હે ભદંત! જીવ અને શરીરને ભિન્ન પ્રકટ કરવામાં "મારા આર્યક (પિતામહ) આ કારણને લીધે આવતા નથી" અહીં સુધીના સંદર્ભ લગી જે કંઇ પણ તમે ઉપમા રૂપમાં કહ્યું છે તો તે ઉપમા પ્રજ્ઞાત-દૃષ્ટાન્ત છે, આ વાસ્તવિકી ઉપમા નથી, છતાં એ હું તમારી આ વાત સ્વીકારી લઉં કે મારા પિતામહ આર્યક તમારા વડે પ્રદર્શિત કારણોને લીધે જ અહીં આવી શકતા નથી. તો તેઓ ભલે ન આવે. પરંતુ(**एवं खलु भंते!**

मम अज्जिया होत्था इहेव सेयंवियाए नयरीए धम्मिया जाव वित्तिं कप्पेमाणी समणोवासिया अभिगयजीवा० सव्वओ वण्णओ जाव अप्पाणं भावेमाणी विहरइ) હે ભદંત ! મારા જે આર્યિકા (દાદી) થયા છે તે તો આ શ્વેતાંબિકા નગરીમાં ધાર્મિક હતા યાવત્ ધર્મનું આચરણ કરીને પોતાનું જીવન પસાર કર્યું હતું. તેઓ શ્રમણોપાસિકા હતા, જીવ અજીવતત્ત્વના સ્વરૂપને જાણતા હતા. વગેરે બધું વર્ણન અહીં સમજી લેવું જોઇએ. તેઓ પોતાના આત્માને ભાવિત કરતા પોતાનો સમય પસાર કરતા હતા. (सा णं तुज्झ वत्तव्वयाए सुबहुं पुण्णोवचयं समज्जिणित्ता कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववन्ना) તેઓ આપના કથન મુજબ ખૂબજ પુણ્ય સંચય કરીને કાલ માસમાં કાલ કરીને દેવલોકમાંથી કોઇ એક દેવલોકમાં દેવની પર્યાયમાં જન્મ પામ્યા છે. (तीसे णं अज्जियाए अहं नत्तुए होत्था) તેમનો હું પૌત્ર થયો છું. (इट्ठे कंते जाव पासणयाए) હું તેમના માટે ઇષ્ટ, અભિલષિત, કાંત હતો યાવત્ દર્શન માટે પણ દુર્લભ હતો. (तं जइ णं सा अज्जिया मम आगंतुं एवं वएज्जा) તે આર્યિકા (દાદી) જો મને આવીને આમ કહે કે (एवं खलु नत्तुया ! अहं तव अज्जिया होत्था, इहेव सेयंवियाए नयरीए धम्मिया जाव वित्तिं कप्पेमाणी समणोवासिया जाव विहरामि) હે પૌત્ર ! હું તમારી પિતામહી હતી. એજ શ્વેતાંબિકા નગરીમાં ધાર્મિક જીવન પસાર કરતી યાવત્ પોતાની જીવનયાત્રા ખેડતી હતી. હું શ્રમણોપાસિકા હતી, જીવ અજીવ તત્ત્વના સ્વરૂપને જાણતી હતી તેમજ તપ અને સંયમથી પોતાના આત્માને ભાવિત કરતી પોતાનો સમય પસાર કરતી હતી. (तए णं अहं सुबहुं पुण्णोवचयं समज्जिणित्ता कालमासे कालं किच्चा, देवलोएसु उववण्णा) આ રીતે મેં ઘણા પુણ્યનો સંચય કર્યો અને સંયમ કરીને જ્યારે હું મરણ કાળે મરી ત્યારે દેવલોકોમાંથી કોઇ એક દેવલોકમાં દેવની પર્યાયથી જન્મ પામી છું. (तं तुमंपि नत्तुया ! भवाहि धम्मिए जाव विहराहि) એથી જ હે પૌત્ર ! તમે પણ ધાર્મિક જીવન પસાર કરો અને ધર્માનુગ વગેરે વિશેષણોથી સંપન્ન બનો. તેમજ ધર્મથી જ પોતાની જીવનયાત્રા આગળ ધપાવતાં યાવત્

શ્રમણોપાસક થાઓ. (तए णं तुमंपि एवं चेव सुबहुं पुण्णोवचयं समज्जिणित्ता जाव उववज्जिहिरि) આ પ્રમાણે તમે પણ મારી જેમજ પુણ્યોપચય દેવની પર્યાયથી જન્મ પામશો. (तं जइणं अज्जिया मम आगंतुं एवं वएज्जा तो णं अहं सद्दहेज्जा. पत्तिएज्जा, जहा अण्णो जीवो, अण्णं सरीरं णो तं जीवो त सरीरं) આ પ્રમાણે હે ભદંત ! તે આર્યિકા આવીને મને આમ કહે તો હું તમારા આ કથન પર કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે તેમજ જીવ શરીરરૂપ નથી અને શરીર જીવરૂપ નથી-વિશ્વાસ કરી શકું છું. પ્રતીતિ કરી શકું છું. અને તેને પોતાની રુચિને ગમતો વિષય બનાવી શકું છું. (जम्हा सा अज्जिया ममं आगंतुं णो एवं वयासी-तम्हा सुपइट्ठिया मे पइण्णा-जहा तं जीवो तं सरीरं नो अन्नो जीवो अन्नं सरीरं) પરંતુ જે કારણને લીધે તે આર્યિકા મને આવીને આ પ્રમાણે કહેતા નથી તે કારણથી જ મારું આ જાતનું મન્તવ્ય છે કે જે જીવ છે તે જ શરીર છે જીવ શરીરથી ભિન્ન નથી અને શરીર જીવથી ભિન્ન નથી. આ વાત સુસ્થિર છે-સત્ય છે

ટીકાર્થ—ત્યારપછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું કે હે ભદંત ! જીવ અને શરીરની ભિન્નતા પ્રદર્શિત :કરતા જે તમે ઉપમા આપી છે તે તો ફક્ત તમારી બુદ્ધિથી કલ્પિત કરેલ એક દૃષ્ટાંત માત્ર જ છે. એથી તમારી આ ઉપમા દૃષ્ટાન્ત-સત્યાર્થ કોટિમાં આવી શકે તેમ નથી. છતાંએ તમારા કહ્યા મુજબ આ વાત માની લઉં છું કે મારા આર્યક તમે કહેલા ચાર કારણોને લીધે અહીં આવી શકતા નથી તો ભલે તે ન આવે પરંતુ મારા જે દાદી હતા-કે જેઓ આ શ્વેતાંબિકા નગરીમાં રહેતા હતા, અને ધાર્મિક-ધર્માચરણશીલ હતા યાવત્ જે ધર્માનુગા-ધર્મને અનુસરનારા હતા, ધર્મિષ્ઠા-ધર્મપ્રિય હતા, ધર્માખ્યાયિની-ધર્મનો ઉપ-

દેશ કરનારા હતા, ધર્મપ્રલોકિની–ધર્મદર્શિની હતા, ધર્મપ્રરંજના–ધર્માનુરાગવાળા હતા. ધર્મસમુદાચારા–ધાર્મિક સદાચાર સંપન્ન હતા અને જિનોકત ધર્મ પ્રમાણે જ પોતાનું જીવન પસાર કરતા હતા. તેમજ જીવ અને અજીવ તત્ત્વના સ્વરૂપને જાણનારા હતા **'अभिगत जीवाजीवा'** જીવ અને અને અજીવ વગેરે રૂપમાં વર્ણન કરનાર પદ સમૂહ અને અહીં યાવત્પદથી ગૃહીત પદ સમૂહ ૧૧૪મો સૂત્રમાં વર્ણિત થયેલ છે. અહીં તેને સ્ત્રીલિંગની વિભકિત લગાડીને અર્થ કરવો જોઇએ તેમજ આ પદોનો અર્થ પણ ત્યાંથી જ જાણી લેવો જોઇએ. એવી તે આર્યિકા દાદી તમારા મન્તવ્ય મુજબ અતિ-પ્રચુર પુણ્યનો સંચય કરીને કાલમાસમાં જ્યારે મરણ પામ્યા ત્યારે તે ઘણા દેવલોકોમાં દેવની પર્યાયથી જન્મ પામ્યા છે. તે આર્યિકાનો હું પૌત્ર છું તેમને ધર્મ ખૂબજ ઇષ્ટ યાવત્ કાન્ત હતો યાવત પદથી અહીં ૧૩૨માં સૂત્રમાં પ્રોકત આ વિષયના વિશેષણો ગૃહીત થયાં આ વિશેષણો ત્યાં તેના દાદાના પ્રકરણમાં આવેલાં છે તેથી જિજ્ઞાસુઓએ ત્યાંથી જ જાણી લેવાં જોઇએ, એવા મારા આર્યિકા દાદી આવીને મને જો આ પ્રમાણે કહે કે હે પૌત્ર! હું આ શ્વેતાંબિકા નગરીમાં તારી દાદી હતી અને ધાર્મિક યાવત્ ધર્માચરણથી જ પોતાની જીવનયાત્રા પસાર કરતી હતી. હું શ્રમણોપાસિકા–શ્રાવિકા હતી વગેરે પ્રચુરતર પુણ્યનું ઉપાર્જન કરીને કાલમાસમાં જ્યારે મૃત્યુ પામી ત્યારે દેવલોકમાંથી કોઈ એક દેવલોકમાં દેવની પર્યાયથી જન્મ પામીછું. તેથી હે પૌત્ર! તમે પણ ધાર્મિક યાવત્ ધર્માનુગ વગેરે વિશેષણો વાળા તેમજ ધર્મથી જ પોતાનું જીવન પસાર કરતા જીવ અને અજીવ તત્ત્વના સ્વરૂપને જાણનારા થાઓ, અને સાચા અર્થમાં શ્રાવક થઇને પોતાના જીવનને સફળ બનાવો જો તમે આ પ્રમાણે ધાર્મિક આચરણયુકત અન્તઃકરણવાળા થાઓ તો તમે પણ મારી જેમ જ પ્રચુરતર પુણ્યોનું ઉપાર્જન કરીને યાવત કાલમાસમાં કાલ કરીને અનેકવિધ દેવલોકોમાંથી કોઇ પણ એક દેવલોકમાં દેવના પર્યાયથી જન્મ પામશો, આ પ્રમાણે જો મારા આર્યિકા–દાદી મારી પાસે આવીને આમ કહે તો હું તમારી પર વિશ્વાસ કરું, પ્રતીતિ–વિશેષરૂપથી વિશ્વાસ કરું, તેમાં રુચિ ઉત્પન્ન કરૂં કે જીવ ભિન્ન છે, શરીર ભિન્ન છે, અને શરીર જીવરૂપ નથી અને જીવ શરીરરૂપ નથી, પરંતુ જે કારણને લીધે હજી સુધી તેઓ મારી પાસે આવીને મને કહેતા નથી તે કારણને લીધે હે ભદંત! મારા આ વિચાર પર કે જીવ અને શરીર એકજ છે જીવ ભિન્ન નથી, અને શરીર ભિન્ન નથી. દૃઢ છું, તેને જ સત્ય માનીને વળગી રહું છું ॥ સૂ. ૧૩૩ ॥

મુક્ત થઇને (**भिंगारकडुच्छुयहत्थगयं**) અને ભંગાર તેમજ કટુચ્છુક હાથમાં લઇને (**देवकुलमणुपविसमाणं**) યક્ષાયતન (વ્યંતરાયતન)માં પ્રવેશતા હોય તે સમયે (**केइणपुरिसे**) તમને કોઇ માણસ (**वच्चधरंसी ठिच्चा एवं वएज्जा**) જાજરૂમાં રહીને આ પ્રમાણે કહે (**एह ताव सामी! इह मुहुत्तग आसयह वा चिट्ठह वा निसीयह वा, तुयट्टह वा**) હે સ્વામિન્ ! તમે આવો અને ફક્ત એક મુહૂર્ત જેટલા સમય સુધી અહીં બેસો કે ઉભા રહો, સુખેથી રહો કે આરામ કરો. (**तस्स णं तुमं पएसी! पुरिसस्स खणमवि एयमट्ठं पडिसुणेज्जासि**) તો હે પ્રદેશિન્! તમે તે માણસની તે વાતને થોડા વખત માટે પણ સ્વીકારશો ? (**णो इणट्ठे समट्ठे**) હે ભદંત! તે વખતે તે માણસની આ વાત સ્વીકારવામાં આવશે નહિ. (**कम्हा**) હે પ્રદેશિન્! શા કારણથી તે માણસની તે વાત તમારામાં સ્વીકાર્ય થશે નહિ ? (**भंते! असुई असुइ सामंते**) હે ભદંત! કેમકે તે સ્થાન અપવિત્ર છે અને બધે તે અપવિત્ર વસ્તુઓથી યુક્ત છે. (**एवामेव पएसी! तव वि अज्जिया होत्था, इहेव सेयंवियाए णयरीए धम्मिया जाव विहरइ**) આ પ્રમાણે જ હે પ્રદેશિન્ આ શ્વેતાં-

મુક્ત થઇને (**भिंगारकडुच्छुयहत्थगयं**) અને ભંગાર તેમજ કટુચ્છુક હાથમાં લઇને (**देवकुलमणुपविसमाणं**) યક્ષાયતન (વ્યંતરાયતન)માં પ્રવેશતા હોય તે સમયે (**केइणपुरिसे**) તમને કોઇ માણસ (**वच्चधरंसी ठिच्चा एवं वएज्जा**) જાજરૂમાં રહીને આ પ્રમાણે કહે (**एह ताव सामी! इह मुहुत्तग आसयह वा चिट्ठह वा निसीयह वा, तुयट्टह वा**) હે સ્વામિન્ ! તમે આવો અને ફક્ત એક મુહૂર્ત જેટલા સમય સુધી અહીં બેસો કે ઉભા રહો, સુખેથી રહો કે આરામ કરો. (**तस्स णं तुमं पएसी! पुरिसस्स खणमवि एयमट्ठं पडिसुणेज्जासि**) તો હે પ્રદેશિન્! તમે તે માણસની તે વાતને થોડા વખત માટે પણ સ્વીકારશો ? (**णो इणट्ठे समट्ठे**) હે ભદંત! તે વખતે તે માણસની આ વાત સ્વીકારવામાં આવશે નહિ. (**कम्हा**) હે પ્રદેશિન્! શા કારણથી તે માણસની તે વાત તમારામાં સ્વીકાર્ય થશે નહિ ? (**भंते! असुई असुइ सामंते**) હે ભદંત! કેમકે તે સ્થાન અપવિત્ર છે અને બધે તે અપવિત્ર વસ્તુઓથી યુક્ત છે. (**एवामेव पएसी! तव वि अज्जिया होत्था, इहेव सेयंवियाए णयरीए धम्मिया जाव विहरइ**) આ પ્રમાણે જ હે પ્રદેશિન્ આ શ્વેતાં-

બિકા નગરીમા તમારા આર્યિકા દાદી પણ ધાર્મિકી યાવત ધર્માનુરાગ વગેરે વિશેષણો વાળા થયા છે. (सा णं अम्हं वत्तव्वयाए सुबहुं जाव उववन्ना, तीसे णं अज्जियाए तुमं णत्तुए होत्था इट्ठे जाव किमंगपुणपासणयाए) તે અમારી વકતવ્યતા મુજબ—માન્યતા મુજબ અતિશય પુણ્યોનું ઉપાર્જન કરીને કાલમાસમાં કાલ કરીને દેવલોકોમાંથી કોઇ પણ એક દેવલોકમાં દેવની પર્યાયથી જન્મ પામ્યાં છે. તે આયિકા—દાદીના તમે પૌત્ર છો, તમે તેના માટે ઇષ્ટ કાન્ત વગેરે વિશેષણોવાળા હતા અને ઉદુંબર પુષ્પની જેમ તમે તેના માટે શ્રવણદુર્લભ હતા, તો પછી તમારી જોવાની તો વાત જ શી કરવી. (सा णं इच्छइ माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए) તે આર્યિકા દાદી મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા તો રાખે છે, પણ આવી શકતા નથી. આનાં ચાર કારણો છે તે આ પ્રમાણે છે. (चऊहिं ठाणेहिं पएसी अहुणोववन्नए देवे देवलोएसु इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तए, णो चेव णं संचाएइ) હે પ્રદેશિન ! તે ચાર કારણો આ પ્રમાણે છે કે જેને લીધે અધુનોપપન્નકદેવ દેવલોકમાંથી તત્કાલોત્પન્ન દેવ મનુષ્યલોકમાં જલદી આવવા ઇચ્છે છે પરંતુ તે આવી શકતા નથી તેનું પહેલું કારણ આ પ્રમાણે છે— (अहुणोववन्नए देवे देवलोएसु दिव्वेहिं कामभोगेहिं मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे सं माणुसे लोगे णो आढाइ नो परिजाणा) અધુનોપપન્નક દેવ દેવલોકમાં દિવ્યકામભોગોમાં મૂર્ચ્છિત થઇ જાય છે, ગૃદ્ધ—વિષયોભોગની અભિલાષાથી આક્રાંત થઇ જાય છે, ગ્રથિત—વિષયોમાં આસકત થઇ જાય છે. અને અધ્યુપપન્ન અને તેમાં અતીવ આસકિત યુકત થઇ જાય છે. એથી મનુષ્યલોકના શબ્દ વગેરે વિષયોને સન્માનની દૃષ્ટિએ જોતો નથી, તેની તે અપેક્ષા રાખતો નથી અને તેના સંબંધમાં તે કંઇપણ જાણવાની પણ ઇચ્છા ધરાવતો નથી. (सेणं इच्छेज्जा माणुसं नो चेव णं संचाएइ !) એવો તે દેવ જો કદાચ મનુષ્યલોકમાં આવવાની ઇચ્છા રાખતો હોય તો પણ દેવભોગોની આસકિત ને લીધે તે અહીં આવવા ઇચ્છતા નથી. (अहुणोववण्णए देवे देवलोएसु दिव्वेहिं कामभोगेहिं मुच्छिए जाव अज्झोववण्णे) અધુનોપપન્ન દેવ દેવલોકમાં દિવ્ય

કામભોગોમાં મૂર્ચ્છિત થઇ જાય છે યાવત્ અધ્યુપપન્ન થઇ જાય છે તો (**तस्स णं माणुस्से पेम्मे वोच्छिन्ने भवइ, दिव्वे पेम्मे संकंते भवइ**) તેનો મનુષ્ય સંબંધી પ્રેમ વ્યુચ્છિન્ન થઇ જાય છે અને સ્વર્ગલોકમાં સંબંધી પ્રેમ તેના હૃદયમાં સંક્રાંત પ્રવિષ્ટ-થઇ જાય છે. (**से णं इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तए नो चेव संचाएइ**) એથી તે મનુષ્યલોકમાં આવવાની અભિલાષા રાખતો હોય છતાં પણ તે અહીં આવવા ઇચ્છતો નથી. (**अहुणोववन्ने देवे दिव्वेहिं कामभोगेहिं मुच्छिए जाव अज्झोववण्णे, तस्स णं एवं भवइ, इयाणि गच्छं, मुहुत्तेणं गच्छं तेणं कालेणं इट्ठ अप्पाउया णरा कालधम्मुणा संजुत्ता भवंति, से णं इच्छेज्जा माणुस्सं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ**) અધુનોપપન્ન દેવ દેવલોકમાં દિવ્ય કામભોગો વડે મૂર્ચ્છિત થઇ જાય છે યાવત અધ્યુપપન્ન થઇ જાય છે, અને એવી પરિસ્થિતિમાં તેના મનમાં આ પ્રમાણે થાય કે હવે જઇશ, થોડા વખત પછી જઇશ. તે સમયે મર્ત્યલોકમાં માણસ માતા, પિતા, પુત્ર કલત્ર વગેરે બધા મૃત્યુ પ્રાપ્ત કરી ચૂકે છે અને આમ તે દેવ મનુષ્ય લોકમાં આવવાની અભિલાષા રાખતો હોય છતાંએ અહીં આવી શકતો નથી. (**अहुणोववन्ने देवे दिव्वेहिं जाव अज्झोववण्णे, तस्स माणुस्सए उराले दुग्गंधे पडिकूले पडिलोमे यावि भवइ**) અહીં ન આવવાનું ચોથું કારણ આ પ્રમાણે છે કે અધુનોપપન્નક દેવ દિવ્ય કામ ભોગોમાં યાવત્ અધ્યુપપન્ન થઇ જાય છે, તો તેના માટે ઔદારિક શરીર સંબંધી ગોમૃતક કલેવરા દિ સમુત્પન્ન દુર્ગંધ ઘ્રાણેન્દ્રિયના માટે અનુકૂલ કહી શકાય નહિ. પણ એના વિરુદ્ધ તે તેને પ્રતિકૂલ અનિષ્ટકર લાગે છે. (**उड्ढं पि य णं जाव चत्तारि पंच जोयणसए असुभे माणुस्सए गंधे अभिसमागच्छइ, से णं इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ**) તેમજ તે મનુષ્ય લોક સંબંધી અશુભ ગંધ ચારસો કે પાંચસો યોજન સુધી ઉપર આકાશમાં ચોમેર પ્રસરીને રહે છે એથી મનુષ્યલોકમાં આવવાની અભિલાષા ધરાવતો હોય છતાંએ તે દેવ તે દુર્ગંધને લીધે અહીં આવી શકતો નથી એટલે કે યુગલીઓના સમયમાં ચારસો યોજનને મનુષ્યમાં પાંચસો યોજન સુધી દુર્ગંધ જાય છે. (**इच्चेएहिं**

चउहिं ठाणेहिं पएसी ! अहुणोववण्णे देवे देवलोएसु इच्छेज्जा माणुसं लोगं हव्वमागच्छित्तए णो चेव णं संचाएइ हव्वमागच्छित्तए, तं सद्दहाहि णं तुमं पएसी ! जहा अन्नो जीवो अन्नं सरीरं नो तं जीवो तं सरीरं) હે પ્રદેશિન્! આ ચાર કારણો છે કે જેથી અધુનોપપન્ન દેવ મનુષ્ય લોકમાં આવવાની ઇચ્છા રાખતો હોય છતાંએ તે અહીં આવી શકતો નથી. એટલા માટે હે પ્રદેશિન્! તમે મારી વાત પર શ્રદ્ધા રાખો કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ શરીર રૂપ નથી અને શરીર જીવ રૂપ નથી.

ટીકાર્થ:—આ સૂત્રનો ટીકાર્થ મૂલાર્થ પ્રમાણે જ છે. ॥૧૩૪॥

સૂત્રાર્થ:—(तए णं) ત્યારપછી (पएसी राया केसिं कुमारसमणं एवं वयासी) પ્રદેશી રાજાએ કેશી કુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું- (अत्थि णं भंते ! एसा पण्णा उवमा. इमेणं पुण कारणेणं णो उवागच्छइ) હે ભદંત! તમે દેવને અહીં ન આવવા માટે જે કંઇ કહ્યું છે તેના વડે તો જીવ અને શરીરમાં ભેદરૂપ બુદ્ધિ ફક્ત ઉપમામાત્ર જ છે આમ સ્પષ્ટપણે ભાષિત થાય છે. (एवं खलु भंते ! अहं अन्नया कयाइं बाहिरियाए उवट्ठाणसालाए) હે ભદંત! કોઇ એક વખતે બાહ્ય ઉપસ્થાનશાળામાં હું (अणेगगणणायकदंडणायक-राइसर-तलवर-माडंबिय कोडुंबिय-इब्भ-सेट्ठि-सेणावइ-सत्थवाह-मंति-महामंति-गणग-दोवारिय-अमच्च-चेड-पीठमद्द-नगर-निगम-दूय-संधि-वालेहिं-सद्धिं संपरिवुडे विहरामि) ઘણા ગણનાયકો, દંડનાયકો, રાજા, ઇશ્વર, અશ્વર્ય, સંપન્ન, તલવર માંડબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, મંત્રી, મહામંત્રી, ગણક, દૌવારિક, અમાત્ય, ચેટ, પાઠમર્દ, નગરનિવાસીજન, વહેપારીઓ, દૂતો, સંધિપાલો, આ બધાની સાથે બેઠો હતો, (तए णं मम णगरगुत्तिया ससक्खं सहोढं, सगेवेज्जं, अवउडमबंधणबद्धं चोरं उवणेंति) એટલામાં નગરરક્ષક મારી સામે સહોઢં -ચોરાએલી વસ્તુઓની સાથે, સગ્રૈવેયક-જેની ડોકમાં ચોરાએલી વસ્તુઓ બાંધવામાં આવી છે એવા ચોરને અવકોટક-બન્ને હાથયે ભેગા બાંધીને લાવ્યા. (तए णं अहं तं पुरिसं जीवंतं चेव अउकुंभीए पक्खिवावेमि) મેં તે પુરુષને જીવતો જ લોખંડના નળામા બંદ કરાવી દીધો, અને (अउमएणं पिहाणएण पिहावेमि) તે નળાને લોખંડના ઢાંકણથી બંધ કરાવી દીધો. (अएण य तउएण य आयावेमि) ત્યાર પછી મેં તેને દ્રવીભૂત લોખંડ તેમજ દ્રવિત રાંગથી અંકિત કરાવી દીધો. (आयपच्चइएहिं पुरिसेहिं रक्खावेमि) આ બધું કરાવને પછી મેં તેના રક્ષા

માટે વિશ્વાસપાત્ર પુરૂષોની નિયુક્તિ કરી દીધી. (तए अहं अण्णया कयाइं जेणामेव सा अउकुंभी तेणामेव उवागच्छामि) એક દિવસની વાત છે કે હું તે લોખંડના નળા પાસે ગયો. (उवागच्छित्ता तं आउकुंभिं उग्गलत्थावेमि) ત્યાં જઈને મેં તે લોખંડના નળાને ઉઘડાવ્યો. (उग्गलत्थावित्ता तं पुरिसं सयमेव पासामि, णो चेव णं तोसे अयकुंभीए केइ छिड्डेइ वा विवरेइ वा. अंतरेइ वा, राई-वा, जओ णं से जीवे अंतोहिंतो वहिया निग्गए) ઉઘડાવીને મેં પોતે તે ચોરને જોયો. તો તે તેમાં મૃતાવસ્થામાં પડેલો હતો. જ્યારે તે લોખંડના નળામાં ન છિદ્ર હતું કે ન વિવર હતું કે ન અવકાશ હતો કે ન રેખા હતી કે જેથી તે ચોરનો જીવ તે લોખંડના નળામાંથી બહાર નીકળી જતો રહે. (जइ णं भंते ! तोसे अउकुंभीए होज्जा केइ छिड्डे वा जाव राइ वा जओणं से जीवे अंतोहिंतो बहिया णिग्गए) હે ભદંત ! જો તે લોખંડના નળામાં કોઈ છિદ્ર કે યાવત્ રેખા હોત તો તેમાંથી થઈને તે ચોર પુરૂષનો જીવ અંદરથી બહાર નીકળી શકત. (तो णं अहं सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा जहा-अन्नो जीवो अन्नं सरीरं नो तं जीवो तं सरीरं) તો હું તમારી આ વાત પર વિશ્વાસ કરી લેત. પ્રતીતિ કરી લેત અને તેને મારી રૂચિનો વિષય બનાવી લેત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે, જીવ શરીરરૂપ નથી અને શરીર જીવરૂપ નથી. (जम्हा णं भंते ! तोसे अउकुंभीए णत्थि केइ छिड्डे वा जाव निग्गए, तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा—तं जीवो तं सरीरं, नो अन्नो जीवो अन्नं सरीरं) જેને લીધે હે ભદંત ! તે લોખંડના નળામાં કોઈ છિદ્ર કે યાવત્ રેખા નથી કે જેથી તેનો જીવ બહાર નીકળી જતો. રહે માટે છિદ્ર વગેરેના અભાવમાં બહાર નીકળવામાં અશક્ત હોવા બદલ મારી જ આ જાતની માન્યતા ઉચિત લાગે છે કે જે જીવ છે. તેજ શરીર છે, જીવ શરીરથી ભિન્ન નથી અને શરીર જીવથી ભિન્ન નથી.

ટીકાર્થ—ટીકાર્થ સ્પષ્ટ જ છે. પરંતુ આ સૂત્રમાં ગણુનાયક વગેરે જે પદો આવેલ છે તેમની વ્યાખ્યા આ પ્રમાણે છે. ગણના જે સ્વામી હોય છે તે ગણ- નાયક છે. દંડનું જે વિધાન કરે છે. તે દંડનાયક છે. રાજા પ્રસિદ્ધ છે. ઐશ્વર્યથી જે સપન્ન હોય છે તે ઇશ્વર છે. સંતુષ્ટ થયેલા રાજા વડે જેમને પહેરવાના વસ્ત્રો આપવામાં આવે છે એવી રાજતુલ્ય વ્યકિતઓ તલવર કહેવાય છે. પાંચસો ગ્રામના જે અધિપતિ હોય છે. તે માડંબિક છે અથવા તો અઢી અઢી કોસના અંતરે વસેલા ગ્રામોના જે અધિપતિ હોય છે તે માડંબિક છે. ઘણા કુટુંબોનું પાલન-પોષણ કરનાર જે હોય છે તે કૌટુંબિક છે. હસ્તિપ્રમાણ દ્રવ્ય-મણિ-મુકતા-પ્રવાલ-સુવર્ણ-રજત વગેરે દ્રવ્યરાશિના જે સ્વામી હોય છે તે જઘન્ય ઇભ્ય છે તેમજ હસ્તિપરિમિત વજ્રમણિ, માણિકય રાશિના જે સ્વામી હોય છે તે મધ્યમ ઉભ્ય છે, ફકત હસ્તિ- પરિમિત વજ્રરાશિના જે સ્વામી હોય છે તે ઉત્કૃષ્ટ ઇભ્ય છે. જેની ઉપર લક્ષ્મીની પૂર્ણ કૃપા છે અને એથી જ જેમની પાસે લાખોના ભંડાર ભરેલા છે તેમજ જેમના મસ્તક પર તેમને જ સૂચવતો ચાંદીનો વિલક્ષણ પટ્ટ શોભાયમાન થઇ રહ્યો હોય એવા નગરના પ્રધાન વ્યાપારી શ્રેષ્ઠી કહેવાય છે જે ચતુરંગ સેનાના નાયક હોય છે તે સેનાપતિ છે જે ગણિમ-ગણીને વેપાર કરવા યોગ્ય નારિયેલ, સોપારી કેળા વગેરે વસ્તુઓને ગણિમ કહે છે મેય-શરાવા વગેરે નાના વાસણ વગેરેથી માપીને વેપાર કરવા યોગ્ય દૂધ, ઘી, તેલ વગેરે વસ્તુઓને મેય કહેછે તેમજ પરિચ્છેદ્ય કસોટી વગેરે પર પરીક્ષણ કરીને વેપાર કરવા યોગ્ય મણિ, મોતી પ્રવાલ, આભૂષણો વગેરે વસ્તુઓને સાથે લઇને લાભ માટે દેશાંતરમાં જનાર સાર્થને લઇ જાય છે તેમજ યોગ-નવી વસ્તુની પ્રાપ્તિ અને ક્ષેમ પ્રાપ્ત વસ્તુની રક્ષા વડે તેમનું પાલન કરે છે ગરીબ માણસોના ભલા માટે તેમને દ્રવ્ય આપીને વેપારવડે તેમને ધનવાન બનાવે છે તે સાર્થવાહ કહેવાય છે. રાજાને જે યોગ્ય મંત્ર-સલાહ આપે છે તે મંત્રી છે. આ મંત્રિઓની ઉપર જે મંત્રી હોય છે તે મહામંત્રી છે. જ્યોતિષશાસ્ત્રને જાણનાર ગણક કહેવાય છે. દ્વાર પર રક્ષા માટે નિયુકત કરેલ માણસને દ્વારપાલ કહે છે. રાજ્યના અધિષ્ઠાપક સહવાસિ રાજપુરૂષ વિશેષનું નામ અમાત્ય છે. ચરણ સેવકનું નામ ચેટ છે. રાજાની ઉમરની જ જે વ્યકિત રાજાની પાસે રહે છે એવી સેવક વિશેષ વ્યકિતનું નામ પીઠમર્દ છે. નગર નિવાસી જનતા નાગરિક કહેવાય છે. વેપારી ગણનું નામ નિગમ છે. છે સંદેશહરનું નામ દૂત છે. રાજયસંધિના રક્ષકનું નામ સંધિપાલ છે. ગ્રીવાને પાછળની તરફ વાળવાથી તે ગ્રીવાની સાથે બન્ને હાથો જે બંધનથી બાંધવામાં આવે છે તે બંધનનું નામ અવકોટક બંધન છે. પ્રદેશી રાજાનું કહેવું આ પ્રમાણે છે

જ્યારે ચોરને પૂર્વોકત રીતે બાંધીને લોખંડના નળામાં બંધ કરવામાં આવ્યો અને લોખંડને પીગળાવીને તેમજ રાંગને પીગાળીને તે ઢાંકણા સહિત મુખને એવા પ્રકારે બંધ કરવામાં આવ્યું કે તેમાં જરાએ છિદ્ર વગેરે રહ્યું નહિ. ત્યારે એવી પરિસ્થિતિમાં તે ચોર તેમાં મરણ પામ્યો. એને લઈને તે પ્રદેશી રાજાને આ જાતનો વિચાર થયો કે જો જીવ અનેશરીર જુદાં જુદાં તે હોય તો નળામાં છિદ્ર વગેરે ન હોવાથી તેનો જીવ તેમાંથી કયાં થઈને નીકળ્યો ? નીકળી ન શકવાને લીધે આ વાત સ્પષ્ટ રીતે જણાય છે કે જીવ શરીરથી ભિન્ન નથી. જે જીવ છે તેજ શરીર છે અને જે શરીર છે તેજ જીવ છે. ॥ સૂ. ૧૩૫ ॥

'तएणं केसीकुमारसमणे' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं केसीकुमारसमणे) ત્યાર પછી કેશી કુમાર શ્રમણે (पएसिं रायं एवं वयासी) પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું (से जहा नामए कूडागारसाला सिया दुहओ लित्ता गुत्ता-गुत्तदुवारा णिवायगंभीरा) હે પ્રદેશિન્ ! જેમ કોઇ એક કૂટાકારશાળા હોય પર્વતના આકાર જેવું ભવન હોય અને તે બહાર અને અંદરના ભાગમાં આચ્છાદિત દ્વાર પ્રદેશયુકત હોય, નિવાત ગંભીર હોય—પવન રહિત તેમજ ગંભીર અંતઃ પ્રદેશ યુકત હોય, (अह णं केइ पुरिसे भेरिं च दंडं च गहाय कूडागारसालाए अंतो अणुप्पविसइ) હવે કોઇ પુરુષ ભેરી અને દંડાને લઈને તે કૂટાકાર શાળામાં પેસી જાય છે. (तीसे कूडागारसालाए सव्वओ समंता घणनिचियनिरंतरणिच्छिड्डाइं दुवारवयणाइं पिहेइ) અને પેસીને તે બધા દ્વારોને આ પ્રમાણે બંધ કરી લે છે કે જેથી તેમના બારણાના કમાડો એકદમ અડીને બંધ થઈ જાય છે. તેમની વચ્ચે થોડું પણ એના રહેતી નથી. તેમનાં બધા છિન્દ્રો બંધ થઈ જાય છે. (तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए ठिच्चा तं भेरीं दंडएणं महया महया सद्देणं तालेज्जा) આ પ્રમાણે કરીને તે કૂટાકારશાળાના એકદમ મધ્યભાગમાં તે ઉભો થઇને તે ભેરીને તે દંડાથી આ આ પ્રમાણે વગાડે છે કે તેમાંથી બહુ જ ભયંકર શબ્દ નીકળે. (से तेणं पएसी से सद्दे अंतोहिंतों वहया निग्गच्छइ ?) હવે પ્રદેશિન્ ! તમે મને કહો હે તે ભેરીમાંથી ઉત્પન્ન થતો શબ્દ તે કૂટાકાર શાળાના મધ્ય પ્રદેશમાંથી બહાર નીકળે છે. (हंताणिग्गच्छइ)હે ભદંત બહાર નીકળે છે.(अत्थिणं पएसी । तीसे कूडागारसालाए केइ छिड्डे वा जाई वा जओ णं सद्दे अंतो बहिया णिग्गए) તે હે પ્રદેશન્ ! તમે વિચાર

કરો કે તે કૂટાગાર શાળામાં કોઇ છિદ્ર નથી યાવત્ કોઇ રેખા (તરાડ) પણ નથી કે જેમનાથી તે શબ્દ તેમાંથી બહાર નીકળતો હોય? (णो इणट्ठे समट्ठे) હે ભદંત! આ અર્થ સમર્થ નથી એટલે કે તેમાં કોઈ છિદ્ર વગેરે નથી. (एवामेव पएसी ! जीवे वि अप्पडिहयगई, पुढविंभिच्चा, सिलं भिच्चा, अंतोहिंतो बहिया णि गच्छइ) આ પ્રમાણે હે પ્રદેશિન્! જીવ પણ અપ્રતિહત ગતિ યુકત છે. એથી તે પૃથિવીનું ભેદન કરીને, શિલાનું ભેદન કરીને, તેની અંદર થઇને બહાર નીકળી જાય છે. (तं सद्दहाहि णं तुमं पएसी ! अण्णो जीवो अण्णं सरीरं णो तं जीवो तं सरीरं) એથી હે પ્રદેશિન્! તમે વિશ્વાસ કરો કે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે. જીવ શરીર રૂપ નથી અને શરીર જીવ રૂપ નથી.

ટીકાર્થ—તે લક્ષ્યમાં રાખીને જ આ મૂલાર્થ લખવામાં આવ્યો છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ શબ્દ અપ્રતિહત ગતિ યુકત હોય છે. એથી તે ગમે તે સ્થિતિમાં પણ પ્રતિહત ગતિયુકત થઇ શકે નહિ. ॥ સૂ. ૧૩૬ ॥

'त एणं पएसी राया' इत्यादि।

સૂત્રાર્થ—(त एणं) ત્યાર પછી (पएसी राया) કેશી કુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું—(अत्थिणं भंते ! एसा पण्णाओ उवमा) હે ભદંત! આ તમારા વડે પ્રયુકત ઉપમા (દૃષ્ટાંત) બુદ્ધિ વિશેષ રૂપ છે. (इमेण पुण कारणेणं णो उ०) એનાથી મારા મનમાં જીવ અને શરીરની ભિન્નતાનો વિચાર ઉત્પન્ન થયો નથી મને આ વાત યુકિતયત પણ લાગી નહિ. એજ વાત હવે પ્રદેશી રાજા આ પ્રમાણે પ્રકટ કરે છે (एवं खलु भंते ! अहं अन्नया कयाइं बाहिरियाए उवट्ठाण सालाए जाव विहरामि) હે ભદંત! હું એક દિવસ બહારની ઉપસ્થાન શાળામાં બેઠો હતો. (तए णं ममं णगरगुत्तिया ससक्खं जाव उवणेंति) મારા નગર રક્ષકો એક સાક્ષિત સહિત યાવત્ એક ચોરને મારી સામે ઉપસ્થિત કર્યો (तए णं अह तं पुरिसं जीवियाओ ववरोवेमि) મેં તે ચોરને મારી નાખ્યો. (ववरोवेत्ता अउकुंभीए पक्खिवावेमि अउमएणं पिहाणएणं पिहावेमि) મારીને તેને મેં લોખંડના નળામાં પોતાના માણસો નંખાવી દીધો (जाव आयपच्चइएहिं पुरिसेहिं रक्खावेमि) યાવત્ પછી મેં ત્યાં આત્મરક્ષક પુરુષે ને

ગોઠવી દીધા. (तए णं अहं अन्नया कयाइं जेणेव सा अउकुंभी तेणेव उवागच्छामि) થોડા દિવસો બાદ હું ફરી તે લોખંડના નળાની પાસે ગયો (तं अयकुंभिं उग्गलत्थावेमि) તે લોખંડના નળાને ઉઘાડયો (तं अयकुंभिं किमिकुंभिं पिव पासामि, णो चेव णं तीसे अउकुंभीए केइ छिड्डेइ वा, जाव राईइ वा जओ णं ते जीवा बहियाहिंतो अणुप्पविट्ठा) ઉદઘાટિત કરતાંની સાથે જ મેં તે લોખંડના નળામાં કૃમિકુલોને જોયા—તે નળો કીટયુકત થઇ ગયો હતો. હવે આ વાત વિચાર કરવા યોગ્ય છે કે જ્યારે નળામાં કોઇ પણ છિન્દ્ર યાવત્ કોઇ પણ રેખા (તરાડ) નહોતી કે જેથી તે જીવો બહારથી તેમાં પ્રવિષ્ટ થઇ શકે (जइणं तीसे आउकुंभीए होज्जा केइ छिड्डेइ वा जाव अणुप्पविट्ठा) જો તેમાં છિદ્ર વગેરે હોત તો આવી વાત માનવામાં પણ આવી શકે તેમાં થઇને તે નળામાં કૃમિઓ પ્રવિષ્ટ થયાં છે. (तो णं अहं सद्दहेज्जा—जहा—अन्नो जीवो तं चेव, जण्हाणं तीसे अउकुंभीए णत्थि केइ छिड्डेइ वा जाव अणुप्पविट्ठा तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा तं जीवो तं सरीरं चेव) અને એથી જ મને પણ આ વાતમાં ફરી શ્રદ્ધા છે કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. જે કારણથી તે લોખંડના નળામાં છિન્દ્ર વગેરે નહોતા છતાંએ તેમાં જીવો પ્રવેશ પામ્યા તે કારણથી મને તો એ જ લાગે છે કે જીવ શરીર રૂપ છે. અને શરીર જીવરૂપ છે. એ કથન પર મારો સંપૂર્ણપણે વિશ્વાસ સુપ્રતિષ્ઠિત છે.

આ સૂત્રનો ટીકાર્થ મૂલાર્થ પ્રમાણે જ છે. અહીં 'उवट्ठाणसालाए जाव' ના આ 'યાવત્' પદથી પૂર્વોકત અનેક ગણનાયક વગેરેનું ગ્રહણ થયું છે. તથા 'ससक्खं जाव'ના આ યાવત્પદથી સહોઢાદિ વિશેષણોનું ગ્રહણ થયું છે. 'पिहा-वेमि जाव' માં આવેલ યાવત્ પદથી દ્રવિત લોખંડથી અને દ્રવિત રાંગાથી મેં તેને અંકિત કરાવી દીધા' આ પાઠનું ગ્રહણ થયું છે. આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે કે જ્યારે તે લોખંડના નળામાં કોઇપણ છિદ્ર વગેરે ન હોતા છતાંએ તેમાં બહારથી જીવો કેવી રીતે પ્રવેશ પામ્યા. ત્યાં તો ફકત ચોરનું મૃત શરીર પડયું હતું એથી જીવ અને શરીર ભિન્ન નથી, આ વાત સમુચિત છે. ।સૂ.૧૩૭।

'त एणं केसीकुमारसमणे' इत्यादि।

सूत्रार्थ—(त एणं) त्यार पछी (केसीकुमारसमणे पएसिं रायं एवं वयासी) केशीकुमार श्रमणे प्रदेशी राजाने आ प्रमाणे कह्युं—(अत्थि णं भंते ! पएसी ! कयाइ अएघंतपुव्वे वा धमाविय पुव्वे वा) हे प्रदेशिन्! तमारी पासे एवुं पण लोखंड छे. जेने पहेलां गमे त्यारे अग्निमां ऊनुं कर्युं कराव्युं होय? (हंता अत्थि) हाजी भदंत! छे. (से णूणं पएसी अएघंते समाणे सव्वे अगणि परिणए भवइ?) तो हे प्रदेशिन्! हुं तमने आम प्रश्न करुं छुं के ते लोखंड ज्यारे अग्नि पर तपाववामां आवे छे. त्यारे ते संपूर्णपणे अग्नि रूपमां परिणत थइ जाय छे. (हंता भवइ) प्रदेशीए उत्तरमां कह्युं हा, भदंत थई जाय छे. (अत्थिणं पएसी ! तस्स अयस्स केइं छिड्डेइ वा जेणं से जोई बहियाहिंतो अंतो अणुप्पविट्ठे ?) तो शुं हे प्रदेशिन्! ते लोखंडमां छिद्र होय छे के जेथी ते अग्नि बहारथी तेमां प्रविष्ट थइ जाय छे? प्रदेशी ए कह्युं. (णो इणट्ठे समट्ठे) हे भदन्त! आ अर्थ समर्थ नथी एटले के ते लोखंडमां कोइ पण छिन्द्र वगेरे नथी. (एवामेव पएसी ! जोवोऽवि अप्पडिहयगई पुढ़विं भिच्चा बहियाहिंतो अणुप्पविसइ, तं सद्दहाहि णं तुमं पएसी तहेव)आ प्रमाणे हे प्रदेशिन् जीव पण अप्रतिहत गतियुकत होय छे एथी ते पृथिवीने, शिलाने छेदीने बहारना प्रदेशथी अंदरना प्रदेशमां पेसी जाय छे. आ कारणथी हे प्रदेशिन्! तमे मारी वात पर विश्वास करो के जीव भीन्न छे. अने शरीर भिन्न छे. ॥ सू. ४ ॥

टीकार्थ-स्पष्ट ज आ सूत्रनो भावार्थ आ प्रमाणे छे के जेम छिद्र वगेरेथी सहित लोखंडमां अग्नि बहारथी तेना दरेके दरेक प्रदेशमां प्रविष्ट थइ जाय छे अने आथी ते अग्निमय थइ जाय छे. तेमज ते लोखंडनां नळा (कोठी) मां छिद्र वगेरे न होवां छतांए बहारथी जीवो प्रविष्ट थइ जाय छे. केमके जीन अप्रतिहल गतिवाळो छे. एटले के जीवनी गति कोइ पण जग्याए रोकी शकाती नथी. तेनी गति अंकुठित छे. ॥ सू० १३८ ॥

'तए णं पएसी राया' इत्यादि।

सूत्रार्थ—(तए णं पएसी राया केसिकुमारसमणं एवं वयासी) त्यारे

પ્રદેશી રાજાએ કેશીકુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું (**अत्थिणं भंते ! एसा पण्णाओ उवमा**) હે ભદંત ! આ પ્રમાણે જે તમોએ ઉપમા આપી છે. તે માત્ર બુદ્ધિવિશેષ જન્ય હોવાથી વાસ્તવિક નથી. (**इमेण पुण मे कारणेणं नो उवागच्छइ**) કેમકે જે કારણ હું બતાવી રહ્યો છું તેથી મારા હૃદયમાં જીવ અને શરીરની ભિન્નતાની વાત જામ હી નથી. (**अत्थि णं भंते ! से जहानामए केइपुरिसे तरुणे जाव निउणसिप्पोवगए पभू पंच कंडगं निसिरित्तए** તે કારણ આ પ્રમાણે છે. હે ભદંત ! જેમ કોઇ યુવક હોય યાવત્ તે નિપુણશિલ્પોપગત હોય, તો તે પાંચ બાણોને એકી સાથે પાંચ લક્ષ્યોનું વેધન કરવામાં સમર્થ થઇ શકેછે?(**हंता पभू**) કેશીકુમાર શ્રમણે કહ્યું હાજી, થઇ શકે છે. (**जइ णं भंते ! से चेव पुरिसे वाले जाव मंदविन्नाणे पभू होज्जा पंच कंडगं निसिरित्तए**) હવે જો તે યુવક બાળ, યાવત્ મંદવિજ્ઞાનવાળો પોતાની અવસ્થાપન્ન થયેલ પાંચકાંડકોને-પાંચ બાણોને છોડવામાં સમર્થ થઈ જાય તો હું તમારા વચનોને શ્રદ્ધા યોગ્ય માની શકું તેમ છું અને આ વાત પર વિશ્વાસ કરી લઉં કે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે. જીવ શરીર રૂપ નથી અને શરીર જીવ રૂપ નથી. એથી હે ભદંત ! જે કારણને લીધે તે તરુણ વગેરે વિશેષણોથી યુકત યુવક જયારે બાળ યાવત મંદવિજ્ઞાનવાળો હોય છે, ત્યારે તે પાંચ બાણોને છોડવામાં સમર્થ હોતો નથી. આથી જ મારી જીવ અને શરીર એક છે. જે જીવ છે તેજ શરીર છે અને જે શરીર છે તે જ જીવ છે આ પ્રતિજ્ઞા સુપ્રતિષ્ઠિત છે.

ટીકાર્થ—ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું છે ભદંત ! તમોએ જે હમણા ઉપમા વડે જીવ શરીરની પૃથકતા પ્રકટ કરી છે તે વિષે હું જ્યારે મારા મનમાં વિચાર કરું છું ત્યારે આ વાત મારા મનમાં બરાબર જામતી નથી. કેમકે જેમ કોઇ એક તરુણ પુરુષ થાય અને યાવત તે નિપુણ શિલ્પોગત થાય અહીં 'યાવત' પદથી **'युगवान, बलवान, अल्पात :, स्थिरसंहननः, स्थिरा-**

ग्रहस्तः, प्रतिपूर्णपाणिपादपृष्ठान्तरोरुपरिणतः, घननिचितवृत्तवलितस्कन्धः, चर्मेष्टकद्रुघणमुष्टिकसमाहतगात्रः, उरस्यबलसमन्वागतः तलयमलयुगलबाहुः, लङ्घनप्लवनजवनप्रमर्दनसमर्थः, छेकः, दक्षः पृष्ठः कुशलः मेधावी " આ પાઠનો સંગ્રહ થયો છે. આ બધા પદોની વ્યાખ્યા સાતમા સૂત્રમાં કરવામાં આવી છે. એથી જિજ્ઞાસુઓ ત્યાંથી જાણી લેવા પ્રયત્ન કરે. એવા તે યુવકને પાંચ બાણોને એકી સાથે એકજ લક્ષ્યપર છોડીને હે ભદંત શું તે લક્ષ્યવેધનમાં સફળ થશે ? કેશીકુમાર શ્રમણે આ સાંભળીને કહ્યું કે રાજન્ એવો તે પૂર્વોક્ત વિશેષણોથી યુક્ત તે યુવક એકી સાથે પાંચ બાણોને છોડવામાં સમર્થ થઈ શકશે. પણ હે ભદંત ! જ્યારે તે યુવક બાળ યાવત્ મંદ વિજ્ઞાન સંપન્ન હોય છે. ત્યારે તે પાંચ બાણો વડે એકી સાથે પાંચ લક્ષ્યોનું વેધન કરવામાં સફળ થશે નહિ. જો તે એવું કરી શકતો હોય તો હું તમારી જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે તેમજ જીવ શરીર રૂપ નથી અને શરીર જીવરૂપ નથી, આ વાત પર વિશ્વાસ કરી લેત. 'बालः यावत' માં 'यावत्' પદથી 'अयुगवान, अबलवान, सातङ्कः, अस्थिरसंहननः, अस्थिराग्रहस्तः, अप्रतिपूर्णपाणिपादपृष्ठान्तरोरुपरिणतः, अघननिचितवृत्तवलितस्कन्धः अचर्मेष्टकद्रुघणमुष्टिक-समन्वागतगात्रः, उरस्यबलासमन्वागतः, अतलयमलयुगलबाहुः, लङ्घनप्लवनजवनप्रमर्दनासमर्थः, अच्छेकः अदक्षः, अप्रष्ठः अकुशलः, अमेधावी "આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોની વ્યાખ્યા સાતમા સૂત્રમાંથી નિષેધાર્થક રૂપે કરવી જોઈએ. મતલબ આ પ્રમાણે છે કે તે યુવા પુરૂષનો તેમજ બાલ પુરૂષનો તેજ જીવ છે. તેમાં કોઇ ભિન્નતા નથી. ભિન્નતા તો છે ફક્ત ઉપકરણોમાં છે. કેમકે બાલ પુરૂષ હતો તેજ યુવા થયો છે. એથી તે જીવમાં અને તેના શરીરમાં ભિન્નતા કેમ કરીને માની શકાય ।।સૂ૦ ૧૩૯।।

'त एणं केसीकुमारसमणे' इत्यादि ।

સૂત્રાર્થઃ—(त एणं केसीकुमारसमणे पएसिं रायं एवं वयासी) ત્યાર પછી કેશી કુમાર શ્રમણે (पएसिं रायं एवं वयासी) પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું. (से जहानामए केइ पुरिसे तरुणे जाव निउणसिप्पोवगए) હે ભદંત ! જેમ કોઇ યુવા પુરૂષ હોય અને તે યાવત્ નિપુણ શિલ્પોપગત હોય,(णवएणं घणुणा नवियाए जीवाए नवएणं इसुणा पभू पंचकंडगं निसिरित्तए) એવો તે

પુરૂષ શું નવીન ધનુષ વડે, નવીન બાણુ વડે પાંચ બાણોને એકી સાથે પાંચ લક્ષ્યો ના વેધન માટે છોડવામાં સમર્થ હોય છે? (हंता पभू) ત્યારે પ્રદેશિન્ રાજાએ કહ્યું-હાંજી, સમર્થ હોય છે. (सो चेव णं पुरिसे तरुणे जाव निउणसिप्पोवगए कोरिल्लिएणं धणुणा कोरिल्लयाए जीवाए, कोरिल्लिएणं इसुणा पभू पंच कंडगं निसिरित्तए) ફરી કેશીએ પ્રશ્ન કર્યો કે હે પ્રદેશિન્! જો તે યુવા પુરુષ યાવત્ નિપુણશિલ્પોગત થઇને જીર્ણ ધનુષથી, જીર્ણ પ્રત્યંચાથી, જીર્ણબાણથી પાંચ બાણોને છોડવામાં સમર્થ થઇ શકે તેમ છે? પ્રદેશીએ કહ્યું. (णो इणट्ठे समट्ठे) હે ભદંત! આ અર્થ સમર્થ નથી. (भंते! तस्स पुरिसस्स अपज्जत्ताइं उवगरणाइं हवंति) પ્રદેશી રાજાએ કહ્યું હે ભદંત! તે પુરૂષના ઉપકરણો પર્યાપ્ત નથી. (एवामेव पएसी! सो चेव पुरिसे बाले जाव मंदविन्नाणे अपज्जत्तोवगरणे, णो पभू पंच कंडयं निसिरित्तए, तं सद्दहाहि णं तुमं पएसी! जहा–अन्नो जीवो तं चेव ५) ત્યારે કેશીએ કહ્યું કે આ પ્રમાણે જ હે પ્રદેશિન્! તે પુરૂષ જ્યારે બાળ યાવત્ મંદ વિજ્ઞાનવાળો હોય છે ત્યારે તે અપર્યાપ્ત ઉપકરણવાળો હોય છે. એથી જ તે પાંચ બાણોને પ્રક્ષિપ્ત કરવામાં સમર્થ હોતો નથી. આથી હે પ્રદેશિન! તમે મારી વાત પર વિશ્વાસ કરો કે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે. જીવ શરીરરૂપ નથી અને શરીર જીવરૂપ નથી. ।૫।

ટીકાર્થ:—ત્યારે કેશીકુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું કે-જેમ કોઇ અનિર્જ્ઞાતનામા કોઇ એક પુરૂષ હોય, જે તરૂણ હોય યાવત્–યુગવાન્ હોય, બળવાન હોય, અલ્પઆતંકવાળો, સ્થિર અગ્રહસ્તવાળો હોય, પાણિ (હાથ) પાદ (પગ) પૃષ્ઠાન્તર અને ઉરૂ આ બધા જેના પ્રતિપૂર્ણ હોય અને પરિણત–વિવેક યુકત અને વયસ્ક હોય, બન્ને ખભાઓ જેના પુષ્ટ હોય, ગોળ હોય, જેનું શરીર ચર્મેષ્ટક વગેરેથી સમાહત હોવાથી વિશેષરૂપથી પુષ્ટ હોય, જેનું શરીર તેમજ મનની શકિત વધારે પરિપુષ્ટ થયેલી હોય. તાડવૃક્ષ જેવા જેના બન્ને હાથો લાંબા હોય, ઓળંગવામાં ઉછળવામાં, કૂદકાઓ

મારવામાં, દોડવામાં વગેરે ક્રિયાઓમાં જે બરાબર સમર્થ હોય, છેક હોય, દક્ષ હોય પ્રષ્ઠ હોય, કુશળ હોય, મેધાવી હોય અને નિપુણ શિલ્પોપગત-સમ્યકજ્ઞાનયુકત હોય આ યુગવાન્ વગેરે પદોની વ્યાખ્યા સાતમા સૂત્રમાં કરવામાં આવી છે. જિજ્ઞાસુઓએ ત્યાંથી જાણવા પ્રયત્ન કરવો જોઇએ. એવો તે પુરુષ નવીન ધનુષથી, નવીન પ્રત્યંચોથી, ધનુષની દોરીથી અને નવીન બાણથી હે પ્રદેશિન્! શું બાણ પંચકને યુગપત પાંચ લક્ષ્યોના વેધન માટે છોડી શકશે ! ત્યારે પ્રદેશીએ કહ્યું-હાં ભદંત ! છોડી શકશે. ફરી કેશીએ તેને પ્રશ્ન કરતા કહ્યું-જો તેજ પુરૂષ-કે જે તરૂણ વગેરે પૂર્વોકત વિશેષણોવાળો છે, 'कोरिल्ल'-જીર્ણ-ઉધેઇ વડે ખવાયેલ ધનુષથી 'जीवा'-પ્રત્યંચોથી તેમજ જીર્ણ બાણથી બાણ પંચકોને છોડવામાં સમર્થ થઇ શકે તેમ છે ? ત્યારે પ્રદેશીએ કહ્યું-હે ભદંત ! એવી પરિસ્થિતિમાં તે આ પ્રમાણે કરવામાં સમર્થ થઇ શકશે નહિ. આ પ્રમાણે તેના અસામર્થ્યનું કારણ શું હોઇ શકે ! ત્યારે પ્રદેશીએ જવાબ આપતાં કહ્યું-હે ભદંત ! તે પૂર્વોકત વિશેષણ યુકત પુરૂષના ઉપકરણો-ધનુષ વગેરે સાધનો-જીર્ણ હોવાથી લક્ષ્યવેધનમાં અસમર્થ છે. હવે ફરી કેશીશ્રમણ તેને પ્રશ્ન કરે છે કે હે પ્રદેશિન્! જો તે તરૂણ પુરૂષ યુગવાન્ વગેરે વિશેષણોથી રહિત એટલે કે બાળ, અયુગવાન્ વગેરે વિશેષણોથી યુકત હોય અને શરીર, ઇન્દ્રિય, બળ, બુદ્ધિ વગેરે રૂપ સાધનો તેની પાસે અપર્યાપ્ત હોય તો શું તે પાંચ બાણો છોડીને લક્ષ્યવેધન કરી શકશે ? ત્યારે પ્રદેશીએ કહ્યું-કે નહિ, તો હે પ્રદેશિન્! એથી તમારે આ વાત માની લેવી જોઇએ કે શરીર ભિન્ન છે અને જીવ ભિન્ન છે. શરીર જીવરૂપ નથી અને જીવ શરીરરૂપ નથી. ॥ સૂ૦ ૧૪૦ ॥

'तए णं पएसी राया' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं पएसी राया) ત્યારે પ્રદેશી રાજાએ (केसिकुमारसमणं एवं वयासी) કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું.-(अत्थि णं भंते ! एसा पण्णाओ उवमा इमेण पुण कारणेण नो उवागच्छइ) હે ભદંત! આ ઉપમા પ્રજ્ઞાથી જન્ય છે એથી વાસ્તવિક નથી. કેમકે જે કારણ હું બતાવી રહ્યો છું તેથી મારા હૃદયમાં જીવ અને શરીરની ભિન્નતા જામતી નથી. (अत्थिणं भंते!से जहा नामए केइ पुरिसे तरुणे जाव निउणसिप्पोवगए पभू एगं मं अयभारगं

वा तउयभारगं वा सीसगभारगं वा परिवहित्तए) તે કારણ આ પ્રમાણે છે. જેમ કોઇ એક પુરૂષ હોય અને તે યુવા યાવત્ નિપુણ શિલ્પોપગત હોય એટલે કે સમ્યક્ જ્ઞાન યુકત હોય તો એવો તે પુરૂષ વિશાળ લોખંડના ભારને ત્રપુકના ભારને શીશાના ભારને વહન કરવામાં શું સમર્થ થઈ શકે છે? ત્યારે કેશીકુમાર શ્રમણે તેને (**हंता पभू**) હાજી, પ્રદેશિન્ એવો તે પુરૂષ તે લોખંડ વગેરેના વિશાળ ભારને વહન કરવામાં સમર્થ થઇ શકે છે. (**से चेव णं भंते ! पुरिसे जुन्ने जराजज्जरियदेहे सिढिलवलिअतयाविणट्ठगत्ते दंडपरिग्गहियग्गहत्थे**) હવે કેશી કુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે પ્રશ્ન કર્યો કે હે ભદંત! તે જ પુરૂષ જ્યારે ઘરડો થઇ જાય છે અને વૃદ્ધાવસ્થાને લીધે જર્જરિત શરીરવાળો હોવાથી અશકત થઇ જાય છે, ચામડી જેની કરચલીઓથી યુકત થઇ જાય છે અને એથી જેની શારીરિક શકિત પ્રતિહત થઇ જાય છે તેમજ જમણા હાથમાં જે લાકડી ઝાલીને ચાલવા લાગે છે. (**पविरलपरिसडियदंतसेढी, आउरे, किसीए, पिवासिए, दुब्बले छुहापरिकिलंते नो पभू एगं महं अयभारगं वा जाव परिहिवत्तए**) જેની દંત પંકિત વિરલ થઈ જાય છે, શટિત થઇ જાય છે, તેમજ કાસ, શ્વાસ વગેરેથી જે હંમેશા પીડિત રહે છે અને એથી જે કૃશ અને દુર્બલ થઈ જાય છે, ઉભા થઇને પાણી પીવાની પણ જેનામાં તાકાત હોતી નથી જે સાવ અશકત થઇ જાય છે, ભૂખથી જે પીડિત થઇ જાય છે એવો તે પુરૂષ એક મોટા લોખંડના ભારને કે શિશાના ભારને વહન કરવામાં સમર્થ થઇ શકતો નથી. (**जएणं भंते ! सच्चेव पुरिसे जुन्ने जराजज्जरियदेहे जाव परिकिलंते पभू एगं महं अयभारं वा जाव परिवहित्तए तो णं सद्दहेज्जा तहेव**) તો હે ભદંત! જો તે પુરૂષ ઘરડો હોવા છતાં એ ઘડપણથી જર્જરિત શરીરવાળો હોવા છતાં એ યાવત્ ભૂખથી પરિકલાંત હોવાં છતાંએ એક ભારે લોખંડના ભારને યાવત્ વહન કરવામાં સમર્થ થઈ શકત તો હું તમારા જીવ શરીરથી ભિન્ન છે અને શરીર જીવથી ભિન્ન છે, જીવ શરીર રૂપ નથી અને શરીર જીવ રૂપ નથી આ કથર પર વિશ્વાસ કરી લેત.

(जम्हा णं भंते ! से चेव पुरिसे जुन्ने जाव किलंते नो पभू एगं महं अयभारं वा जाव परिवहित्तए, तम्हा सुपइट्ठिया मे पइण्णा तहेव) જે કારણથી હે ભદંત ! તેજ પુરુષ જીર્ણ (ઘરડો) યાવત્ થઇ જવાથી એક વિશાળ લોખંડના ભારને યાવત્ વહન કરવામાં સમર્થ થઇ શકતો નથી તે કારણથી જ જીવ અને શરીર એકજ છે એવી મારી ધારણા સુપ્રતિષ્ઠિત જ છે. એટલે કે જીવ અને શરીર બન્ને એકજ છે. જીવ ભિન્ન નથી અને શરીર ભિન્ન નથી આ મારી માન્યતા યોગ્યજ છે.

ટીકાર્થ-આ સૂત્રનો ટીકાર્થ મૂલાર્થ જેવો જ છે. तरुणः यावत् निपुणशिल्पोपगतः'માં જે યાવત્ પદ આવેલ છે તેથી બીજી કોઇ જગ્યાએ સંગૃહીત યુગવાન્, બળવાન્ વગેરે પદો અહીં સંગૃહીત થયાં છે. આ પદોનો અર્થ સાતમા સૂત્રની ટીકામાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. એથી ત્યાંથી જ જાણવા પ્રયત્ન કરવો જોઇએ. 'अयभारगं वा जाव परिवहित्तए' માં આવેલ યાવત્ પદથી 'तउगभारगं वा सीसगभारगं वा' આ પદોનો સંગ્રહ થયો છે. આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે કે યુવા વગેરેથી યુકત વિશેષણવાળો જે જીવ છે તેજ જીવ અયુવા વગેરે વિશેષણોથી પણ સંપન્ન છે. એથી તે તેજ જીવ છે અને તેનું શરીર પણ તેજ છે એઓ બન્ને જુદાં જુદાં નથી પ્રદેશી રાજાએ એજ વાત આ સૂત્રથી પ્રમાણિત કરી છે. ।।સૂ૦ ૧૪૧।।

'तएणं केसी कुमारसमणे' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं केसीकुमारसमणे पएसिं रायं एवं वयासी) ત્યાર પછી કેશીકુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું-(से जहानामए केइ पुरिसे तरुणे जाव सिप्पोवगए णवियाए विहंगियाए णवएहिं सिक्कएहिं, णवएहिं पच्छियपिंडएहिं पहू एगं महं अयभारं जाव परिवहित्तए ?) જેમ ગમે તે-કોઇ પુરુષ હોય અને તે તરુણ યાવત્ શિલ્પોપગત હોય, એવો તે પુરૂષ

નવીન વિહંગિકાથી ભારયષ્ટિકાથી (કાવડથી) નવીન સિકયકાથી નવીન પક્ષિતપિટકાઓથી એક વિશાળ લોખંડના ભારને યાવત્ ત્રપુભારને અથવા શીશક ભારને વહન કરવામાં શું સમર્થ થઇ શકે છે ? ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું–(**हंता, पभू**) હાં જી, ભદંત ! એવો તે પુરૂષ તેને વહન કરવામાં સમર્થ થઇ શકે છે. (**पएसी ! से चेव णं पुरिसे तरुणे जाव सिप्पोवगए. जुन्नियाए, दुब्बलियाए घुणक्खइयाए विहंगियाए, जुण्णएहिं, दुब्बलिएहिं घुणक्खइएहिं, सिढिलतया विणद्धएहिं, सिक्कएहिं जुण्णेहिं दुब्बलिएहिं घुणक्खइएहिं पच्छियपिंडएहिं पभू एगं महं अयभारं वा जाव परिवहित्तए**) હે પ્રદેશિન્ ! હવે તમને હું આમ પ્રશ્ન કરૂં છું કે તે જ તરૂણ પુરૂષ જે યાવત્ નિપુણ શિલ્પોપગત છે. જીર્ણ દુર્બળ, ઉધેઇ ખાધેલી ભારયષ્ટિથી (કાવડથી) તેમજ જીર્ણ, દુર્બળ ઉધેઇવટ ખાધેલ તેમજ શિથિલ ત્વચાઓથી પિનદ્ધ થયેલ એવી શિકયકાઓથી અને દુર્બલિક, ઉધઇ ખાધેલ એવી પક્ષિતપિટકાઓથી એક મોટા લોખંડના ભારને અથવા ત્રપુભારને કે શીશકભારને વહન કરવામા શું સમર્થ થઇ શકે છે? પ્રદેશીએ કહ્યું (**णो इणट्ठे समट्ठे**) હે ભદંત ! આ અર્થ સમર્થ નથી. એટલે કે તેજ યુવા વગેરે વિશેષણોથી યુકત પુરૂષ જીર્ણ વગેરે વિશેષણોથી યુકત વિહંગિક (કાવડ) વગેરે વટ વિશાળ લોખંડના ભારને વહન ન કરી શકે તેમ છે. કેશીકુમાર શ્રમણે કહ્યું. (**कम्हा**) તે આમ શા કારણથી નહિ કરી શકે ? ત્યારે પ્રદેશીએ કહ્યું. (**भंते ! तरस पुरिसस्स जुण्णाइं उवगरणाइं भवंति**) હે ભદંત ! લોખંડના ભાર વગેરેને વહન કરવાના જે સાધને છે તે જીર્ણ છે. (**पएसी से चेव पुरिसे जुन्ने जाव छुहापरिकिलंते जुन्नोवगरणे नो पभू एगं महं अयभारं वा जाव परिवहित्तए–तं सद्दहाहि णं तुमं पएसी अन्नो जीवो अन्नं सरीरं**) ફરી કેશીએ પ્રદેશીને આ પ્રમાણે પ્રશ્ન કર્યો કે હે પ્રદેશિન્ ! જો તે જ પુરૂષ જીર્ણ વૃદ્ધ યાવત્ ૧૪૧ માં સૂત્રમાં આવેલ વિશેષણોથી સંપન્ન હોય ક્ષુધા પરિકલાંત થઇ જાય છે તો તે જીર્ણોપકરણવાળો હોવાથી–શરીર બળ બુદ્ધિ વગેરે ઉપકરણો જીર્ણ હોવાથી એક વિશાળ લોખંડના ભારને યાવત્ શીશકભારને વહન કરવામાં સમર્થ થઇ શકે તેમ નથી. યુવાવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં જીવની સમાનતા હોવા છતાં એ ઉપકરણના અભાવે વૃદ્ધ ભારને વહન કરવામાં સમર્થ થઇ

શકતો નથી. એથી હે પ્રદેશિન્! તમે મારી વાત પર વિશ્વાસ કરો કે જીવ અન્ય છે, અને શરીર અન્ય છે, શરીર જીવરૂપ નથી અને જીવ શરીર રૂપ નથી.

ટીકાર્થ—સ્પષ્ટ જ છે. ('विहंगियाए, सिक्कएहिं, पच्छियपिंडएहिं'એ શબ્દો આવેલ છે. તે ભાર વહન કરવા માટેના વિશેષ સાધનોના અર્થમાં પ્રયુકત કરવામાં આવ્યા છે. વંશ, વેત્ર વગેરેથી નિર્મિતપાત્ર વિશેષણનું નામ પક્ષિતપિટક છે. આ સૂત્રનો સંક્ષેપમાં ભાવાર્થ આ પ્રમાણે છે કે સમર્થ પુરૂષ જો ઉપકરણો સશકત હોય તો લોખંડ વગેરેના ભારને વહન કરી શકે છે. તથા તેજ સમર્થ પુરૂષ જો ઉપકરણો અશકત-અસમીચીન-હોય તો લોખંડ વગેરે રૂપ ભારને વહન કરિ શકે તેમ નથી. તેમજ તેજ પુરૂષ વૃદ્ધાવસ્થાપન્ન હોવાથી લોખંડના ભારને વહન કરી શકે તેમ નથી. એથી આ વાત સ્પષ્ટ થાય છે કે જીવની સમાનતા હોવા છતાં એ ઉપકરણો (સાધનો)ની અસમાનતાને લીધે ભારનું વહન કરી શકાય તેમ નથી એથી આ વાત માની લેવી જોઇએ કે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે.૬૧૪૨ા

'तएणं से पएसी' इत्यादि ।

સૂત્રાર્થ—तए णं से पएसी केसिकुमारसमणं एवं वयासी) ત્યાર પછી તે પ્રદેશી રાજાએ કેશી કુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું. (अत्थि णं भंते! जाव नो उवागच्छइ) હે ભદંત ! આ ઉંપમા બુદ્ધિ જન્ય છે એથી વાસ્તવિક નથી. વક્ષ્યમાણ કારણથી જીવ અને શરીરની ભિન્નતા મારા મનમાં જામતી નથી. (एवं खलु भंते ! जाव विहरामि) તે કારણ આ પ્રમાણે છે-એક દિવસની વાત છે કે હું ગણનાયક વગેરે-ની સાથે બાહ્ય ઉપસ્થાનશાળા (બહારની કચેરી)માં બેઠો હતો. (तएणं मम णगर-गुत्तिया जाव चोरं उवणेंति) તે વખતે મારા નગરરક્ષકો સાક્ષિયુકત વગેરે વિશેષણોથી સંપન્ન કોઇ એક ચોરને પકડી લાવ્યા. (त एणं अहं तं पुरिसं

जीवितगं चेव तुलेमि) મેં અવિતાવસ્થામાં જ તેનું વજન કર્યું. (तुलेत्ता छविच्छेयं अकुव्वमाणे जीवियाओ ववरोवेमि, मयं तुलेमि) તોલીને પછી મેં તેને અંગ ભંગ કર્યાં વગર જ જીવન રહિત બનાવી દીધો અને મર્યા પછી ફરી તેનું મેં વજન કરાવ્યું. (णो चेव णं तस्स पुरिसस्स जीवंतस्स वा तुलियस्स मयस्स वा तुलियस्स केइ नाणत्ते वा उम्मत्तत्ते वा तुच्छत्ते वा गुरुयत्ते वा लधुयत्ते वा) ત્યારે જીવતાં વજન કરાયેલા તેમાં અને મૃત્યુ પામ્યા પછી વજન કરાયેલા તેમાં મને કોઈ પણ જાતની ન્યૂનાધિકતા લાગી નહીં, તેમાં ભાર વધારે પણ થયો નહીં, અને તેમાંથી ભાર ઓછો પણ થયો નહીં તેમાં ગુરૂતા આવી નથી તેમ તેમાં લઘુતા પણ આવી નથી. (जइणं भंते ! तस्स पुरिसस्स जीवंतस्स वा तुलियस्स मयस्स वा तुलियस्स वा होज्जा केई नाणत्ते वा जाव लहुयत्ते वा) હે ભદંત ! જીવીતાવસ્થામાં કરેલા વજનમાં અને મૃતાવસ્થાવામાં કરેલા તે ચોરના વજનમાં જો કોઇ પણ જાતની ન્યૂનાધિકતા થઇ જાત યાવત્ લઘુતા થઇ જાત. (तो णं अहं सद्दहेज्जा तं चेव) તો હું આ વાત પર શ્રદ્ધા કરી શકત કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. તે જીવ શરીર નથી અને શરીર જીવ નથી. (जम्हा णं भंते ! तस्स पुरिसस्स जीवंतस्स वा तुलियस्स मयस्स वा तुलियस्स नत्थि केइ नन्नत्थे वा जाव लहुयत्ते वा, तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा, तं जीवो तं चेव) જેથી હે ભદંત ! જીવીતાવસ્થામાં વજન કરાયેલ તે પુરૂષમાં અને મૃતાવસ્થામાં વજન કરાયેલ તેજ પુરૂષમાં જ્યારે કોઇ પણ જાતની ભિન્નતા-ન્યૂનતાધિકતા યાવત્ લઘુતા મારા ધ્યાનમાં આવતી નથી તેથી મારી એવી માન્યતા છે કે જે જીવ છે તેજ શરીર છે. જીવ અન્ય નથી તેમજ શરીર પણ અન્ય નથી.

ટીકાર્થ—કેશી કુમારશ્રમણનું જીવ શરીર ભિન્નતા સંબંધી કથન સાંભળીને પ્રદેશી રાજાએ તેમને આ પ્રમાણે કહ્યું કે હે ભદંત! તમે જીવ અને શરીરની ભિન્નતા સ્પષ્ટ કરવા માટે જે ઉપમા આપી છે તે માત્ર ઉપમા જ છે. તે બુદ્ધિ-

જન્ય હોવાથી અવાસ્તવિક જ છે. એથી જે વાત હું કહું છું તેથી એઓ બન્નેની અભિન્નતા જ પ્રકટ થાય છે. એ વાત આ પ્રમાણે છે. હું એક દિવસ ગણુનાયક વગેરેની સાથે મારી બાહ્ય ઉપસ્થાનશાળામાં બેઠો હતો ત્યાં નગરરક્ષકો એક ચોરને પકડીને મારી સામે લાવ્યા. મેં પહેલાં તેનું જીવતાં જ વજન કર્યું ત્યાર પછી તેને મારીને પછી તેનું વજન કર્યું. તો તેના વજનમાં કોઈ પણ જાતની ન્યૂનાધિકતા જણાઇ નહિ. એથી હું આ નિષ્કર્ષ પર આવ્યો છું કે તે ચોરનો જીવ છે શરીર છે. અને શરીર છે તેજ જીવ છે જીવ અન્ય નથી અને શરીર અન્ય નથી અહીં 'जाव नो उवागच्छइ' માં જે યાવત્ પદ આવેલ છે તેથી (एषा प्रज्ञातउपमा, अनेन पुनः वक्ष्यमाणकारणेन'' આ પાઠનો સંગ્રહ થયો છે. આનું સ્પષ્ટીકરણ ૧૩૮ મા સૂત્ર કરવામાં આવ્યું છે. (बाह्यायामुपस्थानशालायां अनेकगण नायक–दण्डनायक, राजेश्वर, तलवर माडंबिक, कौटुम्बिकभ्य, श्रेष्ठि–सेनापति–सार्थवाहं–मंत्रि–महामंत्रि गणक–दौवारिकामात्य–चेट पीठ मर्द –नगर–निगम दूतसंधिपालैः सार्धं संपरिवृत्तः'' આ પાઠનો સંગ્રહ થયો છે. આ પદોની વ્યાખ્યા ૧૩૫ માં સૂત્રમાં કરવામાં આવી છે. 'जाव चोरं उवणेंति' માં સસાક્ષી-સહોઢાદિ વિશેષણોનું યાવત પદથી ગ્રહણ થયું છે. ॥સૂ૦ ૧૪૩॥

'त एणं केसीकुमारसमणे' इत्यादि ।

સૂત્રાર્થ:—(त एणं केसीकुमारसमणे पएसिं रायं एवं वयासी) ત્યાર પછી તે કેશીકુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું–(अत्थि णं पएसी ! तुमे कयाइ वत्थी अंतपुव्वे वा धमावियपुव्वे वा !) હે પ્રદેશિન્ ! તમે કોઈ પણ દિવસે ભસ્ત્રિકા (ધમણ) માં હવા ભરી છે. કે કોઇની પાસેથી ભરાવડાવી છે ? (हंता अत्थि) ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું, હાં ભદંત ! હવા ભરી છે અને ભરાવડાવી છે. (अत्थि णं पएसी ! तस्स वत्थिस्स पुण्णस्स वा तुलियस्स अपुण्णस्स वा तुलियस्स केइ नाणत्ते वा जाव लहुयत्ते वा) ફરી કેશીકુમારશ્રમણે તેને કહ્યું–હે પ્રદેશિન્ ! જ્યારે તમે તે ધમણનું હવા ભરીને વજન કર્યું અને પછી હવા બહાર કાઢીને તેનું વજન કર્યું ત્યારે તમને તેમાં કંઈક ન્યૂનાધિકતા યાવત્ લઘુતા જણાઇ ? પ્રદેશીએ કહ્યું (णो इणट्ठे समट्ठे) હે ભદંત ! આ અર્થ સમર્થ નથી–એટલે કે ન્યૂનાધિકતા યાવત્ લઘુતા કંઇ પણ જણાઇ નહિ (एवामेव पएसी

जीवस्स अगुरुलहुयत्तं पडुच्च जीवंतस्स वा तुलियस्स मयस्स वा तुलियस्स नत्थि केइ नाणंत्ते वा जाव लहुयत्ते वा, तं सद्दहाहि णं तुमं पएसी तं चेव ७) તો આ પ્રમાણે હે પ્રદેશિન્ ! જીવની અગુરૂલઘુત્વ ગુણેન–ગુરૂત્વલઘુત્વ રહિતાંવસ્થાને સામે રાખીને જીવિતાવસ્થામાં કરાયેલા તે ચોરના વજનમાં અને મૃતા-વસ્થામાં કરાયેલા તે ચોરના વજનમાં કોઇ પણ જાતનું નાનાત્વ કે લઘુત્વ નથી. એથી હે પ્રદેશિન્ ! તમે મારી આ વાત પર વિશ્વાસ કરી લો કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. આ સૂત્રનો ટીકાર્થ સ્પષ્ટ જ છે. ॥૧૪૪॥

'तएणं पएसी राया' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं पएसी राया केसिं कुमारसमणं एवं वयासी) ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું. (अत्थि णं भंते ! एसा जाव नो उवागच्छइ) હે ભદંત ! આ ઉપમા બુદ્ધિ પ્રેરિત હોવાથી વાસ્ત-વિક નથી. આ નિમ્ન કારણથી મારા મનમાં જીવ અને શરીરની ભિન્નતાની વાત જામતી નથી. (एवं भंते) હે ભદંત ! તે આ પ્રમાણે છે. (अहं अन्नया जाव चोरं उवणेंति) હું એક દિવસે ૧૩૫ મા સૂત્રમાં કથિત ઘણા ગણ નાયકોવગેરે-ની સાથે બાહ્ય ઉપસ્થાન શાળામાં બેઠો હતો. ત્યાં મારા નગરરક્ષકો એક ચોરને મુશ્કેટાટ બાંધીને મારી સામે લાવ્યા. (तएणं अहं तं पुरिसं सव्वओ समंता समभिलोएमि) મેં તે પુરૂષને મસ્તકથી માંડીને પગ સુધી સારી રીતે જોયો. (नो चेव णं तत्थ जीवं पासामि) પણ મને તેમાં જીવ દેખાયો નહીં. (तएणं अहं तं पुरिसं दुहा फालियं करेमि) ત્યાર પછી મેં તે ચોર પુરૂષના બે કકડા કરી નાખ્યા. (करित्ता सव्वओ समंता समभिलोएमि) બે કકડાઓ કરીને પછી મેં તેનું સારી રીતે નિરીક્ષણ કર્યું. (नो चेव णं तत्थ जीवं पासामि) પણ મને ત્યાં જીવ દેખાયો નહીં. (एवं तिहा. चउहा. संखेज्जहा फालियं करेमि–नो चेव णं तत्थ जीवं पासामि) ત્યાર પછી મેં તેના ત્રણ કકડા કર્યા, ચાર કકડા કર્યા યાવત્ સંખ્યાત (સેંકડો) કકડા કર્યા પણ છતાં એ ત્યાં મને જીવ દેખાયો નહીં.

(जइणं भंते ! अहं तंसि पुरिसंसि दुहा वा तिहा वा चउहा वा संखेज्जहा वा फालियंसि जीवं पासेज्जा तो णं अहं सद्दहेज्जा तं चेव) એથી જો ભદંત ! મને તે પુરૂષના બે ત્રણ ચાર અથવા સંખ્યાત કકડાઓ કરવાથી તેનો જીવ જોવામાં આવ્યોહોત તો હું તમારા આ કથન પર વિશ્વાસ કરી લેત કે જીવ અન્ય છે. અને શરીર અન્ય છે. જીવ શરીરરૂપ નથી અને શરીર જીવરૂપ નથી. (जम्हा णं भंते ! अहं तंसि दुहा वा तिहा वा चउहा वा संखिज्जहा वा, फालियंसि जीवं न पासामि–तम्हा सुपइट्ठिया मे पइण्णा जहा तं जीवो तं सरीरं तं चेव) જે કારણથી હે ભદંત! મેં તેના બે ત્રણ ચાર અથવા સંખ્યાત કકડાઓ કર્યા પછી પણ જીવ જોયો નહિ તે તે કારણથી મારી જીવ શરીરરૂપ છે અને શરીર જીવરૂપ છે, જીવ ભિન્ન નથી અને શરીર ભિન્ન નથી એવી માન્યતા સુસ્થિર છે.

ટીકાર્થ સ્પષ્ટ જ છે. ॥સૂ૦ ૧૪૫॥

'तएणं केसिकुमारसमणं' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं केसिकुमारसमणं पएसिं रायं एवं वयासी) ત્યાર બાદ કેશીકુમારશ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું (मूढतराए णं तुमं पएसी! ताओ कट्ठहाराओ) હે પ્રદેશિન્ ! તમે મને પેલા કાષ્ઠહર કરતાં પણ વધારે મૂર્ખ લાગે છે. (के णं भंते ! कट्ठहारए) હે ભદંત તે કાષ્ઠહર કેવો હતો ? આ પ્રમાણે જ્યારે પ્રદેશી રાજાએ કહ્યું–ત્યારે (पएसी !) કેશીકુમારશ્રમણે કહ્યું કે હે પ્રદેશિન્! સાંભળો (से जहानामए केइ पुरिसा वणत्थी वणोवजीवी वणग–वेसणयाए जोइं च जोइभायणं च गहाय कट्ठाणं अडविं अणुपविट्ठा) કેટલાક વનાથી અને વનૌપજીવી કાષ્ઠાહારક પુરૂષો હતા. તેઓ વનમાં શોધતાં શોધતાં કોઇ એક અટવીમાં પ્રવિષ્ટ થઇ ગયા. તેમણે પોતાની સાથે અગ્નિ તેમજ અગ્નિને મૂકવામાં માટે આધારભૂત પાત્ર લઇ રાખ્યાં હતા. તે અટવીમાં લાકડાઓ પુષ્કળ પ્રમાણમાં હતા. (तए णं ते पुरिसा तीसे अगामियाए अडवीए किंचिदेसं अणुपत्ता समाणा) જ્યારે તે બધા તે ગ્રામરહિત નિર્જન અટવીમાં થોડી દૂરગયા ત્યારે (एगं पुरिसं एवं वयासी) તેમણે એક પુરુષને આ પ્રમાણે કહ્યું. (अम्हे णं देवाणुप्पिया ! कट्ठाणं अडविं पविसामो) હે દેવાનુપ્રિય ! અમે બધા કાષ્ઠ પ્રધાન અટવીમાં વધુ આગળ પ્રવેશીએ છીએ. (एत्तो णं तुमं जोइभायणाओ जोइं

गहाय अम्ह असणं साहेज्जासि) ત્યાં સુધી તમે અહીં રહીને અગ્નિના આ પાત્રમાંથી અગ્નિને લઇ અમારા માટે ભોજન તૈયાર કરો. (अह तं जोइभायणे जोई विज्झवेत्ता) જો આ પાત્રમાં અગ્નિ ઓળવાઇ જાય. (एत्तों णं तुमं कट्ठाओ जोइं गहाय अम्हं असणं साहेज्जासि त्ति कट्टु कट्ठाणं अडविं अणुपविट्ठा) તો જુઓ, આ લાકડું પડયું છે, તેમાંથી અગ્નિ ઉત્પન્ન કરી લેજો અને અમારા માટે ભોજન તૈયાર કરજો. આ પ્રમાણે બધી વિગત સમજાવીને તેઓ તે પુષ્કળ લાકડાવાળી અટવીમાં આગળ પ્રવિષ્ટ થઇ ગયા. (तए णं से पुरिसे तओ मुहुत्तंतराओ तेसिं पुरिसाणं साहेमित्ति कट्टु जेणेव जोइभायणे तेणेव उवागच्छइ) તેઓ બધા જ્યારે ત્યાંથી જતા રહ્યા ત્યારે તેણે આ પ્રમાણે વિચાર કર્યો કે–સારૂં જલ્દી તેઓ બધા માટે જમવાનું તૈયાર કરી લઉં. આમ વિચાર કરીને તે જ્યાં અગ્નિ પાત્ર હતું ત્યાં ગયો. (जोइभायणे जोइं विज्झायमेव पासइ) ત્યાં જઈને તેણે તે અગ્નિપાત્રમાં અગ્નિને ઓળવાઇ ગયેલ જ જોયો. तए णं से पुरिसे जेणेव से कट्ठे तेणेव उवागच्छइ) ત્યાર પછી તે પુરૂષ ત્યાં ગયો જ્યાં પેલું કાષ્ઠ (લાકડું) પડેલું હતું. (उवागच्छित्ता तं कट्ठं सव्वओ समंता समभिलोएइ) ત્યાં જઈને તેણે તે લાકડાને ચારે બાજુથી સારી રીતે જોયું (णो चेव णं जोइं पासेइ) પણ તેમાં તેને અગ્નિ દેખાયો નહિ. (तएणं से पुरिसे परियरं बंधइ) ત્યારે તે પુરુષે પોતાની કેડ બાંધી. (फरसुं गिण्हइ) કુહાડી હાથમાં લીધી અને (तं कट्ठं दुहा फालिहं करेइ) તે લાકડાના બે કકડા કરી નાખ્યા. (सव्वओ समंता समभिलोएइ) પછી તેણે ચારે તરફથી તેને જોયું. (णो चेव णं तत्थ जोइं पासइ) પણ તેમાં તેને અગ્નિ જોવામાં આવ્યો નહિ. (एवं जाव संखेज्जहा फालिहं करेइ) આ પ્રમાણે પછી તેણે તેના યાવત્ સેંકડો કકડાઓ કરી નાખ્યા. (सव्वओ समंता समभिलोएइ) પણ તેમને ચારે તરફ સારી રીતે જોવા છતાંએ (णो चेव णं तत्थ जोइं पासइ) તેને તેમનામાં અગ્નિ દેખાયો નહિ. (तएणं से पुरिसे तंसिं कट्ठंसि दुहा फालियं वा जाव संखेज्जहा फालिए

वा जोइं अपासमाणे संते तंते निव्विण्णे समाणे परसुं एगंते एडेइ) त्यार पछी ज्यारे ते पुरुषने ते काष्ठना बे कटकडाओ यावत् संख्यात कटकडाओ कर्या पछी पण ज्यारे अग्नि जोवामां आव्यो नहि, त्यारे ते थाकीने, क्लान्त थईने, परितान्त थईने विशेष दुखित थयो अने तेणे ते कुहाडीने कोई एकांत स्थाने मूकी दीधी (परियरं मुयइ) कमरनुं बंधन पण खोली नाख्युं (एवं वयासी) पछी ते आ प्रमाणे कहेवा लाग्यो. (अहो मए तेसिं पुरिसाणं असणे नो साहिए त्ति कट्टु ओहयमणसंकप्पे चिंतासोगसागरसंपविट्ठे करतलपल्हत्थमुहे अट्टज्झाणोवगए भूमिगयदिट्ठीए झियायइ) अरे ! हुं ते माणसो माटे भोजन बनावी शक्यो नहि. हवे शुं करुं ? आ प्रमाणे विचार करीने ते खूब ज दुःखी थयो. तेनी बधी मानसिक इच्छाओ नष्ट थई गई, अने ते चिंता अने शोकरूपी समुद्रमां निमग्न थई गयो. कपाळ पर हथेळी मूकीने ते आर्तध्यान करवा लाग्यो. तेनी नजर जमीन तरफ नीचे थई गई, आम ते चिंतामां डूबी गयो. (तएणं ते पुरिसा कट्ठाइं छिंदंति) हवे ते माणसोए लाकडाओ कापी लीधा त्यारे तेओ (जेणेव से पुरिसे तेणेव उवागच्छंति) ज्यां ते पुरुष हतो, त्यां गया. (तं पुरिसं ओहयमणसंकप्पं जाव झियायमाणं पासंति) त्यां जईने तेमणे ते पुरुषने मानसिक इच्छाओ जेनी नष्ट पामी छे एवो अने शोक तेमज चिंता रूपी समुद्रमां निमग्न थयेल कपोल पर हथेळी मूकीने आर्तध्यान करतो अने नीची दृष्टि करेलो जोयो. जोईने पछी तेमणे (एवं वयासी) तेने आ प्रमाणे कह्युं–(किं णं तुमं देवाणुप्पिया! ओहयमणसंकप्पे जाव झियायसि) हे देवानुप्रिय ! तमे शा कारणथी अपहत मनःसंकल्प वाळा थई गया छो अने यावत् चिंता करी रह्या छो. (तएणं से पुरिसे एवं वयासी) त्यारे ते पुरुषे तेमने आ प्रमाणे कह्युं. (तुज्झेणं देवाणुप्पिया ! कट्ठाणं अडविं अणुपविसमाणा ममं एवं वयासी) हे देवानुप्रियो ! तमे सौ ज्यारे लाकडाओ कापवा माटे अटवीमा प्रविष्ट थवा तैयार थया हता त्यारे मने आ प्रमाणे कह्युं हतुं–(अम्हेणं देवाणुप्पिया ! कट्ठाणं अडविं जाव अणुपविट्ठा) हे देवानुप्रिय ! अमे बधा लाकडाओ कापवा माटे आ अटवीमां आगळ जईए छीए. तो तमे त्यां सुधी अग्नि पात्रमांथी अग्नि लईने

અમારા માટે ભોજન તૈયાર કરો. તે પાત્રમાં અગ્નિ ઓળવાઇ જાય તો તમે તે કાષ્ઠમાંથી અગ્નિ ઉત્પન્ન કરી લેજો. અને અમારા માટે ભોજન તૈયાર કરજો. આમ કહીને તમે બધા અટવીમાં પ્રવિષ્ટ થઇ ગયા હતા. (त एणं अहं तत्तो मुहुत्तं-तराओ तुज्झे असणं साहेमि त्ति कट्टु जेणेव जोइभायणे जाव झियामि) ત્યાર પછી મેં આ જાતનો વિચાર કર્યો કે ચાલો, બહુ જ જલદી તમારા માટે ભોજન તૈયાર કરી લઉં. આમ વિચાર કરીને હું જ્યારે અગ્નિપાત્ર જ્યાં રાખ્યું હતું ત્યાં ગયો તો તેમાં મને અગ્નિ ઓળવઇ ગયેલ દેખાયો. ત્યાર પછી હું જ્યાં લાકડું હતું ત્યાં ગયો. ત્યાં જઇને મેં તે કાષ્ઠને સારી રીતે જોયું, ચારે તરફ જોયું પણ મને તેમાં અગ્નિ દેખાયો નહિ. પછી મેં કમ્મર બાંધી અને કુહાડી લઇને તે કાષ્ઠ (લાકડા)ના બે કકડાઓ કર્યા. પછી તે કકડાઓને ચારે તરફથી સારી રીતે જોયા મને તેમાં પણ અગ્નિ દેખાયો નહિ. આમ મેં તેના ત્રણચાર વખત્ સંખ્યાત કકડાઓ કરી નાખ્યા બધા કકડાઓને ચારે તરફથી સારી રીતે જોયા પણ ત્યાં મને જરા પણ અગ્નિ દેખાયો નહિ. ત્યારે હું થાકીને, તાન્ત, પરિતાન્ત થઇને અને ખેદ ખિન્ન થઈને કુહાડીને એક તરફ મૂકી દીધી અને બાંધેલી કેડ ખોલી નાખી પછી મેં આ જાતનો વિચાર કર્યો. હું તે માણસો માટે ભોજન બનાવી શકયો નહિ. આ કેવી દુઃખ અને આશ્ચર્યની વાત છે. આ પ્રમાણે વિચાર કરીને હું અપહત મનઃ સંકલ્પવાળો થઇને શોક અને ચિંતારૂપી સમુદ્રમાં મગ્ન થઇને, કપોલ પર હથેલી મૂકીને બેઠો છું, અને આર્ત્તધ્યાન કરી રહ્યો છું. શર્મથી મારી નજર નીચી જમીન તરફ વળી ગઇ છે. (तएणं तेसिं पुरिसाणं एगे पुरिसे छेए दक्खे, पत्तट्ठे जाव उवएस लद्धे ते पुरिसे एवं वयासी) ત્યાર પછી તે માણસોમાં એક માણસ એવો પણ હતો કે જે છેક યોગ્ય સમયને પિછાણનાર, દક્ષ–કાર્યકુશળ પ્રાપ્તાર્થ-પોતાની કુશળતાથી–જેણે સાધ્યાર્થ પ્રાપ્ત કરિ લીધો છે, એવો યાવત્ ગુરુપદેશ જેણે પ્રાપ્ત કર્યો છે એવો હતો. તેણે કાષ્ઠહારક માણસોને આ પ્રમાણે કહ્યું. (गच्छह णं तुज्झे देवाणुप्पिया ! ण्हाया, कयबलिकम्मा जाव हव्वमागच्छेह, जाणं अहं असणं साहेमि त्ति कट्टु परिकरं बंधइ) હે દેવાનુપ્રિયો (તમે લોકો સ્નાન કરો, બલિકર્મ-કાગડા વગેરે અન્ન વગેરેનો ભાગ આપીને નિશ્ચિન્ત થઇ જાવ. યાવત્

કૌતુક મંગળરૂપ પ્રાયશ્ચિત્ત કરી લો. અને પછી જલદી અહીં ઉપાસ્થિત થઈ જાવ. આટલામા હું તમારા માટે ભોજન તૈયાર કરૂં છુ. આમ કહીને તેણે પોતાની કેડ બાંધી અને (फरसुं गिण्हइ) કુહાડી હાથમાં લીધી. (सरं करेइ सरेण अरणिं महेइ) તેણે સૌ પહેલાં લાકડાને એવી રીતે છોલ્યું કે જેથી તે બાણ જેવી શલાકા જેવું થયું પછી તેનાથી તેણે અરણિ કાષ્ટનું મંથન કર્યું (जोइं पाडेइ) મંથન કરવાથી તેમાંથી અગ્નિ પ્રકટ થઈ ગયો. (जोइं संधुक्खेइ) પ્રકટ થયેલ તે અગ્નિને પવન વગર સાધનોથી તેને સવિશેષ પ્રજવલિત કર્યો. (तेसिं पुरिसाणं असणं साहेइ) અગ્નિ જ્યારે પ્રજવલિત થઇ ગયો ત્યારે તેણે તે બધા લોકો માટે ભોજન તૈયાર કર્યું. (तए णं ते पुरिसा ण्हाया कयबलिकम्मा जाव पायच्छित्ता जेणेव से पुरिसे तेणेव उवागच्छइ) આટલામાં તે બધા માણસે સ્નાન કરીને, બલિકર્મ- કાગડા વગેરેને અન્ન વગેરેનો ભાગ આપીને યાવત્ કૌતુક મંગળરૂપ પ્રાયશ્ચિત્ત કરીને તે જ્યાએ આવી ગયા. જ્યાં તે પુરૂષ હતો. तए णं से पुरिसे तेसिं पुरिसाणं सुहासणवरगयाणं तं विउलं असणं पाणं खाइमं साइमं उवणेइ तएणं ते पुरिसा तं विउलं असणं पाणं खाइमं साइमं आसाएमाणा विसाएमाणा जाव विहरंति) ત્યાં જઈને તેઓ બધા પુરૂષો પોતપોતાના સ્થાને સુખાસન પર બેસી ગયા. તેઓ જ્યારે બેસી ગયા ત્યારે તે પુરૂષે તે પ્રચુર ખાદ્ય વગેરે સામગ્રીને લાવીને તેમની સામે મૂકી દીધી અને પીરસી દીધી. તેઓ બધાએ તે ભોજન સામગ્રીને ચારે પ્રકારના આહારને-તેના સ્વાદને જાણવા માટે પહેલાં તો તેને ચાખ્યો પછી ખૂબ રૂચિપૂર્વક તેને જમ્યા. (जिमियभुत्तुत्तरागया वि य णं समाणा आयंता चोक्खा परमसुइभूया तं पुरिसं एवं वयासी) ખાઈ-પીને જ્યારે તેઓ નિશ્ચિંત થઈ ગયા ત્યારે તેઓ ત્યાંથી ઉભા થયા અને ઉભા થઇને આચમન-કોગળા-કરીને પછી તેમણે પોતાના હાથ મોં વગેરેને સારી રીતે ધોઇને સ્વચ્છ કર્યાં. આ પ્રમાણે પરમ શુચિયુક્ત થઇને પછી તેમણે તે પહેલા પુરુષને આ પ્રમાણે કહ્યું. (अहो णं तुमं देवाणुप्पिया! जड्डे! मूढे अपंडिए निव्विण्णाणे, अणुवएसलद्धे, जे णं

तुमं इच्छसि कट्ठंसि दुहा फालियंसि वा जाव जोइं पासित्तए) હે દેવાનુપ્રિય ! તમે જડ છો, અગ્નિ ઉત્પન્ન કરવાના સાધનથી અનભિજ્ઞ છો, મૂર્ખ છો, વિવેક રહિત છો, અપંડિત છો, પ્રતિભા રહિત છો, નિર્વિજ્ઞાન-કુશળતા રહિત છો, અનુપદેશલબ્ધ-તમોએ આ બાબતમાં ગુરૂનો ઉપદેશ પ્રાપ્પ કર્યો નથી, એટલે કે તમે આશિક્ષિત છો, એથી જ લાકડીમાંથી અગ્નિ મેળવવા માટે તમે તેના કકડા કરી નાખ્યા છે. બે કકઠા કરી નાખ્યા છે. ત્રણ કકડા કરી નાખ્યા છે, ચાર કકડાઓ કરી નાખ્યા છે યાવત્ સંખ્યાત કકડાજો કરી નાપ્પ્યા છે. છતાં એ તમને તેમાં અગ્નિ દેખાયો નહિ. એથી તમે ખરેખર મૂઢત્વ વગેરે પૂર્વોકત વિશેષણોથી રહિત નથી. (से एएणट्ठेणं पएसी ! एवं वुच्चइ मूढतराए णं तुमं पएसी ! ताओ कट्ठहाराओ) આ પ્રમાણે મઢતરત્વ સાધક દૃષ્ટાંત કહીને ઉપસંહાર કરતાં કેશી પ્રદેશીને કહેવા લાગ્યા કે હે પ્રદેશિન ! તમે આ દૃષ્ટાન્તમાં આવેલ પુરૂષ કરતાં પણ વધારે મૂર્ખ છો. કેમકે તમે માણસના શરીરના કકડા કરીને તેમના જીવને જોવા તત્પર થયા હતા,

ટીકાર્થ આ સૂત્રનો સ્પષ્ઠ જ છે. આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે કે જેમ પહેલા માણસને કાષ્ઠમાં અગ્નિના દર્શન થયા નથી અને બીજા માણસને થયા તેમજ તે ચોર પુરૂષના શરીરના કકડે કકડા કરવા છતાંએ તેના જીવના દર્શન તમને થયા નથી. એનાથી આ કેવી રીતે કહી શકાય કે જીવ દેખાતો નથી. તેથી જીવ નામનો કોઈ સ્વતંત્ર પદાર્થ જ નથી. એથી જીવ અને શરીર એક જ છે. એવી તમારી જે માન્યતા છે તેને તમે છોડી દો અને આ વાત સ્વીકારી લોકે જીવ ભિન્ન છે અને શરીર ભિન્ન છે એઓ બન્ને એક નથી. અહીં સૂત્રમાં જે 'करतलपर्यस्तमुखः' આ જાતનું પદ છે તેમાં મુખ શબ્દ મુખના અવયવભૂત કપોલ અર્થમાં આવેલ છે "अपहतमनः संकल्पं जाव" માં જે યાવત્ પદ આવેલ છે, તેથી 'चिन्ताशोकसागरसंप्रविष्टः करतलपर्यस्तमुखः आर्त्तध्यानोपगतः एवं

भूमिगत दष्टिक" આ પદોનું ગ્રહણ થયું છે. 'काष्टानामटवीं यावत्' માં આવેલ યાવત્ પદથી 'प्रविशामः इतः खलु त्वं ज्योतिर्भाजनात् ज्योतिर्गृहीत्वाऽस्माकमशनं साधयेः, अथ तज्ज्योति र्भाजने ज्योतिर्विध्यायेत्–इतः खलु त्वं काष्ठात् ज्योतिर्गृहीत्वा अस्माकमशनं साधयेरिति कृत्वा काष्टानामटवीं' આ પાઠનો સંગ્રહ થયો છે. 'एवं यावत् संख्येयधा' માં આવેલ યાવત્ પદથી 'त्रिधा स्फाटितं चतुर्धास्फाटितं' આ પદોનો સંગ્રહ થયો છે. "एडन्ति' આ શબ્દ દેશીય છે. આમાં "एड' ધાતુ 'मोचन' અર્થમાં છે. 'अहो' શબ્દ વિસ્મયાર્થક છે. 'पत्तट्ठे जाव" માં જે યાવત્ પદ આવેલ છે. તેથી અહીં 'बुद्धः, कुशलः, महामतिः विनीतः, विज्ञानप्राप्तः,' આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોની વ્યાખ્યા પહેલી કરવામાં આવી છે. 'कयबलिकम्मा जाव' માં આવેલ યાવત્ પદથી 'कृतकौतुकमङ्गलप्रायश्चित्ताः' આ પદનો સંગ્રહ થયો છે. 'दुहा फालियंसि वा जाव' માં આવેલ યાવત્ પદથી 'त्रिधा, चतुर्धा, संख्येयधा वा स्फाटिते काष्ठे' આ પદોનો સંગ્રહ થયો છે. ।।સૂ૦ ૧૪૬।।

'तए णं पएसी राया' इत्यादि ।

સૂત્રાર્થ—तएणं पएसी राया केसिकुमारसमणं एवं वयासी) ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું–(जुत्तएणं भंते ! अइदवखाणं बुद्धाणं कुसलाणं महामईणं बिणीयाणं, विण्णाणपत्ताणं, उवएसलद्धाणं) હે ભદંત ! અતિચ્છેક-અવસરજ્ઞ, દક્ષ–ચતુર, બુદ્ધ–તત્ત્વજ્ઞ, કુશળ–કર્તવ્યાકર્તવ્ય નિર્ણાયક, મહામતિ–ઔત્પત્તિકી વગેરે બુદ્ધીઓથી યુકત, વિનીત–શિષ્ટ, વિજ્ઞાન પ્રાપ્ત–સત્ અસતના વિવેકથી યુકત અને ઉપદેશલબ્ધ–ગુરૂના ઉપદેશને પ્રાપ્ત કરનાર એવા તમારા વડે (अहं इमीसाए महइमहालियाए परिसाए मज्झे) મારી સાથે આ અતિવિશાળ પરિષદાની વચ્ચે (उच्चावएहिं आउसेहिं आउसित्तए, उच्चावयाहिं उद्धंसणाहिं उद्धंसित्तए) ઉચ્ચાવચ–અનેક જાતના કઠોર વચનરૂપ આ–કોશોથી સંલાપ કરવું–અનેક પ્રકારના અપમાન સૂચક વચનરૂપ ઉદ્ધર્ષણાઓથી ઉદ્ધર્ષિત કરવું

(एवं उच्चावयाहिं निब्भंछणाहिं निब्भंछित्तए, उच्चावयाहिं निच्छोडणाहिं निच्छोडित्तए) અનેક પ્રકારના અવહેલનારૂપ નિર્ભત્સનાઓવડે મારી ભર્ત્સના કરવી તેમજ અનેક પ્રકારની નીરસવચનરૂપ નિશ્છોટનાઓ વડે મને ગમે તેમ બોલવું શું યોગ્ય છે? એટલે તમારા જેવા મહાપુરૂષોને સભાની વચ્ચે આ જાતના વચનોનું ઉચ્ચારણ ઉચિત નહિ કહેવાય. ટીકાર્થ સ્પષ્ટ જ છે. ॥ સૂ૦ ૧૪૭ ॥

तएणं केसीकुमारसमणे' इत्यादि ।

સૂત્રાર્થ—(तएणं) ત્યાર પછી (केसी कुमारसमणे) કેશી કુમાર શ્રમણે (पएसिं रायं एवं वयासी) પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું. (जाणासि णं तुमं पएसी ! कइ परिसाओ पण्णत्ताओ?) હે પ્રદેશિન્ ! તમે જાણો છો કે પરિષદાઓ કેટલી કહેવાય છે? પ્રદેશીએ કહ્યું: (जाणामि चत्तारि परिसाओ पण्णत्ताओ) હા જી, ભદંત! હું જાણું છું કે ચાર જાતની પરિષદાઓ કહેવામાં આવી છે. (तं जहा, खत्तियपरिसा १, गाहावइपरिसा २, माहणपरिसा ३, इसिपरिसा ४) જે આ પ્રમાણે છે-ક્ષત્રિય પરિષદા, ૧ ગાથાપત્તિ પરિષદા ૨, બ્રાહ્મણ પરિષદા ૩, અને ઋષિ પરિષદા ૪, (जाणासि णं तुमं पएसी ! एयासिं चउण्हं परिसाणं कस्स का दंडणीई पण्णत्ता) હે પ્રદેશિન ! તમે જાણો છો કે આ ચાર પરિષદાઓમાં કઈ જાતની દંડનીતિ કહેવામાં આવી છે? (हंता, जाणामि–जेणं खत्तियपरिसाए अवरज्जइ सेणं हत्थच्छिण्णए वा पायच्छिण्णए वा सीसच्छिण्णए वा सूलाइवा, एगाहच्चे कूडाहच्चे जीवियाओ ववरोविज्जइ) હાજી, જાણું છું. ક્ષત્રિય પરિષદામાં ક્ષત્રિયવર્ગમાં જો કોઈ ક્ષત્રિય પોતાની જાતિમાં કે પરજાતિમાં ગમે તેનો અપરાધ (ગુનો) કરે છે તો તેનો કાં તો હાથ કાપી નાખવામાં આવે છે, અથવા પગ કાપી નાખવામાં આવે છે, કે માથું કાપી નાખવામાં આવે છે કે તેને એક જ ઘામાં મારી નાખવામાં આવે છે કે પર્વત પરથી તેને ધકેલીને પ્રાણરહિત કરી નાખવામાં આવે છે. (जे णं गाहावइ परिसाए अवरज्जइ–से णं तएणं वा, वेदेण वा, पलालेणं वा वेढित्ता अगणिकाएणं जामिज्जइ २)

ગાથાપતિ પરિષદામાં-ગૃહપતિ વર્ગમાં જે કોઇ ગાથાપતિ ગમે તેનો અપરાધ કરે તો તે વૃક્ષ વગેરેની છાલથી અથવા તૃણ વગેરેથી નિર્મિત દોરી કે પલાલથી પરિવેષ્ટિત કરાઈને અગ્નિવડે સળગાવવામાં આવે છે. (**जे णं माहणपरिसाए अवरज्झइ, से णं अणिट्ठाहिं अकंताहिं जाव अमणामाहिं वग्गूहिं उवालंभित्ता कुंडिया लंछणए वा सुणगलंछणए वा कीरइ, निव्विसए वा आणविज्जइ**) બ્રાહ્મણ પરિષદામાં જે બ્રાહ્મણ ગમે તેનો અપરાધ કરે છે તો તે અનિષ્ટ-સામાન્ય રૂપથી અનભિલાષિત, એકાંત-વિશેષરૂપથી અનભિલષિત, યાવત્ અપ્રિય-પ્રેમવર્જિત, અમનોજ્ઞ-અસુંદર અને અમન આમ મનઃપ્રતિકૂલ એવી વાણીઓથી ઉપાલંભયુકત કરવામાં આવે છે તેમજ તપ્ત થયેલ લોખંડના સળિયા વડે કમંડલું જેવા આકારથી યુકત ચિહ્નથી લલાટમાં ચિન્હિત કરવામાં આવે છે. અથવા કૂતરાના પગ જેવા આકારવાળા ચિન્હથી લાંછિત કરવામાં આવે છે. અથવા દેશ બહાર કરવામાં આવે છે. તમે અમારા દેશથી જતા રહો. એવી આજ્ઞા તેને આપવામાં આવે છે. ૩, (**जेणं इसिपरिसाए अवरज्झइ से णं णाइ अणिट्ठाहिं जाव णाइ अमणामाहिं वग्गूहिं उवालब्भइ ४)**) તેમજ જે ઋષિ પરિષદામાં-ઋષિવર્ગમાં કોઇ પણ ઋષિ અપરાધ કરે છે તે ન અતિ અનિષ્ટ યાવત્ ન અતિ એકાંત ન અતિ અમનોજ્ઞ અને ન અતિ અમન આમ એવી વાણીઓ વડે ઉપાલંભયુકત કરવામાં આવે છે. (**एवं ताव पएसी ! तुमं जाणासि –तहा वि णं तुमं ममं वामं वामेणं दंडं दंडेणं पडिकूलं, पडिकूलेणं, पडिलोमं पडिलोमेणं, विवज्जासं विवज्जासेणं वट्टसि**) હે પ્રદેશિન્! તમે આ પૂર્વોકત નીતિને-દંડનીતિને-સારી રીતે જાણો છો, છતાં એ તમે મારા પ્રતિ વામ વામરૂપથી-અતિ વિરૂદ્ધ વ્યવહારથી, દણ્ડ દણ્ડરૂપથી-દણ્ડવત્ સ્તબ્ધરૂપ વ્યવહારથી અતિ અહંકારયુકત વ્યવહારથી, પ્રતિકૂળ, પ્રતિકૂળરૂપથી અતિ વિપક્ષિ વ્યવહારથી પ્રતિલોમ પ્રતિલોમથી-અતિ વિપરીતરૂપ વ્યવહારથી અને વિપર્યાસથી સર્વથા વિરૂદ્ધરૂપ વ્યવહારથી પ્રવૃત્ત થઇ રહ્યા છો. ટીકાર્થ સ્પષ્ટ જ છે. ॥ સૂ. ૧૪૮ ॥

'तए णं पएसी राया' इत्यादि ।

सूत्रार्थ—(तए णं) ત્યારપછી (पएसी राया) પ્રદેશી રાજાએ (केसिं कुमार समणं एवं वयासी) કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું–(एवं खलु अहं देवाणुप्पिएहिं पढमिल्लुएणं चेव वागरणेणं संलत्ते) હે ભદંત! આપ દેવાનુપ્રિયવડે હું સાથી પહેલાં બોલાયો છું એટલે કે આપ દેવાનુપ્રિય! મારી સાથે સૌથી પહેલાં બોલ્યા છો. આપની સાથે આ મારી પહેલી મુલાકાત છે. એના પહેલાં આપની મારી સાથે ભેટ નહોતી થઇ. (तए णं मम इमेयारूवे अज्झत्थिए जाव संकप्पे समुपज्जित्था) એથી જ્યારે તમે મારી સાથે સર્વ પ્રથમ આ પ્રમાણે બોલ્યા તે મારા મનમાં આ જાતનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે (जहा २ णं एयस्स पुरिसस्स वामं वामेणं जाव विवच्चासं विवच्चासेणं वट्टिस्सामि, तहा २ णं अहं नाणं च नाणोवलंभं च चरणं च चरणोवलंभं च, दंसणं च दंसणोवलंभं च जीवं च. जीवोवलंभं च उवलंभिस्सामि) હું જેમ જેમ આ પુરૂષની સાથે વામ વામ રૂપથી યાવત્–દંડદંડરૂપથી, પ્રતિકૂળ પ્રતિકૂળ રૂપથી, પ્રતિલોમ પ્રતિલોમરૂપથી અને વિપર્યાસ વિપર્યાસરૂપથી વ્યવહાર કરીશ–આચરણ કરીશ તેમ તેમ હુ જ્ઞાનને, પદાર્થ જ્ઞાનને, જ્ઞાનોપલંભને જ્ઞાનપ્રાપ્તિને ચારિત્રને, ચારિત્ર લાભને, તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યકત્વને, દર્શનલાભને, જીવના સ્વરૂપને અને જીવના સ્વરૂપની પ્રાપ્તિને મેળવીશ. (तं एएणं अहं कारणेणं देवाणुप्पियाणं वामं वामेणं जाव विवच्चासं विवच्चासेणं वट्टिए) એટલા માટે આપ દેવાનુપ્રિયની સાથે મેં અતિ વિરૂદ્ધરૂપ વ્યવહારથી યાવત્ સર્વથા વિરૂદ્ધરૂપ વ્યવહારથી પ્રવર્તિત થયો છું.

ટીકાર્થ સ્પષ્ટ જ છે. આ સૂત્રનો ભાવાર્થ પ્રમાણે છે કે પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને પોતાના વડે આચરેલ પ્રતિકૂલ વ્યવહારને લઈને આ પ્રમાણે કહ્યું છે કે હે ભદંત! આપની અને મારી આ પહેલી ભેટ છે. આમાં જે આપશ્રીએ મારી સાથે સંભાષણ કર્યું તેથી મને નિષ્કર્ષરૂપે આ જાતની પ્રતીતિ થઇ કે હું તમારા પ્રતિ જેમ જેમ વિરૂદ્ધ બોલીશ તેમ તેમ મને તમારાથી જ્ઞાન વગેરેની પ્રાપ્તિ થશે. આ કારણથી જ મેં આપની સાથે આ જાતનું આચરણ કર્યું છે. ।। સૂ૦૧૪૯।।

'तएणं केसीकुमारसमणे' इत्यादि ।

सूत्रार्थ—(तए णं) ત્યાર પછી (**केसीकुमारसमणे**) કેશી કુમાર શ્રમણે (**पएसिं रायं एवं वयासी**) પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું-(**जाणासि णं तुमं पएसी ! कइ ववहारगा पण्णत्ता ?**) હે પ્રદેશિન્! શું તમે જાણો છો કે વ્યવહાર કેટલી જાતના હોય છે? (हंता, जाणामि) હાં, ભદંત! જાણું છું. (**चत्तारिं ववहारगा पण्णत्ता**) વ્યવહાર ચાર કહેવાય છે. (तं जहा देइ, **नामेगे, णो सण्णवेइ १, सण्णवेइ नामेगे णो देइ २, एगे देइ वि, सण्णवेइ वि ३, एगे णो देइ णो सण्णवेइ ४**) જે આ પ્રમાણે છે. એક માણુસ કોઇ પણ વસ્તુ કોઈને આપે તો છે પણ તેની સાથે તે મિષ્ટ સંભાષણવડે અચ્છો સતોષપ્રદ વ્યવહાર કરતો નથી ? એક માણુસ મિષ્ટ ભાષણવડે બીજાની સાથે સંતોષપ્રદ વ્યવહાર તો કરે છે પણ આપતો કંઇ નથી ૨, એક માણુસ આપે પણ છે અને લેનાર માણુસને મિષ્ટ વચનો વડે સંતોષ પણ આપે છે. ૩, એક માણુસ એવો પણ હોય છે કે જે કંઇ પણ આપતો નથી અને મિષ્ટ વચનોથી સંતોષજનક વ્યવહાર પણ કરતો નથી (**जाणासि तुमं पएसी ! एएसिं चउण्हं पुरिसाणं के ववहारी के के अववहारी ?**) કેશીએ પ્રદેશીને પ્રશ્ન કર્યો કે હે પ્રદેશિન્! તમે જાણો છો કે આ ચાર વ્યવહારી છે? ત્યારે પ્રદેશીએ કહ્યું. (**हंता, जाणामि, तत्थ णं जे से पुरिसे देइ णो सण्णवेइ से णं पुरिसे ववहारी ?**) હાં, જાણું છું. આમાં જે માણુસ આપે છે અને સારા વચનોથી સંતોષ આપતો નથી તે પુરૂષ વ્યવહારી કહેવાય છે. (**तत्थ णं जे से पुरिसे णो देइ सण्णवेइ से णं पुरिसे ववहारी २**)

તેમજ જે પુરૂષ આવતો નથી પણ સારા સંભાષણથી સંતોષ ઉત્પન્ન કરે છે તે વ્યવહારી છે. (तत्थ णं जे से पुरिसे देइ, वि, सण्णवेइ वि, से पुरिसे ववहारी,३) તેમજ જે પુરૂષ આપે પણ છે અને સમ્યક આલાપવડે સંતોષ પણ ઉત્પન્ન કરે છે તે પુરૂષ વ્યવહારી છે. (तत्थ णं जे से पुरिसे णो देइ णो सण्णवेइ से पुरिसे णं अववहारी) તેમજ જે પુરૈષ આપતો નથી તેમજ સમ્યક આલાપ પણ કરતો નથી એટલે કે સારા સંભાષણથી સંતોષ ઉત્પન્ન કરતો નથી તે પુરુષ અવ્યવહારી છે. (एवामेव तुमं पि ववहारी णो चेव णं तुमं पएसी ! अववहारी) આ પ્રમાણે હે પ્રદેશિન્ તમે પણ વ્યવહારી છો.

ચતુર્થ ભંગમાં કહ્યા મુજબ તમે અવ્યવહારી નથી. તાત્પર્ય આ પ્રમાણે છે કે હે પ્રદેશિન્ ! તમોએ સમ્યક્ આલાપરૂપ સારો વ્યવહાર મારી સાથે કર્યો નથી છતાંએ મારા વિષયમાં ભકિત અને બહુમાન તો તમે કર્યાં છે. એથી તમે આદ્યભંગોકત પુરૂષ-ની જેમ વ્યવહારી જ છો. અવ્યવહારી નથી.

ટીકાર્થ—જ્યારે કેશી કુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે પ્રશ્ન કર્યો કે હે પ્રદેશિન્ ! તમે જાણો છો કે વ્યવહાર કેટલા પ્રકારનો હોય છે ? આ પ્રમાણે જે પ્રશ્ન કરવામાં આવ્યો છે તેનુ કારણ એ છે કે પ્રદેશી રાજાએ ૧૪૯ મા સૂત્રમાં જે જાતનું આચરણ કર્યુ છે તેના સંબધમાં સપષ્ટીકરણ કરવામાં આવ્યુ છે. કેશી કુમાર શ્રમણના પ્રશ્નને સાંભળીને તેણે કહ્યું હાં ભદંત ! જાણું છું. વ્યવહાર ચાર પ્રકારનો હોય છે. પ્રથમ વ્યવહારમાં દાનકર્તા પુરુષ કોઇના માટે કોઇ વસ્તુ આપે છે, પણ પોતાના સમ્યક્ આલાપથી–સારી મીઠી વાતચીતથી તે સામેના માણસને સંતોષ આપતો નથી દ્વિતીય વ્યવહારમાં દાનકર્તા પુરૂષ પોતાની મીઠી વાણીથી બીજાને

સંતોષ આપી દે છે પણ પોતાની વસ્તુ સામેવાળા માણસને આપતો નથી. તૃતીય વ્યવહારમાં દાનકર્તા પોતાની વસ્તુ આપી પણ દે છે અને પોતાની મધુર ભાષણરૂપ પ્રવૃત્તિથી તે સામેના માણસને સંતુષ્ટ પણ કરી દે છે. ચતુર્થ વ્યવહારમાં તે કોઇ પણ વસ્તુ યાચકને આપતો પણ નથી અને મધુર સંલાપથી સામેના માણસને સંતુષ્ટ પણ કરતો નથી. આ પ્રમાણે આ ચાર ભંગ છે. એના સંબંધમાં કેશી કુમારશ્રમણ પ્રદેશી રાજાને પ્રશ્ન કરે છે કે હે પ્રદેશિન્ ! તમે જાણો છો કે આ ચાર-દાન તદ્-સંજ્ઞાપન, સંજ્ઞાપન, દાને સંજ્ઞાપન ઉભય અને તદુભવ રહિતરૂપ વૃત્તિ સંપન્ન પુરૂષોમાં કોણ વ્યવહારી છે ? ત્યારે પ્રદેશીએ કહ્યું-હાં ભદંત ! જાણું છું. આ ભંગ ચતુષ્ટયમાં જે પ્રથમ ભંગોકત પુરૂષ છે-તે આપે તો છે પણ મિષ્ટ ભાષણવડે સંતોષ ઉત્પન્ન કરતો નથી તે દાન તદસંજ્ઞાપન સમ્પન્ન પુરૂષ વ્યવહારી કહેવાય છે. એટલે કે જે 'ददाति नो संज्ञापयति' આ ભંગવાળો છે તે વ્યવહારી છે આ પ્રમાણે જે દ્વિતીય ભંગ કહેલ છે 'संज्ञापयति, नो ददाति' તે સંજ્ઞાપના અદાન સંપન્ન પુરુષ વ્યવહારી છે. આ પ્રમાણે જે તૃતીય ભંગમાં કહેલ છે-'ददात्यपि संज्ञापयत्यपि' એવો તે દાન તત્સંજ્ઞાપના સમ્પન્ન પુરૂષ વ્યવહારી છે. પણ જે ચતુર્થ ભંગોકત પુરૂષ છે. 'नों ददाति नो संज्ञापयति' તે આદાન અસંજ્ઞાપના રૂપ ઉભયવૃત્તિ સંપન્ન પુરૂષ ઉભયવિધ વ્યવહાર રહિત હોવાથી અવ્યવહારી છે. આ પ્રમાણે હે પ્રદેશિન ! આ ત્રણ ભંગોમાં કહેલ પુરૂષોમાં પ્રથમ ભંગોકત પુરૂષ વિશેષની જેમ તમે પણ છો. ચતુર્થ ભંગોકત પુરુષની જેમ તમે અવ્યહારી નથી. તમે સમ્યક આલાપદ્વારા મને સંતોષ આપીને પ્રવૃત્તિરૂપ વ્યવહાર કર્યો નથી છતાંએ મારા વિષયમાં ભકિત અને બહુમાન તો તુમોએ કર્યાં જ છે. એથી તમે આદ્ય ભંગોકત પુરૂષની જેમ વ્યવહારી જ છો, અવ્યવહારી નથી. ॥સૂ૦ ૧૫૦॥

'तए णं पएसी राया' इत्यादि ।

(સૂત્રાર્થ—(तए णं) ત્યાર પછી (पएसी राया) પ્રદેશી રાજાએ (केसिकुमार समणं एवं वयासी) કેશી કુમાર શ્રમણુ ને આ પ્રમાણે કહ્યું-(तुब्भे णं भंते ! अइच्छेया दक्खा जाव उवएसलद्धा समत्था णं भंते ! ममं करयलंसि वा आमलयं जीवं सरीराओ अभिनिवट्टित्ता णं उवदंसित्तए) હે ભદંત! આપ અવસરને સરસ રીતે જાણવામાં અતિ નિપુણ છો, કાર્યના સંપાદનમાં કુશળ છો, યાવત્ ઉપદેશ લબ્ધ છો, ગુરૂના ઉપદેશને પ્રાપ્ત કરેલ છો. એથી જ હે ભદન્ત! શરીરમાંથી જીવને બહાર કહાડીને શું તમે હસ્તામલકવ મને બતાવી શકો છો? (ते णं कालेणं तेणं समएणं पएसिस्स रण्णो अदूरसामंते वाउयाए संवुत्ते) તે કાળે અને તે સમયે પ્રદેશી રાજાની પાસે ન અતિ દૂર અને ન અતિ પાસેના સ્થાન પર વાયુકાય પ્રવૃત્ત થયો. (तणवणस्सइकाए एयइ, वेयइ, चलइ. फंदइ, घट्टइ, उदीरइ, तं तं भावं परिणमइ) એનાથી તૃણવનસ્પતિકાય સામાન્યતઃ અને વિશેષતઃ કંપિત થવા માંડ્યો. આમથી તેમ નમવા માંડ્યો, પરસ્પર સંઘર્ષિત થવા માંડ્યો, અને કોઈક જમીન પર જ નમી ગયો. આ પ્રમાણે તે તૃણ વનસ્પતિ કાય એજનાદિરૂપ ભિન્ન ભિન્ન જાતના વ્યાપારમાં પરિણત થઈ ગયો. (तए णं केसी कुमारसमणे पएसिं रायं एवं वयासी–पाससि णं तुमं पएसि राया ! एयं तणवणस्सइं एयंतं जाव तं तं भावं परिणमंति) ત્યારે કેશી કુમાર શ્રમણે પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું કે હે પ્રદેશિન! તમે આ તૃણવનસ્પતિકાયને સામાન્ય વિશેષરૂપથી કંપિત થતાં યાવત્ એજનાદિરૂપ ભિન્ન પ્રકારના વ્યાપારમાં પરિણત જુઓ છો? ત્યારે પ્રદેશી રાજાએ કહ્યું (हंता पासामि) હાં ભદંત! જોઈ રહ્યો છું (जाणासि णं तुमं पएसी ! एयं तणवणस्सइकायं किं देवो चालेइ, असुरो वा चालेइ, णागो वा चालेइ, किन्नरो वा चालेइ, किंपुरिसो वा चालेइ, महोरगो वा चालेइ, गंधव्वो वा चालेइ) ત્યારે કેશીકુમાર શ્રમણે તેને કહ્યું કે હે પ્રદેશિન્! તમે જાણો છો કે આ તૃણવનસ્પતિકાયને કોણ ચલાવે છે? શું દેવ ચલાવે છે? કે અસુર ચલાવે છે? કે નાગ ચલાવે છે? કે કિન્નર ચલાવે છે? કે કિંપુરૂષ ચલાવે છે, કે ગંધર્વ ચલાવે છે? પ્રદેશી રાજાએ કહ્યું-(हंता, जाणामि) હાં ભદંત! જાણું છું. (णो देवो चालेइ, जाव णो गंधव्वो चालेइ, वाउकाए

चालेइ) આને ન દેવ ચલાવે છે, યાવત્ ન ગંધર્વ ચલાવે છે. વાયુકાય ચલાવે છે. (पाससि णं तुमं पएसि! एयस्स वाउकायस्स सरूविस्स सकम्मस्स सरागस्स समोहस्स सवेयस्स सलेसस्स ससरीरस्स रूवं) કેશીકુમાર શ્રમણે ત્યારે તેને કહ્યું-હે પ્રદેશિન્! તમે આ સરૂપી, સકર્મા, સરાગ, સમોહ, સવેદ, સલેશ્ય સશરીર, વાયુકાયના રૂપને જુઓ છો? (णो इणट्ठे समट्ठे) ત્યારે પ્રદેશીએ કહ્યું-હે ભદંત! આ અર્થ સમર્થ નથી. એટલે કે વાયુકાયના રૂપને હું જોતો નથી. ત્યાર પછી ફરી કેશી કુમાર શ્રમણે તેને કહ્યું. (जइ णं तुमं पएसि राया! एयस्स वाउकायस्स सरूविस्स जाव ससरीरस्स रूवं न पाससि तं कहं णं पएसी! तव करयलंसि वा आमलगं जीवं उवदंसिस्सामि) હે પ્રદેશિ રાજન્! જ્યારે તમે આ સરૂપી યાવત્ સશરીર વાયુકાયનારૂપને જોઇ શકતા નથી તો પછી હે પ્રદેશિન્ હું કેવી રીતે તમને કરતલ સ્થિત આમળાની જેમ જીવને દેખાડી શકું છું. (एवं खलु पएसी! दसट्ठाणाइं छउमत्थे मणुस्से सव्व–भावेणं न जाणइ न पासइ) કેમકે હે પ્રદેશિન્! છદ્મસ્થ જીવ આ દશ સ્થાનોને સર્વભાવથી જાણતો નથી અને જોતો નથી. (तं जहा) તે દશસ્થાનો આ પ્રમાણે છે (धम्मत्थिकायं १, अधम्मत्थिकायं २, आगासत्थिकायं ३, जीव असरीरबद्धं ४, परमाणुपोग्गलं ५. सद्दं ६ गंधं ७. वायं ८. अयं जिणे भविस्सइ वा णो भविस्सइ ९, अयं सव्वदुक्खाणं अंतो करिस्सइ १०.) ધર્માસ્તિકાય ૧, અધર્માસ્તિકાય ૨, આકાશાસ્તિકાય ૩, અશરીર બદ્ધ જીવ ૪, પરમાણુ પુદ્ગલ ૫, શબ્દ ૬, ગંધ ૭, વાત ૮. આ જિન થશે કે નહિ થશે. ૯. અને આ સમસ્ત દુઃખોનો અન્ત કરશે કે નહિ કરશે. ૧૦. (एयाणि चेव उप्पण्णनाणदंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ पासइ) એમને તો ઉત્પન્ન જ્ઞાન દર્શનધારી અર્હંત જિન કેવલી સર્વભાવથી જાણે છે અને જુવે છે. (तं जहा धम्मत्थिकायं जाव नो वा करिस्सइ तं सद्दहाहि णं तुमं पएसी! जहा अन्नो जीवो तं चेव) એથી જ્યારે અર્હંત જિન કેવલી ધર્માસ્તિકાય વગેરે ૧૦ સ્થાનો ને જાણે છે જુવે છે અને છદ્મસ્થ એમને જાણતા નથી તેમજ જોતા પણ નથી. તો હે પ્રદેશિન્! તમે શ્રદ્ધા કરો કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. ઇત્યાદિ.

ટીકાર્થ સ્પષ્ટ જ છે. 'दुक्खा जाव उपएसलद्धा' માં જે યાવત્ પદ આવેલ છે તેથી અહીં 'प्राप्तार्थाः बुद्धाः, कुशलाः, महामतयः, विनीताः, विज्ञानप्राप्ताः, આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી છે. તે કાળે અને તે સમયે જે કહેવામાં આવ્યું છે તેની સ્પષ્ટતા આ પ્રમાણે છે કે જ્યારે પ્રદેશી રાજાએ કેશી કુમાર શ્રમણને શરીરમાંથી બહાર કાઢીને જીવને હસ્તામલકવત્ બતાવવાની વાત કહી ત્યારે (एयंतं जाव तं तं) માં જે યાવત્ પદ છે તેથી અહીં "व्येजमानं, चलन्तं, स्पन्दमानं, घट्टमानम्" આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોની વ્યાખ્યા આ જ સૂત્રમાં પહેલાં કરવામાં આવી છે. આ પદોમાં પ્રત્યયકૃત જ વિશેષતા છે. ધાત્વર્થ કૃત વિશેષતા નથી વાયુકાય એકેન્દ્રિય જીવ છે. એથી તે રૂપયુકત જીવ છે. કર્મસહિત છે, રાગસહિત છે, મોહસહિત છે, નપુંસક વેદ સહિત છે, ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ આ ચાર શરીરવાળો છે. કૃષ્ણ નીલ અને કાપોત આ ત્રણ લેશ્યાઓવાળો છે. એ જ વાત સરૂપી વગેરે વિશેષણો વડે વાયુકાયમાં પ્રકટ કરવામાં આવી છે. બાકી રહેલા પદોનો અર્થ સ્પષ્ટજ છે ॥૧૫૧॥

'तए णं से पएसी राया' इत्यादि।

સૂત્રાર્થ—(तए णं) ત્યાર પછી (ते पएसी राया केसिं कुमारसमणं एवं वयासी) તે પ્રદેશી રાજાએ કેશી કુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું. (से नूणं भंते ! हत्थिस्सय कुंथुस्स य समे चेव जीवे) હે ભદંત ! હાથીનો જીવ કુંથુનો જીવ શુ તુલ્ય પરિણામ વાળો છે કે ન્યૂનાધિક પરિમાણવાળો છે ? ત્યારે કેશી કુમાર શ્રમણે તેને કહ્યું-(हंता, पएसो ! हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे) હાં પ્રદેશિન્ ! હાથીનો અને કુંથુનો જીવ તુલ્ય પરિણામવાળો છે. ન્યૂનાધિક પરિણામવાળો નથી. (से णूणं भंते ! हत्थिउ थुकुंथू अप्पकम्मतराए चेव, अप्पकिरियतराए चेव, अप्पासवतराए चेव) હે ભદંત ! હાથીની અપેક્ષાએ શું કુંથુ અલ્પકર્મવાળું જ હોય છે ? અત્યલ્પકાયિક વગેરે ક્રિયાવાળું હોય છે ? અત્પલ્પ આસ્રવયુકત હોય છે ! (एवं अप्पाहारनीहारउस्सासनीसास-इड्ढियतराए, अप्पजुइयतराए चेव) અલ્પતર આહારવાળું જ હોય છે ! અલ્પતર નીહારવાળું જ હોય છે ! અલ્પતર ઉચ્છવાસ નિશ્વાસ યુકત હોય છે ! (एवं कुंथुओ हत्थी महाकम्मतराएचेव, महाकिरियतराए चेव जाव महज्जुइयतराए चेव) આ પ્રમાણે કુંથુની અપેક્ષાએ શું હાથી મહાકર્મતર હોય છે.

મહાક્રિયાતર હોય છે ? યાવત્ મહાદ્યુતિતર જ હોય છે ? પ્રદેશીના આ પ્રશ્નના ઉત્તરમાં કેશી કુમાર શ્રમણે કહ્યું– (**हंता पएसी ! हत्थीओ कुंथू अप्प कम्म– तराए चेव, कुंथुओ वा हत्थी महाकम्मतराए चेव महाकिरियतराए चेव तंचेव**) હાં, પ્રદેશિન ! વાત એવી જ છે. હાથી કરતાં કુંથુ અલ્પતર કર્મકર્તા હોય છે. વગેરે. આ પ્રમાણે કુન્થુ કરતાં હાથી મહાકર્મ કર્તા હોય છે, મહાક્રિયા યુક્ત હોય છે. વગેરે. (**कम्हाणं भंते ! हत्थिस्स य कुंथुस्स य समे चेव जीवे**) હવે પ્રદેશી આ પ્રમાણે પ્રશ્ન કરેછે કે હે ભદંત ! તમે જે હાથી અને કુંથુના જીવને સમાન પરિણામવાળો કહ્યો છે તો એનું શું કારણ છે ? કેશી કુમાર શ્રમણે તેને કહ્યું– (**पएसी ! से जहानामए कूडागारसाला सिया जाव निवायगंभीरा**) હે પ્રદેશિન ! જેમ કે કોઇ એક કૂટાકારવાળી–પર્વતના શિખરની આકૃતિ જેવી– શાળા હોય અને યાવત્ તે નિર્વાત–વાયુ પ્રવેશ રહિત હોવાથી ગંભીર હોય, (**अहं णं केइ पुरिसे जोइं च पइवं च गहाय तं कूडागारसालं अंतो २ अणु- पविसइ**) હવે કોઇ પુરૂષ અગ્નિ તેમજ દીપક લઇને તે કૂટાકારશાળાની અંદર પ્રવિષ્ટ થઇને એકદમ તેના મધ્યભાગમાં જઇને ઉભો થઇ જાય છે. (**तीसे कूडागारसालाए सव्वओ समंता घणनिचियनिरंतराइं णिच्छिड्डाइं दुवारवयणाइं पिहेइ**) પછી તે માણસ તે કૂટાકાર શાળાના ચારે તરફના બધા દ્વારોને એવી રીતે બંધ કરી દે છે તેના પરસ્પર એકદમ બંધ થયેલા કમાડોમાંથી નાનું સરખું પણ કાણું રહેતું નથી. (**तीसे कूडागारसालाए बहुमज्झदेसभाए तं पईवं पलीवेज्जा**) પછી તે માણસ તે કૂટાકારશાળાના બહુમધ્ય દેશભાગમાં તે દીપકને પેટાવે છે. (**तए णं से पईवे तं कूडागारसालं अंतो २ ओभासइ**) આ પ્રમાણે તે દીપક તે કૂટાકાર શાળાના અંદરના ભાગને જ પ્રકાશિત કરે છે, (**उज्जोवेइ, तावइ पभावइ**) ઉદ્યોતિત કરે છે, તાપિત કરે છે, અને ઘટપટ વગેરે પદાર્થોને બતાવીને તેમને પ્રતિભાસિત કરે છે (**णो चेव णं वाहिं**) તે કુટાકાર શાળાના બહારના ભાગને તે પ્રકાશિત કરતો નથી, ઉદ્યોતિત કરતો નથી, સંતાપિત કરતો નથી અને

ઘટપટ વગેરે પદાર્થોને બતાવીને તેમને પ્રતિભાષિત પણ કરતો નથી. (**अहं णं से पुरिसे तं पईवं इड्डुरएणं पिहेज्जा, तए णं से पईवं तं इड्डुरयं अंतो २ ओभासेइ ४**) હવે જો તે પુરૂષ તે દીપકને મોટા ઢાંકણાથી ઢાંકી દે તો તે દીપક તે મોટા ઢાંકણાના અંદરના ભાગને જ પ્રકાશિત કરે છે, યાવત્ તેને પ્રતિભાસિત કરે છે. (**णो चेव णं इड्डुरगस्स बाहिं णो चेव णं कूडागारसालाए बाहिं**) તે મોટા ઢાંકણાના બહારના ભાગને તેમજ તે કૂટાકાર શાળાના બાહ્ય પ્રદેશને પ્રકાશિત યાવત્ તેને પ્રતિભાસિત કરતો નથી. (**एवं गोकिलिंजेणं पच्छिपिंडएणं, गंडमणियाए, आढएणं, अद्धाढएणं, पत्थएणं, अद्धपत्थएणं, कुलवेण, चाउब्भाइयाए, अट्ठमाइयाए, सोलसियाए**) આ પ્રમાણે તે માણસ તે દીપકને ગોકિલિંજથી-ગાયને જેમાં ખાણુ મૂકવામાં આવે છે. એવી કુંડીથી, તેમજ પક્ષીના આકારવાળા વંશ શલાકાનિર્મિત પાત્ર વિશેષથી, ગંડ મણિકાથી-ધાન્ય માપનિકાથી, આઢકથી, અર્દ્ધાઢકથી, પ્રસ્થકથી, અર્ધપ્રસ્થકથી, કુડવથી, અર્ધકુડવથી, આ બધા દેશ વિદેશમાં પ્રસિદ્ધ ધાન્યમાપક પાત્ર વિશેષોથી તેને ઢાંકી દે છે તેમજ ચતુર્ભાગીકાથી, અષ્ટ ભાગીકાથી, ષોડશ ભાગીકાથી (**बत्तीसियाए, चउसट्ठियाए, दीवचंपएणं**) બત્તીસિકાથી, ચતુષ્ષષ્ટિકાથી, આ બધી ચતુર્ભાગિકાથી ચતુષ્ષષ્ટિકા પર્યન્તના મગધ દેશ પ્રસિદ્ધ રસમાપક પાત્ર વશેષોથી ઢાંકી દે છે તેમજ દીપચંપકથી-દીપકના ઢાંકણાથી ઢાંકી દે છે. (**तए णं से पईवे दीवचंपगस्स अंतो २ ओभासेइ**) તો તે પ્રદીપ જે જે વસ્તુથી ઢાંકવામાં આવ્યો છે તે તે વસ્તુના અંદરના ભાગને જ પ્રકાશિત કરે છે. તેમના બહારના ભાગને પ્રકાશિત કરતો નથી. આ પ્રમાણે તે દીપચંપકના અંદરના ભાગને જ પ્રકાશિત કરે છે. (**णो चेव णं दीवचंपगस्स बाहिं, नो चेव णं चउसट्ठियं, नो चेव णं चउसट्ठियाए बाहिं, णो चेव णं कूडागारसालं. णो चेव णं कूडागारसालाए बाहिं**) દીપચંપકના બહારના ભાગને નહીં, કે દીપક ચંપકના બહારના પ્રદેશને નહીં, ચતુષ્ષષ્ટિકાને નહીં, ચતુષ્ષષ્ટિકાના બહારના પ્રદેશને નહીં, કૂટાકાર શાળાને નહીં, અને કૂટાકારશાળાના બહારના પ્રદેશને પ્રકાશિત કરતો નથી. **एवामेव-पएसी ! जीवे वि जे जारिसयं पुव्वकम्मनिबद्धं बोंदिं णिव्वत्तेइ**) આ પ્રમાણે હે પ્રદેશિન્ જીવ પણ પૂર્વ-

ભવોપાર્જિત કર્મદ્વારા નિબદ્ધ શરીરને ઉત્પન્ન-પ્રાપ્ત કરે છે. (**तं असंखेज्जेहिं जीवपएसेहिं सचित्तं करेइ खुड्डियं वा महालियं वा**) પછી ભલે તે પછી નાનું હોય કે મોટું-લઘુ હોય કે મહાન તેને પોતાના અસંખ્યાત પ્રદેશોથી સચિત્ત જીવયુકત કરી લે છે. (**तं सद्दहाहि णं तुमं पएसी ! जहा अण्णोजीवो तं चेव णं १०**) એટલા માટે હે પ્રદેશિન્! તમે મારી આ વાત પર વિશ્વાસ કરો કે જીવ અન્ય છે અને શરીર અન્ય છે. વગેરે !

ટીકાર્થ—આ સૂત્રનો ટીકાર્થ મૂલાર્થ પ્રમાણે જ છે. પણ સવિશેષ સ્પષ્ટતા આ પ્રમાણે છે-કુંથુ-એ ત્રણ ઇન્દ્રિયો યુકત-તે ઇન્દ્રિય જીવ છે. અને હાથી પાંચ ઇન્દ્રિયો યુકત પંચેન્દ્રિય જીવ છે. જ્યારે કેશી કુમાર શ્રમણે ૧૫૧ મા સૂત્રમાં પ્રદેશીને આ પ્રમાણે કહ્યું કે વાયુકાયિક જીવમાં અને તમારા જીવમાં સમાનતા છે તો પ્રદેશીને ચિત્તમાં એવી આશંકા ઉદ્ભવે કે કુંથુના જીવમાં અને હાથીના જીવમાં સમાનતા છે કે અસમાનતા ? એ વાત સ્વાભાવિક છે. એટલા માટે જ તેણે આ જાતનો પ્રશ્ન કર્યો છે. એના સમાધાનમાં કેશીએ તેને આ પ્રમાણે કહ્યું કે હે પ્રદેશિન્! જીવમાં-પછી ભલે તે કુન્થું નો હોય કે હાથીનો સમાનતા છે. એક જીવમાં અસંખ્યાત પ્રદેશો હોય છે. આ પ્રદેશોની અપેક્ષાએ આપણે વિચાર કરીએ તો બધા જીવો સમાન જ છે. કોઇ પણ આવો નથી કે જેમાં આ પ્રદેશોની સમાનતા હોય નહિ પૂર્વોપાર્જિત શરીર નામકર્મ વગેરે વડે જે જીવને જેવું શરીર પ્રાપ્ત થાય છે તે જીવ તેમાં પોતાના પ્રદેશોને સંકોચ વિસ્તારયુકત બતાવી લે છે, દાખલા તરીકે દીપકને એક ઘરમાં મૂકવામાં આવે તો તે સંપૂર્ણ ઘરને જ્યાં સુધી તેનો પ્રકાશ જઇ શકે ત્યાં સુધી પ્રકાશિત કરે છે અને તેજ દીપકને જો માટીના નાના વાસણની અંદર મૂકવામાં આવે તો તે તેના અંદરના ભાગને જ પ્રકાશિત કરે છે. વગેરે વગેરે.

તે. જેમ દીપકના પ્રકાશમાં સંકોચ વિસ્તાર કરવાનો સ્વભાવ છે તેમજ જીવમાં પણ પોતાના પ્રદેશોને સંકુચિત કે વિસ્તૃત કરવાનો સ્વભાવ છે. આ બધી વાતો આ સૂત્રમાં સ્પષ્ટ કરવામાં આવી છે. 'हत्थी उ कुंथू' એનો અર્થ 'હાથીની અપેક્ષાએ' એવો છે. ઋદ્ધિ શબ્દથી અહીં પરિવારાદિરૂપ ઋદ્ધિનું ગ્રહણ થયું છે. ાાસૂ૦ ૧૫૨ાા

'तए णं पएसी राया' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं) ત્યારબાદ (पएसी राया) પ્રદેશી રાજાએ (केसिं कुमार-समणं एवं वयासी) કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું-(एवं खलु भंते ! मम अज्जगस्स एसा सन्ना जाव समोसरणं जहा तज्जीवो तं सरीरं, नो अन्नो जीवो अन्नं सरीरं) હે ભદંત ! મારા આર્યક-પિતામહની આ સંજ્ઞા હતી યાવત્ સમવરણ હતું કે તેજ જીવ છે, તેજ શરીર છે, જીવ શરીર કરતાં ભિન્ન નથી. (तयाणंतरं च णं मम पिउणो वि एसा सण्णा जाव समोसरणं) ત્યાર પછી મારા પિતાની પણ એવી જ સંજ્ઞા યાવત્ એવું જ સમવસાણ રહ્યું. (तयाणंतरं च णं मम वि एसा सण्णा जाव समोसरणं तं नो खलु बहुपुरिस-परंपरागयं कुलनिस्सियं दिट्ठिं छंडेस्सामि) ત્યાર પછી મારી પણ એવી જ સંજ્ઞા યાવત્ સમોવસરણ છે. એટલા માટે અનેક પુરૂષ પરંપરાથી ચાલી આવતી આ કુલા-ધીન માન્યતા ને હું ત્યજીશ નહીં એથી જીવ અને શરીર એકજ છે ભિન્નભિન્ન નથી.

ટીકાર્થ—સ્પષ્ટ જ છે. 'सन्ना जाव समोसरणं' માં જે યાવત્ પદ છે તેથી અહીં 'एषा प्रतिज्ञा एषा दृष्टिः एष उपदेशः एषः संकल्पः एषा तुला, एतत् मानम् एतद् प्रमाणम्'' આ પદોનો સંગ્રહ થયો છે. આ સર્વ પદોની વ્યા-ખ્યા ૧૩૦ મા સૂત્રમાં કરવામાં આવી છે. એથી હું જીવ તેમજ શરીરની અભિન્નતાને જ સ્વીકારીશ ભિન્નતાને નહિ. ાાસૂ૦ ૧૫૩ાા

'तए णं केसीकुमारसमणे' इत्यादि ।

સૂત્રાર્થ—(तए णं) ત્યાર પછી (केसीकुमारसमणे) કેશી કુમારશ્રમણે (पएसिं रायं एवं वयासी) પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું. (मा णं तुमं पएसी ! पच्चाणुताविए भवेज्जासि—जहाव से पुरिसे अयभारए) હે પ્રદેશિન્ ! તમે પેલા અયોહારક-લોહ વણિક-ની જેમ, પશ્ચાત્તાપ ન કરો. હવે પ્રદેશી તેના સંબંધમાં બધી વિગત જાણવા માટે આ પ્રમાણે પૂછે છે-(किं णं भंते ! से अयहारए) હે ભદંત તે અયોહારક લોખંડનો વેપારી કોણ હતો ? તેના જવાબમાં કેશી કુમાર શ્રમણ કહે છે-(पएसी ! से जहाणामए केई पुरिसा अत्थत्थिया अत्थगवेसिया अत्थलुद्धया, अत्थकंखिया, अत्थपिवासया, अत्थगवेसणयाए विउलं पणियभंडमायाए सुबहुं भत्तपाणपत्थयणं गहाय एगं महं अग्गामियं छिन्नावायं दीहमद्धं अडवि अणुपविट्ठा) હે પ્રદેશિન્ ! અનિર્દિષ્ટ નામવાળા કેટલાક પુરૂષો કે જેઓ ધનાર્થી હતા, ધનના ગવેષક હતા, ધનનાં લોલુપ હતા ધનની કાંક્ષાથી યુકત હતા, ધનની તરસવાળા હતા, ધનની ગવેષણા માટે વિપુલ ક્રિયાણક વસ્તુ સમૂહને લઇને તેમજ સાથે પર્યાપ્ત અશનપાનરૂપ પાથેય લઇને એક વિશાળ અટવીમાં—કે જે એકદમ નિર્જન હતી, હિંસક જંતુઓના ભયથી માણસોની અવરજવર જેમાં સદંતર બંધ હતી અને દીર્ઘ માર્ગ યુકત હતી-જઇ પહોંચ્યા. (त एणं ते पुरिसा तीसे अग्गमियाए अडवीए कंचिदेसं अणुप्पत्ता समाणा एगं महं अयागारं पासंति) ત્યાર પછી તે માણસોને અગ્રામિકા, છિન્નાપાત યુકત અને દીર્ઘાધ્વાવાળી અટવીની અંદર ખૂબ આગળ જતા રહ્યા ત્યાં તેમણે લોખંડની મોટી ખાણ જોઈ. (अएणं सव्वओ समंता आइण्णं वित्थिण्णं सच्छडं उवच्छडं फुडं अणुगाढं पासंति) આ ખાણ ચોમેર લોખંડથી આકીર્ણ હતી. બહુ જ વિસ્તાર યુકત હતી. સમીચીન છુટા એટલે કે ચાકચિકય વાળી હતી, છટાયુકત હતી. સ્પષ્ટરૂપથી દેખાતી હતી- અને એક પુંજ રૂપમાં હતી. છિન્નભિન્ન રૂપમાં ન હતી. (पासित्ता हट्ठतुट्ठा जाव हियया अन्नमन्नं सद्दावेंत्ति) તે લોખંડની ખાણને જોઇને બહુજ વધારે હૃષ્ટતુષ્ટ યાવત્ હૃદયવાળા થયા અને પછી તેમણે પરસ્પર એકબીજાને બોલાવ્યા. (एवं वयासी) બોલાવીને આ પ્રમાણે કહ્યું. (एस ण देवाणुप्पिया ! अयागरे इट्ठे, कंते, जाव मणामे)

તે લોખડની ખાણુ ઇષ્ટ છે, કાંત યાવત્ મનોજ્ઞ છે. (तं सेयं खलु देवाणु-प्पिया ! अम्हं अयभारगं बंधित्तए त्ति कट्टु अन्नमन्नस्स एयमट्ठं पडिसुणेंति) એથી અમારા માટે આ વાત બરાબર છે કે અમે બધા આ લોખંડના ભારને અહીંથી લઈ જઈએ આ પ્રમાણે વિચાર કરીને તેમણે પરસ્પર કરેલ આ વિચારને નિશ્ચયાત્મકરૂપ આપ્યું. (अयभारं बंधंति) અને લોખંડને ત્યાંથી લઇ લીધું. (अहाणुपुव्विए संपत्थिया) અને લઇને ત્યાંથી ક્રમશઃ આગળ ચાલતા થયા. (तए णं से पुरिसा अगामियाए जाव अडवीए कंचिदेसं अणुपत्ता समाणा एगं महं तउआगरं पासंति) ત્યાર પછી તેઓ જતાં જતાં જ્યારે ખૂબ દૂર નીકળી ગયા ત્યારે તેમણે અગ્રામિકા વગેરે વિશેષણોથી યુકત અટવીમાં એક બહુ વિશાળ ત્રપુ રાંગા (કથીરની ખાણને જોઇ. (त एणं सव्वओ समंता आइण्णं तं चेव-जाव सद्दावेत्ता एवं वयासी) તે રાંગાની ખાણુ ચોમેર રાંગાથી આકીર્ણ રહી, યાવત્ એક પુંજ રૂપમાં હતી. આ ખાણુને જોઇને તેઓ સર્વે ખૂબજ હૃષ્ટ અને સંતુષ્ટ યાવત્ હૃદયવાળા થયા. ત્યાર પછી તેમણે એક બીજાને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે કહ્યું-(एस णं देवाणुप्पिया ! तउआगारे इट्ठे जाव मणामे) હે દેવાનુપ્રિયો ! આ રાંગાની ખાણુ ઇષ્ટ યાવત્ મન આમ-અતિહર હોવા બદલ મનગમ્ય છે. (अप्पे णं चेव तउएणं सुबहुं अए लब्भइ) થોડા રાંગાથી અમને ઘણું લોખંડ મળી શકે છે. (तं सेयं खलु अम्हं देवाणुप्पिया ! अयभारगं, छंडेत्ता तउयभारगं बंधित्तए त्ति कट्टु अन्नमन्नस्स अंतिए एयमट्ठं पडिसुणेंति) એથી અમારા માટે એ જ સારૂં છે કે અમે લોખંડના ભારને ત્યજીને આ રાંગાને અહીથી બાંધી લઇએ. આ પ્રમાણે વિચાર કરીને તેમણે પરસ્પર કૃત આ વિચારને નિશ્ચયાત્મકરૂપ આપી દીધું. (अयभारं छंडेंति, तउयभारं बंधंति) અને લોખંડના ભારને મૂકીને તાંબાના ભારને સાથે લઇ લીધો. (तत्थ णं एगे पुरिसे णो संचाएइ, अयभारं छंडेत्तए, तउए भारं बंधित्तए) પણ તે બધામાં એક માણુસ એવો પણ હતો કે જે લોખંડના ભારને ત્યજીને રાંગાને ગ્રહણ કરવાની વાતને ઉચિત માનતો ન હતો. (तएणं ते पुरिसा तं पुरिसं एवं वयासी) ત્યારે તે પુરૂષોએ તેને આ પ્રમાણે કહ્યું-(एस णं देवाणुप्पिया ! तउआगरे जाव सुबहुं अए लब्भइ) હે દેવાનુપ્રિય ! આ રાંગાની ખાણુ છે, ઇષ્ટ કાંત વગેરે વિશેષણોથી યુકત છે. થોડા રાંગાથી પણ આપણે ઘણું લોખંડ મેળવી શકીએ તેમ છીએ. (तं छड्डेहि णं देवाणुप्पिया !

अयभारगं, तउयभारगं बंधाहि) એટલા માટે તમે હે દેવાનુપ્રિયો ! આ લોખંડના ભારને મૂકી દો અને રાંગાના ભારને બાંધી લો. (तए णं से पुरिसे एवं वयासी) ત્યારે તે પુરૂષે આ પ્રમાણે કહ્યું—(दूराहडे मए देवाणुप्पिया! अए, चिराहडे मए, देवाणुप्पिया अए गाढबंधणबद्धे मए देवाणुप्पिया! अए, धणिअ-बंधणबद्धे मए देवाणुप्पिया ! अए, णो संचाएमि अयभारगं छड्डेत्ता तउय-भारगं बंधित्तए) હે દેવાનુપ્રિયો ! આ લોખંડના ભારને હું બહુ જ દૂરથી લાવ્યો છું, ઘણા સમયથી મેં આને ઉપાડી રાખ્યો છે હે દેવાનુપ્રિયો ! આને મેં સખત ગાઢ બંધન બાંધ્યો છે એટલે કે મેં આને કસીને બાંધ્યો છે. હવે ખોલી શકાય એવા બંધનથી બાંધ્યો નથી પણ હે દેવાનુપ્રિયો ! મેં આ લોખંડના ભારને પ્રચુર બંધનથી બાંધ્યો છે. એટલા માટે હવે હું આ લોખંડના ભારને ત્યજીને ત્રપુકભારને ગ્રહણ કરવામાં સમર્થ નથી. એટલે કે લોખંડના ભારને મૂકીને રાંગાના ભારને હવે હું ઉપાડીશ નહીં. (तए णं ते पुरिसा तं पुरिसं जाहे णो संचाएंति बहुहि आघणाहि य पण्णवणाहि य, परूवणाहि य आघवित्तए वा पण्णवित्तए वा परूवित्तए वा, तया अहाणुपुव्वीए संपत्थिया) ત્યાર પછી તે પુરૂષોએ ઘણાં દૃષ્ટાંત રૂપ આખ્યાપનાઓ દ્વારા, હેયોપાદેય પ્રતિબોધક પ્રજ્ઞાપનાઓ દ્વારા, તેમજ યથાર્થ સ્વરૂપ નિરૂપક પ્રરૂપણાઓ દ્વારા સમજાવ્યો, પણ તે માન્યો નહિ, ત્યાંથી બધાઓએ ક્રમશઃ ચાલવા માંડયું. (एवं तंबागरं, रुप्पागरं, सुवण्णागरं, रयणागरं, वइरागरं) જેમ જેમ તેઓ આગળ વધતા ગયા તેમ તેમ તેમણે તાંબાની ખાણોને, ચાંદીની ખાણોને, સુવર્ણની ખાણોને, રત્નની ખાણોને અને હીરાઓની ખાણોને જોઇ. (तए णं ते पुरिसा जेणेव सया जणवया जेणेव साइं साइं नगराइं तेणेव उवागच्छंति) ત્યાંથી અલ્પમૂલ્યની તે તામ્રાદિ વસ્તુઓને મૂકીને અને લોહભાર ગ્રહણ કરવામાં જ પ્રવૃત્ત થયેલા તે માણસને તેઓએ મૂલ્યવાન વસ્તુઓને લેવા માટે આગ્રહ કર્યો છતાંએ તેના હઠાગ્રાહિતાને છોડાવવામાં અંતે નિષ્ફળ ગયા. અને આમ તેઓ બધા જ્યાં પોતપોતાનો જનપદ-દેશ હતો અને તેમાં પણ જ્યાં પોતપોતાનું નગર હતું ત્યાં ઘજમણિઓ વગેરે લઈ પહોંચી ગયા. (वइरविक्किणणं करेंति)

ત્યાં પહોંચીને તેમણે વજ્રમણિઓનું વેચાણ કર્યું (सुबहुदासीदासगोमहिस-गवेलगं गिण्हंति) અને જે દ્રવ્ય મળ્યું તેનાથી ઘણા દાસી, દાસ, ગો, મહિષ તેમજ ગવેલકોની ખરીદી કરી. એટલે કે એમનો સંગ્રહ કર્યો. (अट्ठतलमूसिय–पासायवर्डिसगे कारावेंति) અને આઠ માળાઓથી સુશોભિત ઊંચા ઊંચા શ્રેષ્ટ પ્રાસાદોનું નિર્માણ કરાવ્યૂં. (ण्हाया कयबलिकम्मा, कयकोउयमंगलपायच्छित्ता) સ્નાન કરીને, બલિકર્મ-કાગડા વગેરેને અન્ન વગેરેનો ભાગ આપીને અને કૌતુક મંગલ રૂપ પ્રાયશ્ચિત્ત કરીને તેઓ તે (उप्पिं पासायवरगया) પ્રાસાદોની ઉપર જ રહેવા લાગ્યા. (फूट्टमाणेहिं, मुइंगमत्थएहिं, वत्तीसइबद्धएहिं नाडएहिं, वर तरुणी सपउत्तेहिं) અને ત્યાંજ રહીને તેઓ અતિવેગથી પ્રતાડિત કરેલા મૃદંગોના નિનાદોથી તેમજ સુંદર સુંદર તરૂણ સ્ત્રીઓ દ્વારા અભિનીત કરાયેલ બત્રીસ પ્રકારના નાટકોથી (उवणच्चिज्जमाणा) ઉપનૃત્યમાન (उवगिज्जमाणा, उवलालिज्जमाणा) ઉપગીયમાન અને ઉપલાલ્યમાન થતા (इट्ठे सद्द फरिस–रस–रूव-गंधे पंचविहे माणुस्सए कामभोगे पच्चणुभवमाणा विहरंति) ઇષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ આ પાંચ પ્રકારના મનુષ્ય સંબંધી કામભોગોનો ઉપભોગ કરતા આનંદપૂર્વક પોતાનો સમય પસાર કરવા લાગ્યા. (तए णं से पुरिसे अयभारेण जेणेव सए नयरे तेणेव उवागच्छइ)હવે તે પેલો લોખંડના ભારવાળો માણુસ કે જેણે બીજા લોકોના હિત વચનો સાંભળ્યા નહિ અને લોખંડના ભારને ઉત્તમ માન્યો હતો--- નગરમાં આવ્યો. (अयभारगं गहाय अयविक्किणणं करेइ) ત્યાં આવીને તેણે તે લોખંડના ભારને લઇને વેચાણ પ્રારંભ કર્યુ (तंसि अप्पमोल्लंसि निट्ठियंसि हीणपरिव्वए ते पुरिसे ऊप्पिं पासायवरगए जाव विहरमाणे पासइ) જ્યારે તે લોખંડનો ભાર વેચાઇ ગયો ત્યારે તેનાથી જે દ્રવ્ય મળ્યુ હતું તે અત્યલ્પ હતું કેમકે તે લોખંડ અલ્પ મૂલ્યમાં જ વેચાયુ હતું. તેનાથી જે અલ્પધન પ્રાપ્ત થયું હતું. તે તો આહાર વસ્ત્ર વગેરેની ખરીદીમાં જ પૂરૂં થઇ ગયું હતું. આ પ્રમાણે તે ક્ષીણ પરિતાપવાળા તે પુરૂષો તે વજ્ર વિક્રયી પુરૂષોને કે જેઓ પોત-પોતાના રમ્ય પ્રાસાદોમાં રહીને યાવત્ અતિવેગથી પ્રતાડિત થયેલ મૃદંગોના નિનાદોથી અને ૩૨ પ્રકારના સુંદર સુંદર તરૂણ સ્ત્રીઓ દ્વારા અભિનીત કરાયેલા નાટકોથી ઉપ-નર્ત્યમાન હતા, ઉપગીયમાન હતા, અને ઉપલાલ્યમાન હતા અને ઇષ્ટ, શબ્દ, સ્પર્શ રસ, રૂપ. ગંધ, આ પાંચ જાતના મનુષ્ય ભવ સંબંધી કામ ભોગોની ઉપભોગ કરતા આનંદપૂર્વક પોતાનો સમય પસાર કરી રહ્યા હતા જોયા. (पासित्ता एवं वयासी

अहो णं अहं अधन्नो, अपुन्नो अकयत्थो, अकयलक्खणो हिरिसिरिव-ज्जिओ हीणपुण्णचाऊद्दसे दुरतपंतलक्खणे) તેમને જોઇને આ પ્રમાણે વિચાર કર્યો કે અરે ! હું કેટલો અભાગિયો છું. અધન્ય છું. પુણ્યહીન છું, અકૃતાર્થ છું શુભલક્ષણ રાહિત છું, લજ્જા લક્ષ્મી બન્નેથી વર્જિત છુ હિનપુણ્યચાતુર્દશ છું, એટલે કે હીન પુણ્યવાળો છું. એથી જ કૃષ્ણ પક્ષની ચતુર્દશીના દિવસે જન્મ પામ્યો છું, દુરંત પ્રાન્ત લક્ષણવાળો છુ, દુષ્ટાવસાવવાળા અમનોજ્ઞ લક્ષણોથી યુકત છું. (जइणं अहं मित्ताण वा णाईण वा णियगाण वा वयणं सुणेंतओ तो णं अहं पि एवं चेव उप्पिं पासायवरगए जाव विहरेंतओ) જો હું સાથવાળા મિત્રોના કે પિતૃવ્યાદિ જ્ઞાતિજનોના કે પોતાના હિતેચ્છુઓના વચનો માની લેતો તો હું હું પણ મારી સાથે આવેલ વજ્રવિકેતા પુરૂષોની જેમ જ પ્રાસાદોમાં રહીને વિવિધ સુખ સંપન્ન બનીને પોતાના સમયને આનંદ પૂર્વક પસાર કરત. (से तेणट्ठेणं पएसी ! एवं वुच्चइ, मा तुमं पएसी ! पच्छाणुताविए भविज्जासि, जहाव से पुरिसे अयमारए) એથી જ હે પ્રદેશિન્ ! મેં આ પ્રણેમાંકહ્યું છે કે જેમ અયો-હારક પુરૂષ પશ્ચાત્તાપ-યુકત થયો છે-તેમ તમારી પણ સ્થિતિ થાય નહિ, એથી તમે મારી વાત પર શ્રદ્ધા રાખો અને મારી વાત માની લો કે જીવ અને શરીર ભિન્ન ભિન્ન છે. ઇત્યાદિ.

ટીકાર્થ—આ મૂલાર્થ છે. પણ જયાં વિશેષતા છે તે આ પ્રમાણે છે. "हट्ठतुट्ठा जाव हियया" પદ છે તેથી 'चित्तानन्दिताः, परमसौमनस्यिताः हर्षवशविसर्पद्' આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોની વ્યાખ્યા પહેલાં મુજબ જ છે. '"इट्ठे, कंते जाव" માં જે યાવત્ પદ છે તેથી અહીં 'प्रियः, मनोज्ञः, मनः आम" આ પદોનું ગ્રહણ થયું છે. ઇષ્ટ શબ્દનો અર્થ મનોરથ ને પૂરનાર છે. કાંત શબ્દનો અર્થ સહાયકારી હોવાથી અભિલષણીય છે, પ્રિય શબ્દનો અર્થ-હિતકારી હોવાથી પ્રેમનો ઉત્પાદક છે, તથા મનોજ્ઞ શબ્દનો અર્થ-હિતકારી હોવાથી મનોહર એવો થાય છે. મનઃ આમ શબ્દનો અર્થ આર્તિહર હોવાથી મનો-ગમ્ય એવો થાય છે. 'अग्गमियाए, जाव' માં આવેલ આ યાવત્ પદથી छिन्ना-पातायाः,दीर्घाध्वायाः, આ પદોનો સંગ્રહ થયો છે. 'तंचेव' આ પાઠથી 'विस्तीर्णं सच्छटम्, उपच्छटम्, स्फुटं, गाढं पश्यन्ति, दृष्ट्वा हृष्टतुष्टाः, चित्तानन्दिताः, परमसौमनस्पिताः, हर्षवशविसर्पदूहृदयाः अन्योन्यं शब्दयन्ति" આ પાઠ ગ્રહણ

થયો છે. ''इट्ठे जाव मणामे' માં આવેલ યાવત્ પદથી 'इष्टः, कान्तः, प्रियः, मनोज्ञः આ પદોનો સંગ્રહ થયો છે. 'तउआगरे जाव' પદથી પણ 'इष्ट, कान्त, प्रिय, मनोज्ञ, मन आम' આ પદોનું ગ્રહણ થયું છે. 'घणिय' આ શબ્દ દેશીય છે અને પ્રચુર અર્થનો વાચક છે. ાસૂ. ૧૫૪ા

'तए णं से पएसी राया' इत्यादि ।

સૂત્રાર્થ—(तएणं से पएसी राया संबुद्धे) આ પ્રમાણે બહુ જ સમજાવવાથી તે પ્રદેશી રાજાને બોધ પ્રાપ્ત થયો ! (केसि कुमारसमणं जाव वंदइ एवं वयासी) પછી તેણે કેસી કુમારશ્રમણને વંદના કરી યાવત્ કેશિકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું-(णो खलु भंते ! अहं पच्छाणुताविए भविस्सामि, जहा चेव से पुरिसे अयहारए) હે ભદંત ! હું તે અયોહારક લોહવણિક પુરૂષની જેમ પશ્ચાદનુતાષિક થઇશ નહિ. (तं इच्छामि णं देवाणुप्पियाणं अंतिए केवलिपन्नत्तं धम्मं निसामित्तए) એથી હું આપ દેવાનુપ્રિય પાસેથી કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળવાની અભિલાષા રાખું છું. (अहासुहं देवानुप्पिया ! मा पडिबंधं करेइ) ત્યારે કેશીકુમાર શ્રમણે તેને કહ્યું હે દેવાનુપ્રિય ! તમને જેમાં આનંદ થાય તેમ કરો. પણ આ વિષયમાં વિલંબ ઉચિત નથી. (धम्मकहा) પ્રદેશી રાજાને ત્યારે કેશી કુમાર શ્રમણે મુનિધર્મ અને ગૃહસ્થધર્મનો ઉપદેશ આપ્યો. (जहा चित्तस्स तहेव गिहिधम्मं पडिवज्जइ) અહીં તે ધર્મકથા ૧૧ મા સૂત્ર પ્રમાણે કહેવામાં આવી છે. ત્યારે પ્રદેશી રાજાએ દ્વાદશ વિધરૂપ ગૃહીધર્મનો સ્વીકાર કર્યો. (जेणेव सेयंविया णयरी तेणेव पहारेत्थ गमणाए) આ પ્રમાણે ગૃહીધર્મ ધારણ કરીને તે પ્રદેશી રાજા જ્યાં શ્વેતાંબિકા નગરી હતી તે તરફ રવાના થઇ ગયો.

ટીકાર્થ—સ્પષ્ટજ છે. 'वंदइ जाव एवं वयासी' માં જે યાવત્ પદ આવેલ છે. તેથી 'नमस्यति–सत्करोति सम्मानयति कल्याणं–मङ्गलं–दैवतं–चैत्यं–पर्युपास्ते' આ પદોનો સંગ્રહ થયો છે. તાત્પર્ય આમ છે કે જ્યારે પ્રદેશી રાજાને બોધ પ્રાપ્ત થઇ ગયો. ત્યારે તેણે કેશી કુમાર શ્રમણની સ્તુતિ કરી. તેમને નમસ્કાર કર્યા, તેમનો સત્કાર કર્યો, સન્માન કર્યું અને કલ્યાણરૂપ, મંગલરૂપ અને દેવસ્વરૂપ તે ચૈત્યજ્ઞાન પ્રદાતા ગુરૂદેવની તેમણે પર્યુપાસના કરી. ત્યાર પછી તેમણે ભવસાગરમાં ડૂબતા પ્રાણીઓના ઉદ્ધારમાં સમર્થ એવા શ્રુત ચારિત્રરૂપ ધર્મને સાંભળવાની પોતાની ઇચ્છા પ્રકટ કરી. ાસૂ. ૧૫૫ા

'तएणं केसीकुमारसमणे' इत्यादि ।

સૂત્રાર્થ—'तएणं' ત્યાર પછી 'केसी कुमारसमणे' કેશી કુમાર શ્રમણે 'पएसिं रायं एवं वयासी' પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું 'जाणासि णं तुमं पएसी ! कइ आयरिया पण्णत्ता'' હે પ્રદેશિન્ તમે જાણો છો કે આચાર્યો કેટલા પ્રકારના કહેવાય છે ? પ્રદેશીએ કહ્યું–'हंता ? जाणामि–तओ आयरिया पण्णत्ता'' હાં ભદંત જાણું છું–ત્રણ આચાર્યો કહેવાય છે. ''तं जहा–कलयरिए सिप्पायरिए धम्मायरिए'' તે આ પ્રમાણે છે-કલાચાર્ય ૧ શિલ્પાચાર્ય ૨ અને ધર્માચાય ૩, ''. णासि ण तुमं पएसी तेसिं तिण्हं आयरियाण कस्स का विणयपडिवत्तो पउंजियव्वा'' હે પ્રદેશિન્ તમે જાણો છો કે આ ત્રણ આચાર્યોમાં કયા આચાર્યને કઈ જાતનો વિનય પ્રકાર કરવા કહેવામાં આવ્યો છે. ૧, પ્રદેશીએ કહ્યું–''हं ा ? जाणामि'' હાં, ભદન્ત ? જાણું છું. ''कलायरियस्स सिप्पायरियस्स उवलेवण समज्जणं वा करेज्जा पुरओ पुप्फाणि वा आणवेज्जा भंडावेज्जा भोयावेज्जा वा विउलं जीवियारिहं पीइदाणं दलएज्जा पुत्ताणु पुत्तियं विर्त्ति कप्पेज्जा' કલાચાર્ય અને શિલ્પાચાર્યના શરીરમાં તેલની માલીશ કરવી, તેમને સ્નાન કરાવવું તેમજ તેમની સામે પુષ્પોની ભેટ મૂકવી, પુષ્પમાળા વગેરેથી તેમને અલંકૃત કરવા ભોજન કરાવવું, તેમની આજીવિકા માટે યોગ્ય સહર્ષ પ્રીતિ-દાન આપવું અને પુત્ર–પૌત્ર વગેરેના ભરણ–પોષણ યોગ્ય આજીવિકાની વ્યવસ્થા

કરવી. આ પ્રમાણે આ કલાચાર્ય કે જે ૭૨ પ્રકારની કલાઓનું શિક્ષણ આપે છે અને શિલ્પાચાર્ય વિજ્ઞાનનું શિક્ષણ આપનારની વિનયપ્રતિપત્તિ **'जत्थेव धम्मायरियं पासिज्जा, तत्थेव वंदेज्जा, णमंसेज्जा सक्कारेज्जा, सम्माणेज्जा, कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासेज्जा"** તેમજ ધર્માચાર્યની વિનયપ્રતિપત્તિ આ પ્રમાણે છે-જ્યાં ધર્માચાર્ય દેખાય કે તરતજ ત્યાં તેમને વન્દન કરવા, નમસ્કાર કરવા સત્કાર કરવો, સન્માન કરવુ, કલ્યાણ-મંગળ દેવસ્વરૂપ તે જ્ઞાનદાયકની પર્યુપાસના કરવી તેમજ **"फासुएसणिज्जेण असणपाणखाइमसाइमेण पडिलामेज्जा, पाडिहारिएणं पीढफलगसिज्जा संथारएणं उवनिमंतेज्जा"** પ્રાસુક એષણીય અશન-પાન ખાદિમ સ્વાદિય રૂપ ચાર પ્રકારના આહારથી તેમને પ્રતિલાભિત કરવા, સમર્પણીય પીઠફલક, શય્યાસંસ્તાર ને ગ્રહણ કરવા માટે તેમને વિનંતી કરવી ૩, આ જાતની આ ધર્માચાર્યની વિનય પ્રતિપત્તિ છે. **"एवं ताव तुमं पएसी ? एवं जाणासि तहावि णं तुमं ममं वामं वामेणं जाव वट्टित्ता मम एयमट्ठं अक्खामित्ता जेणेव सेयविया णयरी तेणेव पहारेत्थ गमणाए"** હે પ્રદેશિન્! જ્યારે તમે આ પ્રમાણે વિનય પ્રતિપત્તિ ને જાણો છો છતાં એ તમો એ મારા પ્રત્યે પ્રતિકૂલ રૂપ વ્યવહારથી યાવત્ પ્રવૃત્તિ કરીને પ્રતિકૂલ વ્યવહાર જનિત અપરાધને ક્ષમા કરાવ્યા વગર જ્યાં શ્વેતાંબિકા નગરી છે ત્યાં જવાનો તમે નિશ્ચય કર્યો. ॥ સૂ. ૧૫૬ ॥

ટીકાર્થ—સ્પષ્ટ છે. **"कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासेज्जा"** આ પદોની વ્યાખ્યા ચોથા સૂત્રમાં આવી છે. **"वामं वामेणं"** માં આવેલ યાવત્ પદથી **"दण्ड दण्डेन प्रतिकूलप्रतिकूलेन प्रतिलोम प्रतिलोमेन विपर्यासं विपर्यासेन"** આ પદોનો સંગ્રહ થયો છે. આ પદોની વ્યાખ્યા પહેલાં કરવામાં આવી છે. ॥ ૧૫૬ ॥

'तएणं से पएसी गया' इत्यादि।

सूत्रार्थ—'तएणं से पएसी राया केसिं कुमारसमणं एवं वयासी ॥१५७॥ ત્યાર પછી પ્રદેશી રાજાએ કેશીકુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું 'एवं खलु भंते! मम एयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था' હે ભદંત! એવો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. "एवं खलु अहं देवाणुप्पियाणं वामं वामेणं जाव वट्टिए तं सेयं खलु मे कनलं पाउप्पभाया ए रयणीए फुल्लुप्पलकमलकोम-लुम्मिलियम्मि अहापांडुरे पभाए रत्तासोगकिंसुयसुयमुहगुजद्धरागसरिसे कमलागार नलिणिसंडबोह ए" મેં આપ દેવાનુપ્રિયની સાથે પ્રતિકૂળરૂપથી યાવત્ વ્યવહાર કર્યો છે. તેથી મારા માટે એજ વાત શ્રેયસ્કર છે કે હું આવતી કાલે જ્યારે રાત્રિ પ્રભાત યુકત થઈ જશે, એટલે કે રાત્રિ પૂરી થઇ જશે, અને કમળ તથા હરિણ વિશેષના નેત્રો વિકસિત થઇ જશે, એટલે કે કમળ જ્યારે વિકસિત થઇ જશે અને હરિણ વિશેષની આંખો નિદ્રા ત્યાગ કર્યા બાદ ઉઘડી જશે તેમજ પ્રભાતનો રંગ જ્યારે પીત ધવલ (પીળો અને સફેદ) થઇ જશે, રકતાશોક, કિંશુક પલાશ, શુકમુખ અને ગુંજાના નીચેના અર્ધા ભાગ જેવો લાલ તેમજ સરોવરોમાં કમલીની કુલનો વીનાશક 'उट्ठियम्मि सूरे सहस्सरस्सिम्मि दिणयरे तेयसा जलंते" એવા સહસ્ત્ર કીરણોવાળો અને દીનકર્તા સૂર્ય જ્યારે પોતાના તેજથી પ્રજવલીત થતો આકાશમાં ઉદય પામશે, ત્યારે अंतेउरपरियालसद्धिं संपरिवुडे देवाणुप्पिए वंदित्तए नमंसित्तए एयमट्ठं भुज्जो २ सम्मं विणएणं खामित्तए त्ति कट्टु जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए" ત્યારે અંતઃપુર પરિવારની સાથે આપ દેવાનુ-પ્રિયને વંદન અને નમસ્કાર કરવા માટે અને પૂર્વોકત અપરાધરૂપ અર્થને સવિનય પ્રશસ્ત નમ્ર ભાવથી વારંવાર ક્ષમાપના માટે આવીશ. આ પ્રમાણે કેશીકુમારને વિનંતી કરીને તે જે દિશા તરફથી આવ્યો હતો તેજ દિશા તરફ જતો રહ્યો. "तएणं से पएसी राया कल्लं पाउप्पभायाए रयणीए जाव तेयसा जलंते" ત્યારપછી બીજા દિવસે જ્યારે રાત્રિ પૂરી થઇ અને પ્રભાત થયું યાવત્ સૂર્ય પોતાના તેજથી પ્રકાશિત થઇ ગયો. ત્યારે તે "हट्ठतुट्ठ जाव हियए जहेव कूणिए तहेव निग्गच्छइ" હૃષ્ટ તુષ્ટ યાવત્ હૃદયવાળો થઇને કુણિક રાજાની જેમ પોતાના સ્થાનથી

નીકળ્યો. "अंतेउरपरियालसाद्ध संपरिवुडे पंचविहेणं अभिगमेणं वंदइ-नमंसइ" નીકળતાં જ તે પોતાના અંતઃપુર પરિવારથી વીંટળાઇ ગયો. આ પ્રમાણે તૈયાર થયેલા પ્રદેશી રાજાએ કેશી કુમારશ્રમણની પાસે જઇને પાંચ પ્રકારના અભિગમથી કેશી કુમારશ્રમણની વન્દના કરી તેમની સ્તુતિ કરી, નમસ્કાર કર્યા. "एयमट्ठं भुज्जो २ सम्मं बिणएणं खामेई" સ્તુતિ તેમજ નમસ્કાર કરીને પછી તેણે પોતાના પ્રતિકૂળ આચરણથી થયેલ અપરાધની વારંવાર સારી રીતે વિનમ્ર ભાવથી યુકત થઇને ક્ષમા માંગી.

ટીકાર્થ—પ્રદેશી રાજાએ કેશીકુમારશ્રમણને આ પ્રમાણે કહ્યું-હે ભદંત ! હવે મને આ જાતનો આધ્યાત્મિક વિચાર ઉત્પન્ન થયો છે કે હું મારા પ્રતિકૂળ આચરણથી થયેલ અપરાધ બદલ આપશ્રી પાસેથી વારંવાર ક્ષમા માંગું. આ વિચાર આત્મગત હોવાથી પહેલાં તો અંકુરની જેમ ઉત્પન્ન થયો. એથી તેને આધ્યાત્મિક રૂપે પ્રકટ કરવામાં આવ્યો છે. ત્યાર પછી યાવત્ પદથી "चिन्तितः, कल्पितः, प्रार्थितः मनोगतः', આ વિશેષણોથી યુકત થયો છે, વિચારને જે ચિંતિત પદથી વિશેષિત કરવામાં આવ્યો છે. તેનું કારણ આ છે કે તે વિચાર સ્મરણરૂપ થઇ ગયો હતો. એટલે કે મને મારા અપરાધની આપશ્રીના પાસેથી ક્ષમા કરાવવી છે, એવી સ્મૃતિ વારંવાર આવવા લાગી, એથી આ વિચાર દ્વિ પત્રિત અંકુરની જેમ પ્રથમ અવસ્થા કરતાં કંઇક વિશેષ પુષ્ટ હોવાથી ચિંતિત રૂપમાં પ્રકટ કરવામાં આવ્યો છે. તથા તેજ વિચાર જ્યારે વ્યવસ્થાયુકત થઈ ગયો-કે મારે ચોક્કસ આવિને ક્ષમા યાચના કરવી છે તો દ્વિતીય અવસ્થા કરતાં વધારે તે વિચાર પુષ્ટ થઇ જવાથી એ પલ્લવિત થયેલા અંકુરની જેમ કલ્પિત પદથી વિશેષિત કરવામાં આવ્યો છે. તેમજ જ્યારે તે જ વિચાર ઈષ્ટ રૂપથી સ્વીકૃત થઇ ગયો તો તે પુષ્પિત થયેલ અંકુરની જેમ થઇ ગયો અને જ્યારે તે વિચાર મનમાં દૃઢરૂપથી નિશ્ચયની સ્થિતિમાં પરિણત થઇ ગયો કે એવું જ મારે કરવું છે તો ફલિત થયેલ અંકુરની જેમ તે થઇ ગયો. શો વિચાર ઉત્પન્ન થયો ? એજ વાતને હવે સ્પષ્ટ કરતાં કહે છે કે-હે ભદંત ! મેં આપ દેવાનુપ્રિયની સાથે બહુજ પ્રતીકૂળ રૂપથી યાવત્ દંડ દંડ રૂપથી-અતિશય પ્રતીકૂળરૂપથી અતિશય પ્રતિલોમરૂપથી અને અતિશય વિપરીત રૂપથી વ્યવહાર કર્યો છે, એથી મારા

માટે હવે એજ શ્રેયસ્કર છે કે હું આવતી કાલે જ્યારે રાત્રે પ્રભાતમાં પરિણત થઇ જાય એટલે કે સવાર થઇ જાય, કમળ ઉત્પલ અને હરિણ વિશેષેની આંખો નિદ્રા રહિત થઇને પ્રફુલ્લિત થઇ જાય. કમળો વિકસિત થઇ જાય અને હરિણોના નેત્રો સારી રીતે ઉઘડી જાય તથા પ્રભાત સમંતાત્ પીતધવલ પ્રકાશયુકત થઇ જાય અને સહસ્ર કિરણોથી સંપન્ન તેમજ દિવસ વિધાયક સૂર્ય કે જે કમલાકર સરોવર માં નલિની કુલને વિકસિત કરનાર છે. રકતાશોક, કિંશુઠ, શુક મુખ અને ગુંજાર્ધની સદૃશ તે ઉદિત થઇ જાય તેમજ તેનો પ્રકાશ સારી રીતે પ્રસરી જાય, ત્યારે હું અંતઃપુર પરિજનોથી પરીવૃત્ત થઇને આપ દેવાનુપ્રિયને વંદન તેમજ નમસ્કાર કરવા માટે અહીં આવું. અને પૂર્વોકત અપરાધ બદલ આપશ્રી પાસેથી વિનમ્ર થઇને વારંવાર ક્ષમા યાચના કરૂં. આ પ્રમાણે તે પ્રદેશી રાજા કેશીકુમારશ્રમણને વિનંતી કરીને સ્વસ્થાને ગયો. બીજા દિવસે જ્યારે પૂર્વોકતરૂપથી પ્રભાત પૂર્ણરૂપે વિકસિત થઇ ગયું ત્યારે તે હૃષ્ટ તુષ્ટ યાવત્ ચિત્તાનંદિત થયો, પરમસૌમનાસ્મિત થયો, હર્ષ વિસર્પત હૃદયવાળો થયો. ઔપપાતિકસૂત્રમાં વર્ણિત શ્રેણિક રાજપુત્ર કૂણિક નરેશની જેમ પોતાના ભવનથી તે નીકળ્યો. કૂણિક નરેશના નીકળવાનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં કરવામાં આવ્યું છે. બહાર નીકળતાં જ તે અન્તઃપુર પરિવાર જનોથી વીંટળાઇ ગયો-ઘેરાઇ ગયો અને પાંચ પ્રકારના અભિગમથી યુકત થઇને તે પ્રદેશી રાજા કેશી કુમારશ્રમણની વંદના વગેરે કરવામાં માટે નીકળી પડયો. ત્યાં પહોંચીને તેણે તેમને વંદન અને નમસ્કાર કર્યા અને સ્વકૃત પ્રતિકૂળ આચરણજ જનિત અપરાધો બદલ તેણે વિનમ્રભાવ યુકત થઇને ક્ષમા માંગી. પાંચ પ્રકારના અભિગમો આ પ્રમાણે છે ૧, સંચિત્ત દ્રવ્યોનો પરિત્યાગ કરવો, ૨, અચિત્ત દ્રવ્યોનો પરિત્યાગ નહિ કરવો, ૩ એક શાટિકા ઉત્તરાસઙગ કરવો, ૪ વગર સીવેલા વસ્ત્રોથી ઉત્તરાસઙગ કરવો. જોતાની સાથે જ હાથ જોડી લેવા અને ૫, મનની એકાગ્રતા કરવી ॥ સૂ. ૧૫૭ ॥

સૂત્રાર્થ—"तए णं केसीकुमारसमणे इन्यादि"

મૂલાર્થ—"त एणं" ત્યાર પછી "केसी कुमारसमणे" કેશી કુમાર શ્રમણે "पएसिस्स रण्णो सूरिकंप्प मुहाणं देवीणं तीसेय महइ महाकयाए परिसाए" પ્રદેશી રાજાની સામે તેમજ તેની સૂર્યકાન્તા વગેરે પ્રમુખ રાણીઓની સામે તે વિશાળ પરિષદામાં 'चाउज्जामं धम्मं'' અહિંસા, સત્ય, અસ્તેય અને અપરિગ્રહરૂપ ચાતુર્યામ ધર્મનો ઉપદેશ આપ્યો. "तएणं से पएसी राया धम्मं सोच्चा निसम्म

उट्ठाए उट्ठेइ'' ત્યાર પછી પ્રદેશી રાજા ધર્મ સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને પોતાની મેળે જ ત્યાંથી ઉભો થયો. ''केसीकुमारसमणं वंदइ नमंसइ ઉભા થઈને તેણે કેશી કુમારશ્રમણની વંદના કરી તેમને નમસ્કાર કર્યા. ''जेणेव सेयविया नयरी तेणैव पहारेथ गमणाए'' વંદના તેમજ નમસ્કાર કરીને પછી તે પોતાની નગરી તરફ રવાના થઇ ગયો.

ટીકાર્થ—સ્પષ્ટ છેકેશીકુમારશ્રમણે ચાતુર્યામ ધર્મનો ઉપદેશ અને તેની સાથે સાથે ૧૨ પ્રકારરૂપ ગૃહિધર્મનો પણ ઉપદેશ આપ્યો હતો, એવું કથન ઉપલક્ષણથી જાણી લેવું જોઈએ. ॥ સૂ. ૧૫૮ ॥

સૂત્રાર્થ-''तए णं केसीकुमारसमणे' इत्यादि ॥ सू. १५९ ॥

મૂલાર્થ-''तएणं'' ત્યાર પછી ''केसीकुमारसमणे'' કેશી કુમાર શ્રમણે ''पएसी रायं एवं वयासी'' પ્રદેશી રાજાને આ પ્રમાણે કહ્યું-''मा णं तुमं पएसी ! पुव्विं रमणीए भवित्ता पच्छा अरमणिज्जे भविज्जासि'' હે પ્રદેશિન્ ! તમે પહેલાં રમણીય થઇને પછી અરમણીય બનશો નહિ, એટલે કે ધાર્મિક થઇને અધાર્મિક બનશો નહિ, ''जहा से वणसडेइ वा णट्टसरलाइवा इक्खुवाडएइवा खल वाडइवा'' જેમ પહેલાં રમણીય થઈને વનખંડ પછી અરમણીય થઇ જાય છે. અથવા નાટયશાળા કે ઇક્ષુ-પીડનસ્થાન કે ઇક્ષનાટક પહેલા રમણીય થઇને પછી અરમણીય થઇ જાય છે. હવે પ્રદેશી પ્રશ્ન કરે છે-''कहणं भंते ! वणसंडे पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिज्जे भवइ'' હે ભદંત ! વનષંડ પહેલા રમણીય થઇને પછી અરમણીય કઇ રીતે થઇ જાય છે ? ઉત્તરમાં કહે છે ''पएसी जहाणं वणसंडे पत्तिए पुष्फिए फलिए हरिए हरियगरेरिज्जमाणे सिरीए अईव उवसोभेमाणे तयाणं वण-संडे रमणिज्जे भवइ'' હે પ્રદેશિન્ વનષંડ જ્યારે પત્રોથી યુકત હોય છે, પુષ્પ સંપન્ન હોય છે, ફળ યુકત હોય છે. હરીતિમાથી યુકત હોય છે તેમજ લીલા પાંદડાઓ વગેરેથી આ અતિશય સોહામણો હોય છે, ત્યારે તે વનખંડ પોતાની શોભાથી સુશોભિત થતો રમણીય હોય છે. એટલે કે આ પ્રમાણે વનખંડ રમણીય કહેવાય છે.

"जया णं वणसंडे नो पत्तिए–न' पुप्फिए–नो फलिए नो हरिए–नो हरियगरेरिज्जमाणे, णो सिरीए अईव उवसोभमाणे चिट्ठइ" પણ તેજ વનષંડ જ્યારે પત્રિત રહેતો નથી, પુષ્પિત રહેતો નથી, ફલિત રહેતો નથી, લીલો રહેતો નથી અને લીલા લીલા પાંદડાઓ વગેરેથી અતિશય શોભાયમાન રહેતો નથી ત્યારે તે પોતાની શોભાથી રહિત થઇ જાય છે તથા "जया णं जुन्ने झडे पडिसडियपंडुपत्त सुक्करुक्खे इव मिलायमाणे चिट्ठइ" જ્યારે તે વન જીર્ણપત્રાદિકોથી યુકત થઇ જાય છે, પાંદડાઓ વગેરે બધા ખરી પડે પડે છે, તેમાં પાંદડાઓ વિકૃત તેમજ પાંડુવર્ણવાળા થઇ જાય છે તેમજ શુષ્ક વૃક્ષની જેમ જ્યારે તે મ્લાન થઇ જાય છે "तयाण वणसंडे अम्मणिज्जे भवइ" ત્યારે તે વનષંડ અમરણીય થઇ જાય છે."जयाण णट्टसाला विगिज्जइ वाइज्जइ नच्चिज्जइ हसिज्जइ रमिज्जइ तयाणं णट्टसाला रमणिज्जा भवइ' આ પ્રમાણે હે પ્રદેશિન્ જયાં નાટયશાળામાં સંગીત ચાલતું રહે છે, તેમાં વાજિંત્રો વાગતા રહે છે, તેમાં નાચ થતું રહે છે, પાત્રોના હાસ્યથા જયાં સુધી તે મુખરિત થતી રહે છે અને વિવિધ પ્રકારની ક્રીડાઓની તે ક્રીડા સ્થલી રહે છે. ત્યાં સુધી તે નાટયશાળા સોહામણી લાગે છે "जयाणं णट्टसाला णो गिज्जइ, जाव णो रमिज्जइ तयाणं णट्टसाला अरमणिज्जा भवइ २" અને જ્યારે નાટયશાળા ગીતરહીત થઇ જાય છે, વાજિંત્રોની તુમુલ તુમુલ ધ્વનિ રહિત્ થઈ જાય છે યાવત વિવિધ પ્રકારની ક્રીડાઓથી શૂન્ય થઇ જાય છે, ત્યારે તે જ નાટયશાળા અરમણીક થઇ જાય છે.૨ "जयाणं इक्खुवाडे छिज्जइ भिज्जइ, पीलिज्जइ खज्जइ पिज्जइ, दिज्जइ, तयाण इक्खुवाडे रमणिज्जे भवइ, जयाणं इक्खुवाडे णो छिज्जइ जाव तजा इक्खुवाडे अरमणिज्जे भवइ ३" આ પ્રમાણે હે પ્રદેશિન્! જ્યાં સુધી ઇક્ષુ શેરડીના ખેતરમાં શેરડી કપાતી રહે છે, પાંદડાઓ વગેરેની સાફસૂફી થતી રહે છે, યંત્રમાં નાખીને તેમાંથી રસ નીકળતો રહે છે, તૈયાર થયેલ ગોળ ત્યાં લોકો વડે ચખાતો રહે છે, ત્યાંથી પસાર થતા લોકો શેરડીમાંથી નીકળેલો રસ પીતા રહે છે, તથા મળવા માટે આવનારાઓને શેરડી અપાતી રહે છે ત્યાંસુધી તો તે ઇક્ષુવાટ રમણીય રહે છે અને જ્યારે તે ઇક્ષવાટમાં પૂર્વોકત

બધી ક્રિયાઓ બંધ થઇ જાય છે ત્યારે તે ઇક્ષુવાટ અરમણીય લાગવા માંડે છે. **"जयाणं खलवाडे उच्छुब्भइ—मलिज्जइ, उड्डिज्जइ, खज्जइ, दिज्जइ, तयाणं खलवाडे रमणिज्जे भवइ, जयाणं खलवाडे णो उच्छुब्भइ, जाव—अरमणिज्जे भवइ ४'** આ પ્રમાણે હે પ્રદેશિન્! ખળામાં જ્યાં સુધી ધાન્યના ઢગલાઓ રહે છે, કણસલાં ગૂંદીને અનાજ કઢાતું રહે છે, અનાજ ઉપણાતું રહે છે, ત્યાંના રખેવાળ માટે ત્યાં પહોંચાડેલું ભોજન જમાતું રહે છે, બીજાઓને ત્યાં જ્યાં લગી અનાજ વગેરે અપાતાં રહે છે ત્યાં સુધી તે ખળું રમણીય લાગે છે. અને જ્યારે આ બધું કામ બંધ થઇ જાય છે, ત્યારે તે અરમણીય લાગવા માંડે છે. ૪ **"से तेणट्ठेणं पएसी ! एवं वुच्चइ—मा णं तुमं पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा—अरमणिज्जे भविज्जासि जहा वणसंडेइवा जाव खलवाडेइ वा"** એટલા માટે હે પ્રદેશિન્! મેં આમ કહ્યું છે કે તમે પહેલાં રમણીય થઇને પછી અરમણીય બનશો નહિ. જેવી રીતે વનષંડ યાવત્ ખળું થઇ જાય છે.

ટીકાર્થ—સ્પષ્ટ છે. 'झेड' અહીં 'शद्'ના સ્થાને 'झड' આદેશ થયો છે. સંસ્કૃતમાં એની છાયા 'શન્ન' હોય છે. કેશીએ આ સૂત્ર વડે પ્રદેશી રાજાને પહેલાં રમણીય થઈને પછી અરમણીય થઇ જનારા વનષંડ વગેરેને દૃષ્ટાંત રૂપમાં આપીને આ સમજાવવામાં આવ્યુ છે કે તમે એવા થશો નહિ. ॥સૂ. ૧૫૯॥

"तए णं पएसी केसिं " इत्यादि ॥१६०॥

सूत्रार्थ—'तए णं' त्यार पछी 'पएसी' प्रदेशी राजाએ 'केसिं कुमारसमणं एवं वयासी'' કેશી કુમાર શ્રમણને આ પ્રમાણે કહ્યું. "णो खलु भंते ! अहं पुव्विं रमणिज्ज भवित्ता पच्छा अरमणिज्जे भविस्सामि जहा वणसंडेइ वा जाव खलवाडेइ वा'' હે ભદંત ! હું પહેલાં રમણીય થઈને હવે વનષંડ કે યાવત્ ખળાની જેમ અરમણીય થઈશ નહિ. "अहं सेयंविया नयरी पमुक्खाइं सत्तगामसहस्साइं चत्तारि भागे करिस्सामि'' હું શ્વેતવિકા નગરી પ્રમુખ સાત હજાર ગામોને ચાર ભાગોમાં વિભાજિત કરીશ, "एकं भागं बलवाहणस्स दलइस्सामि'' આમાંથી એક ભાગ બલ (સેના) અને વાહન માટે આપીશ. "एगे भागे कुट्ठागारे छुभिस्सामि'' બીજો ભાગ કોષ્ઠાગારમાં પ્રજા પાલન માટે જુદો રાખીશ. 'एगं भागं अंतेउरस्स दलइस्सामि'' ત્રીજા એક ભાગને હું અન્તઃપુરની રક્ષા માટે આપીશ. "एगेणं भागेणं महइमहालयं कूडागारसालं करिस्सामि'' ચોથા એક ભાગથી હું એક વિશાળ કૂટાગાર શાળા બનાવડાવીશ. "तत्थ णं बहूहिं पुरिसेहिं दिन्नभइभत्तवेयणेहिं विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेत्ता बहूणं समणमाहणभिक्खुयाणं पंथियपहियाणं परिभाएमाणे'' તેમાં ઘણા પુરૂષોને હુ પગાર આપીને નીમીશ. તેઓ ત્યાંજ જમશે. તે માણસો પાસેથી હું વિપુલ માત્રામાં અશન–પાન–ખાદિમ–સ્વાદીમરૂપ ચારે પ્રકારના આહારો તૈયાર કરાવડાવીશ. પછી ઘણા શ્રમણ માહણ ભિક્ષુકો માટે તેમજ પથિકરૂપ પ્રાઘૂર્ણિકોને તે આહાર આપતો एवं बहूहिं सीलव्वयगुणव्वयवेरमणव्वयपच्चक्खाणपोसहोंववासेहिं अप्पाणं भावेमाणे विहरिस्सामि त्ति कट्टु जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए'' ઘણા શીલવ્રતોથી ગુણવ્રતોથી, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસોથી આત્માને હું વાસિત કરતો રહીશ. આ પ્રમાણે કહીને પ્રદેશી રાજા જે દિશા તરફથી આવ્યો હતો તે દિશાએથી જ જતો રહ્યો.

ટીકાર્થ—સ્પષ્ટ જ છે. પ્રદેશી રાજાએ આ સૂત્રવડે જે પોતાનો અભિપ્રાય પ્રકટ કર્યો છે તે વનષંડ જેમ પહેલાં રમણીય થઈને પછી અરમણીય થઈ જાય છે તેમ તે થશે નહિ એ વાતને સ્પષ્ટ કરવામાં આવી છે. પોતાના સાત હજાર ગામોને ચાર ભાગોમાં જે રાજાએ વિભાજિત કર્યા છે તે પણ એ વાતને જ પુષ્ટ કરે છે એમાં

દરેકે દરેક વિભાગમાં પોણા બે-બે હજાર ગામ છે. સૈન્યનું નામ બલ અને હાથી ઘોડા વગેરેનું નામ વાહન છે. પ્રજાનું સારી રીતે પાલન થઇ શકે તેટલા માટે તેણે એક ભાગ કોશ-ભંડારમાં મૂકયો છે. "छुभिस्सामि" ની સંસ્કૃત છાયા "क्षेप्स्यामि" છે. ક્ષિપ ને પ્રાકૃતમાં છુભાદેશ થયો છે ભૃતિ શબ્દનો અર્થ જીવિકા ભકત શબ્દનો અર્થ આહાર અને વેતન શબ્દનો અર્થ પગાર છે. પથિક પ્રાઘૂર્ણ-(અતિથિરૂપ મહેમાન)થી પથિકરૂપથી પ્રાઘૂર્ણ (મહેમાન) લેવામાં આવ્યાં છે. સંબંધને આશ્રિત કરીને પ્રાઘૂર્ણ લેવામાં આવ્યાં નથી. ાસૂ. ૧૬૦ા

'तएणं पएसी राया' इत्यादि

સૂત્રાર્થ—'तएणं' ત્યાર બાદ (पएसी राया कल्लं) પ્રદેશી રાજાએ બીજા દિવસે जाव तेयसा जलंते' યાવત તેજથી જ્યારે સૂર્ય પ્રકાશિત થઈ ગયો ત્યારે "सेयंबिया पामोक्खाइं सत्तगामसहस्साइं चत्तारि भाए कीरइ" શ્વેતાંબિકા પ્રમુખ સાત હજાર ગામોને ચાર ભાગોમાં વહેંચી નાખ્યા. "एगे भागे बलवाहणस्स दलयइ" આમાં એક ભાગ-બલ-વાહન માટે આપ્યો "जाव कूडागारसालं करेइ" યાવત્ ચોથો ભાગ કૂટાગારશાળા બનાવવા માટે આપ્યો. "तत बहूहिं पुरिसेहिं जाव उवक्खडावेत्ता बहूणं समण० जाव परिभाएमाणे विहरइ" જ્યારે કૂટાગારશાળા તૈયાર થઈ ગઇ ત્યારે તેમાં તેણે ઘણા પુરૂષો વડે યાવત્ ચારે જાતનો અશન આહાર બનાવ ાવ્યા અને તેનાથી ઘણા શ્રમણ વગેરેને પ્રતિલાભિત કર્યા. "तए णं से पएसी राया समणोवासए जाव अभिगयजीवाजीवे जाव विहरइ" ત્યાર પછી તે પ્રદેશી રાજા શ્રમણોપાસક થઈ ગયો. જીવતત્ત્વ અને અજીવત્ત્વના સ્વરૂપનો સારી રીતે જ્ઞાતા થઇ ગયો વગેરે. "जप्पभिइं च णं पएसी राया समणोवासए जाए तप्पभियं च णं रज्जं च रट्ठं च, बलं च वाहणं च, कोसं च, कोट्ठागारं च, पुरं अंतेउरं च, जणवयं च अणाढायमाणे यावि विहरइ" હવે તે પ્રદેશી રાજાએ જે દિવસથી શ્રમણોપાસક થયો, તેજ દિવસથી પોતાના રાજ્ય તરફ, રાષ્ટ્ર તરફ, સેના તરફ, વાહન તરફ, ભંડાર (કોષ) તરફ કોષ્ઠાગાર પ્રતિ, અંતઃપુર પ્રતિ અને જનપદ પ્રતિ ઉપેક્ષા ભાવ ધારણ કરી લીધો.

ટીકાર્થ-આ સૂત્રનો સ્પષ્ટ જ છે. અહીં યાવત્ પદથી "कल्लं जाव" ના આ યાવત પદથી ૧૫૯ મા સૂત્રમાં જે પાઠ એના વિષે ગૃહીત થયો છે તે જાણવો.

"जाव कूडागारसालं" માં આવેલ યાવત્ પદથી ૧૬૨ માં સૂત્રમાં જે પાઠ છે તેનું ગ્રહણ કરવામાં આવ્યું છું. આ પ્રમાણે "पुरिसेहिं जाव" માં આવેલ યાવત્ પદથી ૧૬૨માં સૂત્રમાં કથિત આ વિષયોના પાઠનું ગ્રહણ થયું છે. ॥૧૬૧॥

"तएणं तीसे सूरियकंताए देवीए" इत्यादि।

મૂલાર્થ–"तए ण" ત્યાર પછી "तीसे सूरियकंताए देवीए" તે સૂર્યકાંતા દેવીને "इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था" આ જાતનો આધ્યાત્મિક યાવત વિચાર ઉત્પન્ન થયો. "जप्पभियं च णं पएसी राया समणोवासए जाए" જે દિવસ થી પ્રદેશી રાજા શ્રમણોપાસક થયા છે, "तप्पभियं च णं रज्जं च" તે જ દિવસથી તેમણે રાજ્ય પ્રતિ, રાષ્ટ્રના પ્રતિ, યાવત અંતપુર પ્રતિ તેમજ મારા પ્રતિ અને જનપદ–દેશના પ્રતિ ઉપેક્ષા ધારણ કરી લીધી છે. "तं सेयं खलु मे पएसिं रायं केण वि सत्थप्पओगेण वा अग्गिप्पओगेण वा–मंतप्पओगेण वा विसप्पओगेणवा उद्दवेत्ता सूरियकंतं कुमारं रज्जे ठवित्ता" એથી મારા માટે હવે એજ ઉચિત છે કે હું પ્રદેશી રાજાને કોઇ શસ્ત્રના પ્રયોગથી કે અગ્નિના પ્રયોગથી કે મંત્રના પ્રયોગથી કે વિષના પ્રયોગથી મારી નાખીને સૂર્યકાંત પુત્રને રાજપાલને બેસાડીને 'सयमेव रज्जसिरिं कारेमाणीए पालेमाणीए विहरित्तइ त्ति कट्टु एवं संपेहेइ" પોતેજ રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ કરીને તેનું રક્ષણ કરતાં આનંદપૂર્વક સમય પસાર કરૂં. આ પ્રમાણે તેણે વિચાર કર્યો. "संपेहित्ता सूरियकंतं कुमारं सद्दावेइ" આ જાતનો વિચાર કરીને પછી તેણે પોતાના સૂર્યકાંત પુત્રને બોલાવ્યો. "सद्दावित्ता एवं वयासी" બોલાવીને તેને આ પ્રમાણે કહ્યુ. "जप्पभिइं च णं पएसी राया समणोवासए जाए तप्पभिइं च णं रज्जं च जाव अंतेउरं च जणवयं च माणुस्सए च कामभोगे अणाढायमाणे विहरइ" જે દિવસથી પ્રદેશી રાજા શ્રમણોપાસક થયા છે તે દિવસથી તેમણે રાજ્ય તરફ, યાવત્ અંતઃપુર તરફ જનપદ તરફ, મનુષ્યભવ સંબંધી કામભોગો તરફ ધ્યાન આપવું બંધ કર્યું છે.

એટલે કે તેઓ હવે આ બધી વસ્તુઓને આદરની દષ્ટિએ જોતા નથી. "तं सेयं खलु वि पुत्ता ? पएसिं रायं केणइ सत्थप्पओगेण वा जाव उद्दवित्ता सय-मेव रज्जसिरिं कारेमाणस्स पालेमाणस्स विहरित्तए" એથી હે પુત્ર ! હવે એજ ઉચિત જણાય છે કે તમે પ્રદેશી રાજાને કોઇ પણ શસ્ત્રના પ્રયોગથી કે યાવત્ વિષ પ્રયોગથી મારી નાખો અને પોતે રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરો, તેનું રક્ષણ કરો. "तए णं सूरियकंते कुमारे सूरियकंताए देवीए एवंवुत्ते समाणे सूरिय-कंताए देवीए एयमट्ठं णो आढाइ, णो परियाणाइ, तुसिणीए संचिट्ठइ" આ પ્રમાણે સૂર્યકાન્તા દેવી વડે કહેવાયેલ સૂર્યકાંત કુમારે તેની વાત પ્રત્યે આદર બતાવ્યો નહિ અને તેની વાતની તેણે અનુમોદના પણ કરી નહિ પણ તે તેની સામે મૂંગો થઇને ઉભો જ રહ્યો. "तए णं तीए सूरियकंताए इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था" ત્યાર પછી તે સૂર્યકાંતા દેવીને આ જાતનો આધ્યાત્મિક યાવત્ સંકલ્પ-વિચાર ઉત્પન્ન થયો કે "माणं सूरियकंते कुमारे-पएसिस्स रण्णो रहस्सभेयं करिस्सइ त्ति कट्टु पएसिस्स रण्णो छिद्दाणि य मम्माणि य रहस्साणि य, विवराणि य अंतराणि य पडिजागरमाणी पडिजागरमाणी विहरइ" સૂર્યકાંત કુમાર પ્રદેશી રાજ્યની પાસે-એટલે કે પ્રદેશી રાજાને મારી આ વાત કહી દે નહિ એથી તે પ્રદેશી રાજાના છિદ્રોને, દોષોને, મર્મોને, કુકૃત્યરૂપ લક્ષણોને, રહસ્યોને, એકાન્ત સ્થાનમાં સેવિત નિષિદ્ધિ આચરણોને, વિવરોને, નિર્જન સ્થાનોને અને અવકાશ લક્ષણરૂપ અન્તરોને બહુજ સાવધાનીપૂર્વક વારંવાર જોવા લાગી. એટલે કે બધી હિલચાલ પર દૃષ્ટિ રાખવા માંડી.

ટીકાર્થ—સ્પષ્ટ જ છે. "अज्झत्थिए जाव"માં આવેલા યાવત્ પદથી "चिन्तितः, कल्पितः प्रार्थितः मनोगतः संकल्पः" આ પદોનો સંગ્રહ થયો છે, આ પદોનો અર્થ પહેલાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. "रज्जं च जाव अंतेउरं च" માં આવેલ યાવત્ પદથી

"बलं वाहन कोष कोष्ठागारं पुरं" આ પદોનો સંગ્રહ થયો. અન્તઃપુર શબ્દથી અન્તઃપુરસ્થ પરિવારનુ ગ્રહણ થયું છે. તેમજ જનપદથી વિજિત (જીતેલા)દેશનો અર્થ લેવામાં આવ્યો છે. આ સૂત્રનો ભાવાર્થ આ પ્રમાણે છે કે જ્યારે સૂર્યકાંતા દેવીએ આ વાત જાણી લીધી કે પ્રદેશી રાજા શ્રમણોપાસક થઇ ગયો છે અને પોતાના બલ-વાહન વગેરેની સંભાળ રાખતો નથી અને મારી તરફ પણ તેનું ધ્યાન નથી ત્યારે તેના મનમાં તે કાંટાને દૂર કરવાનો વિચાર ઉત્પન્ન થયો કે ગમે તે રીતે અગ્નિ-પ્રયોગથી, કે શસ્ત્રાદિ પ્રયોગથી આ રાજાને મારી નાખવો જોઇએ તથા તેની ખાલી પડેલી જગ્યાપર સૂર્યકાંત પુત્રને ગાદીએ બેસાડવો જોઇએ. આમાં જ હવે રાજયની ભલાઇ છે, આમ વિચાર કરીને તેણે પુત્રને બોલાવ્યો. અને પોતાના આ જાતના વિચારો તેની સામે સ્પષ્ટ કર્યા. પણ પુત્રે આ વાતને સારી માની. નહિ ત્યારે સૂર્ય-કાન્તાના મનમાં આ જાતનો વિચાર થયો કે મારી આ વાત એ પ્રદેશી રાજા સામે પ્રકટ કરી દેશે તો શું થશે ? એટલા માટે તે હવે પ્રદેશી રાજાના છિદ્રો વગેરે જોવા લાગી. ॥સૂ. ૧૬૨॥

"तए णं सूरियकंता देवी" इत्यादि ।

મૂલાર્થ—"तएणं" ત્યાર પછી "सूरियकंता देवी" સૂર્યકાંતા દેવીએ– "अन्नया कयाइ" કોઇ એક દિવસે "पएसिस्स रन्नो" પ્રદેશી રાજાને "अंतरं जाणइ" ષષ્ઠ પારણાનો અવસર રૂપ અંતર (તક) જાણી લીધો અને "असणपाणखाइम-साइमसव्वब थगंधमल्लालंकारेसु विसप्पओगं पउंजइ" અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ આહારોમાં તેમજ વસ્ત્ર ગન્ધ માલા અલંકારોમાં વિષ સંપ્રયોગ કરી દીધો. "पएसिस्स रण्णो ण्हायस्स जाव सुहासणवरगयस्स ते विससंजुत्ते असणपाण-खाइमसाइमसव्ववत्थगंधमल्लालंकारे निसिरेइ" પ્રદેશી રાજા જ્યારે સ્નાન કરીને યાવત્ સુખદરૂપ શ્રેષ્ઠ આસન પર આસીન હતા ત્યારે તેમના માટે તેણે તે વિષસંપ્રયુકત અશન, પાન, ખાદ્ય, સ્વાદ્યરૂપ આહાર પીરસ્યું, તેમજ પહેરવા માટે વસ્ત્ર–ગન્ધ–માળા અને અલંકારો આપ્યાં. "तए णं तस्स पएसिस्स रण्णो ते विस-

संजुत्तं असणं पाणं खाइमं साइमं आहाग्माणस्स समाणस्स सरिरंसि वेयणा पाउब्भू उज्जला विउला पगाढा कक्कसा– डुया–परुसा–निट्ठुा–चंडा तिवा–दुक्खा– दुग्गा–दुरहियासा–वित्तज्जरपरिगासरीरे दाहवक्कंते यावि विहरइ' ત્યાર-પછી તે પ્રદેશી રાજાના શરીરમાં તે વિષ સંપ્રયુકત આહાર કરવાથી વેદના ઉત્પન્ન થઇ ગઇ. આ વેદના ઉજજવળ હતી,દુઃખદ હોવાથી સુખ રહિત હતી, વિપુલ હતી, સમસ્ત શરીરમાં વ્યાપ્ત હોવાથી વિસ્તીર્ણ હતી, પ્રગાઢ હતી; કર્કશ-કઠોર હતી જેમ કઠોર પથ્થરની રગડ શરીરના સંધિ ભાગોને તોડી નાખે છે, તેમ તે વેદના પણ આત્મ પ્રદેશોને તોડતી હતી. એથી જ એને કર્કશ કહેવામાં આવી છે. અપ્રીતિજનક હોવાથી એ કટુક હતી, મનમાં અતિ રૂક્ષતાજનક હોવાથી પુરૂષ હતી, ર નિષ્ઠુર હતી, અશકય હતી, ચંડ રૌદ્ર તીવ્ર તીક્ષ્ણ હતી, દુઃખદ સ્વરૂપ હોવાથી દુઃખરૂપ હતી, ચિકિત્સાથી પણ દુર્ગમ્ય હતી એથી તે દુર્ગ હતી, ડસ્સહ હોવાથી ડરધ્યાસ હતી, આ જાતની વેદના ઉત્પન્ન થઇ હોવાથી તે રાજા પિત્તજવરા-કાન્ત શરીરવાળો થઇ ગયો. અને તેના આખા શરીરમાં બળતરા થવા માંડી.

ટીકાર્થ—સ્પષ્ટ જ છે. ॥ સૂ. ૧૬૩ ॥

''तए णं से पएसी राया' इत्यादि

મૂલાર્થ 'तएणं' ત્યાર પછી 'से पएसी राण' તે પ્રદેશી રાજા 'सूरियकंताए देवीए अत्ताणं संपलद्धं जाणित्ता'' સૂર્યકાન્તા દેવીએ આ બધું કર્યું છે આમ જાણવા છતાંએ ''सूरियकंताए देवीए मणसा वि अप्पदुस्समाणे जेणेव पोसह-साला तेणेव उवागच्छइ'' તે સૂર્ય કાંતા દેવી પ્રત્યે મનથી પણ દ્વેષભાવ ન કરતાં જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયો. (पोसहसालं पमज्जेइ) ત્યાં જઈને તેણે પોષધ-શાળાની પ્રમાર્જના કરી. ''उच्चारपासवण भूमिं पडिलेहेइ ''ઉચ્ચાર-પ્રસવણ ભૂમિની

પ્રતિલેખના કરી. "दब्भसंथारगं संथरेइ" અને પછી દર્ભનું આસન ત્યાં પાથર્યું. "दब्भसंथारगं दुरूहइ" તેને પાથરીને તે તેના પર ઉભો થઈ ગયો. "पुरत्थाभिमुहे संपलियंकनिसन्ने" ત્યાં આરૂઢ થઈને તે પૂર્વ દિશા તરફ મુખ કરીને પર્યંકાસનથી બેસી ગયો. 'करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी" અને બન્ને હાથોની અંજલિ બનાવીને અને તેને મસ્તક પર ફેરવી તે આ પ્રમાણે કહેવા લાગ્યો. "नमोत्थुणं अरहंताणं जाव संपत्ताणं नमोत्थुणं केसिपस कुमारसमणस्स मम धम्मायरियस्स धम्मोवदेसगस्स" અર્હંત ભગવંતને મારા નમસ્કાર છે, મારા ધર્મોપદેશક ધર્માચાર્ય કેશીકુમાર શ્રમણને મારા નમસ્કાર છે. "वंदामि णं भगवंतं तत्थगयं इहगए" અહીં રહીને હું ત્યાં વર્તમાન ભગવાનને વંદન કરૂં છું. "पासउ मे भगवं तत्थगए इहगयं त्ति कट्टु वंदइ, नमंसइ" ત્યાં રહેતાં ભગવાન મને અહીં જુએ. આ પ્રમાણે કહીને તે પ્રદેશી રાજાએ તેમને વંદન કર્યા, નમસ્કાર કર્યા. "पुव्विं पि णं मए केसिस्सकुमारसमणस्स अंतिए थूलपाणाइवाए पच्चक्खाए, जाव थूल परिग्गहे पच्चक्खाए" પ્રમાણે વિચાર કરીને 'आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सूरियाभे विमाणे उववायसभाए देवत्ताए उववन्ने" તેણે પહેલાં ગુરૂની સામે જે અતિચારોનું પ્રત્યાખ્યાન કર્યું હતુ હવે તેમને ફરી અકરણ વિષયથી અતિક્રાંત કરીને-એટલે કે 'આલોચનાપૂર્વક મિથ્યા દુષ્કૃત આપીને ચિત્તની સમાધિ પ્રાપ્ત કરૂં છું.' અને આવી સ્થિતિમાં તે કાલમાસમાં કાલ કરીને સૂર્યાભવિમાનમાં ઉપપાત સભામાં દેવ પર્યાયથી જન્મ પામ્યો.

ટીકાર્થ—પ્રદેશી રાજાએ જ્યારે આ વાત જાણી કે મારી રાણી સૂર્યકાન્તાએજ મને મારવા માટે વિષ આપ્યું છે અને મારી આ દશા કરી છે. તો તે પરિસ્થિતિ માં પણ સૂર્યકાન્તા પ્રત્યે અદ્વૈષભાવથી વ્યવહાર કરીને જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયો. ત્યાં જઈને તેણે પૌષધશાળાની પ્રમાર્જના કરી. ઉચ્ચારપ્રસ્રવણ ભૂમિની પ્રતિ લેખના કરી અને દર્ભસંસ્તારક પાથર્યો ત્યારપછી તે તેની ઉપર પૂર્વ દિશા તરફ

પ્રમાણે વિચાર કરીને 'आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सूरियाभे विमाणे उववायसभाए देवत्ताए उववन्ने'' તેણે પહેલાં ગુરૂની સામે જે અતિચારોનું પ્રત્યાખ્યાન કર્યું હતુ હવે તેમને ફરી અકરણ વિષયથી અતિક્રાંત કરીને-એટલે કે 'આલોચનાપૂર્વક મિથ્યા દુષ્કૃત આપીને ચિત્તની સમાધિ પ્રાપ્ત કરૂં છું.' અને આવી સ્થિતિમાં તે કાલમાસમાં કાલ કરીને સૂર્યાભવિમાનમાં ઉપપાત સભામાં દેવ પર્યાયથી જન્મ પામ્યો.

ટીકાર્થ—પ્રદેશી રાજાએ જ્યારે આ વાત જાણી કે મારી રાણી સૂર્યકાન્તાએજ મને મારવા માટે વિષ આપ્યું છે અને મારી આ દશા કરી છે. તો તે પરિસ્થિતિ માં પણ સૂર્યકાન્તા પ્રત્યે અદ્વેષભાવથી વ્યવહાર કરીને જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયો. ત્યાં જઇને તેણે પૌષધશાળાની પ્રમાર્જના કરી. ઉચ્ચારપ્રસ્રવણ ભૂમિની પ્રતિ લેખના કરી અને દર્ભસંસ્તારક પાથર્યો ત્યારપછી તે તેની ઉપર પૂર્વ દિશા તરફ મુખ કરીને પર્યંકાસનની મુદ્રામાં બેસી ગયા ત્યાર બાદ તેણે બન્ને હાથોની અંજલિ બનાવી અને તેને મસ્તક પર ફેરવીને આ પ્રમાણે કહેવા લાગ્યો. અર્હંતોને નમસ્કાર છે, અહીં યાવત્ પદથી ''नमोत्थुणं'' પૂરોપાઠ તે બોલ્યો એ વાત સમજવી જોઇએ. આ પ્રમાણે કહેતાં કહેતાં તેણે આ પ્રમાણે કહ્યું કે મને ધર્મોપદેશ આપનાર મારા ધર્માચાર્ય કેશીકુમાર શ્રમણને મારા નમસ્કાર છે. તેઓ અહીં હમણા વિદ્યમાન નથી છતાંએ તેઓશ્રી જ્યાં વિરાજતા હોય હું અહીં રહીને તેમને નમસ્કાર કરૂં છું. ત્યાં રહેતા તે ભગવાન કેશીકુમારશ્રમણ અહીં રહેલા મને જુવે. આ પ્રમાણે કહીને તેણે તેમને વંદન કરી નમસ્કાર કર્યા. વંદન તેમજ નમસ્કાર કરીને તે આમ કહેવા લાગ્યો કે મેં પહેલાં પણ કેશીકુમારશ્રમણની પાસે સ્થૂલ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કર્યું છે. યાવત સ્થૂલ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કર્યું છે, સ્થૂલ અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કર્યું છે અને સ્થૂલ પરિગ્રહનું પ્રત્યાખ્યાન કર્યું છે. હવે હું તેજ કેશી કુમારશ્રમણની પાસે તેમની આજ્ઞાને વશ હોવાને લીધે તેઓ મારી પાસે જ છે એમ માનીને સમસ્ત પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરૂં છું. સમસ્ત મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરૂં છું. સમસ્ત અદત્તાદાનનું પ્રત્યાખ્યાન કરૂં છું અને સમસ્ત પરિગ્રહનું પ્રત્યાખ્યાન કરૂં છું. તેમજ ક્રોધનું યાવત્ માન માયા લોભ રાગ દ્વેષ કલહનું પ્રત્યાખ્યાન કરૂં છું. પૈશૂન્ય પરિવાદ અરતિ માયા મૃષા અને મિથ્યાદર્શનશલ્યનું પ્રત્યાખ્યાન કરૂં છું. તેમજ સમસ્ત અશનનું પાનનું, ખાદ્યનું, સ્વાદ્યનું, યાવત્ જીવન પ્રાણ ધારણ પર્યન્ત વિસર્જન કરૂં છું. તેમજ કાન્ત ઇત્યાદિ વિશેષણોથી યુક્ત જે શરીરની મે શીતોષ્ણ વગેરે પરીષહોથી સર્પાદિકૃત ઉપસર્ગોથી અને કર્કશ કઠોર વગેરે સ્પર્શોથી-'એઓ આ શરીરને સ્પર્શે નહિ એ ઇચ્છાએ રક્ષા કરી' આનો પણ હું હવે અંતિમ શ્વાસોચ્છવાસ સુધી પરિત્યાગ કરૂં છું. તાત્પર્ય આ પ્રમાણે છે

કે મેં આ શરીરને કાંત, પ્રિય, મનોજ્ઞ, મન આમ, ધૈર્યસ્વરૂપ, વિશ્વાસ યોગ્ય, સંમત-અનુત્તમ તેમજ બહુમત જાણ્યો અને રત્ન મૂકવાની પેટીની જેમ બહુ મૂલ્યવાન માન્યું એથી જ આની મેં બધી રીતે સંભાળ રાખી. આને ઠંડીથી પીડા ન થાય, ઉષ્ણતાથી સંતાપ ન થાય, ક્ષુધાથી કષ્ટ ન થાય, તરસથી વ્યાકુળ ન થાય સર્પાદિકૃત ઉપદ્રવોથી આ પીડિત ન થાય ચોરો વડે આ આફતમાં ન ફંસાઈ પડે, દંશ-મશક આને કષ્ટ ન આપે વાત સંબંધી રોગાતકો-જ્વરાદિ રોગો, સદ્યોઘાતિ શૂલાદિકોથી આ શરીર દુઃખિત ન થાય, પૈતિક શ્લૈષ્મિક, સાન્નિપાતિક રોગાતંક આ શરીરને મલિન ન કરે, કર્કશ કઠોર વગેરેના સ્પર્શથી એના સૌન્દર્યનું અપહરણ ન કરે આ પ્રમાણે મે બધી રીતે આ શરીરની ખૂબ રક્ષા કરી હતી પણ હવે હું આ એવા પ્રિય શરીરની સાથે પોતાનો સંબંધ જીવનના અંતિમ ક્ષણ સુધી છોડી દઉં છું. આમ વિચાર કરીને તે પ્રદેશી રાજા આલોચિત પ્રતિક્રાંત થઇને સમાધિમાં તલ્લીન થઇ ગયો અને કાલ માસમાં મરણ પામીને સૂર્યાભવિમાનમાં ઉપપાત સભામાં દેવ પર્યાયથી ઉત્પન્ન થયો. ॥સૂ.૧૬૪॥

પ્રદેશી રાજાનું વર્ણન સમાપ્ત.

"પ્રદેશી રાજાના જીવ—સૂર્યાભદેવનું આગામી ભવનું વર્ણન."

"तएणं से सूरियाभे देवे अहुणोववन्नए" इत्यादि.

મૂલાર્થ—**"तएणं सूरियाभे देवे"** ત્યાર પછી ઉત્પન્ન થતાં જ તે સૂર્યાભદેવ પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી યુકત થઇ ગયો. **"तं जहा—आहारपज्जत्तीए, सरीर पज्जत्तीए, इंदियपज्जत्तीए, आणपाण पज्जत्तीए, भासमणपज्जत्तीए"** તે પાંચ પર્યાપ્તિઓ આ પ્રમાણે છે—આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇન્દ્રિય પ્રર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને ભાષા મનઃ પર્યાપ્તિ **"तं एवं खलु भो! सूरियाभेणं देवेणं दिव्वा देविड्ढी—दिव्वा देवजुई—दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमन्नागए"** આ પ્રમાણે તે સૂર્યાભદેવે પ્રદેશી રાજાના ભવમાં આસ્તિક ભાવપૂર્વક શ્રાવક ધર્મની આરાધના કરી હતી અને પછી આલોચિત પ્રતિકાંત થઇને તે સમાધિ પ્રાપ્ત થયો હતો. આ બધા કારણોથી તેણે સૂર્યાભદેવના પર્યાયમાં દિવ્ય દેવર્દ્ધિ વિમાનાદિ દિવ્યદેવદ્યુતિ શરીરાભરણાદિ કાંતિ અને દિવ્ય દેવાનુભાવ દેવપ્રભાવ ઉપાર્જિત કર્યા છે, મેળવ્યાં છે. સ્વાધીન બનાવ્યાં છે. અને તેને ભોગ્યરૂપ હોવાથી સારી રીતે તેનો ઉપભોગ કર્યો છે.

ટીકાર્થ સ્પષ્ટ છે. પાંચ પ્રકારની પર્યાપ્તિઓનું સ્વરૂપ પહેલા ૮૩ મા સૂત્રમાં પ્રકટ કરવામાં આવ્યુ છે. ॥૧૬૫॥

"सूरियाभस्स णं भंते ! देवस्स केवइयं कालं ठिई पण्णत्ता" इत्यादि.

મૂલાર્થ—પ્રશ્ન "सूरियाभस्स णं भंते ! देवस्स केवइयं कालं ठिई पण्णत्ता" હે ભદન્ત ! સૂર્યાભદેવની સ્થિતિ કેટલી કહેવામાં આવી છે ? ઉત્તર—"गोयमा ? चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता–" હે ગૌતમ ! સૂર્યાભદેવની સ્થિતિ ચારપલ્યો-પમ જેટલી કહેવામાં આવી છે પ્રશ્ન-'से णं भंते ! सूरियामे देवे ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गमिहिइ कहिं उववज्जिहिइ–" હે ભદંત ! તે સૂર્યાભદેવ તે દેવલોકથી આયુક્ષય-ભવક્ષય અને સ્થિતિક્ષય પછી દેવ શરીરને ત્યજીને કયાં જશે ? કયાં ઉત્પન્ન થશે ? ઉત્તર-"गोयमा ! महाविदेहे वासे जाणि इमाणि कुलाणि भवंति, तं जहा–अड्ढाइं दित्ताइं विउलाहिं वित्थिन्न विउलभवणसयणासणजाणवाहणाइं बहुधण बहुजायरूव रययाइं" હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જે કુલો છે-જે આઢય છે, દીપ્ત છે, વિપુલ છે, વિસ્તીર્ણ ભવનોવાળા છે, વિસ્તીર્ણ વિપુલ શયનાસનવાળાઓ છે, વિસ્તીર્ણ વિપુલ યાન-વાહન વાળાઓ છે, બહુધન સંપન્ન છે, બહુતર જાતરૂપવાળા છે, બહુરજતવાળા છે. "आओगपओगसंपउत्ताइं विच्छड्डियपउरभत्तपाणाइं, बहुदासीदासगोमहिसगवेलगप्पभूयाइं, बहुजणस्स अपरिभूयाइं" તેમનાથી આયોગ પ્રયોગ વ્યાપૃત થતો રહે છે, દીનજનો માટે જયાંથી પ્રચુર માત્રામાં ભકત-પાન પ્રાપ્ત થતાં રહે છે, જેમની પાસે દાસીદાસ ઘણી સંખ્યામાં સેવા-ચાકરી કરવા ઉપસ્થિત રહે છે, જયાં પુષ્કળ માત્રામાં ગાય મહિષ અને અન્ય, મેષ વગેરે પશુઓ વિદ્યમાન રહે છે, તેમજ કાંઇ પણ માણસ જેમનો અનાદર કરી શકતો નથી. "तत्थ अन्नयरंसि कुलम्मि पुत्तत्ताए पच्चायाइस्सइ" તે કુલોમાંથી તે કોઇ પણ એક કુલમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે.

ટીકાર્થ—ગૌતમ સ્વામીએ પ્રભુને આ જાતનો પ્રશ્ન કર્યો કે હે ભદંત ! સૂર્યાભ દેવની સ્થિતિ કેટલા કાલની કહેવાય છે ? એના ઉત્તરમાં પ્રભુએ કહ્યું-ગૌતમ ! સૌધર્મ દેવલોકમાં સૂર્યાભદેવની સ્થિતિ ચાર પલ્યોપમ જેટલી કહેવામાં આવી છે. ત્યારપછી ગૌતમે ફરી પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભદંત ! જયારે સૂર્યાભદેવના દેવ સંબંધી આયુકર્મના દલિકોની નિર્જરા થઇ જશે. ભવક્ષય-દેવભવરૂપ ગત્યાદિ કર્મની નિર્જરા થઇ જશે, તેમજ સ્થિતિક્ષય સૌધર્મ કલ્પમાં સૂર્યાભવિમાનમાં કેટલાક દેવોની ચારપલ્યોપમ જેટલી સ્થિતિમાં કહેવાય છે, તેમાં સૂર્યાભદેવની પણ ચારપલ્યોપમ જેટલી સ્થિતિ કહેવાય છે તે પણ જયારે ક્ષપીત થઇ જશે, ત્યારે તે દેવ શરીર ત્યજીને કયાં જશે ? કયાં ઉત્પન્ન થશે? એના જવાબમાં પ્રભુએ કહ્યું હે ગૌતમ ! સૂર્યાભદેવનો જીવ સૌ ધર્મ દેવ લોકથી ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં જે કુલો આઢય-સમૃદ્ધ છે,

ક્રીમ-પ્રશંસનીય હોવાથી ઉજ્જ્વળ છે, વિપુલ-પરિવાર વગેરેના લોકોની દૃષ્ટિએ વિશાળ છે. ક્ષેત્રની અપેક્ષાએ વિસ્તીર્ણ છે, સંખ્યાની દૃષ્ટિએ પ્રચુર ગ્રહોવાળા છે, વિસ્તાર્ણ વિપુલ શયન શય્યા અને આસનો વાળા છે, પીઠ ફલક વગેરેવાળા છે, ગજ અશ્વ વગેરે રૂપ વાહનો વાળા છે, તેમજ પ્રચુર ગરિમ ધરિમ મેય પરિચ્છેદ્યરૂપ ધનવાળા છે, પ્રચુર જાતરૂપ-સુવર્ણવાળા છે, પ્રચુર રજત-ચાંદીવાળા છે, તથા અર્થલાભરૂપ પ્રયોગ જેમનાથી વ્યાપૃત થયેલ છે, ઉદાર બુદ્ધિથી જેઓ પુષ્કળ અન્નપાન બનાવડાવે છે અને જમ્યા પછી પણ ત્યાં અવશિષ્ટ રહે છે એટલે કે ગરીબોને આપવા માટે જેઓ પ્રચુર અન્નપાન તૈયાર કરાવડાવે છે જેમની પાસે ઘણાં દાસી દાસો છે, ઘણી ગાયો તેમજ મહિષ, ગવેલક અજા, મેષ છે અને જે ઘણા માણુસો વડે પણ અપારિભૂતછે એવાં કુલોમાંથી તે કોઇ એક કુળમાં પુત્રરૂપે જન્મ પામશે ॥સૂ૦૧૬૬॥

"त एणं तंसि दारगंसि गब्भगय सि चेव समाणंसि इत्यादि ।

મૂલાર્ણ—"त एणं तंसिं दारगंसि गब्भगय सि चेव समाणंसि" જ્યારે તે દારક ગર્ભમાં આવશે-ત્યારે તેને ગર્ભમાં આવતાં જ "अम्मापिउणं धम्मे दढा पइण्णा भाविस्सइ" માતાપિતાને ધર્મમાં દૃઢ પ્રતિજ્ઞા થશે. "तएणं तस्स दारगस्स माया नवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं राइं दियाणं विइक्कंताणं सुकुमालपाणियायं" નવ માસ અને સાઢા સાત દિવસો જયારે પૂરા થઇ જશે ત્યારે તે દારકની માતા સુકુમાર હાથપગવાળા "अहीणपडिपुण्णपंचिंदिय सरीरं" અહીન પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયોથી યુકત શરીર વાળા "लक्खणवंजणगुणोववेयं, माणुम्माणप्पमाणपडिपुण्णसुजायसव्वंगसुंदरंगं ससिसोमाकारं कंतं पियदंसणं सुरूवं दारयं पयाहिसि" લક્ષણ વ્યંજન ગુણોવાળા, માનોન્માન પ્રમાણ પ્રતિપૂણ સુજાત સર્વાંગ સુંદર શરીરવાળા ચન્દ્ર જેવા સૌમ્ય આકારવાળા, કાંત-પ્રિયદર્શન યુકત અને સુરૂપ સંપન્ન એવા પુત્રને જન્મ આપશે.

ટીકાર્થ સ્પષ્ટ છે. ॥સૂ૦ ૧૬૭॥

"तए णं तस्स दारगम्स अम्मापियरो" इत्यादि ।

મૂલાર્થ—"**तए णं**" ત્યાર પછી "**तस्स दारगस्स**" તે દારકના "**अम्मापियरो**" માતાપિતા "**पढमे दिवसे**" પ્રથમ દિવસે "**ठिइपडिय**" કુલ પરંપરાગત પુત્ર-જન્મોત્સવ રૂપ વિધિઓ "**करेहिंति**" કરશે. "**तइयदिवसे**" ત્રીજા દિવસે "**चंदसूर दंसणावणियं करिस्संति**" ચન્દ્રદર્શન રૂપ અને સૂર્યદર્શનરૂપ ક્રિયાઓ કે જે પુત્ર જન્મોત્સવ સમયે કરવામાં આવે છે કરશે, "**छट्ठे दिवसे जागरियं जागरिस्संति**" છઠ્ઠા દિવસે રાત્રિ જાગરણ કરશે. "**एक्कारसमे दिवसे वीइक्कंते संपत्ते बारसाहे दिवसे णिव्वित्ते असुइ जायकम्म करणे**" અગ્યારમો દિવસ જ્યારે પૂરો થશે અને બારમો દિવસ પ્રારંભ થશે ત્યારે તે દિવસે જન્મ સંબંધી અશુચિતાની નિવૃત્તિ થઈ જશે તે પછી "**चोक्खे समज्जिओवलित्ते विउलअसणपाणखाइम साइमं उवक्खडा विस्संति**' ઘરને શુદ્ધ કરવાનાં કાર્યો કરશે. પહેલાં તેઓ સમ્માર્જની-સાવરણી-થી કચરો સાફ કરશે અને પછી તેને ગોમય વગેરેથી લીપીને સ્વચ્છ બનાવશે. આ પ્રમાણે શુદ્ધિ ક્રિયા થઈ જવા બાદ પછી તે અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્યરૂપ ચાર પ્રકારના આહારોને બનાવરાવશે. **मित्तणाइ पियग सयण संबंधि परिजणं आमंतेत्ता, तओ पच्छा ण्हाया कयबलिकम्मा कय कोउय मंगल पायच्छित्ता**" ત્યાર પછી તેઓ મિત્રજનોને જ્ઞાતિજનોને, માતાપિતા વગેરેને, પોતાના પુત્રાદિકોને, પિતૃવ્યાદિક સ્વજનોને, સ્વશુર-પુત્ર-શ્વસુર વગેરેને, દાસી દાસ વગેરે પરિજનોને આમંત્રિત કરશે. પછી સ્નાન કરીને બલિકર્મ-કાગડા વગેરે પક્ષીઓને અન્ન વગેરેનો, ભાગ આપશે. કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કરશે. **सुद्धप्पावेसाइं**

मंगल्लाइ वत्थाइं पवरपरिहिया अप्पमहग्घाभरणालंकियसरीरा भोयणमंडवंसि" પછી રાજયસભામાં જવા માટે પહેરવા યોગ્ય શુદ્ધ માંગલિક વસ્ત્રો ધારણ કરશે. ત્યાર બાદ અલ્પભારવાળાં અને વિશેષ કીમતી એવાં અલંકારો ધારણ કરશે. આ પ્રમાણે સર્વ રીતે સુસજ્જ થઈને પછી તેઓ ભોજન મંડપમાં–ભોજનશાળામાં- "सुहासणवरगया" પોતપોતાના શ્રેષ્ઠ આસનો પર બેસીને "ते णं मित्तणाइ णियग-सयणसंबंधिपरिजणेणं सद्धिं विउलं असणं पाणं खाइमं साइमं आसाएमाणा विसाएमाणा परिभुंजेमाणा परिभाएमाणा एवं चेव णं विहरिस्संति" તે મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન સંબંધિજનો અને પરિજનોની સાથે તે વિપુલ અશન પાન ખાદ્ય અને સ્વાદ્યરૂપ ચતુર્વિધ આહારનોં પહેલાં આસ્વાદન કરશે પછી વિશેષ આ-સ્વાદન કરશે. તેને સુરૂચિપૂર્ણ થઈને જમશે. પરસ્પર એક બીજાઓને આપશે. जिमियभुत्तुत्तरागया वि य णं समाणा आयंता चोक्खा, परमसुइभूया तं मित्तणाइ-णियगसयणसंबंधि परिजणं विउलेणं वत्थगंधमल्लालंकारेणं सक्कारिस्संति, संमाणिस्संति" ભોજન બાદ તેઓ પોતપોતાના ઉપવેશન સ્થાનપર બેસીને શુદ્ધ જળથી આચમન કરીને પવિત્ર થશે. આ પ્રમાણે પરમશુચિભૂત થયેલા તે મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી પરિજનોને વિપુલ વસ્ત્ર, ગંધ, માલ્ય અલંકારોથી સત્કૃત કરશે. અને સમ્માનપૂર્વક તેમનો આદર કરશે "तस्सेव मित्तणाइणियग सयणसंबंधिपरिजणस्स पुरओ एवं वइस्संति" પછી તેઓ તે મિત્ર-જ્ઞાતિ નિજક સ્વજન-સંબંધી પરિજનોની સામે આ પ્રમાણે કહેશે–"जम्हाणं देवाणुप्पिया ! अम्हं इमंसि दारगंसि गब्भगयंसि चेव समाणंसि धम्मे दढा पइण्णा जाया." હે દેવાનુપ્રિયો ! આ દારક જયારથી અમારા ગર્ભમાં આવ્યો છે ત્યારપછી અમારી મનમાં ધર્મ પ્રત્યે દૃઢ પ્રતિજ્ઞા જામી છે. "तं होऊ णं अम्हं एस दारए दढ-पइण्णे णामेण" આથી અમારો આ દારક દૃઢ પ્રતિજ્ઞ આ નામવાળો થાય. "तएणं तस्स दारगस्स अम्मांपियरो नामधेज्जं करिस्संसि दढपइण्णोत्ति" આ પ્રમાણે તે દારકના માતાપિતા તેનું દૃઢપ્રતિજ્ઞ એવું નામ રાખશે. "तएण तस्स अम्मा-पियरो अणुपुव्वेणं ठिइवडियं च १ चंदसूरियदंसणावणियं च २ धम्मजागरियं

च ३ नामधिज्जकरणं च ४, परंगमणं च ५, पचंकमणं च ६, पच्चक्खाणय च ७, जेमणगं च ८, पडिबद्धावणगं च ९, पजंपावणगं च १०, कन्नवेहणं च ११, संवच्छरपडिलेहणगं च १२," અનુક્રમે જયારે તેઓ સ્થિતિ પ્રતિજ્ઞ ૧ ચન્દ્ર સૂર્યદર્શન ૨, ધર્મજાગરણ ૩, નામકરણ ૪, આ ઉત્સવો ઉજવી લેશે ત્યાર બાદ પરગમન ૫, પ્રચંડક્રમણ ૬, પ્રત્યાખ્યાન ૭, અન્ન પ્રાશન ૮, પ્રતિવર્ધાપન ૯, પ્રજલ્પનક ૧૦ કર્ણવેધન ૧૧, સંવત્સર પ્રતિલેખનક ૧૨, "चूडावणयणं १३, उचणयणं च १४, अन्नाणिय बहूणि गब्भाहाण जम्मणाइयाइं कोउगाइं महया इड्ढि सक्कारसमुदएणं करिसंति" ચૂડાપનયન અને ૧૪ ઉપનયન આ અવશિષ્ટ ઉત્સવો ઉજવશે તેમજ બીજા પણ ઘણા ગર્ભાધાન સંબંધી સત્કાર કરવારૂપ કાર્યો પોતાની ઋદ્ધિ અનુસાર કરશે.

ટીકાર્થ:—તે દારકના માતાપિતા જન્મને પહેલે દિવસે કુલપરંપરાગત પુત્ર જન્મોત્સવ ક્રિયાઓ કરશે. એ નિમિત્તે જ ત્રીજા દિવસે તેઓ ચન્દ્ર-સૂર્યદર્શન કરશે. એટલે કે નવજાત શિશુને ચન્દ્ર-સૂર્યના દર્શન કરાવશે. જયારે અગિયારમો દિવસ પૂરો થશે અને બારમો દિવસ પ્રારંભ થશે ત્યારે તેઓ જાતકર્મ વિધિ કરશે. આ વિધિમાં નવજાત શિશુના જન્મથી કુટુંબના લોકોમાં જે અશુચિતા મનાય છે તેને સાફ-સફાઈ વગેરે કરીને દૂર કરવામાં આવે છે. એટલે કે જન્મ સંબંધી અશુચિતા આ દિવસે મટી જાય છે. ઘર વગેરે લીપવામાં આવે છે. વસ્ત્રો ધોવડાવી સ્વચ્છ કરવામાં આવે છે. આ પ્રમાણે અશુચિ વ્યપરોપણ કરીને પછી તેઓ અશન-પાન વગેરે રૂપ ચાર પ્રકારના આહારો બનાવડાવશે અને પોતાના મિત્ર સુહૃદ્ જન, માતા પિતા, ભાઈ વગેરે રૂપ જ્ઞાતિજનોને, પુત્રાદિરૂપ નિજજનોને, પિતૃવ્ય વગેરે રૂપ સ્વજનોને, પોતાના શ્વશુર અને પુત્ર શ્વશુર વગેરે સંબંધીજનોને અને દાસીદાસ વગેરે પરિજનોને જમવા માટે આમંત્રિત કરશે. પછી સ્નાનથી, કાગડા વગેરેને અન્નભાગ આપવાથી મષીતિલક વગેરેરૂપ કૌતુકોથી મંગલ કરીને દુઃસ્વપ્ન વગેરે અવાંછનીય ફળની નિવૃત્તિ માટે સરસવ, દધિ, અક્ષતરૂપ પ્રાયશ્ચિતથી નિવૃત્ત થઈને રાજસભામાં જવા યોગ્ય વસ્ત્રો સારી રીતે પહેરીને અને અલ્પભારયુકત બહુ કીમતી અલંકારોથી શરીરને સુશોભિત કરીને પછી તે ભોજનશાળામાં જશે, અને ત્યાં પોતાને યોગ્ય સ્થાપિત શ્રેષ્ઠ આસનો પર બેસીને આમંત્રિત મહેમાનો—મિત્ર—જ્ઞાતિ- નિજક સ્વજન-સંબંધીજન અને પરિજનોની સાથે રૂચિપૂર્વક જમશે. મનોવિનોદ કરતાં એકબીજાને પીરસાવશે. આ પ્રમાણે આનંદપૂર્વક જમવાનું કામ પુરૂં થઇ જશે. ત્યાર પછી તેઓ હાથ, મુખ ધોઇને પોતપોતાના સ્થાનપર આવીને વિરાજમાન થઈ જશે. ત્યાં શુદ્ધોદ-

દકથી આચમન કરીને પરમશુચિ થયેલા તેઓ પોતાના મિત્રજનોનો, નિજકજનોનો સ્વજનોનો, સંબંધીજનોનો અને પરિજનોનો વિપુલ-પ્રચુર વસ્ત્રોથી, રેશમી અને સૂતી વસ્ત્રોથી, પુષ્પરસના આમોદ પરિમલથી; પુષ્પમાલાઓથી, કટક કુંડળરૂપ અલંકારોથી સત્કાર કરશે. અને સન્માનપૂર્વક તેમનો આદર કરશે. પછી તેઓ પોતાના મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી પરિજનોની સામે આ પ્રમાણે કહેશે કે હે દેવાનુપ્રિયો ! મિત્રવરો ! જ્યારથી આ દારક ગર્ભમાં આવ્યો છે ત્યારથી અમારી ધર્મમાં-જિન પ્રરૂપિત માર્ગમાં મતિ દૃઢ નિશ્ચલ થઇ ગઇ છે. આથી અમારો આ પુત્ર દૃઢ પ્રતિજ્ઞ નામથી સંબોધિત થાય. આમ કહીને તે લોકો 'દૃઢપ્રતિજ્ઞ' એ પ્રમાણે તેનું નામ રાખશે. તે દૃઢ પ્રતિજ્ઞદારકના માતાપિતા અનુક્રમે સ્થિતિ પતિતા ૧, ચન્દ્રસૂર્ય દર્શનિકા ૨, ધર્મજાગરિકા ૩, નામકરણ ૪, પરંગમણ ૫, પરગમન—પર્યઙ્ગમન-પોતાના ઘેરથી બીજા ઘેર જવું તે પરગમન, અથવા અંગુલિ ગ્રહણપૂર્વક ભવનાંગણમાં જ ફરવું તે પર્યંગમન, પ્રચંક્રમણ-સ્વતઃભ્રમણ ૬, પ્રત્યાખ્યાન આરોગ્ય વગેરે માટે વ્રતાદિકરણ ૭, જેમનક અન્નપ્રાશન ૮, પ્રતિવર્ધાપનક આશીર્વાદ આપનારાઓને દ્રવ્ય વગેરે આપવું. ૯; પ્રજલ્પનક-માતાપિતા વગેરે શબ્દોનું ઉચ્ચારણ કરવું. ૧૦, કર્ણવેધન ૧૧, સંવત્સર પ્રતિલેખનક જન્મ દિપોત્સવ—વર્ષગાંઠ, ચૂડાપનયન, મુંડનોત્સવ ૧૩ અને ઉપનયન અધ્યયન કલાચાર્ય પાસે લઇ જવું તે ૧૪, આ ચૌદ પ્રકારના ઉત્સવોને તેમજ એમનાથી ભિન્ન બીજા પણ ઘણા ગર્ભાધાન સંબંધી કૌતુકોને ઉત્સવોને ઋદ્ધિ સત્કાર સમુદાયપૂર્વક કરશે. ॥સૂ૦ ૧૬૮॥

"तए णं से दढपइण्णे दारगे" इत्यादि ।

મૂલાર્થ—'तए णं" ત્યાર પછી "से दढपइण्णे" તે દૃઢપ્રતિજ્ઞ બાળક "पंच धाई परिविखत्ते" આ પાંચ ધાય માતાઓથી "तं जहा—खारधाइए-मज्जणधाइए—मंडणधाइए—अंकधाइए, किलावणधाइए" જેમકે ક્ષીરધાય માતાથી ધવડાવનાર ઉપમાતાથી, મજ્જનધાય માતાથી, સ્નાન કરાવનાર ઉપમાતાથી, મંડનધાયમાતાથી,

મષીતિલક વગેરે દ્વારા મંડન કરાવનાર ઉપમાતાથી, અંકધાત્રી માતાથી, ઉત્સંગ ખોળામાં બેસાડીને રમાડનાર ઉપમાતાથી યુકત થયેલો "अन्नाहिय बहूहिं खुज्जाहिं चिलाइयाहिं वामणियाहिं वडभियाहिं बब्बराहिं बउसियाहिं जोण्हियाहिं पल्हवियाहिं ईसिणियाहिं वासिणियाहिं लासियाहिं" તેમજ બીજી પણ અનેક પ્રકારની વક્રપૃષ્ઠવાળી અને અનાર્યદેશોત્પન્ન ઠીંગણી ૧; વટમિકા ૨, હીન એક પાર્શ્વભાગવાળી, બર્બરા ૩ બર્બર દેશોત્પન્ના, બકુશિકા ૪ યૌનિકા ૫, પલ્હવિકા ૬, ઇસિનિકા ૭, વાસિનિકા ૮, લાસિકા ૯. "लउसियाहिं" લકુશીકા ૧૦, "दविडीहिं" દ્રાવિઠી ૧૧, "सिंहलीहिं आरबीहिं पक्कणीहिं-बहलीहिं-मुरुंडिहिं सब्वरीहिं पारसीहिं" સિંહિલી ૧૩. આરબી. પકકણી ૧૪. વહલી ૧૫. મારૂંડી ૧૬. શર્બશ ૧૭. પારસી ૧૮. "णाणादेसीहि" પોતપોતાના દેશોમાં ઉત્પન્ન થયેલી. તથા 'विदेसपरिमंडियाहिं" વીદેશી વેશભૂષામાં સુસજજ "सदेस-नेवत्थगहियवेसाहिं, इंगियचिंतियपत्थियवियाणियाहिं, निउणकुसलाहिं, विणीयाहिं' અને પોતપોતાના દેશમાં વસ્ત્રાભૂષણો જે રીતે પહેરાય છે તે રીતે વેષધારણ કરનારી તથા ઇંગિત ચિંતિત અને પ્રાર્થિત ને સારી રીતે જાણનારી. સ્ત્રી વર્ગમાં કુશળ. વિનય સંપન્ન. સ્ત્રીઓથી તેમજ 'चेडियाचक्कवालतरुणीवंद-परियालपरिवुडे, वरिसधरकंचुइज्जमहत्तरगवंदपरिक्खित्ते" બીજી પણ દાસીઓના સમૂહથી અને યુવતીઓના સમૂહથી પરિવેષ્ટિત થયેલો મજ વર્ષધર કંચુકી અને મહત્તરક એમના સમૂહોથી પરિવેષ્ટિત થયેલો અને "हत्थाओ हत्थं साहरिज्जमाणे २ उपलालिज्जमाणे २, उवगूहिज्जमाणे २, अवपाहिज्जमाणे २, परियदिज्जमाणे २ परिचुंबिज्जमाणे २, रम्मेसु मणिकुट्टिमतलेसु परगिज्ज-ाणे २" એક હાથેથી બીજા હાથમાં વારંવાર જતો એકના ખોળામાંથી બીજાના ખોળામાં વારંવાર લઇ જવાતો, વારંવાર નૃત્ય ક્રિયા બતાવીને સંતુષ્ટ કરાયેલો, વારંવાર મધુર વચનો વડે લાડ કરીને, વારંવાર દૃષ્ટિ દોષને દૂર કરવા માટે વસ્ત્રાદિકોથી ઢાંકેલો,

વારંવાર હૃદયને ચાંપીને આલિંગન કરેલો "ઘણું જીવો" આ જાતના શુભાશીર્વાદોથી વધામણી આપેલો વારંવાર ચુંબિત કરેલો, **"रंमेसु मणिकुट्टिमतलेसु परंगिज्जमाणे २ गिरिकंदरमल्लीण विव चंपगबरपायवे निव्वाधायंसि सुहंसुहेणं परिवड्ढिस्सइ"** તેમજ રમ્ય-રમણીય મણિકુટ્ટિમતલોમા, રત્નજડિત આંગણાઓમાં વારંવાર ચાલતો, ગિરિગુહામાં સ્થિત ચંપક વૃક્ષની જેમ સુખપૂર્વક મોટો થતો ગયો.

ટીકાર્થ:—મૂલાર્થ પ્રમાણે જ છે. પણ છતાંએ જે વિશેષતા જણાય છે તે આ પ્રમાણે છે. **"पंचधाई परिक्खित्ते"** અહીં **"पंचधाई"** પદ લુપ્તતૃતીયા વિભક્તિયુક્ત છે. એથી **"पंचधात्रीभिः"** એવી છાયા કરવી જોઈએ. **"विदेशपरिमण्डिताभिः"** માં જે વિદેશ શબ્દ આવેલ છે તે 'વિદેશ વેષ' અર્થમાં વપરાયેલ છે. ઇંગિત-તે તે ચેષ્ટા વિશેષ છે. જે નિપુણમતિ વડે જ જાણી શકાય છે. આ પ્રવૃત્તિ નિવૃતિ સૂચક હોય છે. તથા એમાં ધીમેધીમે શિરકમ્પનાદિ કરવામાં આવે છે. હૃદય ગત અભિપ્રાય ને ચિંતિત કહે છે. તથા અભિલષિતને પ્રાર્થિત કહે છે. અંતઃપુરમાં જે કામ કરે છે અને જે નપુંસક હોય છે તે વર્ષધર છે. અંતઃપુર સંબંધી પ્રયોજનો નો જે નિવેદક હોય છે, અથવા અંતઃપુરમાં જે પ્રતિહારનું કામ કરે છે તે કંચુકી કહેવાય છે. અંતઃપુરમાં શું શું કામ થવાનું છે, તેની વિચારણા કરનારા મહત્તરક કહેવાય છે. ॥ સૂ૦ ૧૬૯ ॥

"तए णं तं दढपइण्णं" इत्यादि ।

મૂલાર્થ—**'तए णं'** ત્યાર પછી **'दढपइण्णं'** દઢપ્રતિજ્ઞ **'दारगं'** દારક-બાળકને **'अम्मा पियरो'** માતાપિતાઓએ **"साइरेगअट्ठवासजायगं जाणित्ता'** આઠ વર્ષ કરતાં થોડા મોટો થયેલ જાણીને **'सोभणंसि तिहिकरणक्खत्तमुहुत्तंसि ण्हाय'** શોભનતિથિ નક્ષત્ર મુહૂર્તમાં તેને સ્નાન કરાવશે, **'कयबलिकम्मं, कयकोउयमंगल-पायच्छित्तं, सव्वालंकारविभूसियं करेत्ता'** તેના વડે બલિકર્મ-કાગડા વગેરેને અન્ન વગેરેનો ભાગ અપાવડાવીને, કૌતુક મંગલરૂપ પ્રાયશ્ચિત્ત કરાવીને અને તેને સમસ્ત અલંકારોથી વિભૂષિત કરીને **'महया इड्ढिसक्कारसमुदएणं कलायरियस्स उवणेहिंति'** પોતાની વિશાળ ઋદ્ધિના અનુરૂપ સત્કારપૂર્વક કલાચાર્યની પાસે મોકલશે,

મોકલશે, 'तए णं से कलायरिए तं दढपइण्णं दारगं लेहाइयाओ गणियप्पहाणाओ सउणरुयप्पज्जवसाणाओ बावत्तरिं कलाओ सुत्तओय अत्थओय गंथओय करणओय सिक्खावेहिइय सेहावेहिइय' તે કલાચાર્ય તે દ્દઢપ્રતિજ્ઞદારકને લેખાદિક ગણિત પ્રધાન કલાથી માંડીને શકુનરૂત સુધીની ૭૨ કલાઓને સૂત્ર અર્થ અને તદુભય અને કરણરૂપથી શીખવશે. અને એમને સિદ્ધ પણ કરાવશે. 'तं जहा लेहं १; गणियं २, रूवं ३, नट्टं ४, गीयं ५, वाइयं ६, सरगयं ७, पुक्खरगयं ८, समतालं ९,' તે ૭૨ કલાઓ આ પ્રમાણે છે લેખન ૧, ગણિત ૨, રુપ ૩, નાટ્ય ૪, ગીત ૫, વાદિત્ર ૬, સ્વરગત ૭, પુષ્કરગત ૮, સમતાલ ૯, 'जूयं' દ્યૂત ૧૦ 'जणवायं' જનવાદ ૧૧, 'पासगं' પાશક, 'अट्ठावयं' અષ્ટાપદ 'पोरेवच्चं' પૌરકૃત્ય 'दगमट्टियं' દકમૃત્તિકા, 'अन्नविहिं' અન્નવિધિ, 'पाणविहिं' પાનવિધિ 'वत्थविहिं' વસ્ત્રવિધિ, 'विलेवणविहिं' વિલેપનવિધિ, 'सयणविहिं' શયનવિધિ, 'अज्जं' આર્યા, 'पहेलियं' પ્રહેલિકા, 'मागहियं' માગધિકા, 'णिद्दाइयं' નિદ્રાયિકા, 'गाहं' ગાથા, गीइयं ગીતિકા,

'सिलोग' શ્લોક, 'हिरण्णज्जुत्तिं' હિરણ્યયુકિત 'सुवण्णजुत्तिं' સુવર્ણયુકિત, आभरणविहिं' આભરણવિધિ, 'तरुणीपडिकम्म' તરૂણી પ્રતિકર્મ 'इत्थिलक्खणं' સ્ત્રીલક્ષણ 'पुरिसलक्खणं' પુરૂષલક્ષણ. 'हयलक्खणं' હયલક્ષણ. 'गयलक्खणं' ગજલક્ષણ. 'कुक्कुडलक्खणं' કુકકુટલક્ષણ. 'छत्त लक्खणं' છત્ર લક્ષણ. 'चक्कलक्खणं' ચક્રલક્ષણ. 'दंडलक्खणं' દંડ લક્ષણ 'असिलक्खणं' અસિ લક્ષણ. 'मणिलक्खणं' મણિલક્ષણ 'कागणिलक्खणं' કાકિણી લક્ષણ. 'वत्थुविज्जं' વાસ્તુવિદ્યા. 'णगरमाणं' નગરમાન. 'खंधावारमाणं' સ્કંધાવાર માન. 'चारं पडिचारं वूहं-चक्कवूहं' ચાર–પ્રતિચાર–વ્યૂહ–ચક્રવ્યૂ. 'गरुडवूहं–सगडवूहं–जुद्धं–निजुद्धं–जुद्धजुद्धं–अट्ठिजुद्धं–मुट्ठिजुद्धं–वाहुजुद्धं लयाजुद्धं–इसत्थे–छरुप्पवाय" ગરૂડ વ્યૂહ. શકટ વ્યૂહ. યુદ્ધ. નિયુદ્ધ. યુદ્ધ–યુદ્ધ. અસ્થિ યુદ્ધ. મુષ્ટિયુદ્ધ. બાહુયુદ્ધ, લતાયુદ્ધ. ઇષ્ટવસ્ત્ર. ૫રૂ પ્રવાદ. "धणुव्वेयं हिरण्णपागं सुवण्णपागं मणिपागं धाउपागं सुत्तखेडं वट्टखेडं णालियाखेडं पत्तच्छेज्जं" ધનુર્વેદ હિરણ્યપાક. સુવર્ણપાક. મણિપાક. સૂત્રખેલ વર્ત

ખેલ. નાસિકા ખેલ પત્રચ્છેદ્ય "कडगच्छेज्जं सजीवनिज्जीवं सउणरुयं ७२ तिं કટકચ્છેદ્ય. સજીવનિર્જીવ અને શકુન રૂત ૭૨.

ટીકાર્થ:—જ્યારે દ્રઢપ્રતિજ્ઞદારક આઠ વર્ષ કરતાં મોટો થઇ જશે ત્યારે તેના માતાપિતા તેને શુભતિથિમાં નંદા જયા પૂર્ણારૂપ તિથિમાં, શુભકરણમાં, સ્થિર નામના શુભકરણમાં, તથા વિદ્યાધ્યયન યોગ્ય જ્ઞાનવૃદ્ધિકારક મૃગશીર્ષા-આર્દ્રા પુષ્ય અશ્લોઢા મૂલ-પૂર્વાફાલ્ગુની પૂર્વાષાઢા પૂર્વાભાદ્રપદ હસ્ત અને ચિત્રા એ નક્ષત્રદશકમાં અને શુભવેલામાં કલાચાર્યની પાસે લઇ જશે. અને પહેલાં તેઓ તે બાળકને સ્નાન કરાવશે, વાયસ વગેરેને આપવા માટે તેની પાસેથી અન્નવિભાગ કરાવીને વિતરિત કરશે. તે મષીતિલક વગેરે રૂપ કૌતુકને તેમજ દુ:ખસ્વપ્ન વગેરે રૂપ અમંગલના વિધાતક હોવાથી અવશ્યકરણીય એવા દધ્યક્ષતાદિ રૂપ પ્રાયશ્ચિત્તને કરશે અને પછી તે સમસ્ત અલંકારોથી કટક કુંડલાદિ રૂપ આભરણોથી પોતાના શરીરને સુસજ્જિત કરશે. ત્યાર પછી તે શુદ્ધ વસ્ત્રો ધારણ કરશે. આ પ્રમાણે સુસજ્જિત થયેલા તે દ્રઢપ્રતિજ્ઞ કુમારને તેના માતાપિતા પોતાની ઋદ્ધિ મુજબ વસ્ત્રસુવર્ણ વગેરે સંપત્તિના અનુરૂપ આવેલ જનસમુદાયની સાથે સત્કારપૂર્વક, મહોત્સવપૂર્વક તેને કલાચાર્ય પાસે લઇ જશે. ત્યારે તે કલાશિક્ષક તે દ્રઢપ્રતિજ્ઞદારકને ગણિત પ્રધાન લેખાદિક કલાઓથી શકુનિરૂતાન્ત સુધીની સમસ્ત કલાઓને યથાવત શીખવાડશે. આ બધી કલાઓ ૭૨ છે સૂત્રરૂપે, અર્થોપદર્શનરૂપે, ગ્રન્થરૂપે અને પ્રયોગરૂપે તે કલાચાર્ય તેને સમસ્ત કલાઓનો અભ્યાસ કરાવશે. અભ્યાસ કરાવીને તે તેને ક્રિયાત્મક રૂપમાં પણ નિપુણ બનાવશે. તે ૭૨ કલાઓના નામ આ પ્રમાણે છે. લેખ—અક્ષરવિન્યાસ આ વિષયનું જે વિજ્ઞાન હોય છે તે પણ 'લેખ' જ છે આ 'લેખ'માં અક્ષર વગેરે લખવામાં કુશળતા મેળવવી તે લેખકલા છે. આ લેખ—લિપિ અને વિષયભેદથી બે પ્રકારનો છે. આમાં બ્રાહ્મી વગેરેના ભેદથી ૧૮ પ્રકારની લિપિ છે. આ વિષય 'समवायाङ्ग' સૂત્રમાં ૧૮ મા સમવાયમાં આવેલ છે. અથવા લાટાદિના ભેદથી લિપિના ઘણા પ્રકારો છે. અને વલ્કલ, કાષ્ઠ, દંત, લોહં, તામ્ર, રજત, પાષાણ વગેરે આધારો પર અક્ષરો લખવાં, તેમની ઉપર ટાંકણથી ટાંકવું વગેરે રૂપમાં અક્ષર વિન્યાસ લિપિ ઘણા પ્રકારની છે. વિષયની અપેક્ષાએ પણ સ્વામી, ભૃત્ય, પિતા, પુત્ર, કલત્ર, પતિ, ગુરૂ, શિષ્ય, શત્રુ અને મિત્ર વગેરેને વિશય કરનારી જે લિપિ છે તે પણ કૃશતા સ્થૂલતા વગેરે રૂપથી વિન્યાસની અપેક્ષાએ અનેક પ્રકારની હોય છે ૧,ગણિતકલા ગુણા—ભાગ-બીજ ગણિત; રેખા ગણિત વગેરે પ્રકારની હોય છે. ૨,રૂપકલા—લેપ્ય, શિલા, સુવર્ણ, રજત, વગેરેની ઉપર ચિત્રને ઉતારવા રૂપ કે લેખન રૂપ હોય છે. ૩ નાટયકલા અભિનય સહિત, વગર

અભિનય આમ બે પ્રકારની હોય છે. ગીતકલા-સંગીત વગેરેમાં નિપુણતા પ્રાપ્ત કરવી તે છે ૫. વાદિત્રકલા તત, વિતત વગેરે વાજિંત્રોને વગાડવા તે છે ૬. સ્વરકલા-ષડજ, ઋષભ વગેરેનું જ્ઞાન મેળવવું તે છે ૭. પુષ્કરગત કલા-મૃદંગ, મુરજ વગાડવા તે છે, જો કે આ કલા વાજિંત્રકલાની અન્તર્ભૂત થઈ જાય છે પણ છતાંએ આને જે સ્વતંત્ર રૂપમાં જુદી કલા ગણી છે તેનું કારણ આ છે કે આ કલાનું સંગીત કલામાં અતીવ મહત્ત્વપૂર્ણ સ્થાન છે ૮. ગીત વગેરેનો જે માનકાલ હોય છે તેનું નામ તાલ છે, આ તાલનું જે વિજ્ઞાન છે તે સમતાલ વિજ્ઞાન છે ૯. જુગાર રમવાની કુશળતાનું નામ દ્યૂત-કલાછે ૧૦. જનવાદ પણ એક જાતનો વિશેષ જુગાર છે ૧૧. પાસાઓથી જુગાર રમવામાં વિશેષ નિપુણતા મેળવવાનું નામ 'પાશકલા' છે ૧૨. સારિકલ દ્યૂતરૂપ અષ્ટાપદકલા હોય છે૧૩. નગરની નિર્માણકલા પરિકૃત્યકલાછે ૧૪, ઉદક (પાણી)માં મળેલી માટીને જે દ્રવ્યથી જુદી પાડી શકાય તેનું જ્ઞાન થવું અને તેનો સંબંધ કરાવીને પાણી અને માટીને જુદા જુદા કરવા આ દકમૃત્તિકા કલા છે. જેમકે નિર્મલી-ફટકડી નાખીને ગંદા પાણીને સાફ કરવામાં આવે છે ૧૫. ભોજન તૈયાર કરવાની કુશળતાનું નામ અન્ન-વિધિ કલા છે ૧૬ જમીનને જોઇને અહીંથી પાણી નીકળશે આ જાતના વિજ્ઞાનનું નામ 'પાનવિધિ કલા' છે. ૧૭ વસ્ત્રોના નિર્માણની કુશળતાનું નામ અથવા તો વસ્ત્રોને સુંદર ઢંગથી પહેરવાની કળાનું નામ વસ્ત્રવિધિ કળા છે. ૧૮ શરીરની ઉપર ચન્દન વગેરેને લેપ કરવાની કુશળતાનું નામ વિલેપનવિધિ છે. ૧૯ પલ્યંકાદિ વિષયકજ્ઞાન થવું એટલે કે આ જાતનો પલ્યંક શુભ હોય છે, આ જાતનો પલ્યંક શુભ નથી હોતો આવું જ્ઞાન થવું, આનું નામ શયનવિધિ કલા છે. ૨૦માત્રાવાળા છંદોનું નિર્માણ કરવું તે આર્યાકલાછે.૨૧ ગૂઢ આશયયુકત પદ્યોની નિર્માણકળા 'પ્રહેલિકા-કલા' છે. ૨૨ ભાષા છન્દ વિશેષનું નામ માગધિકા છે. એની નિર્માણ કુશળતા માગધિકા કલા છે. ૨૩ નિદ્રા આવવાની વિદ્યાનું જ્ઞાન થવું તે 'નિદ્રાયિકા કલા છે. આ કલાને જાણનારને બીજાને આ કલાના પ્રભાવ-થી નિદ્રામગ્ન કરે છે૨૪. ગાથા અને ગીતિકા આ બન્ને કલાઓ આર્યાનાજ ભેદરૂપમાં છે. ૨૫-૨૬. શ્લોક રચનામાં કુશળતાનું નામ શ્લોક કલા છે. આનું બીજુ નામ કવિત્વકલા પણ છે ૨૭ હિરણ્ય યુકિત ચાંદી બનાવવાની કલા, ૨૮ સુવર્ણને યુકિત-સોનું બનાવવાની કળા ૨૯ આભરણવિધિ-આભૂષણોને બનાવવાની વિધીને જાણવી તે આભરણવિધિ કલા છે ૩૦. સ્ત્રીઓના વર્ણાદિકમાં વૃદ્ધિવિધાન જાણવું તે તરૂણી પરિકર્મકલા છે૩૧. સ્ત્રીઓના શુભાશુભ લક્ષણો જાણવાં તે સ્ત્રીલક્ષણ કલા છે૩૨. પુરૂષ લક્ષણે જાણવા એ પુરૂષ લક્ષાણ કલા છે૩૩. એ બન્ને કલાઓ સામુદ્રિકશાસ્ત્રની સાથે સંબંધ રાખે છે. ઘોડા-હાથી-કુકકુટ-છત્ર-ચક્ર-દંડ-આસિ-(તરવાર) એ સહિતના શુભા-શુભ લક્ષણો જાણવા તેના નામો તે તે કલા વિશિષ્ટ સમજવા ૩૪-૪૦રત્નાદિકોની પરીક્ષા તે મણિલક્ષાણ કલા છે૪૧. કાકિણી કલામાં-ચક્રવર્તીના રત્નવિશેષની પરીક્ષા તેના લક્ષણોના

આધારે કરવામાં આવે છે ૪૨ ગૃહભૂમિના ગુણદોષોનું જ્ઞાન થવું તે વાસ્તુવિદ્યાકલા છે.૪૩ નગરની દશ યોજન લંબાઈ અને નવયોજન પહોળાઇ વિગેરે પ્રમાણનું જ્ઞાન થવું તે 'નગરમાન કલા' છે.૪૪ સેનાનિવેશના પ્રમાણનું જ્ઞાન થવું તે સ્કંધાવારમાન કલા છે.૪૫ નક્ષત્રાદિક જયોતિષ્કોની ગતિનું જ્ઞાન થવું તે ચાર કલા છે ૪૬ રોગોને મટાડવાના ઉપાયોનું જ્ઞાન તે પ્રતિચાર કલા છે.૪૭ સામાન્ય રૂપથી સૈન્યરચનાનું જ્ઞાન થવું તે ચક્રવ્યૂહ કલા છે. ૪૮ચક્રાકારકરૂપમાં સૈન્યરચના કરવી ચક્રવ્યૂહ કલા છે. ૪૯ ગરૂડના આકારથી સૈન્યની રચના કરવી તેનું નામ ગરૂડવ્યૂહ કલા છે. ૫૦ શકટના રૂપમાં સૈન્યની રચના કરવાનું જ્ઞાન થવું તે શકટવ્યૂહ કલા છે. ૫૧ યુદ્ધ કરવાનું જ્ઞાન થવું તે યુદ્ધ કલા છે.૫૨ મલ્લયુદ્ધ કરવાનું જ્ઞાન થવું તે મલ્લયુદ્ધ કે નિયુદ્ધકલા છે. ૫૩ તરવાર વગેરે ફેરવતાં ભયંકર યુદ્ધ કરેવું તે યુદ્ધ યુદ્ધ કલા છે.૫૪ અસ્થિ-ટોહની વગેરેથી પ્રહાર કરવાની કુશળતાનું નામ અસ્થિયુદ્ધ કલા છે. અથવા 'દૃષ્ટિ યુદ્ધ' આ પાઠમાં શત્રુની આંખોને પોતાની દૃષ્ટિથી નિમેષ રહિત કરવી તે દૃષ્ટિયુદ્ધ છે ૫૫. મુષ્ટિકાઓથી પ્રહાર કરીને લડવું તે મુષ્ટિ યુદ્ધ કલા છે. ૫૬ બાહુઓથી લડવું તે બાહુ યુદ્ધ કલા છે. ૫૭ લતા જેમ વૃક્ષોને પરિવેષ્ટિત કરી લે છે તેમજ શત્રુને ચારે તરફ ઘેરીને ગાઢરૂપથી તેને વચ્ચે લઇને તેનાપર હુમલો કરવો તે લતાયુદ્ધ છે ૫૮. નાગબાણ વગેરે દિવ્યરત્નોનું પ્રક્ષેપણ કરવું તેનું નામ ઇષ્વસ્ત્રકલા છે ૫૯ ત્સરૂ શબ્દનો અર્થ તરવીરની મૂઠ છે. અહીં અવયવમાં સમુદાયના ઉપચારથી ત્સરૂ શબ્દથી ખડ્ગનું ગ્રહણ કર્યું છે. ખડ્ગને ચલાવવામાં કુશળતા મેળવવી તેનું નામ ત્સરૂપ્રવાદ છે ૬૦. ધનુષ ચલાવવામાં નિપુણતા મેળવવી તે ધનુર્વેદ કલા છે ૬૧. રજત અને સુવર્ણના રસાયણની ક્રિયા જાણીને રજત અને હિરણ્ય પાક કલા છે ૬૨ ૬૩. મણિઓના નિર્માણની કલા જાણવી તે મણિ નિર્માણકલા છે ૬૪. અથવા રજત તામ્ર વગેરે ધાતુઓનું નિર્માણ કરવું આ ધાતુપાકકલા છે ૬૫. નટોની જેમ સૂત્રપર-વર્તપર અને નાસીકાપર ચઢીને રમવું એ તત્-તત્ નામવાળી કળાઓ છે.૬૬-૬૮અનેક પત્રોમાંથી કોઇ ખાસ પત્રનું છેદન કરવું પત્રચ્છેદ્યકલા છે. ૬૯ શત્રુની સેનામાંરહીને પછી કોઇ વિશેષ શત્રુને જ મારવું કટકચ્છેદ્ય કલાછે.૭૦ ભસ્મરૂપમાં પરિણત થયેલા સુવર્ણાદી ધાતુઓને નિરૂત્થ ભસ્મ હોવાથી પહેલાં પ્રયોજન વિશેષને લીધે ફરી ભસ્મ ને સુવર્ણ વગેરે બનાવવું તેમજ એક રાજયમાંથી બીજા રાજયમાં સુવર્ણને લઈ જવાનો રાજકીય પ્રતિબંધ હોવા છતાં એ તે વાંછનીય સુવર્ણાદિ ધાતુઓને પ્રયોગ વિષયથી મારવી કે પારાને મૂર્ચ્છિત કરવો એટલે કે અજીર્ણત્વ વગેરે અઢાર દોષોને પારામાંથી કાઢવા આ સજીવ નિર્જીવકલા છે.૭૧ પક્ષીઓની બોલીને સમજી લેવી એટલે કે વસંતરાજ વગેરે કૃત શકુનશાસ્ત્રની દૃષ્ટિએ બધા પક્ષીઓની બોલીને સમજવી શુભાશુભ જાણવું તે શકુનરુત કલા છે. ૭૨ આ બોંતેર કલાઓનો ક્રમ અને તેના નામ નિર્દેશ

પણ સંગ્રહ સમયના ભિન્નપણાથી જુદાજુદારૂપે પ્રાપ્ત થાય છે. જેથી જ્યાં જ્યાં જે જે રૂપથી પાઠ મળેલ છે ત્યાં ત્યાં તે તે રૂપથી તેની વ્યાખ્યા સમજવી. ।।સૂ૦૧૭૦।।

"तएणं से कलायरिए-इत्यादि ।

મૂલાર્થ—'तए णं' ત્યાર પછી 'कलायरिए' કલાચાર્યે 'तं दढपइण्णं' તે દઢ પ્રતિજ્ઞ કુમારને 'लेहाइयाओ गणियप्पहाणाओ' ગણિત પ્રધાન લેખાદિક કલાઓ 'सउणरुयपज्जवसाणाओ बावत्तरिं कलाओ सुत्तओ अत्थओ गंथओ य करणओ य सिक्खावेत्ता सेहावेत्ता अम्मापिऊणं उवणेहिइ" અંતિમ શકુનરુત કલા સુધીની સમસ્ત ૭૨ કલાઓને સૌથી પહેલાં સૂત્ર રૂપમાં, ત્યારપછી અર્થરૂપમાં ગ્રંથરૂપમાં અને કરણરૂપમાં પ્રયોગરૂપમાં શીખવી અને તે કલાઓને પહેલાં તેના જ હાથવડે પ્રયોગરૂપમાં સિદ્ધ કરાવીને પછી તેને તેના માતાપિતાની પાસે લઇ જશે. 'तए णं तस्स दढपइण्णस्स दारयस्स अम्मापियरो तं कलायरियं विउलेणं असणपाण-खाइमसाइमेणं वत्थगंधमल्लालंकारेणं सक्कारिस्संति" ત્યારબાદ તે દઢપ્રતિજ્ઞ કુમારના માતાપિતા તે કલાચાર્યને વિપુલ અશન–પાન-ખાદિમ–અને સ્વાદિમરૂપ ચાર પ્રકારના આહારથી તેમજ વસ્ત્ર ગન્ધ માલા અને અલંકારોથી સત્કૃત કરશે. "सम्माणेस्संति विउलं जीवियारिहं, पीइयाणं दलइस्संति, दलइत्ता पडिविसिज्जेहिंति" સમ્માનીત કરશે પછી તેમની જીવિકા માટે પર્યાપ્ત થાય તેટલું પ્રીતિદાન તેમને આપશે. આ બધું કરીને પછી તેઓ તેમને વિસર્જિત કરશે.

ટીકાર્થ સ્પષ્ટ છે. ।।સૂ૦ ૧૭૧।।

"तए णं से दढपइण्णे दारए" इत्यादि ।

મૂલાર્થ—तए णं से दढपइण्णे" ત્યાર પછી તે દઢપ્રતિજ્ઞ કુમાર–કે જેમનું "उम्मुक्कबालभावे विण्णायपरिणयमित्ते" બાળપણ પસાર થઇ ગયું છે અને જેમનું વિજ્ઞાન એકદમ પરિપકવાવસ્થા સુધી પહોચી ગયું છે. "जोव्वणगमणुपत्ते" યુવાવસ્થા સંપન્ન થશે. "बावत्तरिं कलापंडिए णवंगसुत्तपडिबोहए–अट्ठारसविहदेसिप्प-गारभासाविसारए" ૭૨ કલાઓમાં વિશેષરૂપથી નિષ્ણાત થયેલો તે પોતાના સુપ્ત નવાઙ્ગોને–બે કાન, બે નેત્ર, બે નાસિકાછિદ્ર, એક જીભ, એક સ્પર્શન ઇન્દ્રિય, અને

એકમત-વ્યકત જાગૃત કરતો અઢાર પ્રકારની દેશીય ભાષાઓમાં વિશારદ થશે. "गीयरई-गंधव्वणट्टकुसले सिंगारागारचारुवेसे संगयगयहसियभणियचेट्ठिय विलाससंलावुल्लावनिउणजुत्तोवयारकुसले" ગીત અને રતિમાં અનુરાગયુકત થયેલો, ગાંધર્વગાનમાં અને નાટયક્રિયામાં પારંગત થયેલો તેમજ શૃંગાર ગૃહની જેમ સુંદર વેષથી સુસજ્જ થયેલો તે દઢપ્રતિજ્ઞ સમુચિત ગમનમાં, સમુચિત હાલમાં સમુચિત બોલવામાં વાતચીત કરવામાં, સમુચિત ચેષ્ટામાં, સમુચિત વિલાસમાં-નેત્ર-જનિતવિકારમાં, સમુચિત સંલાપમાં અને સમુચિત કાકુ-ભાષણમાં પણ દક્ષ થઇ જશે. આ પ્રમાણે તે સમુચિત વ્યવહારોમાં કુશળ થશે. તેમજ "हयजोही-गयजोही-रहजोही-बाहुजोही-बाहुप्पमद्दी-अलंभोगसमत्थे-साहस्सिए वियालचारी यावि भवि, स्सइ" હયયુદ્ધ કરવામાં ગજ યુદ્ધ કરવામાં કુશળ થશે. તે રથયોધી થશે, બાહુયોધી થશે, બાહુમર્દી થશે, બાહુથી અતિ કઠોર વસ્તુને ચૂર્ણ વિચૂર્ણ કરવામાં સમર્થ થશે. ભોગમાં સમર્થ થશે. એકલો જ તે સહસ્ર સંખ્યક ભટોની સાથે યુદ્ધ કરવામાં સમર્થ થશે. અથવા સાહસિક-અધિક સાહસયુકત થશે. આમ તે મધ્યરાત્રિમાં પણ વિચરણ કરનાર થશે.

ટીકાર્થ—આ સૂત્રનો અર્થ સ્પષ્ટ છે. "नवाङ्गसुप्तप्रतिबोधकः"નો અર્થ આ છે કે બાળપણમાં શ્રોત્ર (કાન) વગેરે અંગો સુપ્ત જેવાં હોય છે તેજ યુવાવસ્થામાં જાગૃત જેવાં થઇ જાય છે. તાત્પર્ય આ છે કે યુવાવસ્થામાં એ અંગો પોતપોતાના વિષયને ગ્રહણ કરવામાં સમર્થ થઇ જાય છે. "विलासो नेत्रजो ज्ञेयः संलापो भाषणं मिथः" આ કથન મુજબ નેત્રજ વિકારનું નામ વિલાસ અને ભાષણનું નામ સંભળાય છે. "उल्लापः काकुभाषणम्" મુજબ કાકુભાષણ સારગર્ભિત વ્યંગપૂર્ણ વચનોને કહે છે. અથવા બાળકો વડે કા-કા-કુ કુ- વગેરે જે તોતડી બોલીને પણ કાકુ ભાષણ કહે છે. સૂ. ॥ ૧૭૨ ॥

"तए णं दढपइण्णं दारगं" इत्यादि ।

મૂલાર્થ—"तए णं" ત્યાર પછી "तं दढपइण्णं दारगं" તે દઢપ્રતિજ્ઞ દારકને "अम्मापियरो" માતા પિતા 'उम्मुक्कबालभावं जाव वियालयारिं च वियाणित्ता' ઉન્મુકત બાલભાવ યુકત યાવત્ વિકાલચારી જાણીને 'विउलेहिं अन्नभोगेहिं य पाणभोगेहि'

વિપુલ અન્ન ભોગોથી, વિપુલ પાન ભોગોથી **'लयणभोगेहिं य वत्थभोगेहिं य सयणभोगेहिं य उवनिमंतिहिंति'** વિપુલ લયન તનુભોગોથી, વિપુલ વસ્ત્રરૂપ ભોગ્ય પદાર્થોથી ઉપનિમંત્રિત કરશે એટલે કે તેને અન્ન વગેરે ભોગ્ય વિષયક પદાર્થોને ભોગવવાની છૂટ આપશે.

ટીકાર્થ—સ્પષ્ટ છે. **'उम्मुक्कबालभावं जाव'** માં જે યાવત્ પદ આવેલ છે તેથી **"विज्ञातपरिणतमात्र, यौवनकमनुप्राप्तम्, द्वादशप्रतिकलापंडितम् नवाङ्गसुप्त-प्रतिबोधकम्,** અષ્ટદશવિધ દેશી પ્રકાર ભાષા વિશારદ, ગીતરતિ, ગન્ધર્વ નાટય કુશલમ્ શૃંગારાગાર ચારુવેષં, સંગતગતહસિત ભણિત ચેષ્ટિત વિલાસ સંલ્લાપોલ્લાપ નિપુણ સુકતોપચારકુશલ, હયયોધિનમ, ગજયોધિનમ્, રથયોધિનમ્, બાહુયોધિનમ્, બાહુપ્રમાર્દિનમ્, અલંભોગસમર્થમ્, સાહસિકમ્, સાહસિકમ્ આ પાછળનું ગ્રહણ થયુ છે. ॥ ૧૭૩ ॥

ઉત્પન્ન થશે, ભોગથી વર્દ્ધિત થશે, છતાં એ કામથી લિપ્ત થશે નહિ, ભોગોથી લિપ્ત થશે નહિ, મિત્ર જ્ઞાતિ, નિજક સંબંધિજન અને પરિજનોમાં લિપ્ત થશે નહિ" **"से णं तहारूवाणं थेराणं अंतिए-केवलं बोहिं बुज्झिहिइ-मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्सइ"** તે તો ફકત તથારૂપ સ્થાવિરોની પાસે કેવલ બોધિને પ્રાપ્ત કરશે. મુંડિત થશે એટલે કે અગારાવસ્થામાંથી અનગારાવસ્થા પ્રાપ્ત કરશે. **से णं अणगारे भविस्सइ ईरिया समिए जाव सुहुयहुयासणो इव तेयसा जलंते"** આ અણગારાવસ્થામાં તે ઈર્યાસમિતિ વગેરે પાંચ સમિતિનું પાલન કરશે. યાવત સારી રીતે પ્રજવલિત અગ્નિની જેમ તે પોતાના તેજથી ચમકશે. **"तस्स णं भगवओ-अणुत्तरेणं णाणेणं एवं दंसणेण चरित्तेणं आलएणं विहारेणं अज्जवेणं मद्दवेणं लाघवेण खंतीए गुत्तीए मुत्तीए अणुत्तरेणं सव्वसंजमसुचरिय तव फल णिव्वाण-मग्गेणं अप्पाणं भावेमाणस्स"** અનુત્તર જ્ઞાનથી, અનુત્તર દર્શનથી, અનુત્તર ચારિત્રથી, અપ્રતિબદ્ધ વિહારથી, આર્જવથી, માર્દવથી, લાઘવથી, ક્ષમાથી, ગુપ્તિથી ત્યાગથી, અનુત્તર સર્વ સંયમથી, સુચરિત્રથી, તપથી, ફળથી, અને નિર્માણ માર્ગથી

આત્માને ભાવિત કરતાં તે ભગવાન્ દૃઢકુમારને "अणंते अणुत्तरे कसिणे पडिपुण्णे निरावरणे णिव्वाघाए केवलवरनाणदंसणे समुप्पज्जिहिइ" અનંત અનુત્તર કૃત્સ્ન પ્રતિપૂર્ણ નિરાવરણ નિર્વ્યાઘાત એવાં કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થશે. "तए णं से भगवं अरहा जिणे केवली भविस्सइ" ત્યારે તે દઢકુમાર ભગવાન અર્હંત જિન કેવલી થઇ જશે. सदेवमणुयसुरस्स लोगस्स परियायं जाणिहिइ, तं जहा आगइं, गइं, ठिइं, चवणं, उववायं, तक्कं, कडं, मणोमणसियं खाइयं भुत्तं पडिसेवियं" મનુજ, દેવ, અસુર સહિત લોકની પર્યાયને જાણી લેશે, એટલે કે આગતિને, ગતિને, સ્થિતિને, ચ્યવનને, ઉપપાતને, તર્કને, કૃતને, મનોમાનસિકને ખાદિતને, ભુકતને, પ્રતિસેવિતને પ્રત્યક્ષમાં કૃતને, એકાન્તકૃતને, આમ તે મનુજ દેવ, અસુર સહિત લોકની પર્યાયને જાણશે. "अरहा अरहस्स भागी तं तं कालं मणवयणकायजोगे वट्टमाणाणं सव्वलोए सव्वजीवाणं सव्वभावे जाणमाणे पासमाणे विहरिस्सइ" આ પ્રમાણે તે અનગાર કે જેમના માટે પ્રત્યક્ષ એવી કોઇ વસ્તુ બાકી રહેશે નહિ સાવદ્યાચારથી વર્જિત હોવા બદલ સુસ્પષ્ટ સકલ આચારવાળા થઇને તે તે કાલમાં મનવચન, કાય, યોગમાં વર્તમાન આ લોકના સમસ્ત જીવોને સમસ્ત ભાવોને જાણતાં અને જોતાં ભૂમંડલમાં વિહાર કરશે.

ટીકાર્થઃ સ્પષ્ટ છે. પણ આમાં જે વિશેષતા છે તે આ પ્રમાણે છે. તે દઢપ્રતિજ્ઞ દારક તે વિપુલ અન્નભોગોમાં યાવત્ પાનભોગોમાં, લયભોગોમાં, વસ્ત્રભોગોમાં તેમજ શયનભોગોમાં આસકત થશે નહિ, ગૃદ્ધિયુકત બનશે નહિ, મૂર્ચ્છાભાવયુકત થશે નહિ અને તેમાં તલ્લીન પણ થશે નહિ. એજ વાતને દૃષ્ટાંત વડે આ પ્રમાણે સમજાવવામાં આવી છે કે જેમ પદ્મોત્પલ અથવા પદ્મ યાવત્ કુસુમ; અથવા નલિન કે સુભગ, કે સુગંધ, કે પુંડરીક, કે મહાપુંડરીક, કે શતપત્ર, કે સહસ્રપત્ર આ બધા કમલ જાતિના કમળો કર્દમ (કાદવ)માં ઉત્પન્ન હોય છે, પાણીમાં વૃદ્ધિ પામે છે,

પણ છતાં એ કાદવથી લિપ્ત થતાં નથી. આમ તે દૃઢપ્રતિજ્ઞ દારક પણ કામથી ઉત્પન્ન થશે ભોગોથી સંવર્દ્ધિત થશે છતાંએ તે કામરજથી ઉપલિપ્ત નહિ થશે, મિત્રજનોથી પુત્રાદિકોથી સ્વજનોથી પિતૃવ્યાદિકોથી સંબંધીજનોથી શ્વશુર, પુત્રશ્વશુર વગેરેથી અને પરિજનોથી, દાસીદાસ વગેરેથી સમ્બદ્ધ થશે નહિ. પણ તે દૃઢપ્રતિજ્ઞ અનગાર થશે. ઈર્યાસમિતિનું પાલન કરશે, યાવત્ ભાષા સમિતિનું, એષણા સમિતિનું, આદાન ભાંડમાત્ર નિક્ષેપણસમિતિનું ઉચ્ચાર પ્રસ્ત્રવણ–ખેલ, સિંઘાણ જલ્લ–પરિસ્થાપનિકા સમિતિનું પાલન કરશે. મનોગુપ્તિનું, વચોગુપ્તિનું, કાયગુપ્તિનું પાલન કરશે. આમ અહીં સમજવું જોઇએ, હિત–મિત પ્રિયવચન બોલવું તેનું નામ 'ભાષા સમિતિ છે. ભકત વગેરેની એષણામાં ઉદ્ગમાદિ દોષવર્જનપૂર્વક સમિત થશે, તેનું નામ એષણા સમિતિ છે. એટલે કે વિશુદ્ધ આહાર વગેરે ગ્રહણ કરવા અને અન્વેષણ કરવામાં ઉપયોગ યુકત થવું તેનું નામ એષણા સમિતિ છે. ભાંડ-પાત્ર-માત્ર–વસ્ત્રાદિ ઉપકરણના નિક્ષેપણમાં અને અવસ્થાનમાં સમિતિયુકત થવું તેનું નામ આદાનભાંડમાત્ર નિક્ષેપણા સમિતિ છે. એટલે કે પ્રતિલેખન, પ્રમાર્જનપૂર્વક, પ્રવૃતિયુકત થવું તે આદાન-ભાંડ માત્ર નિક્ષેપણા સમિતિ છે. પુરીષનું નામ ઉચ્ચાર મૂત્રનું નામ પ્રસ્ત્રવણ, શ્લેશ્માનું નામ ખેલ છે. ઉપલક્ષણથી થૂકનું પણ અહીં ગ્રહણ કરવામાં આવ્યું છે. શિંઘાણ નામ અહીં નાસિકા મલ માટે પ્રયુકત થયેલ છે. (**शिंघाण काचपात्रे च लेह-नासिकये मले इति मेदिनी कोषः**) સ્વેદજમલનું નામ જલ્લ છે, એમની પરીષ્ઠાપનિકામાં-ત્યાગમાં સમિત થવું તેનું નામ ઉચ્ચાર પ્રસ્ત્રવણ ખેલ શિંઘાણ જલ્લ પરિષ્ઠાપન સમિત છે. મનોગુપ્તિ ત્રણ પ્રકારની છે. આમાં આર્તરૌદ્રધ્યાનાનુબન્ધી કલ્પનાઓનો પરિત્યાગ કરવો તે પ્રથમ મનોગુપ્તિ છે. શાસ્ત્રાનુસારિણી પરલોક સાધિકા ધર્મધ્યાનાનુબંધિની અને માધ્યસ્થ પરિણતિરૂપ દ્વિતીય મનોગુપ્તિ છે. ૨, મનોવૃત્તિના નિરોધાવસ્થાભાવિની જે આત્મરક્ષણ ગુપ્તિ છે તે તૃતીય મનોગુપ્તિ છે. યોગશાસ્ત્રમાં

કહ્યું છે કે જેમાં કલ્પનાજાલ વિમુકત હોય અને સમત્વમાં જે સુપ્રતિષ્ઠિત હોય એવું મન આત્મારામ છે. આત્મારૂપી ઉદ્યાન છે. આમાં રમણ કરવું તે મનોગુપ્તિ છે. "विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितम् । आत्मारामं मनरतज्ज्ञैर्मनोगुप्ति-रुदाहृता ॥१॥ આ જાતની ત્રણ ગુપ્તિઓથી મનયુકત થવું તેનું નામ મનોગુપ્તિથી ગુપ્ત થવું છે. આ પ્રમાણે વચનગુપ્તિથી યુકત થવું તે વચનગુપ્તિથી ગુપ્ત થવું છે. વચનગુપ્તિ ચાર પ્રકારની છે. સત્યામનો ગુપ્તિ ૧, મૃષા મનોગુપ્તિ ૨, સત્યામૃષામનો-ગુપ્તિ ૩, અને અસત્યામૃષામનો ગુપ્તિ ૪.

કહ્યું છે;—"सच्चा तहेव मोसाय सच्चामोसा तहेव य ।

चउत्थी असच्चमोसाय वय गुत्तीचउव्विहा ॥१॥

(ઉત્ત૦ ૨૪-૨૨ ગાથા) કાયગુપ્તિથી યુકત થવું તેનું નામ કાયગુપ્ત છે. ૧, ગમના-ગમન-વગેરે રૂપ પ્રચલન વિગેરે ક્રિયાઓનું ગોપન કરવું કાયગુપ્તિ છે. ૨. આ કાય-ગુપ્તિ ચેષ્ટા નિવૃત્તિરૂપ અને યથાગમ ચેષ્ટા નિયમનરૂપથી બે પ્રકારની હોય છે. આમાં પરીષહ અને ઉપસર્ગની સ્થિતિમાં પણ કાયોત્સર્ગકરણરૂપ ક્રિયાથી શરીરને નિશ્ચલ કરવામાં આવે છે. અથવા સર્વયોગ નિરોધાવસ્થામાં જે સર્વથા કાયચેષ્ટાનો નિરોધ કરવામાં આવે છે. અથવા સર્વયોગ નિરોધાવસ્થામાં જે સર્વથા કાયચેષ્ટાનો નિરોધ કરવામાં આવે છે તે ચેષ્ટા નિવૃત્તિરૂપ પ્રથમ કાયગુપ્તિ છે. ૧, ગુરુની આજ્ઞા મેળવીને શરીર સંસ્તારક, ભૂમિ વગેરેની પ્રતિલેખના, પ્રમાર્જના વગેરેના સમયે ઉપર્યુકત ક્રિયાકલાપ પુરસ્સર જે શયન આસન વગેરે વિધેય હોય છે તો તે શય-નાસદ્વિકોના નિક્ષેપમાં અને આદાન આદિકોમાં પોતાની ઈચ્છાથી ચેષ્ટાના પરિહારથી નિતતા-શાસ્ત્રનિયમાનુસારિણી જે કાયચેષ્ટા છે તે દ્વિતીય યથાગમ ચેષ્ટા નિયમનરૂપ દ્વિતીય કાયગુપ્તિ છે, ૨.

કહ્યું છેઃ—उपमर्ग प्रसङ्गेऽपि कायोत्सर्गजुषोमुनेः ।

स्थिरीभावः शरीरस्य कायगुप्तिर्निगद्यते ॥१॥

शयनासननिक्षेपादाऽऽनसर्क्रमणेषु च ।
स्थानेषु चेष्टा नियमः कायगुप्तिस्तु सऽपरा ।।२।।

આ પ્રમાણે તે દૃઢપ્રતિજ્ઞ અનગાર આ પૂર્વોકત સમિતિઓના તથા ગુપ્તિઓનું પાલન કરશે. તેમજ તેઓ ગુપ્ત થશે. અશુભયોગ નિગ્રહરૂપ ગુપ્તિથી યુકત બનશે. ગુપ્ત બ્રહ્મચારી થશે, નવ વાટિકાદ્વારા મૈથુન વિરમણરૂપ બ્રહ્મની રક્ષા કરશે ઉત્તમ મમત્વરહિત થશે, તે અકિંચન હશે. ધર્મોપકરણાતિરિકત વસ્તુઓથી રહિત થશે. જે આત્માને કર્મની સાથે બાંધે છે તે ગ્રન્થ છે. આ ગ્રંથ દ્રવ્યગ્રંથ અને ભાવગ્રંથના રૂપમાં બે પ્રકારનો છે. હિરણ્ય-સુવર્ણ વગેરે બાહ્ય ગ્રંથ છે અને મિથ્યાત્વ વગેરે ભાવગ્રંથ છે. આ બન્ને પ્રકારોના ગ્રંથોથી તે રહિત થશે. જેમનો સંસારપ્રવાહ નાશ પામ્યો છે એવા તેઓ થશે. નિરૂપલેપ થશે. કર્મબંધનના હેતુરૂપ રાગાદિક ઉપલેપોથી તેઓ રહિત થશે.એજ વાતને સૂત્રકાર દૃષ્ટાંત દ્વારા પુષ્ટ કરે છે કે **"कांस्यपात्रीव मुक्ततोयः"** કાંસાના પાત્રમાં પડેલું પાણી જેમ તેમાં લિપ્ત થતું નથી. તેમજ સંસાર બંધન હેતુ રાગદ્વેષમાં તેઓ ઉપલિપ્ત થતા નથી શંખની જેમ તેઓ નિરંજન થશે. જેમ શંખમાં કાજલ વગેરે દ્રવ્યો સ્થિર થતાં નથી. તેમજ તેઓમાં રાગ દ્વેષાદિક સ્થિર થશે નહિ. જીવની જેમ તેઓ અપ્રતિહત ગતિવાળા થશે. જીવ જેમ પોતાની અવ્યાહત ગતિદ્વારા સર્વત્ર ગતિશીલ હોય છે, તેમજ દેશનગરાદિકોમાં અ-પ્રતિબંધ વિહારી હોવાથી અને વાદાદિકોમાં કુતીર્થિકમત નિરાકરણમાં સામર્થ્યયુકત હોવાથી તેઓ અસ્ખલિત ગતિવાળા થશે. તેઓ જાત્યકનકની જેમ થશે. જેમ જાત્ય કનક-શ્રેષ્ઠ સુવર્ણ નિર્મળ હોય છે, તેમ તેઓ તપ સંયમ વગેરેથી સમુત્પન્ન નિર્મલ-તાયુકત થશે આદર્શ-દર્પણ જેમ સ્વપ્રતિબિંબિત મુખાદિ અવયવો તે યથાવસ્થિત પ્રકટ કરે છે તેમ તેઓશ્રીની ધર્મદેશનાથી મનુષ્યચિત્તરૂપ દર્પણમાં જીવાજીવાદિ

રૂપ સકલ પદાર્થ પ્રકાશિત થશે. કૂર્મ-કચ્છપ જેમ ભવ ઉપસ્થિત થાય ત્યારે પોતાના અંગોને સંકોચી લે છે તેમ તેઓ પણ સંસાર-પરિભ્રમણ ભયથી વિષયતાપોથી પોતાની ઈન્દ્રિયોની રક્ષા કરનાર થશે. જેમ કમલપત્ર પાણીની સંયોગાવસ્થામાં પણ તેથી લિપ્ત થતું નથી તેમ તેઓ પાણીની જેમ સ્વજનોની વચ્ચે રહેવા છતાંએ તેમના વિષયમાં સંબંધ વિહીન થશે. ગગનની જેમ તેઓ નિરાલંબ થશે. આકાશ જેમ અવલંબન વગર છે તેમ તેઓ કુલ, ગ્રામ નગર વગેરે અવલંબથી રહિત થશે. અનિલવાયુની જેમ તેઓ નિરાલય થશે અનિલને જેમ કોઈ ઘર નથી તેમ તેઓ પણ અપ્રતિબંધ વિહારી થશે. ચન્દ્રની જેમ એઓ સૌમ્ય લેશ્યાયુકત થશે. સૂર્યની જેમ તેઓ દીપ્ત તેજવાળા થશે તેજ દ્રવ્ય અને ભાવની અપેક્ષાએ બે પ્રકારનું છે. આમાં શરીરાદિની દીપ્તિરૂપ દ્રવ્યતેજ અને તપઃપ્રભૃતિથી જાયમાન તેજ ભાવતેજ છે. સાગરની જેમ તેઓ ગંભીર થશે. હર્ષ શોક વગેરે કારણો હોવા છતાં એ તેમના ચિત્તમાં કોઈપણ જાતનો વિકાર ઉત્પન્ન થશે નહિં. તેઓ નિર્વિકાર ચિત્તવાળા થશે, વિહગની જેમ તેઓ સર્વતઃ વિપ્રમુકત થશે. તેઓ સર્વસંગથી રહિત થશે. પરિવાર વગેરેના ત્યાગથી અને નિયત આવાસથી રહિત હોવાથી તેઓ મમત્વરૂપ સંબંધ કોઈની સાથે બાંધશે નહિ. મેરૂ-મંદરની જેમ તેઓ અપ્રકંપ થશે. એટલે કે પરીષહ ઉપસર્ગરૂપ પવન તેમને વિચલિત કરી શકશે નહિ. શારદ સલીલની જેમ તેઓ શુદ્ધ થશે. જેમ શરદઋતુમાં પાણી નિર્મળ રહે છે તેમ તેઓ પણ રાગદ્વેષ રહિત હોવાથી નિર્મળ ચિત્તવાળા થશે. ખડ્ગી વિષાણુ-ગેંડાઓના શીંગડાની જેમ તેઓ એક જાત થશે. રાગાદિરૂપ સહાયકોથી રહિત હોવા બદલ એકાકી રહેશે. તેમજ ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત થશે, ભારંડપક્ષી બે જીવયુકત હોય છે. તેને ત્રણ પગ હોય છે, બી ગ્રીવાઓ, બે મુખોથી તે યુકત હોય છે. આ બન્ને જીવોનું પેટ એકજ હોય છે,

આ અપ્રમત્ત થઇને વિચરણશીલ હોય છે. તેમ તેઓ પણ તપ સંયમ વગેરેનું રક્ષણ કરવામાં પ્રમાદ રહિત થશે, કુંજર-હાથી ની જેમ તેઓ શૂર હશે. એટલે કે કષાય વગેરે રિપુઓને નષ્ટ કરવામાં સમર્થ થશે. વૃષભની જેમ તેઓ જાતસ્થામા થશે. ઉત્પન્ન પરાક્રમવાળા થશે. સિંહની જેમ દુર્ઘર્ષ-પરીષહાદિરૂપ મૃગો વડે દુર્ઘર્ષ હશે. વસુંધરાની જેમ સર્વસ્પર્શ સહ થશે, પૃથ્વી જેમ સર્વે સહા-અસહ્ય સ્પર્શને પણ સહન કરે છે તેમ અનુકૂલ-પ્રતિકૂલ પરીષહ અને ઉપસર્ગને તેઓ સહન કરતા થશે. સુહુત હુતાશનની જેમ તેઓ તેજથી સદા જાજવલ્યમાન રહેશે. જેમ ઘૃત વગેરેની આહુતિથી અગ્નિ વધારે અને વધારે પ્રજવલિત થઇ જાય છે તેમ તેઓ પણ તપ સંયમના તેજથી દૌદીપ્યમાન અનગાર થશે. આ પ્રમાણે આ પૂર્વોકત વિશેષણોથી વિશિષ્ટ થયેલા તે ભગવાન અનગાર દૃઢપ્રતિજ્ઞ સર્વોત્કૃષ્ટ જ્ઞાનથી, સર્વોત્કૃષ્ટ દર્શનથી, સર્વોત્કૃષ્ટ ચારિત્રથી સર્વોત્કૃષ્ટ આલાપથી, પશુપડકાદિ વર્જિત વસતિકાના સેવનથી, અનુત્તર વિહારથી, અનુત્તર આર્જવથી, સરલતાથી. અનુત્તર અલ્પોપકરણરૂપ દ્રવ્યથી અને કષાય તનૂકરણરૂપ ભાવથી। અનુત્તર ક્ષમાગુણથી અનુત્તર ગુપ્તિથી અનુત્તર નિર્લોભતારૂપ મુકિતથી. અનુત્તર સર્વ સંયમથી. મન વચન કાયના વિરાધના તેમજ સુચરિત-આશંસાદિ દોષરહિત તેમના નિર્વાણરૂપ ફળના માર્ગથી આત્માને ભાવિત કરવાથી. અનંત નિરવસાન, અનુત્તર, સર્વોત્કૃષ્ટ, કૃત્સ્ન સકલ. પ્રતિપૂર્ણ. આવરણ વર્જિત અને અવ્યાહત એવા સર્વોત્કૃષ્ટ હોવાથી સહાય વર્જિત એથી શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શનને પ્રાપ્ત કરશે. ત્યારે તે ભગવાન્ અર્હન જિન કેવલી જઇ જશે, તથા સદેવ મનુજાસુરલોકની પર્યાયના જ્ઞાતા થશે. ત્યારે તે **આગતિને**-દેવ લોકાદિથી મનુષ્ય ગતિમાં આગમનને મનુષ્ય લોકમાંથી દેવદિ ગતિઓમાં ગમનને. **સ્થિતિને**-દેવલોકાદિકોમાં અવસ્થિતિને ચ્યવનને દેવલોકથી આયુક્ષય પછી પતનને. **ઉપપાતને**-દેવનારકોના જન્મને-**તર્કને**-વિચારને. **કૃત**- કહેલાઓને. **મનોમાનસિકને** મનમાં વ્યવસ્થિત વિચારધારાને. **ક્ષપિતને**-ક્ષય પ્રાપ્તને. **ભુકતને**-આદિતને. **પ્રતિસેવિતને**-ભોગ્યવસ્તુ જાતના સેવનને. **આવિષ્કર્મને**-પ્રત્યક્ષમાં કરેલા કર્મોને. **રહઃકર્મને**, એકાન્તમાં આચરેલાં કર્મોને. આ પ્રમાણે તે દેવ મનુજ અસુર સહત લોકની સર્વ પર્યાયો તે જાણશે તેથી તે અનગાર અરહાજીનની દૃષ્ટિમાં અપ્રત્યક્ષ એવું કંઇ રહેશે નહિ તેમને સર્વ-પ્રત્યક્ષ થઇ જશે. સર્વજ્ઞ અરહસ્યભાગી સાવદ્યાચરણ વર્જિત હોવાથી સુસ્પષ્ટ સકલાચારોના પાલક થયેલા કાળમાં મનોવાકકાય યોગમાં વર્તમાન ઇહલોક સંબંધી સર્વજનોના સર્વભાવોને જાણતાં અને જોતાં વિહાર કરશે. ॥૧૭॥

"तए णं दढपइण्णे केवली" इत्यादि।

મૂલાર્થ—"तएणं" ત્યાર પછી "दढपइन्ने केवली" તે દઢપ્રતિજ્ઞ કેવલી "एयारूवेणं विहारेणं विहरमाणे" આ પ્રમાણે વિહાર કરતાં "बहूइं वासाइं केवलि परियायं" ઘણા વર્ષો સુધી કેવલી પર્યાયનું "पाउणित्ता" પાલન કરશે. "अप्पणो आउसेसं आभोएत्ता" અને પોતાના આયુષ્યના અંત સમયને જાણીને "बहूइं भत्ताइं पच्चक्खाइस्सइ" પોતાના ઘણા ભકતોનું પ્રત્યાખ્યાનકરશે बहूइं भत्ताइं अणसणाए छेइस्सइ" ઘણાં ભકતોનું અનશનો વડે છેદન કરશે. "जस्सट्ठाए कीरइ णग्गभावे केसलोए, बंभचेरवासे" આ પ્રમાણે ભકતોનું પ્રત્યાખ્યાન કરીને અને અનશન દ્વારા તેમનું છેદન કરીને તે દઢપ્રતિજ્ઞ કેવલી જે અર્થની સિદ્ધિ માટે સાધુજનો વડે નગ્નભાવ અચેલત્વ પરિમિત વસ્ત્ર ધારત્વ, કેશલુંચન, બ્રહ્મચર્યવાસ, "अण्हाणगं अदंतवणं अणुवहाणगं, भूमिसेज्जाओ फलहसेज्जाओ, परघरपवेसो. लद्धावलद्धाइं, माणावमाणाइं—" સ્નાન રહિત રહેવું, દન્તધાવનનો ત્યાગ કરવો, પગરખાઓ પહેરવા નહિ, ભૂમિપર શયન કરવું ફલક પર સુવું ભિક્ષાદિ માટે પર ઘરમાં જવું લાભ અલાભ, માન અપમાન—"परेसिं हीलणाओ निंदणाओ खिंसणाओ तज्जणाओ ताडणाओ गरहणाओ उच्चावया विरूवरूवा" બીજાઓ વડે કરાયેલ હીલના—નિંદના, ખિંસના, તર્જના, તાડના. ગર્હણા. અનુકૂલ પ્રતિકૂલ અનેક જાતની "बावीसपरीसहा उवसग्गा गामकंटगा अहियासिज्जंति" બાવીશ પરીષહો તેમજ ઉપસર્ગ અને ઇન્દ્રિયોના પ્રતિકૂલ શબ્દ વગેરે સહન કરવામાં આવે છે, 'तमट्ठं आराहिस्सइ, चरमेहिं, ऊसासनीसासेहिं सिज्झिहिइ, बुज्झिहिइ, मुच्चिहिइ, परिनिव्वाहिइ, सव्वदुक्खाणमंतं करेहिइ" તે અર્થની આરાધના કરીને અંતિમ શ્વાસોચ્છવાસથી સિદ્ધ થઇ જશે. બુદ્ધ થઇ જશે. મુકત થઇ જશે. પરિનિર્વાતાશથલીભૂત થઇ જશે. અને સમસ્તદુઃખોનો અંત કરશે.

ટીકાર્થ—આ પ્રમાણે વિહરતા દઢપ્રતિજ્ઞ કેવલી ઘણાં વર્ષો સુધી કેવલી પર્યાવમાં વિરાજમાન રહેશે. જ્યારે તેમના આયુષ્યની સમાપ્તિનો-સમય આવશે ત્યારે તેઓ આ વાત જાણીને અનેક ભકતોનું પ્રત્યાખ્યાન કરશે. અનશન વડે ઘણા ભકતોનું છેદન કરશે. આ પ્રમાણે ભકતપ્રત્યાખ્યાન કરીને અને અનશન વડે તેમનું છેદન કરીને તે દૃઢપ્રતિજ્ઞ કેવલી જેના માટે સાધુજન નગ્નભાવ ધારણ કરે છે એટલે કે પરિમિત વસ્ત્રો રાખે છે, પોતાના હાથો વડે કેશલુંચન કરે છે. પૂર્ણરૂપથી બ્રહ્મચર્યાવસ્થામાં રહે છે. મન. વચન. કાયથી સ્નાન કરવાનો પરીત્યાગ કરે છે. દંતધાવનનો સર્વથા

ત્યાગ કરે છે. પગરખા મોજા પહેરતા નથી. ઉપલક્ષણથી ગાડીની સવારી કરવી. ઘોડા વગેરે વાહન પર બેસવું વગેરેને ત્યજી દે છે. ભૂમિ પર શયન કરે છે. લાકડાના પાટિયા વગેરે પર સૂવે છે. આહાર આદિ પ્રયોજનોને લીધે જ પરઘરમાં પ્રવેશ કરે છે. લાભ અલાભમાં. સમાનભાવ રાખે છે. માન અપમાનની જે લગીરે દરકાર રાખતા નથી. તેમજ બીજાઓ દ્વારા કરાયેલ હીલનાઓને. મર્મોદ્ઘાટક વચનોને. નિંદાઓને જાુગુપ્સા ભાષણરૂપ વચનોને ખિંસનાઓને હે મુણ્ડ તને ધિક્કાર છે !" વગેરે રૂપ વચનોને. તર્જનાઓને અંગુલી પ્રદર્શનપૂર્વક હે જાલ્મ ! પછી તને ખબર ખબર પડશે" વગેરે રૂપ વચનોને. ગર્હણાઓને. આ ચોર છે. આ લંપટ છે" ઇત્યાદિરૂપ વચનોને તેમજ અનુકૂલ પ્રતિકૂલ નાના પ્રકારની ક્ષુધાદિરૂપ ૨૨ પ્રકારના પરિષહોને તથા દેવાદિકૃત ઉપદ્રવોને અને ગ્રામકંટકોને. ગ્રામોને ઇન્દ્રિયસમૂહને દુઃખોત્પાદક હોવાથી અને મુકિતમાર્ગમાં વિઘ્નના હેતુભૂત હોવાથી અને કંટકરૂપ પ્રાતિકૂલ શબ્દાદિકોને અથવા ક્ષુદ્રજનોના રૂક્ષ આલાપોને જેના માટે સહન કરે છે તે મોક્ષરૂપ અર્થની આરાધના કરશે. આરાધના કરીને પછી તેઓ અંતિમ શ્વાસોચ્છવાસથી સકલ કામોને કરી લેવાથી કૃતકૃત્ય થઇ જવાથી સિદ્ધ થઇ જશે. વિમલ કેવલજ્ઞાનાલોકથી સકલ લોકાલોકના જ્ઞાતા થઈ જશે સમસ્ત કર્મોથી મુકત થઇ જશે. સ્વસ્થ થઇ જશે અને શરીર સંબંધી અને મનસંબંધી સસ્ત્ત કલેશોનો નાશ કરશે. એટલે કે તેઓ અવ્યાબાધ સુખ ભોકતા થઇ જશે. ॥સૂ૦ ૧૭૫॥

"सेवं भंते? सेवं भंते? भगवं गोयमे इत्यादि ।

મૂલાર્થ—"सेवं भंते ! सेवं भंते !" હે ભદંત ! જે પ્રમાણે આપશ્રીએ કહ્યું છે તે તેમજ છે એટલે કે આપશ્રીએ પોતાની દિવ્યધ્વનિદ્વારા જે કંઇ કહ્યું છે તે વાસ્તવિક જ છે. સર્વથા સત્ય છે આ પ્રમાણે કહીને "भगवं गोयमे" ભગવાન ગૌતમે समणं भगवं वंदइ नमंसइ" શ્રમણ ભગવાનને વંદના કરી; ગુણ સ્તુતિ કરી અને તેમને નમસ્કાર કર્યા "वंदित्ता नमंसित्ता संजमेणं तपसा अप्पाणं भावेमाणे विहरइ" વંદના તેમજ નમસ્કાર કરીને તેઓ સંયમ અને તપશ્રી આત્માને ભાવિત કરતાં પોતાના સ્થાને બિરાજમાન થઇ ગયા.

ટીકાર્થ સ્પષ્ટ છે. "सेवं भंते ! सेवं भंते !" આમ જ બે વખત કહેવામાં આવ્યું છે તે ભગવદ્ વચનમાં અતિ શ્રદ્ધા પ્રગટ કરવા માટે છે. ॥ ૧૭૬ ॥

પ્રશસ્તિનો અર્થ:—

ગુજરાત પ્રાંતમાં વીરમગામ નામક એક નગર છે આ નગરની શેરીઓ અને દુકાનો શ્રાવકજનોના ભવ્ય મકાનોથી યુકત છે એક ગામથી બીજે ગામ વિહાર કરતાં કરતાં છે મુનિઓની સાથે વૈશાખ માસમાં અહીં સંયમયાત્રાના નિર્વાહ માટે આવ્યા અહીં-ના "શ્રીસંઘે" આપશ્રીને અહીંજ બિરાજવાની વિનંતી કરી તો તે સમયમાં જ મેં ત્યાં રહીને રાજપ્રશ્નીય સૂત્ર'ની આ સુબોધિની ટીકા સંપૂર્ણ કરી આ સમય વૈશાખ શુકલ અક્ષય તૃતીયા ત્રિક્રમ સંવત્ ૨૦૧૩ ગુરૂવારનો હતો અહીંનો જૈન શ્રીસંઘ' શુદ્ધ સ્થાનકવાસી છે, ધર્મ પ્રત્યે એના હૃદયમાં ખૂબજ આદરભાવ છે આ શ્રી સંઘ' પ્રેમાળ છે તેમજ શુદ્ધ સ્થાનકવાસી ધર્મને દીપાવનાર છે એના હૃદય માં અત્યધિક દયાભાવ નિવાસ કરે છે શ્રાવક સંબધી આચારવિચારોથી એ જગત્માં પ્રસિદ્ધ છે જૈનધર્મ પ્રત્યે અધિકાધિક અનુરાગી હોવા બદલ સમ્યકાવથી સુશોભિત છે ભુવનૈકનાથ-દેવાધિદેવ તીર્થંકર પર અને તીર્થંકર પ્રતિપાદિત ધર્મ પર શ્રદ્ધાશીલ શ્રાવક અને શ્રાવિકાઓ અહીં દરેકેદરેક ઘરમાં નિવાસ કરે છે આ સર્વનાં આચાર-વિચારો જૈન મર્યાદાનુરૂપ છે બીજાઓના માટે એઓ આ બાબતમાં સંપૂર્ણપણે અનુ-કરણીય છે એમનો સ્વભાવ મૃદુ છે અહીંના શ્રાવકોનું ચિત્ત ગુરૂની ધર્મભકિતમાં સદા પ્રેમયુકત બની રહે છે આ બધા કારણોથી એ બધા સમદૃષ્ટિ છે "

શ્રી જૈનાચાર્ય-જૈનધર્મદિવાકર-પૂજ્યશ્રી ઘાસીલાલજી મહારાજકૃત
રાજપ્રશ્નીયસૂત્રની સુબોધિની વ્યાખ્યા સમાપ્ત